# જ્ઞાતિ-શિરોમણિ

## (સચિત્ર)

: પ્રકાશક :

શ્રી આર્યરક્ષિત-પ્રાચ્યવિદ્યા-સંશોધન-મંદિર

પાલિતાણા, ( સૌરાષ્ટ્ર ).

સર્વ હક્ક લેખકને સ્વાધીન છે.

* ગ્રંથ–પ્રાપ્તિ–સ્થાન *

卐

(૧) શ્રી દેવજી દામજી ખોના,
C/o દામજી માવજીની કું.
૧૭૭, ખોજાગલી, મુંબઈ નં. ૯

(૨) શ્રી કુંવરજી વીરજી શાહ,
જેઠીબાઇ વીરજીની ચાલ,
રામરતન રોડ, મુલુંડ, મુંબઇ નં. ૮૦

(૩) શ્રી તેજપાલ ધારશી નાગડા,
મુ૦ નલિયા, તા. અબડાસા, કચ્છ.

(૪) શ્રી ભવાનજી ટોકરશી ખોના
મુ૦ મોટીખાવડી, જીલ્લો જામનગર (સૌરાષ્ટ્ર)

(૫) શ્રી કાકુભાઈ નારસીંગ બ્રહ્મભટ્ટ
સુંદરસાગર, પાલિતાણા, ( સૌરાષ્ટ્ર )

卐

પ્રથમ આવૃત્તિ પ્રત ૧૦૦૦

વિ. સં. ૨૦૨૬ ] [ ઈ. સ. ૧૯૭૦

મૂલ્ય રૂા. ૪=૦૦

પ્રકાશક :
શ્રી કરમશી ખેતશી ખોના
આર્યરક્ષિત–પ્રાચ્યવિદ્યા–સંશોધનમંદિર,
પાલિતાણા (સૌરાષ્ટ્ર)

મુદ્રક :
શ્રી જૈન પ્રિન્ટરી
વડવા,
ભાવનગર (સૌરાષ્ટ્ર)



“અંચલગચ્છ-દિગ્દર્શન” ગ્રંથના અનાવરણ પ્રસંગે લેખક શ્રી “પાર્શ્વ”નું
શ્રી મુલુંડ અંચલગચ્છ જૈનસંઘે કરેલું સન્માન



સદ્‌ગત માતુશ્રી જેઠીબાઇ વીરજી દુલ્લા
૫૩ વર્ષની વયે તા. ૧-૧-૧૯૫૫ના દિને મુંબઈમાં
અવસાન



અર્પણ.........

સદ્ગત માતુશ્રી
જેઠીબાઇની પવિત્ર
સ્મૃતિમાં...

—" પાર્શ્વ "

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| (૧) | પ્રતાપી પૂર્વજો.... .... .... .... | ૧ |
| (૨) | માદરે વતન કચ્છમાં.... .... .... | ૧૪ |
| (૩) | પાંગરતું મુંબઈ.... .... .... | ૨૦ |
| (૪) | કચ્છથી મુંબઈમાં.... .... .... .... | ૨૬ |
| (૫) | કુટુંબ જીવન.... .... .... .... | ૩૪ |
| (૬) | ધીકતો વ્યાપાર અને અરાજકતા .... | ૪૧ |
| (૭) | ઉત્કટ જ્ઞાતિ-પ્રેમ.... .... .... | ૫૦ |
| (૮) | અનંતનાથ-જિનાલયની સ્થાપના .... | ૬૨ |
| (૯) | કચ્છમાં ધર્મ-પ્રવૃત્તિ.... .... .... | ૭૨ |
| (૧૦) | નામાંકિત નાગરિકની વિદાય.... | ૮૦ |
| (૧૧) | પ્રેરક પ્રસંગો.... ..... | ૮૬ |
| (૧૨) | જ્ઞાતિશિરોમણિના વારસદાર .... | ૯૧ |
| (૧૩) | શેઠ હરભમ નરશી નાથા.... .... .... | ૧૦૧ |
| (૧૪) | માતુશ્રી પૂરબાઈમા.... | ૧૧૮ |
| (૧૫) | જ્ઞાતિશિરોમણિનું મંત્રીમંડળ.... | ૧૨૬ |
| (૧૬) | જ્ઞાતિશિરોમણિનું સ્મારક .... | ૧૪૧ |
| (૧૭) | પરિશિષ્ટ : .... .... | ૧૪૫ |

(अ) જ્ઞાતિશિરોમણિનું વંશ-વૃક્ષ.

(ब) શેઠ નરશી નાથાનો શલોકો.

(क) શેઠ નરશી નાથાની પ્રેરણાથી મહાજને કરાવેલા ઠરાવો

(ड) "મુંબઇનો બાહાર"માં "શા. નરશી નાથા"

(इ) વીરજીશેઠનું તા. ૧૭-૧૧-૧૮૪૭નું લખાણ.

(फ) હરભમશેઠનું સં. ૧૯૦૯ના આસો વદિ ૨નું લખાણ.

(ग) શેઠ નરશી નાથાના સખાવત-ખાતાનું ટ્રસ્ટડીડ.

(ह) (૧) શ્રી ચંદ્રપ્રભુ-જિનાલય, નલિયાનો શિલાલેખ.

(૨) શ્રી વીરપ્રભુની દેવકુલિકા, નલિયાનો શિલાલેખ.

(૩) શ્રી મહાવીરપ્રભુની દેવકુલિકા, કચ્છ-નલિયાનો શિલાલેખ.

(૪) શ્રી અનંતનાથજી જિનાલય, મુંબઇનો પ્રતિમાલેખ.

(૫) ઉક્ત જિનાલયની કાચની તક્તીઓનો લેખ.

(૬) શેઠશ્રી નરશી નાથા ધર્મશાળા, પાલિતાણાનો શિલાલેખ.

(૭) શ્રી કુંથુનાથપ્રભુની દેવકુલિકા, કચ્છ-નલિયાનો શિલાલેખ.

(૮) શ્રી શાંતિનાથ-જિનાલય, નલિયાનો શિલાલેખ.

(૯) શ્રી અષ્ટાપદ-જિનાલય, નલિયાનો શિલાલેખ.

(૧૦) પાલિતાણાના શ્રી ચંદ્રપ્રભુ-જિનાલયનો શિલાલેખ.

(૧૧) પ્રકીર્ણ ધાતુ તથા પાષાણ પ્રતિમાના લેખો.

# ચિત્ર–પરિચય


(૧) જ્ઞાતિશિરોમણિની ઊભી આરસ–પ્રતિમા (પહેલું જેકેટ)

(૨) લેખક શ્રી પાર્શ્વનું મુલુંડમાં થયેલું સન્માન.

(૩) સદ્ગત માતુશ્રી જેઠીબાઈ વીરજી દુલ્લા.

(૪) શેઠશ્રી નરશી નાથાનું કલ્પના–ચિત્ર.

(૫) શેઠશ્રી નરશીશાનું નિવાસ–સ્થાનઃ જથ્થાવાળો માળો, મુંબઈ.

(૬) શ્રી ચંદ્રપ્રભુજિનાલય તથા શ્રી વીરપ્રભુની દેવકુલિકા, નલિયા.

(૭) શ્રી શત્રુંજય ઉપરનું શ્રી ચંદ્રપ્રભુજિનાલય.

(૮) શેઠ નરશી નાથા ધર્મશાળા, પાલિતાણા.

(૯) પાલિતાણાની ધર્મશાળાનું શ્રી ચંદ્રપ્રભજિનાલય.

(૧૦) શેઠશ્રી હરભમ નરશી નાથા.

(૧૧) શ્રી અષ્ટાપદ–જિનાલય, કચ્છ–નલિયા.

(૧૨) શ્રી વીરવસહીની ૭ દેવકુલિકાઓ નલિયા.

(૧૩) શ્રી શાંતિનાથ–જિનાલય, કચ્છ–નલિયા.

(૧૪) શેઠશ્રી ઋભેચંદ રાઘવજી.

(૧૫) શેઠશ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટની ઓફિસ, મુંબઈ.

(૧૬) પૂરબાઈમાની યાત્રાસૂચિની હાથ–પ્રતનું પાનું.

(૧૭) પૂરબાઈમાની પ્રાર્થનાની હાથ–પ્રતનું પાનું.

(૧૮) પાલિતાણાની ધર્મશાળાની શિલા–પ્રશસ્તિ (છેલ્લું જેકેટ)

# પ્રસ્તાવના

જ્ઞાતિ-શિરોમણિ શેઠ નરશી નાથા એટલે કચ્છી-દશા ઓશવાળ-જૈન જ્ઞાતિની મૂર્તિમંત આકાંક્ષાઓ; એમનું જીવન એટલે જ્ઞાતિના તેજવંત યુગનો વિશિષ્ટ અધ્યાય; એમની સિદ્ધિઓ એટલે જ્ઞાતિના પુરુષાર્થનું ઉજ્જ્વળ પ્રતીક।

મુંબઈના તેઓ નામાંકિત નાગરિક હતા; જ્ઞાતિના મહાજન હતા; તથા જૈન-સમાજના જ્યોતિર્ધર શ્રેષ્ઠીરત્ન હતા. ચરિત્રનાયકની આવી ત્રિવિધ કારકિર્દીનું યથોચિત નિરૂપણ કરવાનો મેં આ પુસ્તકમાં અકિંચન પ્રયાસ કર્યો છે.

શેઠ નરશીશાના જમાનાએ રાષ્ટ્રવાદનો જુવાળ જોયો નહોતો. એમના કાર્યકાળે યંત્રવાદનો ઓછાયો પણ સ્પર્શ્યો નહોતો. બ્રિટિશ-શાસનનો સૂર્ય હજુ ઊગ્યો નહોતો. અર્વાચીન યુગની પૂર્વ સંધ્યાનો એ સમય હતો. એ વખતે સંગઠનના મુખ્ય એકમ તરીકે વિભિન્ન જ્ઞાતિઓ હતી. સૌ જ્ઞાતિ-ચક્ષુથી જ બધું નિહાળતા અને જ્ઞાતિના હિતને સર્વોચ્ચ ગણીને પુરુષાર્થ કરતા. "નાતે તરવું અને નાતે મરવું" એ ભાવનાનો એ જમાનો હતો. ચરિત્રનાયકનાં કાર્યોને મૂલવવા માટે આ બધાં સંદર્ભો મહત્ત્વપૂર્ણ છે, એની સમજણ વિના એમની કારકિર્દીમાં સંકુચિતપણાનો ભાસ થાય-અથવા તો જ્ઞાતિ-વ્યામોહની પણ ગંધ આવે।।

આજે તો એ બધાં સંદર્ભો જ બદલાઇ ગયાં છે. શેઠ નરશીશાના મૃત્યુને માત્ર સવાસો વર્ષ જ થયાં છે, કિન્તુ સંક્રાન્તિ કાળના આટલા ટૂંકા ગાળામાં તો જાણે અનેક યુગો વહી ન ગયા હોય એવો ભાસ થાય છે.

સમયના વહેણુની સાથે મૂલ્યાંકનો બદલાય—અભિગમો અને ભાવનાઓમાં પણ પરિવર્તનો આવે; છતાં આદર્શો તો એ જ રહેવાના. આ સત્યની પ્રતીતિ આ જીવનવૃત્તમાંથી મળી રહેશે. શેઠ નરશીશાને હૈયે જનસેવાની ઉદાત્ત ભાવના હતી—જ્ઞાતિના સર્વાંગી ઉત્કર્ષની દાઝ હતી—એ આજે ક્યાંયે જોવા મળે છે ખરી ? વસ્તુતઃ એમની કલ્પનાનું જ્ઞાતિનું આદર્શ ચિત્ર આજે તો સ્વપ્નમાં પણ ખોળવું દુર્લભ બન્યું છે !

સમયની દિશાનો એક જ માર્ગ ( one way ) છે. છતાં આપણે ભૂતકાળને ભૂલી શકતા નથી જ. હાલમાં જ્ઞાતિના આગેવાનો વૈયક્તિક અભિનિવેશથી કોર્ટ-કચેરીઓમાં દાવાઓ અને પ્રતિદાવાઓની હારમાળા રચીને જ્ઞાતિની ભાવાત્મક એકતા જોખમાવી રહ્યા છે, ત્યારે શેઠ નરશીશાએ પ્રસ્થાપિત કરેલાં મૂલ્યો આજે જરૂર યાદ આવે છે.

જ્ઞાતિના સર્વાંગી ઉત્કર્ષના ભેખધારી શેઠ નરશીશાના જીવનવૃત્ત સાથે એમના વારસદાર, મંત્રીઓ આદિ વિશે પણ નોંધ્યું છે; કેમકે ચરિત્રનાયકની બહુવિધ કારકિર્દીના ભાગરૂપે જ તે સૌનાં કાર્યો હતાં. સાથોસાથ તત્કાલિન પરિસ્થિતિઓ, માન્યતાઓ વગેરેને પણ વણી લીધેલ છે. તવારીખના અભ્યાસીઓને એ બધું ગમશે એવી આશા છે.

ગયે વર્ષ મે-જૂનમાં મેં કચ્છનો સંશોધન-પ્રવાસ યોજેલો, ત્યારે નલિયામાં શ્રી વીરવસહીનાં ભવ્ય જિનભવનો પ્રત્યક્ષ નિહાળવાનો અપૂર્વ લહાવો મળેલો. ત્યારે મેં ત્યાંની શિલા-પ્રશસ્તિઓ તથા હાથપ્રતો વગેરેની નોંધો પણ કરી લીધી, જેના આધારે આ ચરિત્રનું નિરૂપણ થયું છે. શિલા-પ્રશસ્તિઓ આદિ સામગ્રી અત્યંત ઉપયોગી હોઇને તે મેં પરિશિષ્ટોમાં

મૂકી છે. કેટલાક દસ્તાવેજોની નકલો પણ તેમાં છે. અભ્યાસી-વર્ગને આ બધું ઉપયોગી થશે જ.

આમ તો સને ૧૯૬૩માં "સુઘોષા" માસિકમાં મેં ગઇ સતાબ્દીમાં થયેલા શ્રેષ્ઠીવર્યો વિશે લેખમાળા એક વર્ષ સુધી રજૂ કરેલી, જેમાં ચરિત્ર-નાયકના જીવન વિશેનો સૌ પ્રથમ લેખ હતો, ત્યારે જ એમના વિશે લખવાની ભૂમિકા તો ઘડાઈ ગઈ હતી, કિન્તુ અન્ય ગ્રંથોના રોકાણોને લીધે આ યોજના દૂર ને દૂર ઠેલાતી ગઇ.

યોગાનુયોગ મારા વડીલબંધુ શ્રી કુંવરજીભાઇને ગયે વર્ષે પાલિતાણા આવવાનું થયું. એમના મનમાં અમારાં સદ્ગત માતુશ્રી જેઠીબાઈના સ્મરણાર્થે કશુંક કરવાની ભાવના હતી. મારા મિત્ર શ્રી કરમશીભાઇએ એમની ભાવના જાણીને એ વાતનો દોર લંબાવ્યો. "આપણે સૌ શેઠશ્રી નરશી નાથા બાલાશ્રમ, નલિયામાં ભણીને મોટા થયા છીએ—એટલે આપનાં માતુશ્રીની સાથે શેઠશ્રીનું ઋણ પણ અદા કરવું જોઇએ!" —એમ જણાવીને આ પ્રકાશનની યોજના એમને સમજાવી. શ્રી કુંવરજીભાઇને તે ગમી જતાં પ્રકાશનનો ખર્ચ આપવાનો તેમણે નિર્ણય કર્યો. એ વખતે તો નાની પુસ્તિકાનો જ અમને મૂળ ખ્યાલ હતો.

જ્ઞાતિશિરોમણિના જીવન વિષયક આ પ્રથમ પુસ્તક હોઇને તેનું પ્રકાશન ઉત્કૃષ્ટ થાય તો સારું એવી શુભ ભાવનાથી પ્રેરાઇને શ્રી કરમશીભાઇએ જાહેર-વિજ્ઞપ્તિ દ્વારા સૌનો સહકાર પણ માગેલો, જેને સારો આવકાર મળતાં પૃષ્ઠ તથા ફોટોપ્લેટસની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો. શ્રી આર્યરક્ષિત-પ્રાચ્ય-વિદ્યા-સંશોધન-મંદિરના નેજા હેઠળ તેમણે નિ:સ્વાર્થ ભાવે જહેમત ઉઠાવીને આ પુસ્તકનું પ્રકાશન-કાર્ય સફળતાપૂર્વક બજાવ્યું છે તે માટે તેઓ અને શ્રી કુંવરજીભાઇના આપણે સૌ ઋણી છીએ.

આર્થિક સહયોગ આપનાર બંધુઓ પણ ધન્યવાદને પાત્ર છે. એમનો

સહકાર ન સાંપડયો હોત તો આ ગ્રંથની કિંમત રૂ. ૫) થી પણ અધિક થાત, એને બદલે અગાઉથી થયેલા ગ્રાહકોને તે માત્ર રૂા ૨) માં જ અપાશે. ટૂંકમાં આ પ્રકાશન પાછળ નફો કરવાનું ધ્યેય ન હોઇને જેમ જેમ આર્થિક સાહાય્ય પ્રાપ્ત થતી ગઈ, તેમ તેમ પ્રકાશનમાં નવું ને નવું તત્ત્વ ઉમેરાતું ગયું.

આ પુસ્તક બહાર પડે તે પહેલાં જ તેની લગભગ મોટા ભાગની નકલો અગાઉથી વેચાઈ ગઈ છે. ગ્રંથને અંતે આપેલ યાદી પરથી આ વાત જાણી શકાશે. મારા પુસ્તક માટે વાચકોએ જે ચાહના બતાવી છે તે માટે હું ગૌરવ અનુભવું છું.

આ પ્રકાશનના અનુષંગમાં બીજી એક વાત પણ જણાવું. જ્ઞાતિશિરો- મણિને અનુસરીને અન્ય શ્રેષ્ઠીરત્નોએ પણ પ્રશસ્ત કાર્યો દ્વારા ઉચ્ચ સામાજિક મૂલ્યો પ્રસ્થાપિત કર્યાં છે, જે માટે આપણે ગૌરવ પણ લઇએ છીએ, કિન્તુ એમનાં ચરિત્રો પણ આજ દિવસ સુધી ગ્રંથબદ્ધ થયા નથી– જ્ઞાતિશિરોમણિના યોગ્ય સ્મારક માટે પણ ઉપેક્ષા દર્શાવાઈ છે—આ વાત કોની પાસે રજૂ કરીએ? જ્ઞાતિનો ઇતિહાસ પણ પ્રકાશિત થશે એવું કેટલાયે વર્ષોથી સંભળાય છે તેની પૃચ્છા કયાં કરવી?

અંતે આ પુસ્તકમાંથી કોઇને અંશ માત્ર પણ પ્રેરક તત્ત્વ સાંપડશે તો મારો પ્રયાસ સફળ થયો ગણીશ.

પાલિતાણા,
તા. ૧-૫-૧૯૭૧

—"માસૂ"

# જ્ઞાતિશિરોમણિ

"જ્ઞાતિ તમારા માટે શું કરે એ નહીં; જ્ઞાતિ માટે તમે શું કરી શકો એ વિશે જ મને પૂછજો."

(જ્ઞાતિશિરોમણિનો જીવનમંત્ર)



જ્ઞાતિશિરોમણિ શેઠ શ્રી નરશી નાથાનું કલ્પના-ચિત્ર

શેઠ શ્રી નરશી નાથાનું જુનું નિવાસ-સ્થાન: જથ્થાવાળો માળો, મુંબઈ



# [૧] પ્રતાપી પૂર્વજો

કચ્છી-દશા-ઓશવાળ-જૈન જ્ઞાતિના શિરોમણિ તરીકે ચિરસ્થાયી કીર્તિ પામેલા શેઠ નરશી નાથાનું જીવનવૃત્ત ખરેખર, પ્રેરણાદાયક છે. પોતાની લોકસંગ્રહની અનુપમ કારકિર્દીથી જ્ઞાતિમાં અહોભાવ જગાડી જનાર આ સમર્થ પુરુષ એ ગૌરવાન્વિત બિરુદને સર્વથા યોગ્ય છે. એ જ્ઞાતિ પોતાના સર્વાંગી વિકાસ માટે પ્રાતઃસ્મરણીય મહાપુરુષનું ઋણ સ્વીકારવામાં તથા પોતાને 'શેઠ નરશી નાથાની નાત'ના ગણાવવામાં આજે પણ બહુમાન સમજે છે.

સામાજિક અને ધાર્મિક મૂલ્યાંકનોના પરિવર્તનના આ યુગમાં પણ એમનાં સદ્કાર્યો જ્ઞાતિના ભવ્ય પુરુષાર્થ અને પ્રબળ ધર્મપ્રેમનાં પ્રતીક સમાન ગણાયાં છે; અને સૌ એમનાં સુકૃત્યોની અસરથી ઓતપ્રોત રહ્યા છે, તે દ્વારા જ એમનો અસાધારણ પ્રભાવ સૂચિત થાય છે. કચ્છ તથા હાલારનાં બાવન ગામોમાં વસતી માત્ર છએક હજારની ખોબા જેવડી જ્ઞાતિને મુંબઈમાં વસવાટ કરવાની પ્રેરણા આપનાર, એને હળ ખેડુમાંથી વ્યાપાર-ખેડુ બનવાની મહત્વાકાંક્ષાનું સિંચન કરનાર તથા એનું ઐક્ય સાધી

પ્રગતિને પંથે દોરી જનાર જ્ઞાતિશિરોમણિનાં ઇષ્ટ જીવન-કાર્યોનું અવલોકન કરીએ તે પહેલાં નાગડાવંશના પ્રતાપી પૂર્વજો વિશે સંક્ષિપ્ત ઉલ્લેખ કરીએ.

નાગડાવંશમાં અનેક પ્રસિદ્ધ પુરુષો થઈ ગયા છે, જેમણે જૈનધર્મની ઘણી સેવા બજાવી છે. આ વંશના કેટલાક ભાગ્યવંત અને પ્રતાપી પુરુષો માટે કોઇ પ્રાચીન કવિએ આ પ્રમાણે કવિત કહેલું છે :

ઉદયવંત ઉદિલ્લ જાસ કુલ સુગુણહ જાણો,
સુટા સુત વડવીર વલી છે ભરમો ચારુ,
જગમાં જયવંત હીર સકલ જેણે કીધો વારુ,
અનુક્રમે વલી ભોજ અલી મંત્રવી મંડણો,
જયવંત સુત જાણીએં,
ભોજાણી ભૂપત ભલા વસુધા માંહેં વખાણીએ. ૧

ભગવાન શ્રી પાર્શ્વનાથની શ્રમણ પરંપરાના છઠ્ઠા પટ્ટધર આચાર્ય રત્નપ્રભસૂરિએ મારવાડ અંતર્ગત ઓશિયા–ઉપકેશ નગરીમાં શ્રી વીર નિર્વાણ સંવત ૭૦ પછી લાખો ક્ષત્રિયોને પ્રતિબોધી જૈન ધર્માનુયાયી બનાવ્યા. આ ઘટનાનાં સ્થાનથી ઉપકેશ–વંશ અસ્તિત્વમાં આવ્યો, જે ઓશવાળ નામથી સર્વત્ર પ્રસિદ્ધ છે. રાજકીય અત્યાચારો અને ધાર્મિક ઝનૂનો સામે નિડરતાથી પ્રતિકાર કરતા આ બહાદુર ઓશવાળો કાળક્રમે રાજસ્થાન, સિંધ–પારકર ઇત્યાદિથી કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત આદિ પ્રદેશોમાં સ્થળાંતર કરતા ગયા. વિક્રમની ૧૨મી શતાબ્દી પછી ઓશવા-

જોનાં અનેક ગોત્રો અસ્તિત્વમાં આવ્યાં, તેમાં નાગડા ગોત્ર મુખ્ય છે.

નાગડા ગોત્રનાં નામાભિધાન સંબંધમાં એક એવી આખ્યાયિકા સંભળાય છે કે થરપારકર અંતર્ગત ઉમરકોટ નગરના રાજા મોહણસિંહ પરમારને સંતતિ ન હોવાથી તેણે અંચલગચ્છના પટ્ટધર આચાર્ય શ્રી જયસિંહસૂરિના ધર્મોપદેશથી પ્રતિબોધ પામી સં. ૧૨૨૮માં જૈનધર્મ અંગીકાર કરેલો. ત્યાર બાદ તેને દેવકરણ, દેવશી, ઉદ્દેશી અને લખમણ નામે ચાર પુત્રો થયા તથા પાંચમો નાગપુત્ર થયો. ભટ્ટગ્રંથોમાં ઉલ્લેખ છે કે નાગપુત્રને કરંડિયામાં રાખવામાં આવતો હતો. તે દૂધ પાઇને ઉછેરાતો. રાજા મોહણસિંહે એક વખત પોતાનાં દ્રવ્યના ચાર પુત્રો માટે તથા બે પોતાના માટે એમ છ ભાગ કર્યા, ત્યારે નાગપુત્રે પોતાની પૂછડીથી ઝાપટ મારીને તે ભાગો વિખેરી નાખ્યા. આથી એક ભાગ વધારે કરવામાં આવ્યો, જે નાગપુત્રે પિતાના ભાગ સાથે ભેળવી દીધો.

એક દિવસ ઠંડીથી રક્ષણ મેળવવા તે ચૂલામાં સૂતો હતો. એ વખતે મોહણસિંહને પેટપીડા થવાથી શેક માટે તેની પુત્રીએ ચૂલામાં અગ્નિ સળગાવ્યો. આથી નાગપુત્ર બળીને વ્યંતર થયો અને કુટુંબને દુઃખ દેવા લાગ્યો. પછી તેણે પ્રકટ થઇને કહ્યું કે 'મારી સ્થાપના કરો, તેમ જ મારા નામથી વંશ ચલાવીને મને પૂજો'. ચારે ભાઈઓએ તે સ્વીકારતાં તેમના વંશજો, નાગડાગોત્રથી પ્રસિદ્ધ થયા.

વહીવંચાઓની નોંધો પરથી જણાય છે કે ઉમરકોટની

આથમણી દિશામાં નગરની બહાર ખીજડાનાં વૃક્ષ નીચે નાગની ઊભી ફણાવાળી મૂર્તિ બેસાડી તે ઉપર નાગપુત્રની ઇચ્છાનુસાર દેરી બંધાવવામાં આવી હતી.

નાગડા વંશની વૃદ્ધિ થતાં એની પેટા શાખાઓ પણ અસ્તિત્વમાં આવતી ગઈ, જેમ કે–ઠાકરાણી, લાલાણી, મેલાણી, નાયકાણી, ગેલાણી, વિસરાણી, ઓચાણી, આસરાણી, ધરમાણી, વીરાણી, પુનીઆણી, નાથીઆણી વગેરે. પછી તો પેટા શાખાઓની પણ પેટા શાખાઓ થતી ગઈ. ઉદાહરણાર્થે, કચ્છી દશા નાગડાઓની આ પ્રમાણે ઓળખો છે– પટેલ, વીરાણી, લુંભાણી, ભગાડ, ધુમ, કક્કા, બેડા, મેપાણી ઈત્યાદિ. એમ છતાં આજે પણ સૌ પોતાનું મૂળ ગોત્ર તો નાગડા જ જણાવે છે.

પૂર્વે નાગપૂજાની માન્યતાને આધારે આ કુલનું નામ નાગડા પડયું હોય અથવા તો નગદ–એટલે કે નાણાંની શરાફીના વ્યવસાયથી આ વંશ નાગડા તરીકે ઓળખાયો હોય એવી વિવિધ માન્યતાઓ પણ પ્રચલિત છે. આ ગોત્રનું નામ સ્થાનદર્શક હોવાનું પણ મનાય છે. જૈનગોત્રો સંબંધી આવા અનેક વિકલ્પો ભિન્ન ભિન્ન માન્યતાઓને આધારે રજૂ કરાયા હોઈને તેનો ઈતિહાસ રહસ્યમય બની ગયો છે.

કવિ હર્ષસાગરે સં. ૧૬૯૮ના અરસામાં રચેલ 'સીરિયાદે રાસ'માં નાગડા ગોત્રની ઉત્પત્તિ સંબંધમાં આ પ્રમાણે વર્ણન છેઃ–

અમરકોટ અધિપતિ, રાઉ મોહણ મહીપાલહ;
કર્મ ઉદયને કારણિ, પુત્ર પુત્રી નહીં બાલહ.

પૂછ્યા ગુરુ ગુણનિધિ સાધુ, સંતતિ તિકોએ દાખ્યું,
વિદ્યા વિવિધ વિમાણુ, ભણિ ભૂપતિ તુમ્હ ભાખ્યું. ૧૭
જેસંગસૂરિ સદ્‌ગુરુ ભણિ, જૈનધર્મ તું પડઉ જો;
પરહરુ પાપ શુભ આચરુ, મદ્ય માંસહ સા તજો.
તજિઉ અર્થ આરંભ, વિવિધ પરિ વાચા દીધી;
ગુરુ આપી આસિકા, તપણુ તહ વિદ્યા લીધી. ૧૮
પુત્ર તણી પ્રાપ્તિ હુઈ, આસ્યા સવિ પૂરી,
ચતુર ચ્યાર સુઆલ, હૂય આસ્યા સસહુરી;
પાંચમું નાગ પ્રશવિઉ ઉદરિ, નાગ ભાગ લિ આપણા;
તે બલિઉ ચૂડિહુઈ વ્યંતર થઉ, કરિ ઉપદ્રવ અતિ ઘણા. ૧૯
કરિ ઉપદ્રવ અતિ ઘણા, તાઈ બાલિક બીહીવિ;
ઉતારણા અનેક, લીઇજે જે મંનિ ભાવિ.
પૂછ્યા પંડિત બહૂ, સહૂ એહવી પરિ બોલિ,
સપ–રાંણો સમરથ, નહીં કોએ એહનિ તોલિ. ૨૦
પ્રગટિઉ પુરુષ પભણિ ઈસૂં, નાગ નામ ગોત્ર જ કરું;
નાગડા નાંમ કુલ વિસ્તરિઉં, સવે કાંમ સિધિ સિર્યું. ૨૧

નાગડા ગોત્રની ઉત્પત્તિ સંબંધમાં એકબીજાને મળતાં કે થોડાં ફેરફારવાળાં આવાં બીજાં પણ કેટલાંક પ્રમાણો અંચલગચ્છની પટ્ટાવલીઓ અને ભટ્ટગ્રંથો વગેરેમાંથી પર્યાપ્ત પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે.

આ વંશમાં સં. ૧૩૯૮માં નગરપારકરમાં થઈ ગયેલા

ભોજા, ઉદયવંત અને મેઘાજલ નામના ત્રણ ભાઈઓએ વીસ લાખ પીરોજી ખરચીને અનેક ધર્મકાર્યો કર્યાં હતાં.

સં. ૧૪૬૫માં પારકરમાં થયેલા મુંજાશાહે અંચલ-ગચ્છાધિપતિ શ્રી મેરુતુંગસૂરિના ઉપદેશથી શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર બંધાવીને તેમાં પિત્તળની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી હતી.

સં. ૧૫૩૯માં ત્યાં લખરાજ આદિ ચારે ભાઈઓએ શ્રી અભિનંદન જિનાલય બંધાવ્યું હતું. તેઓને રાજા સાથે અણબનાવ થવાથી તેઓ ચોરવાડમાં વસ્યા અને ચોરવાડીઆ તરીકે ઓળખાયા. પાછળથી કેટલાક પ્રભાસપાટણ જઈ વસ્યા.

નાગડા વંશના આદ્ય–પુરુષ રાજા મોહણસિંહના વંશજો અનુક્રમે આ પ્રમાણે થયા: ઊદ્દલ, જાહલ, સધીર, સૂંટા, સમરથ, નરસંગ, સકજૂ, વીરપાલ, કંધોધર, હીરપાલ અને ક્રમશઃ ભોજા થયા. ભોજાશાહ ઘણા પુણ્યવાન હતા. તેઓ પારકરના વતની હોવાથી પારકરા પણ કહેવાતા હતા.*

---

* એ અરસામાં પારકર ગીચ વસ્તીનો પ્રદેશ મણાતો હતો. એમાં ચોદ ચેકી ( એક ચેકીમાં ૫૬૦ ગામ ) એટલે ૭૮૪૦ ગામો હતા. મારવાડનો પશ્ચિમ ભાગ પણ પારકરમાં ગણાતે હતો. ભૂજથી તે ૫૦ ગાઉ દૂર હતો જેમાં ૪૦ ગાઉ પારકરની અને ૧૦ ગાઉ કચ્છની હદ હતી. એવી જ રીતે ઉમરકોટ ૮૦ ગાઉ ( ૫૦ ગાઉ પારકર અને ૩૦ ગાઉ ઉમરકોટ ), ચૌહાણોનું સુરાચંદ રાજ્ય ૪૨ ગાઉ ( ૩૦ ગાઉ પારકર અને ૧૨ ગાઉ સુરાચંદના ), છહેરણ ૬૦ ગાઉ ( ૪૦ ગાઉ પારકર અને ૨૦ ગાઉ છહેરણ ), દક્ષિણમાં બાવસુઈ ચોહાણોનું ૫૦ ગાઉ ( ૨૭ ગાઉ પારકર અને ૨૩ બાવસુઈ ) દૂર હતો રાણીગામ પારકર અંતર્ગત હતાં

જામસાહેબની વિનંતીથી ભોજાશાહ પોતાનું વતન છોડી સં. ૧૫૯૬ માં વ્યાપાર અર્થે જામનગર આવીને વસ્યા હતા એ અંગેનો મહત્ત્વપૂર્ણ ઉલ્લેખ શ્રી મેઘમુનિ કૃત 'સાહ રાજસી રાસ'માં છે. તેમાં જણાવાયું છે કે ભોજાના તેજશી અને તેના રાજશીશાહ ધર્મકાર્યોમાં જગસી, જાવડ, જગડૂ, ભામા, રામ, કુંરપાલ, આસકરણ, જસૂ, ટોડરમલ્લ, ભાલ, કર્મચંદ, વસ્તુપાલ અને વિમલશાહની જેમ સુકૃતકારી થયા. એમનાં કાર્યો માટે જુઓ 'અંચલગચ્છ-દિગ્દર્શન' પૃષ્ઠ ૪૨૭. જામનગરમાં એમણે બંધાવેલું ચોરીવાળું દહેરાસર સુપ્રસિદ્ધ છે.

મહમદ બેગડાએ સિંધ પર ઉપરાઉપરી ચડાઇઓ કરી અને અનેક લોકોને વટલાવ્યા. આથી ઓશવાળોને પારકરમાં રહેવું મુશ્કેલ બની ગયું હતું. ત્યાંના સમા, સુમરા અને સોઢાઓ કચ્છ તરફ પ્રયાણ કરી રહ્યા હોઇને કેટલાક ઓશવાળો પણ એમને અનુસર્યા. કચ્છના મહારાવે નવી વસતીને સત્કારી એટલે ઓશવાળોએ કચ્છને માતૃભૂમિ બનાવી.

કચ્છમાં તેઓ બે રીતે આવેલા છે. એક ગુજરાત થઇને અને બીજા સિંધ-પારકર થઇને. ગુજરાત થઇને આવ્યા તેઓ ગુર્જર ઓશવાળો કહેવાયા અને સિંધ-પારકર થઇને આવ્યા તેઓ કચ્છી ઓશવાળો કહેવાયા. કચ્છી ઓશવાળોમાં દશા અને વિશા એવા પેટા વિભાગો છે. દશા ઓશવાળો અબડાસા તાલુકામાં જુદાં જુદાં ગામોમાં આવીને સ્થિર થયા. જામ અબડાનાં નામ પરથી આ તાલુકાનું નામ પડયું છે એ વાત પ્રસિદ્ધ છે. જામ અબડાએ અલાઉદ્દીન ખિલજીનાં

લશ્કરને ભારે શિકસ્ત અપાવેલી અને રાજવંશીય સૂમરીઓને બચાવી લીધેલ.

'મહાજન વંશ મુક્તાવલિ'માં જણાવવામાં આવ્યું છે કે—'પારકરદેશ પાલી શહેર કે મહાજન લોક સોલહસે ૨૫ કે વર્ષમેં મરુધરમેં બડા કાલ પડા, ઉસ વક્ત પાંચ હજાર ઘર સિંધુ દેશમેં અનાજકી મુકલાયત જાણકે ચલે ગયે. ઉહાં મહનત કર ગુજરાંન કરણે લગે. દો તીન પીઢિયાં વીતને પર ધરમ કરણી ભૂલ ગયે. ઉપદેશક કોઈ થા નહિ. વિના ખેપટિયે નાવ ગોતા ખાવે ઈસમેં તો આશ્ચર્ય હી કયા! ઉહાં ઈતના માત્ર જાણતે રહે કે હમ જૈન મહાજન ફલાણે ફલાણે ગોત્રકે હૈ. તત્પીછે સંવત સત્તરસે સયમેં એક આંચલ–સંપ્રદાયકે યતિ કચ્છકે રાજા કે પાસ પહુંચા ઔર રાજાસે કહા—"મેરા કુછ સત્કાર કરો તો વાણિયોંકી વસ્તી લા દેતા હું." રાજાને કહા—"જાગીર દૂંગા, ગુરુભાવ રખુંગા." તબ વહ જતિ સિંધમેં પહુંચા ઔર ઈન લોકોંકો મિલા ઔર પૂછા—"ઈસ દેશમેં સુખી હો યા દુઃખી?" તબ વહ લોક બોલે—"મુસલમાન લોક બહોત તકલીફ દેતે હૈં કોઈ જિનાવર ઘરમેં બિમાર હોતા હૈ તો કાજીકો ખબર દેણી હોતી હૈ. તબ કાજી આકર કે હમારે ઘર પર જીતી ગાઉ કે ગલે છુરી ફેરતા હૈ. આધે મુસલમાન હો ગયે હૈં" ઉસ જતિને કહા–" હમકો તુમ જાણતે હો હમ કોણ હૈ?" ઉન્હોંને કહા "નહીં" તબ વહ બોલા–"હમારે સંગ ચલો. કચ્છ દેશમેં રાવ ખેંગારકે રાજ્યમેં

તુમકો સુખ સ્થાનમેં વસા દુંગા". વહ સબ ઇકઠે હોકર ઉસ જતિ કે સાથ કચ્છ દેશમેં આયે. રાવ ખેંગારને સુથરી, નલિયા, જખૌ આદિમેં બસાયા, બહુત ખાતર તબજયા કરી....'

ભટ્ટગ્રંથો અનુસાર નાગડા વંશના ઉદ્દેશીનો પરિવાર કચ્છમાં આવીને વસ્યો અને તેઓ કચ્છી મહાજન થયા. પૂર્વે ભિન્નમાલમાં થયેલા ધનદત્તનો પરિવાર હાલારમાં આવીને વસ્યો અને તેમણે ગોત્રજા અંબાદેવીની સ્થાપના કરી, જેના વંશજો લઘુ નાગડા ગોત્રના હતા. ઐતિહાસિક પ્રમાણો અનુસાર દશા-ઓશવાળો વિક્રમના ૧૬માં શતકના ઉત્તરાર્ધમાં કચ્છમાં આવીને વસ્યા હતા.

કચ્છી-દશા-ઓશવાળ જ્ઞાતિના નાગડા ગોત્રના સૌ પ્રથમ પ્રસિદ્ધ પુરુષ તે મહોપાધ્યાય શ્રી રત્નસાગરજી, જખૌમાં આસુની ભાર્યા કર્માદેની કૂખે સં.૧૬૨૬ પોષ દશમી તિથિમાં તેઓ જન્મ્યા. તેમનું પૂર્વાશ્રમનું નામ રતનશી. નાની ઉંમરમાં માત-પિતાનું મૃત્યુ થતાં બાળક રતનશીને તેના કાકા રણશીએ ઉછેર્યો. સં. ૧૬૩૫માં અંચલગચ્છાધિપતિ શ્રી ધર્મમૂર્ત્તિસૂરિને કાકાએ વહોરાવતાં સં. ૧૬૪૧ માઘ શુદિ ૨ના દિને ગુરુએ તેને દીક્ષા પ્રદાન કરી. સં. ૧૬૪૪ વૈશાખ શુદિ ૪ના દીવબંદરમાં વડીદીક્ષા આપતી વેળાએ તેમને ગુરુએ પોતાના પટ્ટશિષ્ય શ્રી કલ્યાણસાગરજીના શિષ્યપદે સ્થાપ્યા. ધર્મોદ્યોતનાં અનેક કાર્યો કરી મહો. રત્નસાગરજી સં. ૧૭૨૦ પોષ શુદિ ૧૦ના દિને કપડવંજમાં કાળધર્મ પામ્યા. અંચલગચ્છનો વર્તમાન શ્રમણ સમુદાય એમની શિષ્યપરંપરામાંથી હોઇને તેઓ ગચ્છ અને જ્ઞાતિના ઇતિહાસમાં અમર રહેશે. એનના જીવન પરિચય માટે જુઓ- 'અંચલગચ્છ-દિગ્દર્શન'.

અંચલગચ્છના પટ્ટધર આચાર્ય શ્રી વિદ્યાસાગરસૂરિજી પણ દશા–ઓશવાળ જ્ઞાતિના તેમજ નાગડા ગોત્રના હતા. તેઓ કચ્છ અંતર્ગત ખીરસરા બંદરમાં સં. ૧૭૪૭ આસો વદિ ૩ના દિને જન્મ્યા. એમના પિતાનું નામ કર્મસિંહ તથા માતાનું નામ કમલાદે. એમનું પૂર્વાશ્રમનું નામ વિદ્યાધરકુમાર. એમણે સં. ૧૭૫૬ ફાલ્ગુન શુદિ ૨ના દિને અંચલગચ્છાધિપતિ શ્રી અમરસાગરસૂરિ પાસે વૈરાગ્યપૂર્વક પ્રવજ્યા અંગીકાર કરી. એ પ્રસંગે શ્રેષ્ઠી વીરઘોલે દીક્ષા મહોત્સવ કર્યો હતો. સં. ૧૭૬૨ શ્રાવણ શુદિ ૧૦ને દિને તેમને ધોળકામાં આચાર્યપદે વિભૂષિત કરવામાં આવ્યા હતા. સુરતના શ્રેષ્ઠી કપૂરચંદ સિંઘાએ એ અવસરે મહોત્સવ કરી ઘણું ધન ખરચ્યું અન્ય શ્રેષ્ઠીવર્યોએ પણ એ પ્રસંગે પ્રભાવનાદિ કાર્યો કર્યાં. સં. ૧૭૬૨ કાર્તિક વદિ ૪ ને બુધવારે માતરમાં એમને માત્ર ૧૬ વર્ષની ઉમરે ગચ્છનાયકપદે અભિયુક્ત કરવામાં આવ્યા. એમણે ધર્મ–પ્રચારનાં અનેક કાર્યો કર્યાં છે, જેની વિગત માટે જુઓ 'અંચલગચ્છ–દિગ્દર્શન' પૃ ૪૭૬. સં. ૧૭૯૭. કાર્તિક શુદિ ૫ ને મંગળવારે તેઓ સુરતમાં દિવંગત થયા.

કચ્છના મહારાવ શ્રી ગોડજીની રાજ્યસભામાં તેમણે સ્થાનકવાસી સંપ્રદાયના શ્રી મૂલચંદ ઋષિને ધર્મ–સંવાદમાં પરાજિત કરેલા, એ એમનાં જીવનનો સૌથી મહત્ત્વનો પ્રસંગ હતો. એ પછી એ સંપ્રદાયનું પ્રભુત્વ કચ્છમાં ઓસરતું ગયું. સૂરિનો દક્ષિણ ભારતનો લાંબો અને ઉગ્ર વિહાર પણ અંચલગચ્છના ઇતિહાસમાં વિશિષ્ટ પ્રકરણનો ઉમેરો કરે છે.

નાગડાવંશની સ્ત્રીઓ સતી થઇ હોવાનાં ઉદાહરણો પણ વહીવંચાઓની નોંધો પૂરાં પાડે છે. સં. ૧૭૧૧ માં કચ્છ–સાભરાઇમાં ઓધરણની પત્ની ગાંગી તથા કચ્છ–ડુમરામાં દેધરની પત્ની સતી થયેલી. ખમીરવંતા પુરુષોની પત્નીઓ પણ એવી જ ટેકીલી હતી.

દશા–ઓશવાળ નાગડાગોત્રીય, નલિયાના વતની મેરગના પુત્રો રામઇઆ અને પસાઇઆની ગુરુભક્તિની નોંધ પણ લેવા જેવી છે. બે વર્ષના દુકાળ બાદ સુકાળ આવતાં રામઇઆએ ગુરુને વાવણીનું મુહૂર્ત પૂછયું. ગુરુએ કહ્યું કે "હજી વાર છે. પછી તને બોલાવીને મુહૂર્ત કહીશ."

એ વાતને ઘણો સમય થયો. બધે વાવણીઓ થઈ, ભરપુર મોલ થયો, કાપણી પણ થઇ. પરંતુ ગુરુએ મુહૂર્ત વિશે કશું ન કહ્યું. એક વખત તેને બોલાવીને ગુરુએ પૂછયું : "બધે ખળાં થાય છે, તું કેમ કરતો નથી?" ગુરુવચન પર શ્રદ્ધા રાખી રામઇઆએ વાવણી વિના ખળું તૈયાર કર્યું. બધા પેટ ભરીને હસ્યા. પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે હળ હાંકતાં ખેતરમાંથી સોનામહોરો ભરેલા ચરુઓ નીકળ્યા. બધી મહોરો ખળામાં લાવવામાં આવી. રામઇઆની આવી આસ્થા અને ગુરુભકિત નિહાળી ગામધણી પણ અત્યંત પ્રસન્ન થયો. રામઇઆએ બધી મહોરો ગામધણીને સમર્પિત કરી દીધી પણ તેણે લીધી નહીં. અંતે રામઇઆએ સુખડી તરીકે એક પાલી સોના મહોરો આપવી અને ગામધણીએ સ્વીકારવી એવો સૌએ તોડ કર્યો.

ગુરુના ઉપદેશથી રામઇઆએ કચ્છમાંથી સાધર્મિક બંધુઓને નોતરી સૌને મિષ્ટાન્ન ભોજન જમાડયું તથા ઘૃત ભરેલા કળશિયાની પ્રભાવના કરી. ભદ્રેશ્વરનો તીર્થસંઘ કાઢી પ્રાપ્ત થયેલી સંપત્તિનો તેણે સદુપયોગ કર્યો. ઘૃતલહાણું વિશે કહેવાય છે કે સૌ પ્રથમ ખાલી કળશિયાની લહાણુ કરેલી, જે ભૂજના ગૂર્જરને લૂખી લાગી. આથી રામઇઆએ કળશિયાને ઘીથી ભરીને તેની લહાણુ કરી. એવું પણ કહેવાય છે કે તેમાં એક મહોર પણ નાખવામાં આવેલી. આ લહાણુ હાલાર તેમ જ ઠેઠ રાધનપુર સુધી પહોંચેલી.

રામઈઆ–પસાઇઆને જે અજોરમાંથી મહોરો મળી તે છાદુરાનાં નાકાની લગોલગ પટેલનાં અજોર તરીકે ઓળખાતું, જેનો ભોગવટો તેમના વંશજોએ કર્યો. એમના ઉલ્લેખવાળો ચોપડો પણ એમના વંશજોએ જાળવી રાખ્યો છે. સં. ૧૬૯૫નો ચોપડો પસાઇઆનાં નામનો છે. તેઓ મેરગસુત પસાઈઆ અને મેરગસુત રામઈઆ એમ લખેલ છે. પસાઈઆને ધના અને ભારા એમ બે પુત્રો થયા. રામઇઆને ખીમણુંધ અને ખેતો નામે પુત્રો થયા. સં. ૧૭૫૭ ચૈત્ર સુધી રામઇઆની વિદ્યમાનતાનો ઉલ્લેખ મળે છે.

શેઠ નરશી નાથાના ઐતિહાસિક શલોકામાં એ બન્ને ગુરુભક્ત બાંધવોનો ગૌરવભર્યો ઉલ્લેખ છે. જ્ઞાતિ–બંધુઓ આજે પણ એ વાતને રસપૂર્વક યાદ કરે છે અને એમની ભક્તિના ભાવ

હ્રદયે ધરે છે. નાગડાકુળના* આવા પ્રતાપી તેમજ બડભાગી પૂર્વજોને અનુસરીને શેઠ નરશીશા એ કુલના શિરમોર થયા.

---

* શ્રી ક. દ. ઓ. જૈ. મહાજન, મદ્રાસ દ્વારા સં. ૨૦૨૪માં પ્રકાશિત થયેલ જ્ઞાતિના વસ્તીપત્રક અનુસાર નાગડા ગોત્રની કુલ સંખ્યા ૨૦૯૯ની છે, જેમાં ૭૮૫ તો માત્ર નલિયામાં વસે છે. જ્ઞાતિમાં સૌથી વધારે સંખ્યા લોડાયા ગોત્રની ( ૩૯૫૬ ) છે, એ પછી નાગડા ગોત્ર આવે છે. ૨૩ ગામોમાં વસતા નાગડા બંધુઓની મુખ્ય વસ્તી નલિયા પછી જખૌ, તેરા, પરજાઉ, રંગપુર અને વાલામાં સવિશેષ છે.

# [ ૨ ] માદરે વતન કચ્છમાં

કચ્છી–દશા–ઓશવાળ–જૈન જ્ઞાતીય, નાગડા ગોત્રીય, વીરાણી શાખીય નાથા ભારમલને ઘેર એમનાં પત્ની માંકબાઈની કૂખે નરશીશાનો જન્મ સં. ૧૮૪૦ લગભગમાં કચ્છ નલિયા ગામમાં થયેલો. એ વખતે કચ્છમાં મહારાવ શ્રી રાયધણજીનું શાસન હતું. જમાદાર ફતેહમહમ્મદનાં પરાક્રમોથી આખું કચ્છ પ્રભાવિત હતું. એ પછી બ્રિટિશ સત્તાનું આગમન કચ્છમાં થયું.

નરશીશાના વડદાદા પાલણના વીરો અને તોરો એ નામના બે પુત્રો થયા હતા. વીરોના ભારમલ અને તેમના હરશી, નાથા અને તેજા એમ ત્રણ પુત્રો થયા. નાથાના બે પુત્રો થયા (૧) લખમણ (૨) નરશી. નરશીશાના વડીલબંધુ લખમણ વિશે ઝાઝા ઉલ્લેખો ન મળતા હોઈને અનુમાન થઈ શકે છે કે તેઓ ઝાઝું જીવ્યા નહીં હોય. એમની સંતતિ વિશે પાછળથી જણાવશું. નરશીશાનાં બહેનનું નામ સારબાઈ હતું. તેમનાં લગ્ન સાંધાણના તેજશી હીરજી ધુલ્લા સાથે થયાં હતાં. તેમના પુત્ર માડણ શેઠ પ્રતાપી પુરુષ થઈ ગયા. તેમનાં કાર્યો વિશે પ્રસંગોપાત ઉલ્લેખ કરીશું.

માંકબાઈમાં બાળક નરશીને શૈશવમાં છોડીને સ્વર્ગે સિધાવ્યાં હોઇને તેમના ઉછેરની જવાબદારી નાથાશા પર આવી પડી. તેઓ ખેતરોનું રખોપું કરતા હોઇને બાળક બહુધા વાડીઓ અને ખેતરોમાં જ મોટો થયો. કુદરતનાં સાન્નિધ્યમાં બાળક શરીરે ખડતલ થાય જ; તદુપરાંત તેમાં નૈસર્ગિક ગુણોનું સિંચન થાય એ સ્વાભાવિક છે. નરશીશાનાં જીવનમાં દૃષ્ટિગોચર થતાં ઉત્કૃષ્ટ માનવીય ગુણોનાં બીજ એ રીતે રોપાયેલાં જણાય છે.

તે વખતે કેળવણીનો ખાસ પ્રચાર નહોતો. કચ્છમાં ગોરજીઓની પોશાળો દ્વારા વિદ્યાપ્રવૃત્તિ ચાલતી. લગભગ બધાં જ ગામોમાં જુદીજુદી શાખાઓના ગોરજીઓની પોશાળો હતી. મોટાં ગામોમાં તો બે-પાંચ પણ હોય. મુખ્યત્વે શ્રાવકો કૃષિકારો હતા. તેઓ લખવા-વાંચવાનું કામ જાણતા નહીં. ગોરજીઓ મારફત એ બધું થતું. આવી પરિસ્થિતિમાં નરશીભાઈ નાનપણમાં અક્ષરજ્ઞાનથી વંચિત જ રહ્યા. અલબત્ત, પાછળથી તેઓ લખવાનું તેમ જ હિસાબ કિતાબનું કામ સ્વાનુભવે શીખેલાં અને આ કાર્યમાં પણ નિષ્ણાત થયેલા.

પિતાની આર્થિક સ્થિતિ પણ ઘણી કંગાલ હતી. મૂલ-મજૂરી એ જ એમનાં જીવનનિર્વાહનું મુખ્ય સાધન હોઇને તંદુરસ્ત શરીર જ એમની મુખ્ય સંપત્તિ હતી. મૂલ-મજૂરી કરીને પેટિયું રળનાર કુટુંબમાં નરશીશા કોટિધ્વજ શ્રેષ્ઠી થયા એ વાત એમનાં પુરુષાર્થને મહાન અંજલિરૂપ છે.

સં. ૧૮૫૭માં બહુ સારો વરસાદ થતાં ઘઉં અને ચણાનો પાક પુષ્કળ થયેલો. નલિયાની ઓતરાદી નીચાણવાળી જમીન, જેને પાણી ભરાઈ રહેવાને કારણે "સર" નામથી ઓળખવામાં આવે છે, તે પરનાં ખેતરોની રખેવાળી પિતા પુત્ર કરતા અને તેમાંથી જે કાંઈ મળી રહે તે દ્વારા કુટુંબનો નિર્વાહ ચલાવતા આવી રીતે નરશીશાનાં જીવનનાં સોળેક વર્ષનાં વહાણાં વાઇ ગયાં. તેઓ યુવાનીને ઉંબરે ઊભા તે પહેલાં એમના મનમાં એક નૂતન વિચાર વસી ગયો.

સાંજે વાળુ કરીને સૌ ચોરે એકઠા થતા અને ત્યાં અનેક વાતો થતી. નાથાશાની સાથે નરશીભાઇ પણ ત્યાં જતાં અને બધું સાંભળતા. કચ્છી ભાટિયાઓએ મુંબઇમાં પ્રયાણ કરી, ત્યાં વ્યાપાર–ધંધા વિકસાવી અઢકળ સંપત્તિ પ્રાપ્ત કરી છે અને હવે ઠેઠ મલબાર સુધી પહોંચ્યા છે, ઇત્યાદિ વાતો સાંભળી નરશીભાઇનાં મનમાં પણ ત્યાં જવાની મહત્વાકાંક્ષા જાગ્રત થઇ. ભાટિયાઓની સાહસકથાઓએ એને ઘેલું લગાડયું. પછી તો એનું ચિત્ત રખોપાનાં કામમાં શેનું લાગે?

એક દિવસ રાત્રે ગામમાં વાળુ–પાણી કરીને પોતાની ખેતરની ઝૂંપડીમાં બાપ–દીકરો નિરાંતે બેસીને મુંબઈની વાતે વળગ્યા. પુત્ર ત્યાં જવા તલપાપડ હતો. ત્યાં ગયા સિવાય એને ચેન પડે તેમ નહોતું. પિતાની ત્યાં જવાની ઇચ્છા નહોતી. કોને સહારે પરદેશ ખેડવો? એ મૂંઝવતો પ્રશ્ન હતો. વળી બન્ને અજ્ઞાન, પાસે પૈસોટકો પણ નહીં,

ઇત્યાદિ બાબતો પિતાએ કહી. પરંતુ પુત્રે ભાગ્ય અજમાવવાની હઠ લીધી અને પિતાને ખૂબ સમજાવ્યા કે– “અહીં જેમ કામ કરીએ છીએ તેમ મુંબઇમાં કરશું. જેને પસીનો પાડીને રોટલો રળવો છે એને તો દેશ કે પરદેશ બધું સરખું જ છે.” અંતે પિતાએ પુત્રની વાત સ્વીકારી અને બન્નેએ મળીને મુંબઈ જવાનો નિશ્ચય કર્યો.

બીજે દિવસે તેમણે પોતાનો મનસૂબો ખેતરોના માલીકો પાસે જાહેર કર્યો. “કચ્છી–દશા–ઓશવાળ–જૈન જ્ઞાતિનો ઇતિહાસ”માં હીરજી હંસરાજ કાયાણી નોંધે છે કે– “એક દિવસ તેઓ ( મારા દાદા ) પાસે ત્યાં નાથોશા તથા નરસીશેઠ ખેડુ બાપ–દીકરો આવ્યા, કે જેઓ તે વખતે બહુ જ કંગાલ અને દયાપાત્ર હાલતમાં હતા, અને કરગરીને કહેવા લાગ્યા, જે ‘અમો આ જિંદગીથી કંટાળી ગયા છીએ, અને નસીબ અજમાવવા મુંબઈ જવા ઇચ્છીએ છીએ. પણ અમારી પાસે ભાતું સુધ્ધા ન હોવાથી મહેરબાની કરીને બે–ચાર માપ ઓળા ( શેકેલા કાચા ચણા–ઘઉં વગેરે ) આપો તો ઉપકાર થાય.’ મને દયા આવી અને આજુબાજુના બે–ત્રણ ખેતરના રખેવાળોને બોલાવી, તેઓની વાત કહી. અને અમો સર્વોએ મળી તેઓને ઘણા દિવસ ચાલે એટલા ચણા તથા ઘઉંનો પોંક આપ્યો. આ લઇએ તેઓ ત્યાંથી પરબારા જખૌબંદર ગયા. અને ત્યાંથી તૈયાર વહાણમાં સવાર થઈ મુંબઈ આવવા ઉપડ્યા. આ વાત મારા દાદાના કહેવા મુજબ સત્ય બોલે બોલ લખેલ છે ”*

* “શ્રી કચ્છી–દશા–ઓશવાળ–દર્પણ” માસિક : પુસ્તક ૧, અંક ૩, માર્ચ ૧૮૯૯.

કચ્છના સૂકા, નિર્જન અને રેતાળ પ્રદેશમાં કૃષિ દ્વારા સમૃદ્ધિ પ્રાપ્ત કરવી એ આકાશકુસુમવત્ જેવું હતું. પોતાના ધર્મના રક્ષણાર્થે અહીં આવીને વસેલી દશા–ઓશવાળ જ્ઞાતિને કચ્છની ભૂમિએ હૂંફ આપેલી, પરંતુ ભાગોલિક કે આર્થિક દૃષ્ટિએ તે અન્ય પ્રદેશો કરતાં પછાત હતી. ખમીરવંતા ઓશવાળો આજીવન પછાતપણું સહન કરે ખરા ? રાજસ્થાન, સિંધ–પારકર ઈત્યાદિ પ્રદેશોમાં શતાબ્દીઓ સુધી સ્થળાંતર કરતા ઓશવાળોએ કચ્છની ભૂમિને પોતાનું વતન બનાવ્યું અને તેઓ અહીં સ્થિર થયા. પરંતુ આર્થિક પ્રગતિની દોટમાં તેઓ પાછળ રહી ન જાય તે માટે મુંબઇ પ્રયાણ કરવાની આવશ્યકતા સર્જાઈ હતી, અને નવી આકાંક્ષાઓ પ્રકટી હતી. કચ્છમાં બેએક વર્ષના દુષ્કાળ બાદ એકાદ સુકાળ પર તેઓ આધાર રાખીને લાંબો વખત હવે બેસી શકે એમ નહોતું. પોતાને આર્થિક પ્રભુત્વ અપાવે એવી ભૂમિની તેઓ શોધમાં હતા.

એ વખતે કચ્છી ભાટિયાઓએ મુંબઈ જઇને ઉન્નતિ સાધેલી. એથી પ્રેરાઇને કેટલાક દશા–ઓશવાળો એમને અનુસરીને મુંબઈ પહોંચી ગયેલા. અનુમાનતઃ વિક્રમની ૧૯મી શતાબ્દીનાં ચોથાં ચરણમાં એમણે મુંબઈના ટાપુ પર પહેલીવાર પગ દીધેલો. એ પહેલાં કેટલાંક કુટુંબો હાલારમાં સ્થળાંતર કરી ગયેલાં. સં. ૧૮૨૫ના અરસામાં તેમણે જુદાં જુદાં સાતેક ગામોમાં વસવાટ શરુ કર્યો. હાલારમાં વસવાટ કર્યો હોવા છતાં તેઓ આજે પણ પોતાને કચ્છી–દશા–

ઓશવાળ જ્ઞાતિબંધુ તરીકે ઓળખાવે છે, જે દ્વારા તેમનો ઉત્કટ અને અડગ જ્ઞાતિપ્રેમ પ્રતીત થાય છે. પાછળથી હાલારથી પણ અનેક લોકો મુંબઈ પહોંચ્યા અને વ્યાપારધંધામાં જોડાયા.

ઓશવાળોનાં રખડુ જીવનને ધ્યાનમાં રાખતાં મુંબઈના અજાણ્યા ટાપુમાં દશા—ઓશવાળોનું જવું અને ત્યાં સાહસ કાર્યો કરી બતાવવાં એ સ્વાભાવિક જ હતું. ત્રણ બાજુએ અરબી સમુદ્ર અને ચોથી બાજુએ રણથી ઘેરાયેલો કચ્છનો પ્રદેશ ભૌગોલિક દૃષ્ટિએ બેટ જ ગણાય. એ બેટની પ્રજા સાગરખેડુ, સાહસિક અને સુદૃઢ બાંધાની જ હોય. એવી પ્રજાના એક વિભાગના શિરોમણિ તરીકે પંકાયેલા નરશીશા મુંબઈ તરફ જ્યારે વહાણમાં બેસીને સમુદ્રમાર્ગે પ્રયાણ કરી રહ્યા હતા ત્યારે માદરે વતનના અનેક સંભારણાંઓ તેઓ મનની સ્મૃતિ—મંજુષામાં સંગ્રહી રહ્યા હતા. દરિયાના મોજાની જેમ એમનું મન પણ હેલે ચડયું હતું. એમનાં આંતર્ ચક્ષુ નૂતન ક્ષિતિજો ખોળી રહ્યા હતા, ત્યારે એમનાં વદન પર જ્ઞાતિની સર્વાંગી ઉન્નતિની એક અપૂર્વ આભા ચમકી રહી હતી!

# [ ૩ ] પાંગરતું મુંબઈ

નરશીશાની જન્મભૂમિ કચ્છ હતી, પણ કર્મભૂમિ મુંબઈ બની. સં. ૧૮૫૬માં તેઓ સૌ પ્રથમ મુંબઈમાં આવ્યા ત્યાંથી એમના જીવનનો મહત્ત્વપૂર્ણ તબક્કો શરુ થયો. તેઓ પોતાની બહુમુખી કારકિર્દીના સોપાનો કેવી પરિસ્થિતિમાં સર કરી શકયા, તેનો ખ્યાલ મેળવવા મુંબઈની તત્કાલીન સ્થિતિ પર દૃષ્ટિપાત કરવો આવશ્યક બને છે.

એ અરસામાં મુંબઈની ગણના ‘ ભારતના દરવાજા ’ તરીકે નહોતી. સુરત તે વખતે પશ્ચિમ કિનારાનું મુખ્ય બંદર ગણાતું હતું. લોકો તેને ‘ મક્કાનો દરવાજો ’ કહેતા.

તે વખતનું મુંબઈ એટલે માછીમાર કોળીઓ અને ભંડારીઓને રહેવાનું એક નાનકડું ગામડું, અથવા તો કહો છીછરી ખાડીઓથી વીંટળાયેલા સાત ટાપુઓનો સમૂહ. એનું નામ મુંબઈ કેમ પડયું તે બાબતમાં જુદી જુદી માન્યતાઓ પ્રવર્તે છે. મુંબાદેવીના મંદિર, જે ઈ. સ. ૧૩૭૨માં બંધાયું હોવાનું મનાય છે, તે પરથી તેનું નામાભિધાન થયું હોવાનો એક મત છે. બીજો મત એવો છે કે પોર્ચુગીઝોને મુંબઈનું બારું ઘણી સલામતી ભરેલું લાગેલું એટલે તેઓ પોતાની

ભાષામાં તેને બોંબે—એટલે કે 'સુંદર બંદર' કહેતા. આવા તો બીજા પણ અનેક મતો સંભળાય છે.

કોઈ સરદારના હાથમાં એ ટાપુ હતો. ઇ. સ. ૧૫૧૦માં પોર્ચુગીઝો ભારતમાં આવ્યા ત્યારે તેમણે સૌ પ્રથમ ગોવાનો કબજો લીધો. સં. ૧૫૩૫માં મુંબઈના ટાપુઓ પણ તેમણે હસ્તગત કરી લીધા. ત્યારે ત્યાં ૫૦૦ લગભગ ઝુંપડાઓ હતાં. એ ટાપુના મૂળ વતનીઓ મુખ્યત્વે ખેતી કરતા, માછલા પકડતા કે મીઠાના અગરમાં કામ કરતા. એ રીતે મુંબઈની કુલ આમદાની વર્ષે રૂા. ૭૦૦ લગભગની હતી.

મુંબઈમાં પોર્ચુગીઝોના વસવાટ પછી કેટલાક શેણુવી લોકો અહીં વસવા આવ્યા. એકાદ પારસી કુટુંબ પણ અહીં વસવા આવ્યું. સને ૧૫૩૮માં પોર્ચુગીઝોએ પોતાની સત્તા સુદૃઢ કરવા બોમ્બે કેસલ ચણાવી લીધું, જે ટાઉનહોલની પાસે સમુદ્રકાંઠા પર આવેલું છે. તદુપરાંત મઝગાંવ, શિવરી, વરલી અને માહીમના નાના નાના કિલ્લાઓ પણ સલામતી માટે બાંધવામાં આવેલા.

અંગ્રેજોએ પણ સને ૧૬૦૮માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીને નામે વ્યાપાર નિમિત્તે સુરતમાં કોઠી નાખેલી. ત્યાં નવાબોની હકૂમત હતી. એક જ ઉદ્દેશથી આવેલા પોર્ચુગીઝો અને અંગ્રેજો વચ્ચે ઉગ્ર સ્પર્ધા તો હતી જ, જે નાની મોટી કેટલીક અથડામણોમાં પરિણમેલી. સુરત પાસે સવાલીની ખાડીમાં બન્ને વચ્ચે યાદગાર અથડામણ થઈ જેમાં પોર્ચુગીઝોની હાર થઈ.

તા. ૨૩-૬-૧૬૬૧માં મુંબઈ અંગ્રેજોના હાથમાં આવ્યું. હકીકત એમ બની કે ઈંગ્લાંડના રાજા ચાર્લ્સ (બીજા)ના લગ્ન પોર્ટુગલના રાજાની બહેન ઈન્ફન્ટા કેથેરાઈન સાથે થયાં, એ પ્રસંગે પહેરામણી તરીકે મુંબઈની હકૂમત અંગ્રેજ સરકારને આપવામાં આવી. એ અંગેના દસ્તાવેજો તૈયાર થયા બાદ ઈ. સ. ૧૬૬૨માં મુંબઈ પર યુનિયન જેક ફરકાવવામાં આવ્યો. અંગ્રેજ રાજકર્તાઓએ ઈસ્ટ ઇન્ડિયા કંપનીને ઈ. સ. ૧૬૬૮માં આ ટાપુઓ વાર્ષિક ૧૦ પાઉન્ડના ભાડાના કરારથી આપી દીધા. તે ટાપુઓ કંપની કોઇને વેચી શકે નહીં એવી શરત રાખવામાં આવેલી. એ વખતે ટાપુઓની આમદાની વાર્ષિક રૂા. ૨૮૦૦૦) લગભગ ગણાતી હતી. ઈ. સ. ૧૬૬૨થી ૬૭ સુધીના ચાર ગવર્નરોની નિમણુંક ઈંગ્લાંડની સરકાર દ્વારા થઈ એ પછીના ગવર્નરોની નિમણુંક કંપનીએ કરી.

કંપની સરકાર પાસે મુંબઇનો વહીવટ આવતાં તેણે રૂપીઆ ત્રીસેક લાખને ખરચે કોટને મજબૂત કર્યો. પોર્ચુગીઝ અમલ દરમિયાન વહાણ બાંધવાની ગોદી શરુ થયેલી તેનું કામ અંગ્રેજોએ વિસ્તાર્યું. અન્ય કિલ્લાઓને પણ મજબૂત કરવામાં આવ્યા. દરિયા તરફ ૧૫૦૦ ફુટ લંબાઈની મોટી દિવાલ બાંધવામાં આવી અને ત્યારપછી થોડા વખતમાં દરિયાઈ ખાતાની સ્થાપના ઈ. સ. ૧૬૬૮માં કરવામાં આવી.

વ્યાપાર વધારવા કંપનીએ અનેક છૂટછાટો આપી. તેમ જ કાયદો અને વ્યવસ્થા જાળવવાના સંગિન કાર્યો હાથ ધર્યાં. શહેર બાંધવાનું કાર્ય હવે વ્યવસ્થિત રીતે હાથ

ઘરાયું. અંગ્રેજો કોટમાં વસ્યા. અન્ય જાતિઓ મુંબઈમાં આવીને વસે એ હેતુથી મહેસૂલમાં પણ છૂટછાટ અપાઈ. તા. ૧૫-૭-૧૬૬૯ માં કંપનીએ જીરાલ્ડ એન્જીઅરને ગવર્નર તરીકે નીમ્યો. તે બહુ જ કાબેલ અને ભલો હતો. તેણે વ્યાપાર ઉદ્યોગને ઘણું જ ઉત્તેજન આપ્યું તેમ જ સુલેહ-શાંતિ જળવાય એવા પગલાઓ લીધા. કોર્ટ-કચેરીઓની સ્થાપના પણ કરવામાં આવી. આથી દૂર દૂરના પ્રદેશોમાંથી લોકો મુંબઈમાં આવીને વસ્યા.

જંજીરાના સીદીઓ અને મરાઠાઓની દહેશતના કારણે કોટને ફરતી ખાઈ બનાવવામાં આવી. કોટના બજારગેટ, ચર્ચગેટ અને એપોલોગેટ એમ ત્રણ દરવાજા બનાવવામાં આવ્યા. બજારગેટના દરવાજા સામે થોડેક દૂર સેંટ જ્યોર્જ નામનો નૈસર્ગિક ઊંચો ડુંગરી કિલ્લો હતો. એકવાર જંજીરાના સીદીઓ વહાણમાં આવીને એ પર ચડી ગયા અને અંગ્રેજોને પરાસ્ત કર્યા. તે પછી કંપનીએ તે કિલ્લો જમીન-દોસ્ત કરી તે જગ્યાએ પાકો કિલ્લો ચણાવ્યો અને તેની દિવાલો મુખ્ય કોટ સાથે જોડી દીધી તેમ જ તોપો ગોઠવી.

આમ કોટ તથા કિલ્લાથી જે ખુલ્લું વિશાળ મેદાન થયું, જ્યાં બજાર ભરાતું. હાલ ત્યાં સેંટ જ્યોર્જ ઇસ્પિતાલ, જનરલ પોસ્ટ ઓફિસ, ભાટિયાબાગ વગેરે આવેલ છે.

ઈ. સ. ૧૬૮૯ માં જંજીરાના સીદીઓએ પુનઃ મુંબઈને ઘેરો ઘાલ્યો, પરંતુ "બોમ્બે કેસલ" ના સુરક્ષિત સ્થળમાં સહીસલામત રહી અંગ્રેજોએ તેમને હરાવ્યા. એ પછી તેઓ ક્યારે પણ ઘેરો ઘાલવાની હિંમત કરી શક્યા

નહીં. ત્યાંના ભંડારીઓ લડવૈયા હતાં. એમનું કામ ભૂંગળ વગાડવાનું હતું. પણ અંગ્રેજોએ તેમને સિપાઇગીરીનું કામ સોંપીને બધે સલામતીની ભાવના જગાડવાનો પ્રયાસ કર્યો.

ઇ. સ. ૧૬૯૮માં મુંબઈ શહેર એક માઇલની લંબાઈનું હતું. તેમાં બાંધેલાં ઘરો ઘણાં નીચા હતાં અને છાપરાઓ ઉપર નળીઆને સ્થાને મોટે ભાગે જાવલીઓ હતી. માંડવી ઉપર એક સારું ઘર હતું, બાકી સર્વ નાનાં ઝુપડાં હતાં. શહેરની પાસે એક નાનું બજાર હતું. તેની આસપાસ ખેતરો હતાં. મઝગાંવ ઘણું દૂર હતું. પરલ, માહીમ, શીવ અને મુંબઈની વચ્ચે મોટી ખાડી હતી. વાલકેશ્વર પર જંગલ હતું. ત્યાં અવારનવાર વાઘદીપડાઓ છૂટીછવાઈ વસ્તીને રંજાડતા હતા. પાયધુની સુધી દરીઆના મોજા ઉછળતા હતા. લોકો ત્યાં કાદવકીચડથી ખરડાયેલા પગ ધોતા એટલે લોકો તેને પાયધુની કહેતા. દાદર, માટુંગા તથા મઝગાંવ વિસ્તાર ખેતરોનો બનેલો હતો. જાંબુલવાડીમાં જાંબુના ઝાડો સવિશેષ હતાં. માહીમમાં વાડીઓ હતી. એ વખતે નાનાં હોડકાઓ અત્યારે જ્યાં જે. જે. ઇસ્પીતાલ છે ત્યાં સુધી વગર અડચણે આવી શકતાં હતાં. વરલી ઉપર એક બાગ બનાવવામાં આવ્યો હતો. નાયગામ અને માટુંગામાં તે વખતે લૂટારાઓ વસતા હતા.

તે વખતે વાહનવહેવારની આધુનિક સગવડો ન હોઇને ગવર્નરો પણ બળદની એક્કાગાડીમાં ફરતા હતા. વસ્તી ૬૦૦૦૦ની થઇ છતાં લૂટફાટનો ભય તો રહેતો જ. લોકો રાત થાય તે પહેલાં જ ઘર ભેગા થઈ જતા. લોકોની સલામતી

માટે રાત્રે એક તોપ ફોડવામાં આવતી અને બીજી સવારે. આ વચ્ચેના સમયમાં ઘર બહાર નીકળવાનું ધાસ્તી ભરેલું ગણાતું. સાંજ સુધીમાં જો કોઇ ઘેર પહોંચી ન આવે તો તેના શરીર પર કપડાનો ટૂકડો પણ રહેતો નહીં એવો લૂટારાઓનો ત્રાસ રહેતો. આ અરસામાં બે વખત સિંધીઓ મુંબઈ પર ચઢી આવ્યા. એક વખત તો અંગ્રેજોએ તેમની સાથે ઘણી નાલેશી ભરેલી શરતોનો સ્વીકાર કર્યો.

રતનશી ફરામજી વાચ્છાએ 'મુંબઇનો બાહાર' નામક ગ્રંથ સં. ૧૯૩૦માં પ્રકાશિત કરેલ છે, તેમાં તેમણે મુંબઈની તત્કાલિન પરિસ્થિતિની તવારીખ વિસ્તારથી આપેલ છે. આ ગ્રંથમાં ઈ. સ. ૧૬૬૨થી મુંબઈના ગવર્નરોની યાદી આપવામાં આવી છે. કોઈ ગવર્નરો ભલા પણ આવ્યા છે અને કોઇ માથાભારે પણ નીકળ્યા છે.

ટૂંકમાં શેઠ નરશી નાથાએ મુંબઇમાં પદાર્પણ કર્યું ત્યારે શહેરસુધરાઈ નહોતી; ટ્રેઈન, ટ્રામ, બસ, મોટર કે સાઈકલ નહોતાં; વીજળી કે વીજળીથી ચાલતાં યંત્રો નહોતાં; વિશ્વવિદ્યાલય, કોલેજો, સંગ્રહસ્થાન, ટાઉનહોલ, વગેરે પણ સ્થપાયાં નહોતાં; સિનેમા, નાટક, ટેલીવિઝન, રેડિયો, ટેલીફોન, પંખો ઇત્યાદિ કશું જ નહોતું. અર્વાચીન યુગની એ પૂર્વ સંધ્યા હતી.

આ સંદર્ભમાં હવે આપણે જ્ઞાતિશિરોમણિના જીવનનું નિરૂપણ કરીએ અને એમનાં કાર્યો મૂલવીએ.

# [ ૪ ] કચ્છથી મુંબઈમાં

સં. ૧૮૫૭માં માત્ર ૧૬ વર્ષની નાની ઉંમરમાં નરશીશા પોતાના પિતાને સમજાવીને જખૌના બંદરથી પ્રયાણ કરીને વહાણ મારફત મુંબઈ આવી પહોંચ્યા. મુંબઈના અજાણ્યા તેમ જ ઉજ્જડ જેવા ગણાતા ટાપુમાં આવવાનું ખમીર બતાવનાર નરશીશા અહીં પોતાના પરાક્રમ બળે સફળતાના શિખરો આંબી શકયા એ એમના ક્ષાત્રતેજને જ આભારી છે.

મુંબઈ પહોંચવાની અને ત્યાં કશુંક કરી બતાવવાની તાલાવેલી દર્શાવનાર નરશીશા અહીં આવીને ચકોરદષ્ટિએ બધું નિહાળવા લાગ્યા. અહીંના લોકો જુદા હતા, અહીંની પરિસ્થિતિ ભિન્ન હતી, અહીંનું વાતાવરણ પણ કચ્છથી અનેરું હતું. પોતાની પાસે મૂડી નહીં, કોઈની ઓળખાણ નહીં, ભલામણ પણ નહીં–વળી પોતે અભણ. આવા સંજોગોમાં કરવું પણ શું ? આ મૂંઝવતા પ્રશ્નનો જવાબ ખોળવા તેઓ મુંબઈના નવા વાતાવરણ સાથે તાદાત્મ્ય સાધવા અને પરિસ્થિતિનો કયાસ કાઢવા મથી રહ્યા.

ચપળદષ્ટિ અને કુશાગ્ર બુદ્ધિ–પ્રતિભા ધરાવનાર નરશીશાએ માત્ર બે ત્રણ દિવસમાં જ મૂડી વિનાનો વ્યવસાય ખોળી કાઢ્યો, અને તે મજૂરોને પાણી પાવાનો !

આપણે જોયું કે તે વખતે નળની શરુઆત થઈ નહોતી. કૂવાઓનું પાણી બધે વપરાતું. દૂરના મેદાનમાં શરુઆતમાં થોડા કૂવાઓ હતા, પરંતુ વસ્તીમાં વધારો થતાં કૂવાઓ

ઓછા પડવા લાગ્યા. વીસેક કૂવાઓ માંડ હશે. તેમાંથી સૌને પાણી લાવવું પડતું. આ કૂવાઓનું પાણી પણ સારું નહોતું. છતાં બીજો કોઈ ઉપાય નહોતો. વસ્તી વધતાં કૂવાઓની આસપાસ ભીડ પણ વધતી ચાલી. પાણીની તંગી એવી તો તીવ્ર બની કે મોડી રાત સુધી કૂવાઓમાંથી પાણી ખેંચવામાં આવતું. વહેલી સવારે તો લોકોની લાંબી કતારો લાગતી. ત્યાં આપસમાં બોલાચાલી કે ઝગડાઓ તો સામાન્ય બની ગયાં હતાં. કેટલીક વાર જીવલેણ મારામારી પણ થતી. ગૂંડાઓ એ પરિસ્થિતિનો પૂરેપૂરો લાભ ઉઠાવતા. એકલી સ્ત્રીઓને પજવવામાં કે તેને લૂટી લેવામાં તેઓ બાકી રાખતા નહીં. અસૂર–સવાર પાણી લાવવાનું તેમ જ તેને દૂર દૂર સુધી પહોંચાડવાનું હોઈને પુરુષો જ બહુધા આ કામમાં રોકાયેલા રહેતા.

પાણીની અછત દૂર કરવા તે વખતે નાનાં નાનાં પચાસેક તળાવો બાંધવામાં પણ આવેલાં, જે પાછળથી નળની વ્યવસ્થા થતાં પૂરી નાખવામાં આવેલાં. આ તળાવોમાં મુંબાદેવીનું તળાવ, ગોવાળીઆ તળાવ, ભૂલેશ્વર તળાવ, ધોબી તળાવ, ઝેવિયર્સ કોલેજનું તળાવ, ગીલ્ડર તળાવ વગેરેનાં નામો હજી લોક–જીભે છે. તળાવો જેમ પૂરાયાં તેમ કૂવાઓનાં મોઢાં પણ બંધ કરી દેવામાં આવ્યાં.

શેઠ નરશીશાનાં જીવન પર્યંત મુંબઈમાં પાણીની ઉગ્ર પરિસ્થિતિ રહી. સં. ૧૯૧૭માં સરકારે વિહાર તળાવ બાંધીને નળની વ્યવસ્થા કરી ત્યાર પછી પાણીનો ત્રાસ દૂર થયો. શરુઆતમાં નળનું પાણી વાપરવા લોકો અચકાતા હતા, કેમ કે લોકોમાં અજ્ઞાનતા અને વહેમની જડ ઘણી

ઊંડી હતી. નળ દ્વારા ઘેર બેઠા પાણી મળે એ કૌતુક જોવા લોકો ઠેઠ વિહાર તળાવ સુધી ગાડાં જોડીને જતા. એ સંઘોમાં બૈરાઓ પણ સામેલ થતાં. અર્વાચીન યુગની પૂર્વ સંધ્યાના આવા તો અનેક પ્રસંગો સાંભળવા મળે છે.*

પાણીનો ત્રાસ અસહ્ય હોવા છતાં પચરંગી કોમોની વણજાર મુંબઈમાં આવવી ચાલુ જ રહી. કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત વગેરે પ્રદેશોમાંથી વાણિયા, ભાટિયા, લુહાણા, ખોજા, મેમણ આદિ જ્ઞાતિના વ્યાપારીઓ તથા કોંકણ, કર્ણાટક વગેરેમાંથી શ્રમજીવીઓની કતાર લંબાતી ચાલી. જોતજોતામાં મુંબઈની વસ્તી બે લાખનો આંક વટાવી ગઈ. વસ્તીનો સમાવેશ કરવા કોટ અને ફરતી ઊંડી ખાઈ વગેરે અડચણરૂપ થતાં તેને દૂર કરવામાં આવ્યાં. પાણીની હાડમારી નિવારવા કંપનીએ ઓવલના મેદાનમાં તથા આઝાદ મેદાનમાં બીજા પાંચેક કૂવાઓ ખોદાવ્યા.

પાણી માટે દૂર દૂર ભટકવું પડતું હતું, કેમ કે તે જમાનામાં વાહન વ્યવહારની આધુનિક કોઈ સગવડ નહોતી. મુંબઇનો ગવર્નર પણ એક બળદના એક્કામાં ફરતો એ વિશે ઉલ્લેખ થઈ ગયો છે. શ્રીમંતો ઘોડાગાડીમાં ફરતા. લોકો ઘોડાગાડીને 'ઘોડવેલ' કહેતા. એ સિવાય હરવા-ફરવાના

* એક પ્રસંગે મઝગાંવમાં એક પારસીના ઘરમાં ગેસના દીવા અને યંત્ર વડે કૂવામાંથી પાણી નીકળતું સાંભળીને મુંબઈના ગવર્નર સાહેબ જોવા માટે ખુદ પધાર્યા હતા. સને ૧૮૪૯ માં બોરીબંદરથી ભાયખલા સુધી સૌ પ્રથમ આગગાડી શરૂ થઈ તે વખતે પણ લોકોના કુતૂહલનો પાર નહોતો, જે અંગેના અનેક રમૂજી કિસ્સાઓ સંભળાય છે.

બીજાં સાધનો નહોતાં. ભાર વહન માટે રેંકડા કે ગાડાંઓનો ઉપયોગ થતો. પાણી લઈ આવવા માટે આ બધાં સાધનોનો ઉપયોગ થતો.

બંદર પર શ્રમથી પસીનો પાડનાર મજૂરો માટે પાણીનો પ્રશ્ન પ્રાણ–પ્રશ્ન બની ગયો હતો. બંદર ઉપર એક પણ મીઠા પાણીનો કૂવો ન હોઇને એમને પાણી માટે અત્યંત હાલાકી ભોગવવી પડતી હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નરશીશાએ બંદર પર લોકોને પાણી પાવાનો વ્યવસાય શરુ કર્યો. પિતા–પુત્રે ચારેક વર્ષ સુધી આ કાર્ય બજાવ્યું. તેઓ મજૂરોને પાણી પાતા ને તેના બદલારૂપે રિવાજ મુજબ મજૂરોના માથા પરના બોજમાંથી કાંઈક ચીજવસ્તુ મેળવતા. તે જમાનામાં પાઇનું ચલણ પણ કિંમતી ગણાતું હોઈ ને પિતા–પુત્ર પૈસાની અપેક્ષા રાખ્યા વિના થોડી ઘણી ખાદ્યવસ્તુઓ મેળવીને જ સંતોષ પામતા અને સંતોષથી પોતાનું ગુજરાન ચલાવતા. ખર્ચ નજીવો હોઇને વર્ષ આખરે આ વ્યવસાયથી પણ સારી એવી બચત તેઓ કરી શકતા હતા.

શ્રી કચ્છી–દશા–ઓશવાળ–જૈન–જ્ઞાતિનો ઇતિહાસમાં હીરજી હંસરાજ કાયાણી નોંધે છે કે–"મારા જાણવા પ્રમાણે સંવત ૧૮૦૦ લગભગે કચ્છમાંથી પહેલવહેલા કચ્છીઓ મુંબઈ તરફ આવવા લાગ્યા. પહેલી હિંમત અને શરુઆત ભાટીઆઓએ કરી ને તેનું અનુકરણ બીજી જ્ઞાતિઓએ કર્યું. આપણે પહેલવહેલા લગભગ સંવત ૧૮૪૦માં મુંબઈ આવી મજૂરીનો ધંધો કરવા લાગ્યા; કારણ જે મુંબઇમાં તે વખતે હમણાં છે તેટલા ખટારાઓ હતા નહિ

અને બંદરમાં ઘણો ખરો માલ માણસોના માથા ઉપર જ લદાતો હતો. મજૂરીનો વહીવટ બંદર ઉપર વિશેષ હોવાથી તેઓ બંદરમાં જ રહ્યા અને બધા હમાલી કરી ગુજરાન ચલાવતા. એક જણને મુકાદમીનું કામ પણ મળેલ. તેમાં શામજી સારંગનો જથ્થો લગભગ સો વર્ષ કરતાં પણ અગાઉનો હજી સુધી કાયમ છે. સર્વથી પ્રથમ વેપારી શા. જેતશી જીવરાજ, ગામ તેરાવાળો પ્રખ્યાત થયો. તેનો હીરજી નામે છોકરો હતો અને ચીંચબંદર ઉપર આવેલ તેઓનું ઘર હીજાવાળો માળો એવા નામે જાહેર છે." *

નરશીશા બંદર ઉપર પાંચેક વર્ષ સુધી પાણી પાવાના વ્યવસાયમાં વ્યસ્ત હોવા ઉપરાંત બંદર પરની કામગીરીથી પણ પરિચિત થતા જતા હતા. વ્યાપારની ખૂબીઓથી માહિતગાર તેમ જ બંદરના ભોમિયા થતાં નવું સાહસ કરવા તેઓ કૃતનિશ્ચયી બન્યા. એ અરસામાં તેઓ કેટલાક વેપારીઓ અને તેમના વાણોતરો સાથે અંગત પરિચયમાં આવી ગયા હતા. તેમનું સાદું જીવન, પ્રમાણિક વ્યવસાય અને નેક દાનતથી તથા ખંતથી મોટા વ્યાપારીઓ તેમને મુકાદમીનું કામ આપવા લાગ્યા. પિતા-પુત્રે નવા ધંધામાં પણ સફળતા પ્રાપ્ત કરી લીધી અને પ્રતિદિન તેઓ નવા સાહસમાં પ્રગતિ કરવા લાગ્યા.

બંદર ઉપર નરશીશાની નીતિમત્તાની ભારોભાર પ્રશંસા થતી હતી તેથી વિશેષ પ્રશંસા એમની પુન્યાઈ બાબતમાં થતી હતી. એવું સંભળાય છે કે નરશીશા જ્યાં બેસતા ત્યાં લાભ થતો, એટલે તેમને સૌ પોતાની દુકાને

* 'દર્પણ' (માસિક) પુ. ૧, અં. ૨, ફેબ્રુઆરી સન ૧૮૯૯.

બોલાવીને બેસાડતા. નરશીશા પાણી પાવાના વ્યવસાયમાં રોકાયેલા હતા ત્યારે તો સૌ તેમને બોલાવતા અને દુકાને બેસાડતા; પરંતુ હવે તો તેઓ નાના વ્યાપારી બની ગયા હતા. એટલે સૌ તેમને નાનું મોટું મુકાદમીનું કામ આપીને પોતાની દુકાને તેડાવતા હતા.

નરશીશાની પુન્યાઇ ખરેખર, બળવત્તર હતી. તેઓ જે કાર્ય હાથમાં લે તેમાં પૂરેપૂરી સફળતા મેળવતા. એ વખતે વ્યાપાર ક્ષેત્રે બારભાયાનું નામ બહુ જ જાણીતું હતું. વકીલ મુલજી ભવાનીદાસ બારભાયા પ્રસિદ્ધ પુરુષ થઈ ગયા છે, તેમના વડીલો બારભાઇઓ હોવાથી તેઓ બારભાયાના નામથી ઓળખાતા. એમના નામ પરથી મુંબઇમાં બારભાયા મહોલ્લો કહેવાય છે. તેમનો બંદર ઉપર મોટો વ્યાપાર હતો. મલબારથી આવતા માલના તેઓ પ્રમુખ વ્યાપારી હતા. નરશીશાની પુન્યાઈ તેમજ તેમની કુનેહથી પ્રભાવિત થઇ બારભાયાએ એમને પોતાના મુકાદમ બનાવ્યા અને પોતાનો વ્યાપાર ખૂબ ખીલાવ્યો. નરશીશાને પણ આ મુકાદમીમાંથી ઘણો નફો થયો, જેથી તેઓ સારી મૂડી બનાવી શકયા. આ રીતે એમનો ભાગ્યરવિ ઝળકવા લાગ્યો.

સં. ૧૮૮૦માં બારભાયાની પેઢી કાચી પડતાં તેમની કેટલીક મિલકત નરશીશાના હાથમાં આવી ગઈ, જેમાં ટાંકીવાળો માળો, કાગદીવાળી ચાલ અને જથ્થો વગેરે હતાં. આ બધી મિલકત બારભાયાએ પોતાના બચાવ માટે નરશીશાના નામ ઉપર કરી આપેલ હતી.

પાછળથી તેમણે બારભાયાને બદલે ગોકલભાઈ સાકલ

ચંદના નવા નામે પેઢી શરુ કરી આડતનો ધંધો ચલાવ્યો. વેરાવળના મેમણોનો મોટાભાગનો માલ તેમને ત્યાં આવવા લાગ્યો. આ ધંધામાં એમને ઘણો નફો થતાં તેઓ પૂંજીપતિ બન્યા. પ્રતિદિન તેઓ પોતાનું વ્યાપાર–સામ્રાજ્ય વધારતા જતા હતા. મુંબઈમાં તે વખતે નરશીશાનું નામ વ્યાપારી આલમમાં મશહૂર ગણાતું. વીસેક વર્ષના મુંબઇના વસવાટમાં તો તેઓ શહેરના નામાંકિત નાગરિક બની ગયા.

નરશીશાની ચડતીથી પ્રેરાઇને અન્ય જ્ઞાતિબંધુઓ પણ વ્યાપારક્ષેત્રે વધુ આત્મવિશ્વાસ ધરાવતા થયા. નરશીશાની પેઢીની ઓથમાં જ્ઞાતિની બીજી પણ અનેક પેઢીઓ પાંગરવા લાગી, જે પાછળથી સમૃદ્ધ બની. એ રીતે નરશીશાની આગેવાની હેઠળ સૌની આગેકૂચ વણથંભી ચાલુ રહી કચ્છમાં આ બધી વાતો ફેલાતાં અનેક યુવાન જ્ઞાતિબંધુઓ હળખેડુ મટીને વ્યાપારખેડુ બનવાની હોંસે મુંબઇ આવી પહોંચ્યા અને તેમણે સૌએ પોતાનો વારસાગત જુસ્સો વ્યાપારક્ષેત્રે લગાવ્યો.

નરશીશાની પ્રેરણાથી જ્ઞાતિના મોટાભાગના વ્યાપારીઓએ રૂના ધંધામાં ઝુકાવ્યું અને એ ધંધાને વ્યાપક રીતે ખીલાવ્યો. આથી લોકો દશા–ઓશવાળ જ્ઞાતિને 'રૂના રાજા' તરીકે બિરદાવતા. તે વખતની રૂની મુખ્ય પેઢીઓ કચ્છીઓના હાથમાં હતી

નરશીશાએ રૂના ધંધાના વિકાસ માટે પ્રશસ્ય સેવાઓ આપી હતી. એમના સમકાલિન શ્રેષ્ઠી મોતીશાએ વહાણવટા ક્ષેત્રે પોતાનું વિશિષ્ટ પ્રદાન આપ્યું હતું. મુંબઇની તે વખતની નામાંકિત વ્યક્તિઓ મુખ્ય મુખ્ય વ્યવસાયમાં

શિરમોર હતી. નરશીશાની આગવી સેવાઓની યાદગીરી રૂપે કોલાબાના રૂબજારમાં તેમના નામથી એક ભૂંગી રાખવામાં આવેલી હતી. તે અરસામાં જ્યારે રૂનો સોદો થાય ત્યારે તેનો નમૂનો એ ભૂંગીમાં રાખવાનો રીવાજ હતો. વર્ષ આખરે એકત્રિત થયેલ રૂના નમૂના વેચાતા જે આવક થતી તે મુંબઈની પાંજરાપોળને આપી દેવામાં આવતી એમ સંભળાય છે.

સર જમશેદજી ટાટાએ એક વખત કહેલું કે "વ્યાપારના ખરા સુકાનીઓ માત્ર કચ્છીઓ જ છે કારણ કે જગતના વ્યાપારની જડ રૂ અને અનાજ છે, અને તે જ વ્યાપાર કચ્છીઓના હાથમાં છે! એ વ્યાપારનો સૂત્રપાત કરનાર શેઠ નરશી નાથાને સર જમશેદજી ટાટાના ઉક્ત ઉદ્ગારો અપ્રત્યક્ષ અંજલિરૂપ જ છે.

---

સં. ૨૦૨૪માં થયેલી વસ્તીગણત્રી અનુસાર રૂના ધંધામાં વેપારી, દલાલ કે કર્મચારી તરીકે કુલ ૪૪૫૪ વ્યક્તિમાંથી માત્ર ૬૧૦ જ વ્યક્તિ સંકળાયેલી છે, જેમાં ૨૧૨ વેપારીઓ તથા ૬૨ દલાલો છે. એટલે 'રૂના રાજા' તરીકે ખ્યાતિ પામેલી જ્ઞાતિએ આ ધંધા પરથી પોતાનું વર્ચસ્વ આજે ગુમાવી દીધું કહેવાય.

# [૫] કુટુંબ જીવન

શેઠ નરશીશાનાં લગ્ન કિશોર વયે કચ્છ–કુવાપધર ગામના તેજશી જેઠા મોતાનાં સુપુત્રી કુંવરબાઇ સાથે કચ્છમાં થયાં હતાં. કુંવરબાઇ સુશીલ અને સંસ્કારી સન્નારી હતાં. તેઓ પણ નરશીશાની જેમ અક્ષરજ્ઞાનથી વંચિત રહ્યાં હતાં. પરંતુ ઘણાં જ વ્યવહારદક્ષ હતાં. નરશીશાની હેરત પમાડે એવી આર્થિક પ્રગતિના તેઓ પ્રેરક બન્યાં હતાં. એમના ભાઈ ભારમલ તેજશી જ્ઞાતિના સ્તંભ રૂપે મનાતા તેમ જ 'જ્ઞાતિ શુભેચ્છક'નું માનાર્હ બિરુદ ધરાવતા હતા, એ વિશે પાછળથી વિચારણા કરશું.

મુંબઈમાં આવીને તેમણે વ્યાપારમાં સફળતા મેળવી અને સારી પૂંજી એકઠી કરી એ વિશે જોઈ ગયા છીએ. ધંધો પ્રતિદિન વિસ્તૃત થતાં, તેમજ સ્વતંત્ર પેઢી પણ શરુ કરવાનો સંકલ્પ કરતાં નરશીશાને અંગત માણસોની આવશ્યકતા સમજાણી. પોતાના થોડા જ અનુભવથી તેઓ જાણી શકયા કે માતબર પેઢીઓ કાચી પડેલી તેનું મુખ્ય કારણ તો વિશ્વાસુ તથા અંગત માણસોનો અભાવ. આવા માણસો વિના સુદૃઢ વ્યવસ્થાતંત્ર સ્થાપી જ ન શકાય અને ત્યાં સુધી ધારી સફળતા પણ ન જ મેળવી શકાય. એટલે તેમણે પોતાના કુટુંબી ભાઈ વર્ધમાન નેણશીને નલિયાથી, પોતાના ભાણેજ માડણ તેજશી ધુલ્લાને સાંધાણથી તથા પોતાના સાળા ભારમલ તેજશીને કુવાપધરથી મુંબઈ તેડાવી લીધા અને વ્યવસાયમાં અધિકારીપદે સ્થાપ્યા.

ઉપર્યુક્ત ત્રણે વ્યક્તિઓ એમનાં વ્યાપાર–સામ્રાજ્યના મંત્રીઓ હોવા ઉપરાંત પોતાના કુટુંબ જીવનના ભાગરૂપે પણ હતી જ. બીજા શબ્દોમાં કહીએ તો તેઓ ત્રણે શેઠ નરશીશાનાં અંગત જીવનના અવિભાજ્ય અંગ રૂપે બની ગયા હતા. એ જ કારણે તેઓ ત્રણે અત્યંત પ્રતિભાશાળી હોવા છતાં, તેમજ બધી રીતે સમર્થ હોવા છતાં શેઠ નરશીશાથી કોઈ જુદું પડયું નથી. જો તેઓ ધારત તો ત્રણે માતબર પેઢીઓ સ્વતંત્ર રીતે શરુ કરી શકત, પરંતુ તેમણે શેઠ નરશીશાની, તેમ જ તેમની પેઢીની પ્રતિષ્ઠા માટે જીવનભર ઉચ્ચ સેવાઓ પ્રદાન કરી, અને તે દ્વારા જ્ઞાતિસેવાનું કાર્ય બજાવ્યું.

શેઠ નરશીશાએ પણ ત્રણે પ્રત્યે અત્યંત પ્રેમભાવ રાખ્યો અને તેમને પોતાના નોકર તરીકે નહીં પણ સાથીદાર તરીકે સમકક્ષ ગણી સન્માન આપ્યું. નરશીશાના ઉચ્ચ માનવીય ગુણોના દર્શન સૌ પ્રથમ આ સંબંધોમાં થાય છે. આ રીતે જ્યારે આપણે શેઠ નરશીશાના કુટુંબ–જીવન વિશે વિચારીએ ત્યારે ઉક્ત ત્રણે વ્યક્તિને એમાંથી બાકાત રાખી શકીએ નહીં.

એ સૌમાં ભારમલ તેજશી ઘણા જ પ્રતિભાશાળી હતા. જ્ઞાતિના સમગ્ર ઇતિહાસમાં આવી કુનેહબાજ વ્યક્તિ બીજી કોઈ જણાતી નથી. શેઠ નરશીશાના ધર્મપત્ની કુંવરબાઈ તથા તેમના સાળા ભારમલ તેજશીનો પ્રભાવ શેઠ નરશીશા પર ઘણો જ હતો, કુંવરબાઈની પ્રેરણા અને તેમના ભાઈની કુનેહથી શેઠ નરશીશા જ્ઞાતિમાં કે મુંબઈમાં જ નહીં, દેશ–દેશાવરમાં ઉજ્જવળ કીર્તિ પામ્યા હતા. એમને

"જ્ઞાતિ શિરોમણિ"નું સર્વોચ્ચ બિરુદ પ્રાપ્ત થયું તેમાં એ ભાઈ–બ્હેનની જોડલીના અપૂર્વ પુરુષાર્થની નોંધ જ્ઞાતિના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લેવાશે એમાં શંકા નથી.

કુંવરબાઈની કુક્ષિથી મૂલજી તથા હીરજી એમ બે પુત્રો અવતર્યા. મૂલજી નાની ઉંમરે મુંબાદેવીના તળાવમાં અકસ્માત ડૂબીને મૃત્યુ પામેલો. આ બનાવ શેઠ નરશીશાના કૌટુંબિક જીવનમાં શોકનો ઊંડો અનુભવ કરાવી ગયો. મૂલજીના નામથી તેમણે સૌ પ્રથમ મૂલજી નરશીની પેઢી સ્થાપેલી.

મૂલજીના જન્મની તિથિ પ્રાપ્ત થતી નથી, પરંતુ બીજા પુત્ર હીરજીના જન્મની તિથિ પ્રાચીન હાથ–પ્રતથી સ્પષ્ટ તેમ જ પ્રમાણભૂત રીતે પ્રાપ્ત થઈ શકી છે;* તે અનુસાર તેનો જન્મ સં. ૧૮૭૨ આષાઢ શુદિ ૨ના પવિત્ર દિને થયો હતો. કચ્છ અને હાલારમાં આષાઢ શુદિ બીજ નૂતન વર્ષનો પ્રથમ દિવસ મનાય છે અને તે દિવસથી નવું વર્ષ શરુ થાય છે. ગુજરાત અને મારવાડમાં અનુક્રમે કાર્તિક અને પોષથી નવા વર્ષનો પ્રારંભ થાય છે.

શેઠ નરશીશાના જન્મનું વર્ષ સં. ૧૮૪૦ લગભગમાં મનાય છે, તે અનુસાર હીરજીના જન્મ વખતે તેમની ઉંમર

---

* શેઠ હીરજી નરશી નાથા તથા શેઠાણી પૂરબાઈના જન્મની તિથિ અને એમના કુટુંબ સંબંધી બાબતો પર પ્રકાશ પાડતો એક ઐતિહાસિક પત્ર મને મારા કચ્છના સંશોધન–પ્રવાસ દરમિયાન પ્રાપ્ત થયેલો. આ પત્ર એમની વિદ્યમાનતામાં લખાયેલો હોઈને અત્યંત પ્રમાણભૂત છે

૩૨ વર્ષની થાય—એટલે કે બાળલગ્નના જમાના અનુસાર ઘણાં વર્ષો બાદ આ પુત્રની પ્રાપ્તિ થયેલી.

હીરજી શેઠના જન્મ બાદ શેઠ નરશીશાની સંપત્તિ વધતી ચાલી. આવો ભાગ્યશાળી પુત્ર પ્રાપ્ત થતાં પતિ–પત્નીના જીવન–બાગમાં આનંદની મધુર લહેર વ્યાપી. શેઠ નરશી નાથાના શલોકામાં હીરજી શેઠ વિષે આ પ્રમાણે ઉલ્લેખ છે:—

હે હીર ચીર ને પીતાંબર સાર,
નિત્ય કરે છે હીરજી શણગાર.
હે વેઢ–વીંટિયું સાંકલીઉં અપાર,
ઘરેણાં પહેરે છે હીરજી અપાર.
હે ઘોડાગાડિયું ને પાલખીઉં સાર,
એટલા હતા તે ચડવાને સાર.

હીરજીના લગ્ન સુજાપુર નિવાસી ઠાકરશી ગોવંદાણી સાંયાની પુત્રી પૂરબાઈ સાથે સં ૧૮૮૭માં થયાં. એ વખતે હીરજીની ઉંમર ૧૫ વર્ષની અને પૂરબાઈની ઉંમર ૧૩ વર્ષની હતી.

સં. ૧૮૯૫માં મુંબઈમાં મરકી ફાટી નીકળી. અનેક જ્ઞાતિબંધુઓ એમાં સપડાઈ ગયા, અનેકે જાન ખોયાં. આપણે જોયું કે મુંબઈમાં તે વખતે મરકીનો ઉપદ્રવ સામાન્ય બની ગયો હતો. ત્યારે ખેતરોમાં માછલાનો કૂટો વપરાતો હતો. દરિયાના પાણી ટાપુ પર વખતોવખત ફરી વળતા હોઇને બધે દુર્ગંધ ફેલાતી અને તેથી રોગચાળો ઝડપથી પ્રસરી જતો. આ રોગચાળામાં અનેક જ્ઞાતિબંધુઓને ભરખાઈ જતા જોઇને શેઠ નરશીશાએ દવા–દારૂ માટે પ્રબંધ કર્યો

અને એ કાર્યમાં ઘણું ધન ખરચ્યું પોતે જાતે તથા તેમનાં ધર્મપત્ની કુંવરબાઈ જ્ઞાતિબંધુઓને ઘેર જઈ બધાની ખબર અંતર પૂછતાં અને તન, મન, ધનથી સૌને સહાય પહોંચાડતાં. જ્ઞાતિબંધુઓને આથી ઘણી રાહત થઈ હતી. માતા પોતાના પુત્રની જે રીતે સાર-સંભાળ લે એવા વાત્સલ્યભાવે કુંવરબાઇએ જ્ઞાતિબંધુઓની શુશ્રૂષા કરી હોઇને તેઓ સૌના પૂજ્ય બની ગયાં.

આ બિમારીમાં એમના એક માત્ર પુત્ર હીરજી પણ દુર્ભાગ્યે સપડાઈ ગયા. માતાપિતાએ એની સેવા-ચાકરીમાં પાછું વળીને જોયું નહીં, કિન્તુ તેઓ બચી શક્યા નહીં. મૂલજીના અકાળ અવસાનનો કારમો ઘા હજી રૂઝાયો નહોતો ત્યાં તો હીરજી શેઠ ભરયૌવન વયે પોતાની પાછળ વિધવા પત્ની પૂરબાઇને છોડીને ચાલ્યા ગયા. શેઠ નરશીશાનો જીવનબાગ જાણે મૂરઝાઈ ગયો. પોતાની કલ્પનાભૂમિમાં જવાળામુખી એકાએક ફાટી નીકળ્યો હોય તેમ તેઓ બેબાકળા બની બધું શૂન્ય દૃષ્ટિથી જોવા લાગ્યા.

હીરજીના મૃત્યુથી વજ્રઘાત પામેલાં કુંવરબાઈ પણ કેટલાક મહિનાઓ બાદ આ ફાની દુનિયા છોડીને એકાએક ચાલી નીકળ્યાં. શેઠ નરશીશાના પિતા નાથાશા પણ એ અરસામાં જ ગુજરી ગયા હોવાનું મનાય છે. પોતાના આત્મજનોની આવી અસહ્ય અને એકધારી વિદાયથી શેઠ નરશીશા તો અવાચક જેવા બની ગયા. જીવન-નંદનવનમાં થયેલા ઉલ્કાપાતથી ઉજ્જડ બનેલા પોતાના સંસારને તેઓ દિગ્મૂઢ ભાવે જોઈ રહ્યા !

મનુષ્યજીવનમાં જ્યારે આપત્તિઓ આવે છે ત્યારે એકલી અટૂલી નથી આવતી પણ એકસામટી આવે છે. શેઠ નરશીશાનાં જીવનમાં પણ એવું જ થયું. ઉપરા ઉપરી બની ગયેલી કરુણ ઘટનાઓને ભૂલી જવા હવે તેમણે ધર્મધ્યાનમાં વિશેષ મન પરોવ્યું. કુદરત પાસે કોનું ચાલ્યું છે? એમ વિચારી તેઓ પોતાના મનને મનાવતા રહ્યા. નિરાશારૂપી મેઘઘટામાં હમેશાં એકાદ આશાનું કિરણ છૂપાયેલું હોય છે અને એ કિરણને આધારે માનવજીવનનો રાહ લંબાય છે. શેઠ નરશીશાને પણ એ કિરણ દેખાયું.

આ આશાતંતુની રૂપેરી રેખા તે નલિયાનું ભવ્ય જિનાલય. કુંવરબાઈની પ્રેરણાથી આ જિનાલયનું ખાતમુહૂર્ત એમના હસ્તે થઈ ગયું હતું. પરંતુ તેનું કામ પૂરું થાય તે પહેલાં તો શેઠાણી પરલોક સિધાવી ગયાં હતાં. આ અધૂરું રહેલું કાર્ય પૂરું કરવામાં તન્મય બનેલા શેઠ નરશીશા જીવન-વ્યોમની નિરાશારૂપી કાળી મેઘઘટાઓને ભૂલી ગયા. પછી તો એક કામની સાથે બીજા અનેક ધર્મકાર્યોની શૃંખલાઓ અંકોડા ભીડતી રહી.

આ આશાતંતુની રૂપેરી રેખાને શેઠ નરશીશાએ કેવી વિસ્તારી, તેની ઉજ્જવળ ગાથા કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિની તેજવંત તવારીખનું સુવર્ણ પૃષ્ટ બની ગયેલ છે.

આમ શેઠ નરશીશાનાં જીવનમાં એક પછી એક અકલ્પનીય ભીષણ ઝંઝાવાતો આવતાં ગયા અને તેઓ અડગ ખડકની જેમ બધા ઘા ઝીલતા રહ્યા. કિન્તુ પોતાનાં પુત્રવધૂ પૂરબાઈને ભર યૌવનવયે પ્રાપ્ત થયેલું વૈધવ્ય એમનાં અંતરને કોરી ખાતું હતું. પોતાનાં હરિયાળાં સંસારનાં સ્મરણોથી

એમની આંખોમાં કેટલીયેવાર શ્રાવણ-ભાદરવો વરસ્યો હશે! સમગ્ર જ્ઞાતિને પુત્રવત્ વાત્સલ્યભાવે પાળનાર જ્ઞાતિશિરોમણિના હૈયાના ભાવો કોણે ઉકેલ્યા હશે?

# [૬] ધીકતો વ્યાપાર અને અરાજકતા

સં. ૧૮૮૧ માં શેઠ નરશીશાએ સ્વતંત્ર ધંધાની શરુઆત કરી પોતાના સાળા ભારમલ તેજશી, ભાણેજ માડણ તેજશી અને કુટુંબીભાઈ વર્ધમાન નેણશીને કચ્છથી મુંબઈ તેડાવી લીધા એ વિશે ઉલ્લેખ કરી ગયા છીએ.

આપણે જોયું કે ભારમલ તેજશી વ્યાપાપટુ હોઈને શેઠ નરશીશાના વ્યાપાર–સામ્રાજ્યના કર્ણધાર બન્યા. માડણ તેજશી પણ એવા જ કાબેલ હતા. વર્ધમાન નેણશી શેઠના અંગત વિશ્વાસુ હોઈને પુરાંત સંભાળતા હતા.

શેઠ નરશીશાએ ભારમલ તેજશીની સલાહથી રૂનો વ્યાપાર શરુ કર્યો, અને પોતાની ખંતથી ખૂબ જ ખીલવ્યો. થોડાં વર્ષોમાં એમની પેઢીની આંટ દેશદેશાવરમાં ફેલાઈ ગઈ. એ અરસામાં નવા નવા વ્યાપારીઓ મુંબઈ આવતા ગયા અને વ્યાપારને જુદી જુદી દિશામાં જમાવતા ગયા. મુંબઈના તે વખતના વ્યાપાર વિકાસમાં ગુજરાતીઓનો અને ખાસ કરીને કચ્છીઓનો ફાળો ઘણો મોટો હતો, જેનો યશ શેઠ નરશીશાને ફાળે જાય છે એમ તે વખતનો ઈતિહાસ તપાસતાં સ્પષ્ટ થાય છે.

તે વખતે વહાણવટીનો ધંધો ધીકતો ચાલતો હતો. શેઠ નરશીશાએ પણ વહાણો ખરીધ્યાં હતાં એવો સ્પષ્ટ ઉલ્લેખ વીરજી શેઠના તા. ૧૭–૧૧–૧૮૪૭ (જુઓ—પરિશિષ્ટ ૬)ના લખાણમાંથી પ્રાપ્ત થાય છે. એ જમાનામાં

વહાણુને 'બારકસ' કહેતા. આ ફારસી શબ્દનો અર્થ વહાણ થાય છે. વીરજી શેઠને નરશીશેઠની મિલકત પ્રાપ્ત થયેલી તેમાં 'બારકસ'નો પણ ઉલ્લેખ છે. એ પછી એમના વહાણુવટા સંબંધમાં કાંઈ જાણી શકાતું નથી *

અનુમાનતઃ નરશીશેઠ નૂર માટે નહીં પણ પોતાના માલ સામાનને લઇ જવા કે લાવવા માટે જ પોતાના વહાણોનો ઉપયોગ કરતા હતા. તે વખતે બગદાદ, માડાગાસ્કર, મોઝાંબીક સાથે પણ વેપાર ચાલતો, પણ સર્વથી મોટો વ્યાપાર ચીન સાથે ચાલતો હતો. ચીનમાં ભારતથી અનેક ચીજ મોકલવામાં આવતી હતી અને બદલામાં ત્યાંથી સોનું રૂપું પાછું લાવવામાં આવતું હતું. ખાસ કરીને ત્યાં અફીણની મોટી નિકાસ થતી હતી. માળવા, ઇંદોર અને પંચમહાલનો વિભાગ અફીણની પેદાશ માટે પ્રસિદ્ધ હતો.

શેઠ નરશીશાના વેપારનું પ્રથમ મંડાણ વછાતો અને વેપારીઓની આડતથી થયેલું હોઇને તેમને વહાણુવટા સાથે પ્રથમથી જ ઘનિષ્ટ નાતો બંધાય તે સ્વાભાવિક છે. ઠેઠ મલબાર સુધીનો વેપાર તેઓ વહાણુવટા દ્વારા જ ચલાવતા હતા. તેમના પરદેશના અને ખાસ કરીને ચીન સાથેના વ્યાપાર સંબંધમાં પણ ઉલ્લેખો સાંપડે છે. "મુંબઇનો બાહાર" માં પારસી લેખક રતનજી ફરાંમજી વાચ્છા નોંધે

---

* શેઠ વેલજી માલુએ આ ક્ષેત્રે નામના મેળવી હતી. તેમણે ઘણા દેશોની જાતે મુલાકાત લીધી હતી અને વહાણવટીના ધંધાને વિકસાવ્યો હતો. ૧૯મી સદીમાં વહાણવટું મુખ્યત્વે કચ્છી–ગુજરાતીઓના હાથમાં હતું, તે ૨૦મી સદીમાં ઓસરી ગયું. આજે તેની કલ્પના પણ દુર્લભ છે.

છે કે— "આ નરસીશેઠને પરથમમાં આપણી ટાપુ ખાતે મશહુર થાઈ ગયેલા મરહુમ શેઠ હોરમસજી એદલજી કાંમાજી જેવણુ ચીનાઈ જુબાનમાં 'પાહુવા' અથવા 'સેચી'નાં એલકાબથી ખુબ્જેરગી સાથે વખણાએલા હતા, તેવન સંગાથે ઘણો સારી ઘરોબો હતો; અને તે જ નાતાથી તેમના દીકરાઓ શેઠ દાદાભાઈ તથા મનચેરજીને ચીન ખાતે થાએલા તેઓના રોજગારની શરૂઆતમાં કામકાજની લેવરદેવર સંબંધી ઘણો મોટો આસરો મલેઓ હતો, જે વાતને આ સાહુશીક શેઠીઆઓ આજ દિન સુધી માન સહીત ઈઆદ રાખતા જણાએ છે. અને એવી જ લાએકાત ધારીએચ કે બીજા ઘણાઓ સંગાથે આ નરશીશેઠે કરી દેખાડી હશે." જુઓ પરિશિષ્ટ–ડ

તે વખતે પારસીઓનો વ્યવસાય સરકારી કોન્ટ્રેકટો લેવાનો, મકાનો, રસ્તાઓ વગેરે બાંધવાનો કે વહાણવટાનો હતો. ગુજરાતીઓ ઝવેરાત, કાપડ અને પરચુરણ વસ્તુઓનો વ્યાપાર સંભાળતા. અનાજ–કરીઆણા તથા રૂનો વ્યાપાર મુખ્યત્વે કચ્છીઓના હાથમાં હતો. તે વખતે લોકોમાં જાતિભેદ કે ધર્મભેદ ન હોઇને સૌ સલાહ–સંપથી રહેતા અને હળીમળીને વ્યાપારની ખીલવણી કરતા. માત્ર મંદિરો કે તહેવારો જુદાં પડતાં. એ સિવાય લોકોમાં વિચારભિન્નતા નહોતી. ઘણા પ્રસંગોમાં તો જૈનો હિન્દુઓના પર્વમાં ભાગ લેતા અને જૈનોના ધાર્મિક અનુષ્ઠાનોના વરઘોડા કે મેળાવડામાં હિન્દુઓ હોંસથી ભાગ લેતા. આમ બન્ને સમાજો અરસ–પરસ સહચારથી એક બીજા સાથે ઓતપ્રોત થઈ ગયા હોયને વ્યાપારના વિકાસ માટે સુંદર વાતાવરણ

સર્જાયું હતું.

તે વખતે વહાણવટા ઉપરાંત રૂ, અનાજ તથા કરીઆણાનો વેપાર પણ ધીકતો ચાલતો હતો. ખાસ કરીને રૂનો વ્યાપાર મુખ્ય હતો. કાચા માલ માટે મહારાષ્ટ્ર, મૈસુર વગેરેમાં પણ કચ્છીઓએ પેઢીઓ શરુ કરેલી જે ધમધોકાર ચાલતી હતી. તાર, ટપાલ કે ટેલીફોન વગેરેની સગવડ વિના સ્થાનિક મહેતાઓ કે ગુમાસ્તાઓ પર જ આધાર રાખવો પડતો હતો.

આવા વિશિષ્ટ સંજોગોમાં ગુમાસ્તાઓની સત્તા અમર્યાદિત ગણાતી. એમનો બોલ એ શેઠનો બોલ કહેવાતો. સ્થાનિક વહીવટમાં તેઓ સર્વ સત્તા ભોગવતા અને ધાર્યું કામ પાર પાડતા. શેઠ નરશીશાના મુનીમોમાં રાયમલ શિવજી, લખમીચંદ દેવજી, પનવેલનો એક લુહાણો વગેરે મુખ્ય હતા. એવી જ રીતે શેઠ વેલજી માલુ, શેઠ શિવજી નેણશી, શેઠ જીવરાજ રતનશી, શેઠ કેશવજી નાયક વગેરની અનેક શાખા પેઢીઓમાં અનેક ગુમાસ્તાઓ હતા.

વાહનવ્યવહારની ઝડપી સગવડતાઓને અભાવે વ્યાપારના દૂર દૂરના કેન્દ્રોથી માલ લેવા-લઈ જવામાં પારાવાર મુશ્કેલીઓનો અનુભવ થતો. મહિનાઓના મહિના માલ વહનમાં જતા હોઇને તે નિયત સ્થળે ન પહોંચે ત્યાં સુધી લૂટાવાની પૂરેપૂરી દહેશત રહેતી. પીંઢારાઓના ભયને પહોંચી વળવા હથિયારબંધ સિપાઇઓ પણ રાખવા પડતા. નાણાં લઇને માલ ન આપનાર વેપારીને મુનીમો પોતાના હસ્તકના સિપાઇઓ દ્વારા કેદ પણ કરી લેતા અને માલ વગર વિલંબે આપવાની ફરજ પાડતા. એટલે કાચાપોચા વ્યાપારીઓ તો

આ મુનીમોથી થરથરતા.

મુંબઈથી ખામગામ, અમરાવતી વગેરે શહેરોમાં મુનીમો પોતાનો હોદ્દો સંભાળવા જતા ત્યારે ત્યાંના વેપારીઓ, અમલદારો વગેરે તેમનું બે–ચાર ગાઉ દૂરથી આદરમાન-પૂર્વક સામૈયું કરતા. એમને વિદાય પણ એવી જ રીતે દબદબાપૂર્વક અપાતી. વિદાય વખતે એમને મોટા મોટા શિરપાવો મળતા એ તો જુદા. આવો રજવાડી ભભકો એ વખતના મુનીમોનો રહેતો.

શ્રાવણ–ભાદરવામાં રૂના સોદા થાય અને તેનાં નાણાં અગાઉથી ચૂકતે આપી દેવામાં આવતાં. પોષ–માહ માસમાં વણઝારાની પોઠો મારફત તેને મુંબઈ તરફ લઈ જવાની વ્યવસ્થા થતી આ પોઠોમાં હજારો બળદો હોય સાથે રક્ષણાર્થે હથિયારબંધ સિપાહીઓ પણ હોય. એ રસાલામાં ઘોડા, ઊંટ, પાલખીઓ આદિ ઘણું હોય. આ વણઝારાઓના સરદારો લાખોપતિ ગણાતા. તેઓ જ્ઞાતિના વેપારીઓને ધીરધાર પણ કરતા. વ્યાપારમાં એમનો સહકાર જરૂરી હતો. વણઝારાઓની પોઠો ધીરે ધીરે ફાગણ–ચૈત્ર માસમાં કશેલી, પનેવલ સુધી આવી પહોંચતી.

* * *

આવી વિકટ પરિસ્થિતિમાં કચ્છના ખડતલ અને સાહસિક વ્યાપારપટુઓ સ્વાભાવિક રીતે જ સફળતા પ્રાપ્ત કરે એમાં નવાઈ નથી. લાખો રૂપીઆનો માલ વહી જતી આવી રંગીલી પોઠોમાં કચ્છી દુહાઓ લલકારતા જ્ઞાતિ બંધુઓનું કોઈએ ચિત્ર દોર્યું હોય તો ?

દેશાવરોની પરિસ્થિતિ વિશે ઉલ્લેખ કર્યા પછી મુંબઈની આંતરિક પરિસ્થિતિનું વર્ણન પણ અહીં પ્રસ્તુત બનશે;

ખાસ કરીને શેઠ નરશીશા તેમજ જ્ઞાતિ બંધુઓનો મુખ્ય વસવાટ માંડવી લત્તામાં જ હોઇને તેનું વર્ણન અહીં રસપ્રદ ગણાશે.

મુંબઈમાં તે વખતે અંધેર કારભાર ચાલતો હતો, પોલીસ લાંચખાઉ અને નબળી હોઇને બળિયાના બે ભાગ જેવો ન્યાય હતો. ગંભીર પ્રકારના ગુન્હાઓ વારંવાર થતા. ગુંડાઓની વ્યવસ્થિત ટોળકીઓ લૂટફાટનો ધંધો જમાવીને બેઠી હતી. પોલીસની નબળાઈથી તેઓ હમેશાં સફળતા મેળવતા.

વેપારીઓ પર તેઓ બહુ જુલમ વર્તાવતા હતા. માણસોને મારી નાખવાના બનાવો પણ બનતા, છતાં કશી દાદ–ફરિયાદ સંભળાતી નહીં. આવા ગુંડાઓની જુદી જુદી ટોળીઓ હતી. જેમાં મુખ્ય ટોળી નાખુદા અલુ પારૂ, દેવજી પેરાજ, પશો માંજરીઓ, પ્રાગા લધા વગેરે બદમાશોની બનેલી હતી.

એ લોકો પોતાના પડાવ વગેરે રાખતા અને સાંજના પાંચ–છ પડાવ લઇ બંદરમાં લૂટ ચલાવતાં. "અરે ટંડેલ કાય માલ હાયરે ?" એટલું પૂછતાં ગોદીમાં લાંગરેલાં વહાણોના બિચારા રાંક નાખુદાઓ ધ્રુજીને બધું સાચું કહી દેતા, કારણ કે તે લોકો ગુંડાઓને ઓળખતા. એ બદમાસો માલની સર્વે જણસોમાંથી એક એક જુદી જુદી જાતનો દાગીનો ઉપાડી પોતે લાવેલા પડાવમાં નાખવા નાખુદાઓને હૂકમ કરતા અને નાખુદાઓ પણ બીકના માર્યા એમના હૂકમનું પાલન કરતા. ! !

ચોરીનો માલ ખરીદવાનો ધંધો લઇ બેઠેલા વેપારીને તેઓ એ બધો માલ વેચી નાખતા. આવા વેપારીઓમાં

શેઠ કેશુ જાદવજી મુખ્ય હતા. તેમની ગણના લક્ષાધિપતિમાં થતી. તે મોટા પ્રમાણમાં ધીરધારનો ધંધો પણ કરતા. પણ ખરાબ આશયનું નાણું ઝાઝું ટકતું નથી. તેમનાં નાણાંનું પણ એમજ થયું. જ્ઞાતિના અનેક વ્યાપારીઓને તેમણે તે વખતે નાણાં ધીરેલાં.

લૂટારાઓની ટોળીમાં દામુ ખોધડો નામનો ભાટિયો કોઈ કારણવશાત ફૂટયો અને ઘર ફૂટે ઘર જાય એ કહેવત મુજબ બદમાશોના કાવત્રાઓની કડીબંધ માહિતીઓ પોલીસને પ્રાપ્ત થઈ અને સૌ પકડાઇ ગયા અને એમના ગોરખધંધાઓની કડક તપાસ થઈ. તે વખતના મેથ્યૂસાસન નામના અંગ્રેજ ન્યાયાધિશે નામચીન ગુંડાઓને હદપાર કર્યા અને બીજી પણ આકરી સજાઓ ફટકારી. જેથી મુંબઈમાં સલામતિની ભાવના લોકોમાં દઢ થઈ શકી. જોકે નાના પાયા પર તો ગુંડાગીરી ઘણાં વર્ષો સુધી ચાલુ રહી.

કેટલાક પ્રસંગોમાં ગુંડાઓ પણ સામસામે અથડામણમાં આવી જતા. હુબીબવાળા માળા પાસે રવિયો નામનો સારસ્વત બ્રાહ્મણ ધોળે દિવસે સ્ત્રીઓને લૂટતો. એક દિવસ ખટાઉ રવજીની કોઈ સંબંધી બાઇને ફસાવતાં ઉગ્ર મારામારી થઈ. એ વખતે ખટાઉની ટોળીઓ જોસમાં હતી. રવિયાને મરણતોલ માર મળતાં તે મૃત્યુ પામ્યો.

ખલાસી ચકલામાં બચુમીયાંની ધાક પણ ઘણી હતી. તેની પાસેથી કોઈ સહિસલામત પસાર થઈ શકતું નહીં. જાહેર રીતે તે લોકોને લૂટી લેતો અને કોઈ એની વિરૂદ્ધ ફરિયાદ પણ કરી શકતું નહીં !

સં. ૧૯૧૨ શ્રાવણ શુદિ ૧૪ ને દિને બાળાપૂજા કરવા જતા અનેક લોકોએ બાપદેવળ પાસે ધોળે દિવસે જખૌના માધુ મોરારને મુંબઇના સુપ્રસિદ્ધ વ્યાપારી કચ્છ કોઠારાવાલા ગોકળદાસ તેજપાળની વખાર તોડતા અને ગાડાં ભરી માલ ઉપાડતા જોયો છે. બીજે દિવસે માધુએ શેઠને કહી મોકલાવ્યું કે આટલી ગાંસડી લીધી છે, તેના અમુક પૈસા લેવા હોય તો લ્યો. શેઠ ગોકળદાસ તેજપાળ જેવા નામાંકિત શહેરીએ અંતે માધુએ જે આપ્યું તે ઘર-મેળે લઈ લીધું. આવી જાતની અરાજકતા ભરી પરિસ્થિતિ મુંબઇના વ્યાપારના મુખ્ય કેન્દ્ર માંડવીની હતી. નાના વ્યાપારીઓના તો કેવા હાલ થતા હશે તેની માત્ર કલ્પના કરવી રહી !

આ સર્વ અંધેર ફોરજેટ સાહેબ પોલીસ કમિશ્નર તરીકે નીમાયા પછી દૂર થયો. એ અમલદાર ઘણો ચાલાક હતો, તેમ જ દેશી ભાષાઓ પણ જાણતો. જુદી જુદી જ્ઞાતિના આગેવાનોની સાથે મળી, તેમની મદદ અને સલાહથી થોડા જ સમયમાં તેણે એકેએક ગુંડાને પકડી પકડીને સીધા કર્યા અને પોલીસતંત્રની જડ મજબૂત કરી. આ અમલદારની સફળ કામગીરીથી મુંબઇના વ્યાપાર પર સારી અસર પડી. વેપારીઓ એની લોકપ્રિયતા અને મમતાળુ સ્વભાવને વર્ષો સુધી યાદ કરતા રહ્યા.

તત્કાલિન વ્યાપારની ખૂબીઓ અને મુશ્કેલીઓનું આટલું બયાન શેઠ નરશીશાના ધીકતા વ્યાપારના મુખ્ય પરિબળો સમજવામાં ઉપયોગી થશે. એ વિના એમની સફળતાનું સાચું મૂલ્યાંકન કરવું અશકય જ છે. ગમે એવી કાબેલ

વ્યક્તિ એકલ-દોકલ હોય તો તે એ વખતના સંજોગોમાં ટકી શકે નહીં, એ વિચારથી પ્રેરાઇને તેમણે જ્ઞાતિબંધુઓમાં એકતાની ભાવનાનું પ્રથમ સિંચન કર્યું.* એ રીતે તત્કાલિન પરિસ્થિતિએ એમની સામાજિક કારકિર્દીની પણ ભૂમિકા ઘડી, જે કારકિર્દીએ એમને 'જ્ઞાતિ-શિરોમણિ'નું સર્વોચ્ચ બિરુદ અપાવ્યું.

---

* જ્ઞાતિબંધુઓની એકતાનું એક જ્વલંત ઉદાહરણ નજરે ચડે છે. સં. ૧૯૧૦માં જ્ઞાતિની એક બહેન ખોજાગલીમાં આવેલી મહાજનવાડીમાં જમણ પ્રસંગે જતી હતી ત્યારે તેના ઉપર કોઇએ પાણી ઢોળી મશ્કરી કરી. બહેને આ વાત વાડીમાં આવીને કહી એટલે જ્ઞાતિબંધુઓ ખૂબ ઉશ્કેરાઈ ગયા અને બનાવને સ્થળે ધસી ગયા. પરિણામે ખોજા અને વાણિયા વચ્ચે હુલ્લડ ફાટી નિકળ્યું, જેમાં ખોજાઓને ભારે સહન કરવું પડેલું. ત્રણ દિવસ સુધી ખોજાગલી સૂનમૂન બની ગઈ શેઠ કેશવજી નાયકની પ્રેરણાથી ખટો મડાઇ નામનો નામચીન ગુંડો પોતાની ૫૦૦ જણની ટોળી સાથે ખોજાગલીમાં ફરી વળીને ખોજાઓને પકડી પકડીને માર્યા, કેટલાકને ઉપરને મજલેથી નીચે પછાડ્યા. આથી ભયભીત થઇ ખોજાઓ મુંબઇ છોડી નાસી ગયેલા. અંતે ખોજાકોમના અગ્રણી શેઠ ધરમશી પૂંજા (કુરલામીલવાળા) જેમને કેશવજી શેઠ સાથે મીઠો સંબંધ હતો તેમણે વચ્ચે પડી આ પ્રશ્નનું સુખદ સમાધાન કરાવ્યું. આ પ્રસંગ પરથી જ્ઞાતિનું સંગઠન કેવું સુદૃઢ હતું તે જાણી શકાશે.

એ જમાનામાં જ્ઞાતિના હિતને લક્ષમાં લઇને જ બધાં કાર્યો થતાં. આજે પરિસ્થિતિ બીજી જ છે.

## [ ૭ ] ઉત્કટ જ્ઞાતિપ્રેમ

કચ્છ–નલિયાનાં ખેતરોમાં રખોપું કરનાર—પછી એક સામાન્ય વ્યકિત તરીકે મુંબઈ આવીને પાણી પાવાનો ઉદ્યમ કરનાર શેઠ નરશીશા પોતાના પરાક્રમબળે વ્યાપારક્ષેત્રે અપૂર્વ સફળતા પ્રાપ્ત કરે છે અને જ્ઞાતિમાં શિરોમણિ તરીકે ચિરસ્થાયી કીર્તિ પામે છે, એ વાત ખરેખર, હેરત પમાડે એવી છે. સવાસો વર્ષનાં વહાણાં વાઇ ગયાં છતાં જ્ઞાતિબંધુઓ એમને આજે પણ રસથી યાદ કરે છે, અને એમના પ્રત્યે પૂજયભાવ વ્યક્ત કરે છે, એ સિદ્ધિનું રહસ્ય એમનાં લોકસંગ્રહનાં કાર્યોમાં જોવા મળે છે.

શેઠ નરશીશા જ્ઞાતિના સૌ પ્રથમ શાહ–સોદાગર હતા એટલે તેઓ જ્ઞાતિશિરોમણિ કહેવાયા એવું રખે કોઇ માને. જ્ઞાતિશિરોમણિના ગૌરવાન્વિત અને સર્વોચ્ચ બિરુદની પૃષ્ઠ ભૂમિકા એમનાં યશનામી કાર્યોએ ઘડી છે, અને એટલે જ લોકો તેમને યાદ કરતા થાકતા નથી. જ્ઞાતિના સમુત્થાનની સતત ખેવના કરનાર અને તેની પૂર્તિ માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દેનારને જ્ઞાતિ કદી ભૂલી શકે ખરી?

પોતે મુંબઇમાં પગભર થયા પછી તેમણે પોતાના જ્ઞાતિબંધુઓને મુંબઈ તેડાવી લેવાનું કાર્ય સૌ પ્રથમ કર્યું. કચ્છના ગ્રામ્ય–વિસ્તારોમાં વસતા જ્ઞાતિબંધુઓ મુંબઇના નવા વાતાવરણમાં પ્રવેશે એટલે સ્વાભાવિક રીતે જ એમને અનેક મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે. એટલે શેઠ નરશી-શાએ એમને બધી રીતે આશ્રય આપ્યું. જ્ઞાતિની કુલે

છએક હજારની વસ્તીમાંથી તે વખતે છસો જેટલા લગભગ જ્ઞાતિબંધુઓ મુંબઈ આવ્યા હોવાનું અનુમાન છે.×

કચ્છનાં પછાત ગામડાંઓમાં ખેતી કરતી ખોબા જેવડી જ્ઞાતિને વ્યાપારી બનાવવાની મહત્ત્વાકાંક્ષા તેમણે સેવી હોઇને જ્ઞાતિની હાલની આબાદી શેઠ નરશીશાને જ આભારી છે, એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. શેઠ નરશીશાનાં ઈષ્ટ જીવન કર્તવ્યોની વિશદ નોંધ કચ્છી-દશા-ઓશવાળ જ્ઞાતિના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લેવાશે એમાં શંકા નથી. અહીં એમનાં કાર્યોની આછી રૂપરેખા જ માંધીશું.

જ્ઞાતિબંધુઓને મુંબઈ તેડાવી, તેમને વ્યાપારક્ષેત્રે દોરવણી આપવા ઉપરાંત શેઠ નરશીશાએ એમના હૃદયમાં જ્ઞાતિબંધુત્વની ભાવના સિંચી. તે વખતે મુંબઇમાં કેવું અરાજકતા ભર્યું વાતાવરણ હતું તે વિશે ઉલ્લેખ થઈ ગયો છે. આવી વિકટ પરિસ્થિતિમાં જ્ઞાતિબંધુઓનું સંગઠન સાધી શકાયું ન હોત તો કદાચ તેઓ લૂટાઇ ગયા હોત અને નિરાધાર હાલતમાં કચ્છ ભેગા થઇ ગયા હોત! શેઠ

---

× સં. ૧૯૪૦માં શેઠ ત્રેકમબાઈ પદમશીએ અદાલતમાં આપેલ જુબાની અનુસાર જ્ઞાતિની કુલ વસ્તી દશ હજારની હતી, જેમાં ૧૫૦૦ મુંબઇમાં વસતી. પરંતુ જ્ઞાતિની કુલ સખ્યા અતિશયોકિત ભરેલી જણાય છે. આજ દિન સુધી જ્ઞાતિના ચાર જેટલાં વસ્તીપત્રકો તૈયાર થયાં છે, તે અનુસાર વસ્તી આ પ્રમાણે રહી છે : સ. ૧૯૮૧માં ૧૧૦૮૮, સં. ૧૯૯૧માં ૧૧૬૪૪, સં. ૨૦૦૨માં ૧૨૯૮૩, સં. ૨૦૨૪માં ૧૯૨૬૫. છેલ્લી વસ્તીગણત્રી અનુસાર મુંબઇમાં વસતા જ્ઞાતિબંધુઓની સંખ્યા ૭૯૩૧ થાય છે.

નરશીશાએ ખડતલ કચ્છી પ્રજાના ખમીરને સંગઠનની દિશામાં વાળીને તેમનું મુંબઈમાં વર્ચસ્વ સ્થાપ્યું. માંડવીનો વિસ્તાર જાણે કચ્છનો જ ભાગ ન હોય તેમ ત્યાં સૌ કોઈ કચ્છીમાં જ વાતો કરતા. એટલે ત્યાં કોઈની મગદૂર નહોતી કે કોઈ જ્ઞાતિબંધુ પર હાથ ઉપાડી શકે !

મુંબઈમાં તે વખતે મરકીનો ઉપદ્રવ છાશવારે ફાટી નીકળતો. શેઠ નરશીશાએ એવા પ્રસંગોએ દવાદારૂમાં છૂટે હાથે ધન વાપર્યું અને જ્ઞાતિબંધુઓને બચાવ્યા. કહેવાય છે કે મરકીના ભારે ઉપદ્રવ વખતે રસ્તાઓ ઉપર અસંખ્ય લાશો જોવા મળતી. આવાં કરુણ દૃશ્યો જોઈને કોનું હૃદય ન દ્રવી ઉઠે ? એમને અનુસરીને બીજા સખીગૃહસ્થોએ પણ દ્રવ્યસહાય પહોંચાડીને પોતાની ફરજ અદા કરી.

શેઠ નરશીશા તથા શેઠાણી કુંવરબાઈ રોગમાં સપડાયેલા પ્રત્યેક જ્ઞાતિબંધુઓને ઘેર જઈને તેમના ખબરઅંતર પૂછતાં. તેમના આવા આત્મીયતાભર્યા વર્તાવથી જ્ઞાતિબંધુઓને ઘણું સાંત્વન મળતું. શેઠાણી કુંવરબાઈએ જ્ઞાતિબંધુઓની ઘણી જ શુશ્રૂષા કરી અને સૌના આશીર્વાદ મેળવેલા. દુર્ભાગ્યવશાત્ તેઓ તથા તેમના એક માત્ર વિદ્યમાન પુત્ર હીરજી શેઠ આ ભયંકર રોગનો ભોગ બનીને સ્વર્ગે સંચર્યાં.

કચ્છ કે હાલારથી મુંબઈમાં આવતા જ્ઞાતિબંધુઓને ઘેર શેઠ જતા અને તેમની સ્થિતિ જાણી લઈને યોગ્ય સાહાય્ય પહોંચાડતા. જો તેઓ ઘેર જઈ શકે તેમ ન હોય તો પોતાની પેઢીએ પણ બોલાવીને જ્ઞાતિબંધુઓનો પરિચય તો અચૂક સાધી લેતા. નિરાધારને તેઓ પોતાને ત્યાં આશ્રય આપતા, ધંધે લગાડતા, તેમજ ઘરબાર વસાવવા નાણાંની

મદદ આપતા, તથા અનાજ પણ મોકલાવતા.

હાથોહાથની સાહાય્ય લેવાનું કદાચ કોઇને પસંદ ન પણ પડે, એવા વિચારે તેઓ જ્ઞાતિબંધુ ઘર વસાવી શકે એ ઉદ્દેશથી જે અનાજના બાચકા મોકલાવતા તેમાં જરૂરિયાત પ્રમાણે થોડા રૂપીઆ પણ નાખતા. ભોળા અને ભદ્રિક જ્ઞાતિબંધુઓ જયારે બાચકા ખોલતા ત્યારે તેમાં રૂપીયા જોઇને વિસ્મય પામતા. તેઓ રૂપીઆ પાછા આપવા આવતા ત્યારે શેઠ હસીને વાત ઉડાવી દેતા. "એ તો તમારા નસીબમાં હશે એટલે નીકળ્યા હશે!" એમ કહી હસાવી તે રકમ સાથે તેમને ઘેર પાછા વાળતા. કેટલી ભવ્ય ઉદારતા! કેવો ઉત્કટ જ્ઞાતિપ્રેમ! શેઠ નરશીશા પછી આવી ઉચ્ચ ભાવના કોઈએ સેવી હોય એવું કયાંયે નોંધાયું નથી. પોતાની સહાયથી અનેક જ્ઞાતિબંધુઓ પાછળથી સાધન-સંપન્ન થયા, છતાં શેઠ નરશીશાએ પોતે કાંઈ કર્યું છે એવો ઘમંડ કયારે પણ સેવ્યો નથી. વાસ્તવમાં તો એમની ઉન્નતિથી પોરસભાવ અનુભવતા આ મહાપુરુષની આંખોમાંથી કેટલીયે વાર હર્ષાશ્રુઓ ખર્યા હશે!

તે વખતે મુંબઈ આવેલી અન્ય જ્ઞાતિઓ મુંબઇને પોતાનું વતન ગણીને નહીં પરંતુ માત્ર કમાવા માટેના સ્થળ તરીકે માનીને રહેતી હતી. તેમની મનોભાવના માત્ર ધન કમાઇને પોતાના વતનમાં મોકલાવી દેવાની હતી. આવી સંકુચિત વૃત્તિની સામે સર જમશેદજી જીજીભાઈ, શેઠ મોતીશા અને શેઠ નરશીશા પ્રભૃતિ અગ્રેસરોએ પોત-પોતાની જ્ઞાતિને મુંબઇને વતન ગણીને રહેવાની દોરવણી આપેલી, પરિણામે એ જ્ઞાતિઓએ મુંબઇનો સર્વાંગી વિકાસ

કરવામાં યોગદાન આપ્યું. કચ્છી-દશા-ઓશવાળ જૈન જ્ઞાતિને સંબંધ છે ત્યાં સુધી, આ પચરંગી શહેર પાંચ-છ પેઢીના વસવાટનું સ્થળ બની ગયું છે અને જ્ઞાતિની મિલકતનો મોટો ભાગ જ નહીં, પણ લગભગ બધો ભાગ કહીએ તો ચાલે, તે મુંબઈ શહેરમાં જ પથરાયેલ છે. ટૂંકમાં આ જ્ઞાતિએ મુંબઈ પ્રત્યે જે વતનપરસ્ત ભાવના દાખવી છે, એવી ભાવના પારસી આદિ કોમોને બાદ કરતા કોઈએ નથી દાખવી.

જ્ઞાતિબંધુઓને નિરક્ષર જોઈને શેઠને પારાવાર દુઃખ થતું. પોતે તો બાળપણમાં વિદ્યાભ્યાસ ન કરી શકયા, પણ જ્ઞાતિની ઊગતી પેઢીને નિરક્ષર રહેવું કોઈ રીતે પોષાય તેમ નહોતુ. એટલે તેમણે મુંબઈમાં સૌ પ્રથમ શાળા સ્થાપી અને કેળવણી માટે બનતું કર્યું. આજે તો આ વાત સામાન્ય લાગે, પણ દોઢસો વર્ષ પહેલાંની પરિસ્થિતિ જોતાં આ વાત ખૂબજ મહત્ત્વની હતી. કચ્છમાં વસવાટ હતો ત્યારે તો ગોરજીઓની પોશાળો મારફત લખવા-વાચવાનું કે હિસાબ-કિતાબનું કાર્ય થતું, પણ મુંબઈમાં નવી પરિસ્થિતિ આકાર લઈ રહી હોઈને એવી પોશાળો અને ધૂળિયા પાટી વગેરેથી ચાલે એવું નહોતું.×

---

× હીરજી હંસરાજ કાયાણી નોંધે છે કે–"મને બરાબર યાદ છે જે, સંવત ૧૯૦૦ની સાલમાં હું જયારે પાંચેક વરસનો હતો ત્યારે મારા કાકા દામજી તથા મુલજી કાયાણી મુંબઈમાં હતા, અને તેઓના જે કાગળો દેશમાં આવતા (કાગળો તે વખતે વહાણમાં આવતા) તે લઇ મારા બાપ અને દાદા ઉપાશ્રયના અથવા બીજા

જ્ઞાતિને તે વખતે મહાજનવાડી માટે મકાનની ખાસ જરૂર હતી. જમણવાર કે ધાર્મિક અનુષ્ઠાનો પ્રસંગે સ્વતંત્ર મકાનના અભાવે સૌને પારાવાર મુશ્કેલીનો અનુભવ કરવો પડતો હતો. શેઠે નરશીશાના ભાયખળા મુકામે આવેલા એક ઘરનો તે વખતે આવા કાર્યો માટે ઉપયોગ થતો હતો. પરંતુ ભાયખળા બહુ દૂર હોઇને એ મકાનનો બહુ જૂજ પ્રસંગે જ ઉપયોગ થતો એટલે મહાજનવાડીનું સ્વતંત્ર મકાન બાંધવા શેઠ ખડક ઉપરનું ઘર ખરીદ્યું. જ્ઞાતિબંધુઓની મુશ્કેલીઓનું નિવારણ કરવા તેમણે બધી રીતે પ્રયાસો કર્યા, જિનાલયની પણ સ્થાપના કરી. ઈત્યાદિ વિશે પાછળથી ઉલ્લેખ કરીશું.

તેઓ સવારથી સાંજ સુધી સતત જ્ઞાતિબંધુઓના ભલા

---

કોઇ ગોરજી યા તો કોઇ ભાટિયા પાસે વંચાવવા જતા, ત્યારે હું તેમની સાથે જતો. તે વખતે અમારા ગામમાં આપણાં ૧૫૦ ઘરો હતાં, તેઓમાંથી માત્ર શા. કેશવજી દેરૂ પટેલ કાગલપત્ર વાંચવા જેટલું ભણેલ હતા. આવી દયાપાત્ર અને તદ્દન અભણ સ્થિતિમાં આપણી જ્ઞાતિ તે વખતે સબડતી હતી". (જુઓ "દર્પણ," પુસ્તક ૧, અંક ૨, ફેબ્રુઆરી ૧૮૯૯.)

જ્ઞાતિની હાલની શૈક્ષણિક સિદ્ધિ પણ નોંધનીય છે. સં. ૨૦૨૪ ની વસ્તી ગણત્રી મુજબ જ્ઞાતિની કુલ સંખ્યા ૧૯૨૬૫ છે, તેમાં મેટ્રીક કે તેથી ઉચ્ચ કેળવણી પામેલાની સંખ્યા ૩૧૪૭ જેટલી છે, જેમાં ૫૪૮ તો સ્નાતકો છે। જ્યારે નિરક્ષરોની સંખ્યા માત્ર ૬૯૭ જ છે. એ મોજણી પછીનો ત્રણેક વર્ષનો ગાળો તો વિશેષ ઉજળું ચિત્ર રજૂ કરે છે।

માટે જ વિચારતા. જ્ઞાતિનું હિત તેઓ પ્રત્યેક કાર્યોમાં પોતાની નજર સામે રાખતા પછી તે નાનું કામ હોય કે મોટું. ઉદાહરણ તરીકે સવારના પહોરમાં એમની પેઢી પાસે શાક વેચવાવાળા બેસતા. અત્યારે ઘણા શ્રીમંતો જેમ શાક લેવા જાતે જાય છે તેમ તેઓ પણ જતા. પણ એમની દૃષ્ટિ સમક્ષ તો સામાન્યમાં સામાન્ય જ્ઞાતિબંધુઓનું ચિત્ર તરવરતું હોઈને તેઓ શાકનો ટોપલો જ ખરીદી લેતા અને પાસે માંડવીના લત્તામાં વસતા જ્ઞાતિબંધુઓના વસવાટ સ્થાને તે લઈને પહોંચી જતા. એમની અદબ સૌ રાખતા. વહુઓ ઘૂમટો તાણીને ઊભી થઈ જતી. 'ગેનો બચ્ચા શાક ગેનો!' (લ્યો, બાળકો શાક લ્યો) એમ કહીને તેઓ થોડું થોડું શાક બધાને ઘેર આપી આવતા. પોતે ઉપકાર કરતા હોય એવી ભાવના તેઓ સેવતા નહોતા. જાણે ઘર માટે જ શાક લઇ આવ્યા ન હોય એવા સહજ ભાવે તેઓ વર્તતા! આવા સામાન્ય પ્રસંગો શેઠના હૈયામાં જ્ઞાતિ પ્રેમની કેવી સરવાણીઓ વહેતી હતી તેનું સુભગ દર્શન કરાવે છે.

આવી સરવાણીઓ બીજાઓને અસર કર્યા વિના રહે ખરી? એમના ઉપકારો વચ્ચે મોટા થયેલા, અને પાછળથી શ્રીમંત થયેલા પોતાની સામાન્ય સ્થિતિ ભૂલી શકે ખરા? જ્ઞાતિશિરોમણિનાં કાર્યોને અનુસરીને પછી તો અનેક સખીગૃહસ્થો જ્ઞાતિ માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દેવા તત્પર બન્યા. આ રીતે જ્ઞાતિ પ્રત્યેના ઉત્કટ પ્રેમની ભાવના પ્રત્યેકની રગેરગમાં વહેતી થઈ ગઈ, જેના ચાલાકબળ હતા શેઠ નરશીશા.

આવા આત્મીયતાભર્યા વાતાવરણમાં કોર્ટ-કચેરીઓનો આશ્રય કોણ લે? જ્ઞાતિબંધુઓની કૌટુંબિક, આર્થિક કે વ્યાપાર સંબંધક બધી તકરારોનો નિકાલ જ્ઞાતિશિરોમણિ ખુદ લાવતા. તેમનો ન્યાયબુદ્ધિથી અપાયેલો ચુકાદો સૌને શિરોમાન્ય બનતો. તેમના દેહાવસાન બાદ તેમના પ્રતિનિધિ તરીકે ભારમલશેઠે એ બધાં કાર્યો જારી રાખ્યાં એ વિશે પ્રસંગોપાત ઉલ્લેખ કરીશું.

જ્ઞાતિ-શિરોમણિના ઉત્કટ જ્ઞાતિ-પ્રેમની સર્વોચ્ચ અભિવ્યકિત તેમણે યોજેલા જ્ઞાતિમેળામાં જોવા મળે છે. એ પહેલાં આવા મેળાઓ કયારે પણ થયા નહોતા. જ્ઞાતિનાં વસવાટનાં પર ગામોમાંથી મહાજનને તેડવાનો સૌ પ્રથમ પ્રયાસ શેઠ નરશીશાએ કર્યો. તેને દેશતેડું પણ કહે છે. આવો અપૂર્વ પ્રસંગ નલિયા જિનાલયની પ્રતિષ્ઠા વખતે સં. ૧૮૯૭માં બનેલો. એ અવસર જ્ઞાતિની તવારીખમાં યાદગાર બની ગયેલ છે, કેમકે આવો પહેલો જ પ્રસંગ હતો. બીજું, કચ્છ કે હાલારમાં દશા-ઓશવાળ-જ્ઞાતિના વસવાટનાં ગામોમાં સૌ પ્રથમ નિર્માણ થયેલા શિખરબંધ જિનાલયની પ્રતિષ્ઠા વખતે તે જ્ઞાતિમેળો યોજાયો હતો. ત્રીજું, જ્ઞાતિના અધિપતિ અને મહાજન શેઠ નરશી નાથા ખુદ એ જ્ઞાતિમેળાના યોજક હતા. આમ ત્રિવિધ દૃષ્ટિએ આ અતિહાસિક ઘટનાનું મહત્ત્વ જ્ઞાતિની તવારીખમાં અજોડ છે. બાવન ગામોમાં વસતા જ્ઞાતિબંધુઓએ આ સૌ પ્રથમ જ્ઞાતિમેળામાં ઉલટભેર ભાગ લીધેલો. ત્યાં એકત્રિત થયેલ ચતુર્વિધ સંઘને જ્ઞાતિશિરોમણિએ ત્રણ પ્રદક્ષિણા ફરીને સૌનો આદર-સત્કાર કર્યો એ પ્રસંગ ખરેખર, અપૂર્વ હતો.

કેટલાક મહિનાઓ બાદ સં. ૧૮૯૭માં તેમણે શત્રુંજય તીર્થનો વિશાળ સંઘ કાઢીને ત્યાંથી નલિયામાં આવીને પુનઃ જ્ઞાતિમેળો યોજેલો, જેમાં પુનર્લગ્નની નાબૂદીનો મહત્ત્વપૂર્ણ ઠરાવ કરવામાં આવેલો. જુઓઃ પરિશિષ્ટ–(क)

આવા જ્ઞાતિમેળાના માધ્યમ દ્વારા તેમણે જ્ઞાતિનું ઐક્ય સુદૃઢ કર્યું તથા જ્ઞાતિની અસ્મિતા જગાડી. જ્ઞાતિમેળાઓના પ્રસંગે પ્રવર્ત્તતા ઉત્સાહ અને ઉમંગના વાતાવરણમાં મતભેદો નિર્મૂળ થતા અને સૌ ભ્રાતૃભાવનાના તાણાવાણાથી બંધાઇ જતા. આવી ભાવનાત્મક એકતાના પ્રવર્ત્તનકાર તરીકે જ્ઞાતિશિરોમણિ લોકોના હૈયામાં સદા અમર રહેશે.

નવ ટંકના ઉપર્યુક્ત બન્ને મેળાઓ બાદ ઊર્મિ–તાંતણાથી બંધાયેલા જ્ઞાતિબંધુઓ નવી ભાવના સાથે, નવા વિચારો સાથે નવા ઉમંગ સાથે, અને જ્ઞાતિ માટે કાંઈક કરી છૂટવાની તમન્ના સાથે સૌ પોતપોતાને ઘેર પાછા ફર્યા. ધનિકોને એથી ઘણી પ્રેરણા મળેલી. તેઓ પોતાનાં ગામની, પોતાના જ્ઞાતિબંધુઓની ઉન્નતિ માટે કોઈ કાર્ય કરી બતાવવાનો વિચાર કરતા થઈ ગયા. આ રીતે જ્ઞાતિમેળાઓનાં મીઠાં ફળો વર્ષો સુધી ચાખવા મળેલાં.

જ્ઞાતિમેળાઓ દ્વારા શેઠની કીર્તિ સમસ્ત કચ્છમાં પ્રસરી ગઈ. લોકોને આ નવી કલ્પના ખૂબ જ ગમી ગઈ, એટલે વીશાઓશવાળ આદિ અન્ય જ્ઞાતિઓમાં પણ જ્ઞાતિમેળાઓની પ્રથા શરુ થઈ. એ જમાનામાં રાષ્ટ્રવાદનો જુવાળ શરુ થયો નહોતો. સંગઠનના એકમ તરીકે જ્ઞાતિઓ હોઇને સૌ એ દૃષ્ટિએ જ વિચારતા અને જ્ઞાતિના હિતને સર્વોચ્ચ ગણતા. જ્ઞાતિશિરોમણિનાં કાર્યોને યથાર્થ સમજવામાં આ સંદર્ભ

મહત્ત્વપૂર્ણ છે. આ સંદર્ભની સમજણ વિના એમનાં કાર્યોમાં જ્ઞાતિવ્યામોહ જણાય. જ્ઞાતિમેળાના સૂત્રપાતથી સંગઠનની અભિનવ ભાવનાનો આવિષ્કાર થયો. આ ભાવનાનું વર્તુલ પ્રતિદિન વિસ્તાર પામી રાષ્ટ્રીય ભાવનામાં પરિસમાપ્ત થયું.

કચ્છના મહારાવશ્રી દેશળજી પણ જ્ઞાતિમેળાનો સૂત્રપાત કરનાર શેઠ નરશી નાથાની કીર્તિથી પ્રભાવિત થઈને એમની સાથે મિત્રતાનો નાતો બાંધેલો. પાછળથી એમની મૈત્રી ગાઢ સંબંધોમાં પરિણમેલી. કહેવાય છે કે મહારાવશ્રી જ્યારે મુંબઈ આવતા ત્યારે તેઓ શેઠને ઘેર અચૂક જતા અને શેઠ જયારે કચ્છમાં આવતા ત્યારે મહારાવશ્રી તેમના સન્માનાર્થે છત્ર-ચામર આદિ રાજ્યચિહ્નો પાઠવતા. કચ્છના આ લોકપ્રિય અને ચતુર રાજવીની સહાયથી જ શેઠ પુનર્લગ્નનો પ્રચલિત રિવાજ નાબૂદ કરી શકેલા એ વાત ઘણી પ્રસિદ્ધ છે.

શેઠનાં આવા અવદાત કાર્યો દ્વારા ખાસ કરીને જ્ઞાતિમેળાના પ્રવર્ત્તનથી જ્ઞાતિ-બંધુઓમાં આત્મવિશ્વાસની ભાવના સવિશેષ દૃઢ થઈ. કચ્છનાં પછાત ગામડાઓમાં વસવાટ કરતી જ્ઞાતિનો પ્રભાવ પાછળથી બધે વર્તાવા લાગ્યો અને સૌ લોક-આદર પામ્યા. શેઠ નરશી નાથા 'જ્ઞાતિશિરોમણિ'નું સર્વોચ્ચ બિરુદ કેમ પ્રાપ્ત કરી શકયા તેનું રહસ્ય તેમના જ્ઞાતિસેવાનાં કાર્યોમાંથી જડી આવે છે. તેમણે કરેલાં લોક-સંગ્રહનાં કાર્યો દ્વારા જ્ઞાતિબંધુઓમાં નવો ઉમળકો જાગ્યો, નવી ભાવનાઓ પ્રકટી. દશા-ઓશવાળ-જ્ઞાતિની જ્યારે કોઈ ઓળખ ન હતી ત્યારે જ્ઞાતિબંધુઓ 'શેઠ નરશી નાથાની નાતના છીએ!' એમ સગર્વ કહીને પોતાની

ઓળખ આપતા. આ વાત નાનીસૂની નથી. આ એક જ વાકય દ્વારા તેમનું સ્થાન જ્ઞાતિમાં શું છે તે જણાઇ આવશે.

તેમણે યોજેલા પ્રથમ જ્ઞાતિમેળા વખતે નલિયાની ખરાવાડમાં ઓટલો બંધાવીને તેમાં ઊંચો સ્તંભ રોપવામાં આવ્યો હતો અને તે પર ધ્વજારોપણ કરવામાં આવ્યું હતું. એ ઓટલો હજી પણ જ્ઞાતિશિરોમણિના ઉત્કટ જ્ઞાતિ-પ્રેમની સર્વોચ્ચ કલ્પનાને મૂર્ત કરતો આજે પણ મોજુદ રહ્યો છે.*

---

* શેઠ નરશી નાથાએ તથા એમના વારસદારોએ બધા મળીને ૧૦ જ્ઞાતિમેળાઓ કર્યા હતા. તેમને અનુસરીને અન્ય સખી ગૃહસ્થોએ પણ પોતાનાં ગામમાં જ્ઞાતિમેળાઓ કરેલા જેની નોંધ આ પ્રમાણે છે: (૧) સં. ૧૯૧૦માં શેઠ ભારમલ તેજશીએ નલિયાના જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે (૨) સં. ૧૯૧૮માં કોઠારામાં શેઠ વેલજી માલુ, શેઠ શિવજી નેણશી અને શેઠ કેશવજી નાયકે જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે (૩), (૪) સર વસનજી ત્રીકજીએ સં. ૧૯૨૫ અને ૩૧માં સુથરીમાં એ મેળા કર્યા. (૫) સં. ૧૯૩૩માં નલિયામાં હીરજી ઉકરડાએ (૬) (૭) સં. ૧૯૩૪ અને ૩૯માં શેઠ દેવજી પરબતના પિતાએ બે જ્ઞાતિમેળા કર્યા (૮) (૯) સં. ૧૯૬૩માં સુથરીમાં તથા હાલારમાં શેઠ ખેતશી ખીંઅશીએ બે મેળા કર્યા એ જ દશકામાં (૧૦) (૧૧) સુથરીમાં શેઠ નરશી ભોજરાજે તથા શેઠ જેઠા વીરમે; (૧૨) કુમરામાં શેઠ વીરપાર ખાંડવાલાએ (૧૩) આરિખાણામાં શેઠ શામજી જીવરાજે (૧૪) લાલામાં શેઠ ખીંયરાજ લધાએ (૧૫) સં. ૧૯૬૯માં જખૌમાં શેઠ લખમશી લધાએ જ્ઞાતિમેળાઓ કર્યા.

આમ કુલે પચીશ કે તેથી અધિક જ્ઞાતિમેળાઓ થયા છે.

કચ્છી જબાનના યુવાન કવિ વર્ણવે છે—

ફર્યો નેજો નરશીશેઠજો, એડા કમીં કરેવ્યો કાજ;
દશાઈ કે તારે વેઓ, દશેંજો શિરતાજ.
આખર સુધી ઉરમેં રખેં, દયા દાન ને દાઝ;
ધન ધન અવતાર ઉનજો, ધન ઉનજા સુકાજ.
ધન માત–તાત,
'તેજ' ચેં ધન નરશી નામકે.

---

વિક્રમની ૨૦મી શતાબ્દીના ૭મા દસકા પછી એક પણ જ્ઞાતિમેળો યોજાયો નથી તે વાત પણ નોંધનીય છે. શેઠ ખેતશી ખીંઅશી ધુલ્લાએ હાલારમાં સૌ પ્રથમ જ્ઞાતિ–મેળો યોજેલો. હાલારવાસીઓએ તેમને જગડૂશાહનું બિરુદ આપેલું. સૌથી અધિક મેળા નલિયા અને સુથરીમાં અનુક્રમે થયા છે.

જ્ઞાતિમેળાઓથી નાના મેળાને 'ચોખરા' કહેવાય છે. તેમાં આસપાસના ચારે ખૂણાનાં ગામોનાં મહાજનોને નિમંત્રણો અપાતા. આવા ચોખરા ઘણા થયા છે. જ્ઞાતિમેળાઓ દ્વારા જ્ઞાતિની એકતા ઉપરાંત જાહોજલાલી પણ સૂચિત થાય છે. ઉક્ત જ્ઞાતિમેળાઓમાં નવ કે સાત ટંકના મેળાઓ પણ સારી સંખ્યામાં છે. બાકીના ૩ ટંકના મેળાઓ છે. શેઠ ખેતશી ખીંઅશીએ નવ ટંકનો મેળો કરેલો અને પાલીતાણાનો યાદગાર સંઘ કાઢેલો એ પછી આવા અપૂર્વ પ્રસંગો જોવા મળ્યા નથી. ઓછા લાગાવાળા મેળાઓને કચ્છીમાં 'ધાંધા મેળા' પણ કહેવાય છે. આજે તો એવા 'ધાંધા મેળા' કે 'ચોખરા' પણ દુર્લભ છે!

## [૮] અનંતનાથ જિનાલયની સ્થાપના

જ્ઞાતિશિરોમણિએ પોતાનું સમગ્ર જીવન જ્ઞાતિ અને ધર્મના ઉર્ધ્વગામી આદર્શોને મૂર્તિમંત કરવામાં જ ખરચી નાખેલું, જેના ફળસ્વરૂપે અનેક ધર્મકાર્યો થયાં તથા અનેક સામાજિક કે ધાર્મિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવેલી, જેમાં મુંબઇ ખાતે શ્રી અનંતનાથ જિનાલયની સ્થાપના મુખ્ય છે.

જ્ઞાતિબંધુઓના મુંબઈમાં થયેલા વસવાટ બાદ ત્યાં જિનાલય ન હોઇને દેવદર્શન કે સેવાપૂજાથી સૌ વંચિત રહેતા. આવી પરિસ્થિતિ થોડો સમય ચાલી. જ્ઞાતિબંધુઓની ઇચ્છા પૂરી કરવા શેઠ નરશીશાએ તથા શામજી સારંગવાળા ભાઇ સારંગે બે ગૃહચૈત્યો કરાવેલાં. એટલે જ્ઞાતિબંધુઓને હમેશાં દેવદર્શન તથા પ્રભુની સેવા–પૂજાનો લાભ મળતો. હાલ શ્રી અનતનાથ ભગવાનની પ્રભાવક પ્રતિમા શ્રી અનંતનાથ જિનાલયમાં છે તે શેઠ સારંગના ગૃહચૈત્યમાં હતી.

મુંબઈની જેમ કચ્છ અબડાસામાં પણ એક પણ શિખરબંધ જિનાલય નહોતું. સુથરી આદિ ગામોમાં માત્ર ગૃહચૈત્યો જ હતાં. અંચલગચ્છાધિપતિ શ્રી રાજેન્દ્રસાગરસૂરિજીના ઉપદેશથી લોકોમાં ધર્મભાવના પ્રબળ થયેલી, કિન્તુ ધનને અભાવે જિનાલયોનું નિર્માણ ક્યાંયે થઇ શક્યું નહોતું.

મુંબઈનાં ગૃહચૈત્યોની આવક વધતાં શિખરબંધ જિનાલય બંધાવવાનો સૌ પ્રથમ વિચાર શેઠ નરશીશાને આવેલો. હાલ જિનાલય છે, ત્યાં એક ઘર લઇને તેને દહેરાસરમાં

ફેરવી ત્યાં સં. ૧૮૮૯ના શ્રાવણ શુદિ ૯ને દિવસે શુભમુહૂર્તમાં શેઠ નરશીશાના હસ્તે શ્રી અનંતનાથ પ્રભુની મૂલનાયક તરીકે પ્રતિષ્ઠા કરવામાં આવી. એ ઐતિહાસિક પ્રસંગે સંભવતઃ અંચલગચ્છાધિપતિ શ્રી રાજેન્દ્રસાગરસૂરિ પણ શિષ્ય-સમુદાય સાથે ઉપસ્થિત રહેલા. મૂલનાયકજીની પ્રતિષ્ઠાની સાથે અન્ય જિનબિંબોની પ્રતિષ્ઠા પણ થઇ. અલબત્ત, પ્રતિમાજીનો પરિવાર તે વખતે ઓછો હશે.

શિખરબંધ જિનાલયના બાંધકામ પાછળ આશરે સાતેક હજારનો ખર્ચ થયો હશે. જ્ઞાતિબંધુઓએ મળીને તે માટે ફાળો એકત્રિત કરેલો. બેએક હજાર રૂપીઆ ઓછા થવાથી શેઠે ખૂટતી રકમ આપેલી, જે પાછળથી તેમને પરત કરવામાં આવેલી. એ વર્ષથી જિનાલયના વહીવટનું ખાતું એમના ચોપડામાં પડયું, જે આગળ શેઠ જીવરાજ રતનશી પાસે હતું એમ "દર્પણ" (માર્ચ, સન ૧૮૯૯)માં ઉલ્લેખ છે.

---

(૧) જિનાલયના સાંપ્રત લેખમાં ઉપર્યુક્ત પ્રતિષ્ઠા ભટારક શ્રી મુક્તિસાગરસૂરિના શુભ હસ્તે થઇ હોવા અંગે તેમાં ઉલ્લેખ છે વાસ્તવમાં તે વખતે ભટારક શ્રી રાજેન્દ્રસાગરસૂરિ વિદ્યમાન હતા

(૨) જ્યોતિષાનુસાર ક્ષમાનંદજી મ. જણાવે છે કે નોમ રિક્તા તિથિ હોઈ જિનાલયની પ્રતિષ્ઠા તે દિવસે ન થઇ હોય. દસમને દિને કદાચ થઈ હોય. એમનો આ મત વિચારણીય છે.

(૩) જિનાલયની પ્રતિષ્ઠા વખતે શેઠાણી કુંવરબાઇ તથા તેમના સુપુત્ર હીરજી શેઠ પણ વિદ્યમાન હતા શેઠ નરશી નાથાના શલોકામાં હીરજીશેઠે જિનાલય બંધાવ્યુ એવો ઉલ્લેખ છે, જુઓ પરિશિષ્ટ (ব)

શિખરબંધ જિનાલય બંધાયા પછી શેઠ નરશીશા પ્રતિવર્ષ ધ્વજારોપણ કરતા અને તે દિવસે નાતને જમણ આપતા. તેનો વહીવટ એમની દોરવણી હેઠળ એમના પ્રતિનિધિઓ ભારમલ તેજશી અને માડણ તેજશી મુખ્યત્વે કરતા રહ્યા. શેઠ નરશીશાની પેઢીના, જિનાલયના કે સમસ્ત જ્ઞાતિના એ બન્ને મહાનુભાવો જ વહીવટી કર્ણધાર હતા. એમની કાર્યકુશળતાથી ઉક્ત ત્રણે વ્યાવસાયિક, ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓએ પ્રગતિનાં નૂતન સિમાચિહ્ના અંકિત કર્યાં.

હાલ જિનાલય તથા ઉપાશ્રય જે વિશાળ જમીન ઉપર છે, તે જુદા જુદા સાતેક ટુકડાઓની બનેલી હતી અને તે ભિન્ન ભિન્ન સમયે ખરીદાઈ હતી. મૂળ ગભારાના વચલા ભાગની જમીન ખતીજાબીબી અને શેખ મહમ્મદબીન અબ્દુલરહેમાન પાસેથી શેઠ નરશીશાએ તા. ૧૬–૩–૧૮૩૦ ના લખાણથી ખરીદી હતી. તેનું ક્ષેત્રફળ ૧૨૮. ૧/૩ ચો. વા. હતું.

પાછળથી તેમણે વિશ્રામ વેરશી પાસેથી તા. ૧૮–૧૦–૧૮૪૨ના લખાણથી ઓતરાદી જમીન, જેનું ક્ષેત્રફળ ૧૭૭. ૭/૯ ચો. વા. હતું તે ખરીદીને તેના બાંધકામને મૂળ ભાગ સાથે જોડી દીધું. શેઠે સાત ટુકડાઓમાંના આ બે ટુકડાઓ પોતાની હયાતિમાં ખરીદેલા. એમના મૃત્યુ બાદ તેમના વારસદાર હરભમશેઠે બાકીના પાંચ ટુકડાઓ ખરીદ્યા તેની વિગત આ પ્રમાણે છેઃ—

(૧) તા. ૧૪–૧૧–૧૮૫૫માં કીરપાલ હીરજી પાસેથી દખણાદી જમીન ૧૫૫ ચો. વા.

(૨) તા ૧૮-૨-૧૮૫૩માં ચંપાબાઈ પાસેથી મૂડીબજાર તરફની જમીન ૮૦. ૫/૯ ચો. વા. જયાં હાલ ઉપાશ્રયનો ઉત્તર ભાગ છે.

(૩) તા ૧૬ ૧૦ ૧૮૫૪માં મેમણ રહીમતુલ્લા અબદુલ્લા પાસેથી મૂડીબજાર તરફની જમીન ૯૦. ૨/૯ ચો. વા. જ્યાં હાલ ઉપાશ્રયનો દક્ષિણ ભાગ છે.

(૪) તા. ૧૫-૧-૧૮૫૫માં અમીનાબીબી અને બીજાઓ પાસેથી મૂડીબજાર તરફની જમીન ૨૩૨. ૪/૯ ચો. વા. જયાં હાલ ઉપાશ્રયનો વચલો ભાગ છે.

(૫) તા. ૧૧-૭-૧૮૫૬ માં દામોદર કરશન અને બીજાઓ પાસેથી ૨૫૧. ૭/૯ ચો. વા. જમીન સાધારણ ફંડ માટે ખરીદી.

જિનાલયની સ્થાપના થઈ ત્યાર બાદ ઉપર્યુક્ત જમીનના ત્રણ ટુકડાઓ ખરીદીને, તે ઉપરના બાંધકામને મૂળ જિનાલય સાથે જોડી દેવામાં આવ્યું. આ પ્રક્રિયા સં. ૧૮૮૯થી શરુ થઇ અને સં. ૧૯૧૨માં પૂર્ણ થઇ. એવી જ રીતે ઉપાશ્રય તરફની જમીન પણ ત્રણ ટુકડાઓમાં ખરીદાઈ અને તેનું બાંધકામ સં. ૧૯૦૯થી શરુ થઈ સં. ૧૯૧૨માં સંપૂર્ણ થયું. આમ શેઠ નરશીશા અને તેમના વારસદાર હરભમશેઠ આ જિનાલયને તબક્કાવાર નવો અને નવો આકાર આપતા રહ્યા.

મુંબઇનાં પુરાણાં હિન્દુ મંદિરો પૈકી વાલકેશ્વરનું મંદિર સં. ૧૭૫૯માં રામાજી કામટે, પરબાદેવીનું સં. ૧૭૭૧માં, બાબુલનાથનું સં. ૧૮૩૦માં પાંડુરંગ સોનારેએ, મહાલક્ષ્મીનું સં. ૧૮૩૨માં રામાજી શિવાજીએ, ગોવાળિયા

તળાવનું ભવાનીશંકરનું સં. ૧૮૬૨માં શંકરશેઠ બાબુલશેઠે બંધાવ્યાં. એ સૌથી પહેલાં મુંબાદેવીનું મંદિર સં. ૧૪૨૮માં થયું જે વિશે ઉલ્લેખ કરી ગયા છીએ.

શેઠ નરશીશાના વરદ હસ્તે શ્રી અનંતનાથ જિનાલયની પ્રતિષ્ઠા થઈ એ પહેલાં મુંબઇમાં જે જૈનમંદિરો હતાં તેની વિગત આ પ્રમાણે છે:

(૧) સં. ૧૮૬૫માં કોટમાં શ્રી શાંતિનાથ-જિનાલય શેઠ નેમચંદ અમીચંદ અને શેઠ પ્રેમચંદ રંગજીએ બંધાવ્યું.

(૨) સં. ૧૮૬૮ના બીજા વૈશાખ શુદિ ૮ શુક્રવારે ભુલેશ્વર અને કુંભાર–ટુકડા વચ્ચે શ્રી ચિંતામણિ–જિનાલય શેઠ નેમચંદ અમીચંદે બંધાવ્યું.

(૩) ૧૮૭૬ને માઘ શુદિ ૧૩ ના દિને ભીંડીબજારને નાકે શ્રી શાંતિનાથ–જિનાલયની પ્રતિષ્ઠા શેઠ મોતીશાહે કરી.

(૪) સં. ૧૮૭૮માં ગુલાલવાડીને નાકે શ્રી ચિંતામણિ જિનાલયની પ્રતિષ્ઠા મારવાડી અમરચંદ બીરદીચંદે કરી.

(૫) ૧૮૮૦માં શેઠ મોતીશાના પિતરાઈ ભાઈદાસે પાયધુની ઉપર શ્રી ગોડીજી–જિનાલય બંધાવ્યું.

(૬) સં, ૧૮૮૨માં પાયધુનીના ખૂણા ઉપર શ્રી આદીશ્વર–જિનાલયમાં મૂલનાયકજીની પ્રતિષ્ઠા થઇ.

(૭) સં. ૧૮૮૫ના માગશર શુદિ ૬ ને શુક્રવારે ભાયખળામાં શેઠ મોતીશાહે બંધાવેલાં શ્રી આદીશ્વર–જિનાલયની પ્રતિષ્ઠા થઈ.

ઉપર્યુક્ત નોંધ દ્વારા જણાય છે કે શેઠ નરશીશાએ પ્રતિષ્ઠિત કરેલા શ્રી અનંતનાથ જિનાલય પહેલાં બંધાયેલાં મોટા ભાગનાં જિનાલયનાં કાર્યમાં શેઠ મોતીશા અને તેમના

ભાઈ નેમચંદભાઈનો મુખ્ય હાથ હતો. આ સૌ જિનાલયોમાં શ્રી ગોડીજી તથા શ્રી અનંતનાથ-જિનાલયનાં ટ્રસ્ટો માતબર હોઈને અગ્રપદે છે.

એ જમાનામાં લોકોની ધર્મભાવના પ્રબળ હતી. શેઠ મોતીશા તથા શેઠ નરશીશા આદિ અગ્રેસરોની ધર્મશ્રદ્ધા પ્રબળ હોઈને તે ગુણ તેમના જ્ઞાતિબંધુઓમાં ઉતરી આવે તે સ્વાભાવિક જ છે. તેમની ધર્મચર્યા વિશે ઘણું સંભળાય છે. તેઓ સવારે વહેલા ઊઠી નિત્ય નિયમ તથા સેવા-પૂજા કરી બહાર નીકળતા. શ્રી અનંતનાથ-જિનાલયની સ્થાપના પહેલાં તેઓ પોતાના ગૃહચૈત્યમાં દેવદર્શનાદિ કરતા, અને ત્યાર બાદ અન્ય કામોનો પ્રારંભ કરતા.*

શ્રી અનંતનાથ પ્રભુની આ પ્રતિમા ઘણી ચમત્કારિક મનાય છે. તેમની સ્થાપના થયા પછી જિનાલયની આવક કૂદકે ને ભૂસકે વધતી ચાલી, એ સાથે દશા-ઓશવાળ-જ્ઞાતિની સમૃદ્ધિ ઊંચા શિખરોને આંબતી થઇ. શરૂઆતમાં જિનાલયના નિભાવ માટે જ્ઞાતિબંધુઓએ વ્યક્તિ દીઠ રૂા. ૧) ઘૃતના લાગારૂપે આપવો એવું નક્કી થયેલું. જન્મ, સગપણ, લગ્ન કે વાર-તહેવારના લાગા તો જુદા જ. કિન્તુ જ્ઞાતિબંધુઓએ સ્વૈચ્છિક રીતે, પોતે જેમ જેમ કમાતા

* જ્યોતિષાનુસાર મૂળનાયક અને નગરના બન્નેનો રાશિમેળ આવશ્યક હોઈને તે અનુસાર શેઠ નરશીશાએ જેટલાં જિનાલયો બંધાવ્યાં છે તે સૌમાં મૂળનાયક તરીકે શ્રી ચંદ્રપ્રભુજી છે એ વાત પણ નોંધનીય છે. અનુમાનતઃ એમના ગૃહચૈત્યમાં પણ શ્રી ચંદ્રપ્રભુજી જ હશે.

ગયા તેમ તેમ, વધુ ને વધુ જિનાલયમાં આપતા રહ્યા. પરિણામે જિનાલયની સ્થાવર અને જંગમ મિલકતોમાં ઉત્તરોત્તર વધારો થતો ગયો.

આજથી પોણોસો વર્ષ પહેલા, તા. ૧૦-૧-૧૮૯૪માં દેલભાઈ પદમશીએ કોર્ટમાં જુબાની આપતાં જણાવેલું કે જિનાલયની માત્ર ભંડારની પેદાશ ૫૦ વર્ષમાં રૂા. ૨૮૦૦૦) ની થઈ છે, સં. ૧૯૦૫થી ૩૭ સુધીમાં ઘી તથા ભંડારની પેદાશ આશરે છ લાખની થઈ છે, જેમાં સાધારણ ખાતાની પેદાશ દર્શાવેલ નથી. આ રકમમાંથી સ્થાવર મિલકત ખરીદવામાં આવી છે તેની કીમત રૂા. ૧૭૫૦૦૦) ની છે. એ સિવાય રૂા. ૫૦૦૦૦)નું ઝવેરાત ખરીદ્યું છે, ૧૧૦૦૦૦)ના પ્રોમીસરી નોટ ખરીદ કર્યા છે, અને રૂા. ૮૦૦૦) રોકડ છે. એ પછીનાં પોણોસો વર્ષ પછી તો આ જિનાલયનું ટ્રસ્ટ કરોડ રૂપીઆથી અધિક થઈ ગયું !

શ્રી અનંતનાથ-પ્રભુની પ્રતિમાના ચમત્કારની અનેક વાતો લોકોમાં સંભળાય છે. એક પ્રત્યક્ષ દાખલો અહીં નોંધવા જેવો છે. તા. ૧૪-૪-૧૯૪૪ના સાંજે ગોદીમાં દારૂ ભરેલી સ્ટીમરને અગ્નિનો સ્પર્શ થતાં વિનાશક ધડાકાઓથી માંડવી લત્તો ગાજી ઉઠેલો અને અગ્નિગ્રસ્ત બની ગયેલો. લોકો ભયભીત થઈ જીવ બચાવવા નાશી ગયેલા. પરંતુ જિનાલયને તથા એની નજીકના વિસ્તારને આંચ ન આવી. બધે બેફામ લૂટ ચાલેલી. પરંતુ પ્રતિમા પરના સાચા હીરાના દાગીનાને કોઈ અડકેલું નહીં !

આપણે જોયું કે શેઠની વિદ્યમાનતામાં અને કેટલાંક વર્ષો બાદ પણ જિનાલયનો વહીવટ તેમના પ્રતિનિધિ તરીકે

ભારમલ તેજશી અને માડણ તેજશી કરતા હતા. જ્ઞાતિના અન્ય શેઠિયાઓ તથા તેમના વંશવારસો પણ જિનાલયના વહીવટમાં આગેવાની ભર્યો ભાગ લેતા ગયા.

તા. ૭–૯–૧૮૬૭માં એક તરફ ગં. સ્વ. લીલબાઈ વીરજી નરશી, બીજી તરફ શેઠ હરભમ નરશી નાથા અને ત્રીજી તરફ નિયુક્ત થયેલ છ ટ્રસ્ટીઓ વચ્ચે થયેલ લખાણને આધારે જિનાલયનું એક ટ્રસ્ટડીડ કરવામાં આવ્યું, જેના પ્રથમ ટ્રસ્ટીઓ આ પ્રમાણે હતા :– (૧) શેઠ હરભમ નરશી (૨) શેઠ કેશવજી નાયક (૩) શેઠ ત્રીકમજી વેલજી (૪) શેઠ ઘેલાભાઈ પદમશી (૫) શેઠ માડણ તેજશી (૬) શેઠ જીવરાજ રતનશી. ટ્રસ્ટડીડ કરવામાં શેઠાણી લીલબાઇનો ફાળો નોંધનીય છે. આ ટ્રસ્ટડીડમાં ઉક્ત લખાણનો આ પ્રમાણે ઉલ્લેખ છે : –

"તેમાં લખ્યું છે કે મરનાર નરશી નાથા કચ્છી દશા ઓશવાળની નાતના એક શેઠ હતા, અને મુંબઇમાં આવેલા શ્રી અનંતનાથ ભગવાનના દેરાના ટ્રસ્ટી તથા મેનેજર હતા. તેમણે ટ્રસ્ટી તરીકે અનંતનાથના દેરાના ફંડમાં પોતાના નામથી તેમાં લખેલા કેટલાક ખતોમાં જણાવેલી સ્થાવર મિલકત ખરીદી હતી. તેમાં એમ પણ લખ્યું છે કે તે નરશી નાથા તા. ૧૧મી ડીસેમ્બર, સને ૧૮૪૨ને દિને બીન વસ્યાતનામે ગુજરી ગયા છે. તેમને વી જી નરશી સિવાય બીજું છોકરૂં ન હતું. વીરજીને તેણે રીતસર ખોળે લીધો હતો. તે તેમનો એકલો વારસ અને વકીલ હિન્દુ લૉ પ્રમાણે થયો. તે નાતનો શેઠ થયો અને દેરાનો ટ્રસ્ટી અગર મેનેજર થયો.

"તેમાં એવું પણ લખ્યું છે કે તે વીરજી નરશી તા.

૨૪મી માર્ચ, સને ૧૮૫૨ને દિને બીન-છોકરે ગુજરી ગયો. તેમની વારસ લીલબાઇ એકલી હતી. તેમાં વધારે એવું લખ્યું છે કે મજકૂર હરભમ નરશી વળી મજકૂર શ્રી અનંતનાથના દેરાના સ્ટી અને મેનેજર હતા. તેમણે ટ્રસ્ટી તરીકે દેરાના પૈસામાંથી પોતાના નામે કેટલીક સ્થાવર મિલકતો ખરીદી હતી. તેમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે તમામ મિલકતની એક મિલકત થયેલી, જેને વિશે આ ખત કરવામાં આવશે...........કચ્છી દશા ઓશવાળની નાતે મજકૂર લીલબાઈ અને હરભમ નરશીને કહ્યું કે મજકૂર સ્થાવર મિલકતનું એક રીતસર અને બરોબર ટ્રસ્ટડીડ કરી આપો, જેથી કરીને તે તે ટ્રસ્ટીઓના સ્વાધિનમાં દેવદર્શન તથા ધર્મકાર્ય સારૂ રહે. મજકૂર લીલબાઇએ અને હરભમ નરશીએ તે પ્રમાણે કરવાનું કહ્યું છે."

આ જિનાલય સંબંધમાં અનેક યાદગાર કેસો લડાયા છે, તેમાં સને ૧૮૮૧માં વાદી ઠાકરશી દેવરાજ અને બીજાઓ તથા પ્રતિવાદી હરભમ નરશી અને બીજાઓ વચ્ચે લડાયેલો કેસ યાદગાર છે, જેના પડઘાઓ ઘણા દૂરગામી પડ્યા. આ બાબતની વિગત માટે જુઓ "અંચલગચ્છ–દિગ્દર્શન" પેરાં નં. ૨૪૬૬–૭૩. હાલમાં પણ જિનાલયના ટ્રસ્ટીઓના વૈયક્તિક અભિનિવેશોથી ટ્રસ્ટને તથા સમસ્ત જ્ઞાતિને કેવો ધક્કો પહોંચ્યો છે તે સુવિદિત છે. અલબત્ત, હાલમાં કોર્ટ કચેરીઓમાં લડાઈ રહેલા સંખ્યાબંધ કેસોની વિગતમાં જવું અહીં પ્રસ્તુત નથી.

શ્રી અનંતનાથ જિનાલયનું ટ્રસ્ટ ભારતનાં જૈન ટ્રસ્ટોમાં પ્રથમ હરોળનું ટ્રસ્ટ ગણાય છે. આ ટ્રસ્ટની કાર્ય–પ્રણા-

લિકા પણ ભવ્ય છે. ટ્રસ્ટ દ્વારા થયેલાં ધાર્મિક કાર્યોની કડી-બંધ વિગતો નોંધીએ તો એક સ્વતંત્ર ઇતિહાસ થાય એમ છે. શેઠ નરશીશાની ચિર સ્મૃતિ આ જિનાલયના પાયા સાથે જ જડાયેલી રહી છે. એમની બહુમૂલ્ય સેવાઓના ઉપલક્ષમાં મૂલશિખર ઉપર ધ્વજારોપણ કરવાનું અપૂર્વ માન એમને વંશપરંપરાગત આપવામાં આવ્યું છે.* આ ટ્રસ્ટના સુકાર્યોની સાથે શેઠ નરશીશાની કીર્તિ-સુવાસ સમગ્ર ભારતવર્ષમાં પથરાયેલી જોવા મળે છે.

---

* શ્રી અનંતનાથ જિનાલયની વર્ષગાંઠ વખતે જ્ઞાતિના અન્ય શેઠિયાઓને પણ આ પ્રમાણે ધ્વજારોપણ કરવાના વંશપરંપરાગત હક્કો આપવામાં આવ્યા છે : (૧) શેઠ કેશવજી નાયકને શ્રી ચક્રેશ્વરી માતાની દેરી ઉપર (૨) શેઠ જીવરાજ રતનશીને શ્રી મહાકાલી માતાની દેરી ઉપર (૩) શેઠ વેલજી માલુને માતાજીની દેરીઓ ઉપર અને (૪) શેઠ શિવજી નેણશીને જ્ઞાનભંડાર ઉપર. ધ્વજારોપણ ઉપરાંત મુહૂર્ત કાઢવાના હક્કો પણ તેમના વંશવારસો હજી ભોગવે છે. શેઠ નરસીશાના વારસદારોને નાત તરફથી પાઘડી પણ પહેરાવવામાં આવતી.

# [૯] કચ્છમાં ધર્મ-પ્રવૃત્તિ

મુંબઈમાં જિનાલયની સ્થાપના બાદ શેઠ નરશીશાને પોતાના વતન નલિયામાં પણ શિખરબંધ જિનાલય બંધાવવાની ભાવના જાગેલી. શેઠાણી કુંવરબાઈએ આ કાર્યમાં પ્રેરણા આપેલી. એમની હયાતિમાં જ જિનાલયનું ખાત-મુહૂર્ત થઈ ગયેલું. કચ્છ-તેરાના સ્થપતિ સલાટ કડવા મનજીને જિનાલયનું કામ તડામાર ઉપાડવાની તેમણે સૂચના આપેલી. તે અનુસાર નકશાઓ તૈયાર થઈ ગયા અને કુશળ કચ્છી કારીગરોનું જૂથ જિનાલય નિર્માણનાં કામમાં રોકાઈ ગયું. * પરંતુ કુંવરબાઈ તથા તેમના પુત્ર હીરજી શેઠ આ કાર્ય પૂરું થાય તે પહેલાં જ સ્વર્ગે સંચર્યાં.

આ અરસામાં જ્ઞાતિબંધુઓ જખૌ તથા માંડવી બંદરોનો મુંબઈ જવા-આવવામાં સવિશેષ ઉપયોગ કરતા હોઈને ત્યાં ખૂટતી સગવડતાઓ પૂરી પાડવા શેઠ નરશીશાએ પ્રયત્નો કર્યા. નલિયા અને જખૌ વચ્ચે વટેમાર્ગુ માટે તેમણે

---

* કચ્છ-તેરાના કડવા વંશના સ્થપતિઓ અને તેના કારીગરોએ આ અરસામાં મોટા ભાગનાં જિનાલયો બાંધ્યાં છે કચ્છી કારીગરો સ્થાપત્યકળામાં તે વખતે ભારે પ્રવીણ ગણાતા હતા.



શેઠ શ્રી નરશીશા દ્વારા પ્રતિષ્ઠિત શ્રી ચંદ્રપ્રભુજિનાલય
તથા શ્રી વીરપ્રભુની દેવકુલિકા, કચ્છ-નલિયા



શ્રી શત્રુંજયગિરિ ઉપરનું શ્રી ચંદ્રપ્રભુનું જિનાલય-ચૌમુખજીની ટૂંકમાં

વિશ્રાંતિગૃહ તેમજ પરબવાળી વાવ બંધાવ્યાં તથા ભોજનનો પણ પ્રબંધ કર્યો. આથી દરિયાઈ રસ્તે મુંબઈ જતા જ્ઞાતિ-બંધુઓને ઘણી જ રાહત થઈ.

માંડવીબંદર તે વખતે કચ્છનો દરવાજો હતો. મુંબઈ જતા-આવતા જ્ઞાતિબંધુઓને ત્યાં ખાસ રોકાવું પડતું, પણ સ્વતંત્ર ધર્મશાળા ન હોઈને તેમને ઘણી અગવડતાઓ પડતી. આથી શેઠે ત્યાં બંદરની સામે જ ધર્મશાળા બંધાવી આપી, જે શેઠ નરશી નાથાના વંડા તરીકે આજે ઓળખાય છે. એ વંડા પાસે યાત્રિકો દેવદર્શન કે સેવા પૂજા કરી શકે એ હેતુથી જિનાલય પણ બંધાવવામાં આવ્યું.

અંજારના અંચલગચ્છીય પ્રાચીન જિનાલયનો તેમણે જીર્ણોદ્ધાર કરાવી આપ્યો તથા સાધુ-સંતોના ઉતારા માટે ત્યાં એક મેડી પણ બંધાવી આપી.

પોતાના જન્મ-સ્થાન નલિયામાં તેમણે ધર્મશાળા બંધાવી આપી, તેમ જ સદાવ્રત (અન્નક્ષેત્ર) પણ ચાલુ કર્યું. આ ઉપરાંત કૂતરાને રોટલો, પંખીને ચણ આદિ નાનાં મોટાં અનેક કાર્યોમાં દ્રવ્યવ્યય કરી શેઠ નરશીશાએ પોતાનું જીવન કૃતાર્થ કર્યું.

આ સદાવ્રતના નિભાવ માટે તેમણે છાદુરાગામમાં પાંચમી પાંતીનો ગરાસ પણ લીધો. અભ્યાગતોને તેમાંથી વ્યક્તિ દીઠ અઢી શેર લોટ અને એક દોકડો અપાતો. નલિયાના ગ્રામાધિપતિ એ ગરાસની રક્ષા કરે, તથા તેની આવકમાંથી કોઈ વેરો ન લે તે અંગેનું લખાણ પણ તે વખતે કરવામાં આવ્યું હતું. જુઓ પરિશિષ્ટ : (ક)

નલિયામાં શ્રી ચંદ્રપ્રભુ જિનાલયનું કામ પૂરું થવાની

તૈયારીમાં હતું. એટલે તેની પ્રતિષ્ઠામાં સાંતક તરીકે બેસવા આપ્તજનોના અત્યાગ્રહથી શેઠે સં. ૧૮૯૬માં કચ્છ–બારોઇના વેરશી મૂલજીના કોઇ વીરબાઈ સાથે પુનર્લગ્ન કર્યું હતું. તે વખતે આ પ્રથા પ્રચલિત હતી.

પોતાના વતનમાં શિખરબંધ જિનાલય બંધાવવાનું વર્ષો પૂર્વે તેમણે સેવેલું સ્વપ્ન સાકાર થતાં તેમના ઉમગનો પાર નહોતો. જિનાલયનાં કાર્યમાં તેમણે છૂટે હાથે દ્રવ્ય ખરચ્યું જિનાલયનું સ્થાપત્ય પણ કલાના દૃષ્ટિએ ઉત્કૃષ્ટ થયું. પાછળથી ત્યાં જિનાલયોનો પરિવાર વધતાં તેને વીરવસહીની ટૂક તરીકે ઓળખાવવામાં આવે છે. આ ટૂકની ગણના અબડાસાની પંચતીર્થીમાં થતી હોઇને તે આજે તીર્થધામ રૂપે પૂજાય છે. ગામની વચ્ચોવચ્ચ આવેલું જિનાલયોનું આ કલાત્મક ઝૂમખું યાત્રિકોનાં મન હરે છે.×

---

× ૧૬ શિખરો અને ૧૪ રંગમંડપોથી શણગારેલાં આ અનુપમ શોભાધારી મંદિરના ઝૂમખામાં હાલ પાષાણની ૧૧૦, ધાતુની ૨૬, ચાંદીની ૬૯ સ્ફટિકની ૧ મળીને કુલ ૧૭૬ જિન પ્રતિમાઓ છે. ૧૩૨ સિદ્ધચક્ર ચાંદીના, ૪ ધાતુના અને ૨ ચંદન કાષ્ઠના મળીને કુલ ૧૩૮ છે.

શેઠ ભારમલ તેજશીએ સં. ૧૯૧૦માં શ્રી શાંતિનાથ ભગવાનનું તથા શેઠ હરભમ નરશીએ સં. ૧૯૧૮માં શ્રી અષ્ટાપદનું જિનાલય બંધાવ્યાં. ત્રણે જિનાલયોના ગભારા અલગ છે પણ મંદિર એક ગણાય છે. મંદિરની આગળ એક વિશાળ ચોક છે. મંદિરના નિર્માતા શેઠ નરશી નાથા અને તેમના ધર્મપત્નીની આરસની મૂર્તિઓ પૂરબાઇની પ્રેરણાથી પાછળથી મૂકવામાં આવેલી.

શ્રી વીરવસહીનો ધ્વજદંડ મહોત્સવ સં. ૧૯૮૫ના માઘ શુદિ ૬ને

સં. ૧૮૯૭ માઘ શુદિ ૫ ને બુધવારે અંચલગચ્છાધિપતિ શ્રી મુક્તિસાગરસૂરિના ઉપદેશથી જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો. શુભ મુહૂર્તમાં મૂલનાયક–પદે શ્રી ચંદ્રપ્રભુની શેઠ નરશીશાએ પ્રતિષ્ઠા કરી. મૂલનાયકાદિ પાંચ જિન બિંબોની તેમણે પ્રતિષ્ઠા કરી. કચ્છ–અબડાસાનું આ સૌ પ્રથમ જ શિખરબંધ જિનાલય હેઇને તેની પ્રતિષ્ઠા વખતે સૌએ ઉલટભેર ભાગ લીધો. એ શુભ પ્રસંગે પૂજાઓ, પ્રભાવના આદિ અનેક મહોત્સવો ઉજવાયા, સાતે ક્ષેત્રમાં પુષ્કળ દ્રવ્યરાશિ ખરચાયો, તથા યાચકોને ઘણું દાન દેવામાં આવ્યું.

ત્યાં ચાતુર્માસ બિરાજેલા મુનિ રત્નચંદ્રગણિએ આ જિનાલયની શિલા–પ્રશસ્તિ રચી છે. તેમાં જણાવાયું છે કે તે વખતે કચ્છમાં મહારાવ શ્રી ભારમલજીના કુંવર મહારાવશ્રી દેશળજીનું રાજ્યશાસન હતું.

નલિયાના ગ્રામાધિપતિ જાડેજા આશારીઆજી હોથીજી હતા. આ શિલા-પ્રશસ્તિમાં અંચલગચ્છની પટ્ટાવલી તથા

---

શુક્રવારે તથા શતાબ્દી મહોત્સવ સં. ૧૯૯૭ના પોષ વદિ ૧૨ને શુક્રવારે સંપન્ન થયા, જેમાં અંચલગચ્છના મુનિમંડલાગ્રેસર ગૌતમસાગરજી મહારાજ ઉપસ્થિત રહેલા.

નલિયા પાસેના વડસરગામમાં સં. ૧૯૧૮માં મુનિ ગુણસાગરજીના ઉપદેશથી શ્રી પાર્શ્વનાથ–જિનાલયની પ્રતિષ્ઠા થયેલી. પરંતુ હાલ ત્યાં શ્રાવકોની વસતી ન રહેવાથી જિનાલયનું ઉત્થાપન કરવામાં આવ્યું છે. શ્રી વીરવસહી ટૂંકમાં બીજું એક જિનાલય હાલ બંધાવવામાં આવ્યું છે. તેમાં શ્રી પાર્શ્વનાથપ્રભુની પ્રતિમા બિરાજિત કરવાની યોજના ચાલી રહી છે.

શેઠ નરશીશાના વંશવૃક્ષ સંબંધમાં વિસ્તૃત હકીકતો નોંધવામાં આવી છે. જુઓઃ પરિશિષ્ટ (ह) (૧)

શેઠ નરશીશાના પુત્ર હીરજી શેઠે શ્રી મહાવીર પ્રભુની દેવકુલિકા બંધાવી હતી તેની પ્રતિષ્ઠા પણ એ અવસરે જ થઈ. તેઓ તે પ્રસંગે વિદ્યમાન ન હોઇને તેમના ધર્મપત્ની પૂરબાઇએ આ કાર્ય દીપાવ્યું. શેઠ નરશીશાના દત્તકપુત્ર વીરજી શેઠે બંધાવેલ શ્રી વીરપ્રભુની દેવકુલિકાની પ્રતિષ્ઠા પણ એ શુભ મુહૂર્તમાં જ થઈ.

આ ઐતિહાસિક પ્રસંગે શેઠે ૫૨ ગામોના મહાજનને ઉમંગપૂર્વક નિમંત્રીને નલિયામાં જ્ઞાતિમેળો કર્યો હતો. આવી રીતે પહેલી જ વાર સમસ્ત જ્ઞાતિ એકત્રિત થઈ હતી. આ પ્રતિષ્ઠાની યાદગીરી—રૂપે તેમણે કચ્છમાં દશા તથા વીશા જ્ઞાતિમાં ઘર દીઠ સાકર ભરેલી થાળીની તથા એક રૂપીઆની લહાણુ કરેલી.

ઉપર્યુક્ત પ્રસંગ પછી થોડા મહિના બાદ સં. ૧૮૯૭માં તેમણે મુંબઇથી પાલીતાણાનો તીર્થસંઘ કાઢેલો. એ વખતે તેમણે પાલીતાણામાં ધર્મશાળા અને જિનાલય તથા ગિરિરાજ ઉપર જિનાલયની જગ્યા ખરીદીને ખાતમુહૂર્ત પણ કરી દીધું હતું. આ સંઘ શ્રી ગોડીજી-જિનાલય સામેની સાત ઓરડાની ધર્મશાળામાં ઉતરેલો, જ્યાં અંચલગચ્છનો પ્રાચીન ઉપાશ્રય જીર્ણ હાલતમાં હોઇને તેમણે તેનો જીર્ણોદ્ધાર પણ કરાવી આપ્યો હતો +

---

+ જીર્ણોદ્ધાર વખતે શેઠ નરશી નાથાનો શિલાલેખ મૂકવામાં આવેલો, પરંતુ હાલમાં તે કાઢી નાખવામાં આવ્યો છે. તે વખતે એનો વહીવટ પાલીતાણાના અંચલગચ્છના શ્રાવકો કરતા હતા.

પાલીતાણાથી શેઠ સંઘ સહિત પુનઃ નલિયા પધાર્યા અને તેમણે દેશતેડું કરીને ત્યાં બીજો જ્ઞાતિ મેળો કર્યો. આ મેળામાં પુનર્લગ્નની નાબૂદીનો ઐતિહાસિક ઠરાવ સ્વીકારવામાં આવ્યો. પહેલાં કન્યાઓની અછતને લીધે પુનર્લગ્નની પ્રથા પ્રચલિત હતી કચ્છના મહારાવ શ્રી દેશળજીની સહાયતાથી તથા કચ્છ–હાલારના સમસ્ત મહાજનની સંપૂર્ણ સંમતિથી તેમણે પુનર્લગ્નની પ્રચલિત પ્રથા નાબૂદ કરાવી. તેમને પોતાને પણ પુનર્લગ્નનાં કડવાં ફળો ચાખવા મળેલાં. તેમ જ એ પ્રથાથી જ્ઞાતિની વગોવણી પણ થયેલી. શેઠ મોતીશાએ આ પ્રથા નાબૂદ કરવા શેઠ નરશીશાને ખૂબ સમજાવેલા એમ પણ કહેવાય છે.*

---

* આ ઠરાવના ચુસ્ત અમલથી પંજાની નાત અસ્તિત્વમાં આવી. સં ૧૯૧૭માં વેલજી માલુના ભાઇ રતનશીએ એ પછી પહેલવહેલાં જખૌના ચાંપશી ગોત્રની વિધવા સાથે પુનર્લગ્ન કરતાં, એ બહુ-ચર્ચિત રિવાજ પુનઃ પ્રચલિત બનેલો અને એના પરિણામ–રૂપે પંજાની જ્ઞાતિ અસ્તિત્વમાં આવી, જેને દશા ઓશવાળની નાની નાત તરીકે પણ ઓળખાવાય છે. પંજાની નાતની સંખ્યા હાલ હજાર ઉપર ગઇ છે એટલે તેને પુનઃ દશાજ્ઞાતિમાં ભેળવી દેવાના પ્રત્યાઘાતો પણ ઊભા છે. આ મુદ્દા પર હાલમાં ઘણો ઊહાપોહ થયો છે.

અહીં એક વાતનું સ્પષ્ટીકરણ અત્યંત જરૂરી છે. પુનર્લગ્નના રિવાજથી વીશામાંથી દશાની નાત થઇ એવી ભ્રાન્ત કલ્પના લોકોમાં રૂઢ છે આવી વિપરિત માન્યતાથી દોરવાઇને પુનઃ દશામાંથી પંજાની નાત ફંટાઈ; અન્ય નાતોમાં તો અઢિયા અને સવાયા જેવી નાતો પણ થઇ વસ્તુતઃ દશા કે વીશા લઘુતા કે ગુરુતા દર્શક પર્યાયો ન હોવા છતાં નાની અને તેથી નાની નાતોની પરંપરા શરૂ થઇ!

વિધવાઓને આર્થિક મદદ આપવા શેઠે પોતાથી બનતું બધું કર્યું. તેમને જો ખબર પડે કે કોઈ જ્ઞાતિબંધુ પોતાની પાછળ નિરાધાર વિધવા કે બાળકોને મૂકીને મૃત્યુ પામ્યો છે, તો તેઓ તરત જ તેને ઘેર પહોંચી જતા અને સૌને દિલાસો આપીને યોગ્ય સહાય પહોંચાડતા વિધવાઓના આંસુ લૂછવા તેમણે આદરેલાં કાર્યો વિશે ઘણું સંભળાય છે. તેમણે પંદર હજાર કોરી આ કાર્ય માટે જુદી કાઢેલી, જેમાંથી બે કોરી વિધવાઓને આપવામાં આવતી હતી.

બીજા જ્ઞાતિમેળા વખતે શેઠ નરશીશાનો શલોકો ગોરજી સુરચંદના શ્રાવક શિષ્ય દેવશીએ રચીને બધાની વચ્ચે ગાઈ સંભળાવ્યો હતો. જુઓ :-

સાંતલપુર શેર ગુરૂજી સુરચંદ, શ્રાવક ગુણગાય દેવશી રડે રે:
હે દેવશી રડે રે શલોકો જ થાય, માતા૦
માતા શારદાએ જ પૂરો કીધો નરશી નાથા જો.

એ પછી ઉક્ત શલોકો લગ્નાદિ શુભ પ્રસંગે કે જ્ઞાતિ-મેળાઓ પ્રસંગે ગાઈ સંભળાવવાની પ્રણાલિકાનો પ્રારંભ થયો. શલોકામાં જ્ઞાતિશિરોમણિનાં ધર્મકાર્યો અંગે મહત્ત્વ-પૂર્ણ ઉલ્લેખો છે. તેમાં જણાવાયું છે કે તેમણે શત્રુંજય ઉપરાંત આબૂ, ગિરનાર અને શ્રી ગોડી પાર્શ્વનાથ વગેરેના તીર્થસંઘો પણ કાઢ્યા હતા. સં. ૧૮૯૭ પહેલાં નીકળેલા એ સંઘો વિશે અન્ય કોઈ વિશેષ પ્રમાણો ન હોઇને એ વિશે ઝાઝું જાણી શકાતું નથી. જુઓ પરિશિષ્ટ : (ब)

આવી રીતે જ્ઞાતિશિરોમણિએ પ્રતિષ્ઠા મહોત્સવો ઉજ-

વીને, તીર્થસંઘો કાઢીને, જ્ઞાતિમેળાઓ યોજીને તથા જ્ઞાતિમાં સમયોચિત પરિવર્તનો સાધીને સામાજિક, ધાર્મિક તથા અન્ય ક્ષેત્રે અભિનવ જાગૃતિનો સૂત્રપાત કર્યો. આ મહાપુરુષના સમર્થ નેતૃત્વ હેઠળ જ્ઞાતિએ પ્રત્યેક ક્ષેત્રે કાયાપલટ કરી અને અર્વાચીન યુગની પૂર્વ સંધ્યાએ સમય સાથે કદમ મીલાવીને પ્રગતિની વણુથંભી આગેકૂચ ચાલુ રાખી.

# [૧૦] નામાંકિત નાગરિકની વિદાય

શેઠ નરશીશા દશા–ઓશવાળ જ્ઞાતિના મહાજન હતા, તેમ જ તત્કાલિન મુંબઈના નામાંકિત નાગરિકોમાં પણ હરોળનું સ્થાન શોભાવતા હતા. મુંબઈનો વિકાસ મુખ્યત્વે વ્યાપાર–ધંધા પર જ આધારિત હતો. આ દિશામાં એમની દોરવણી હેઠળ જ્ઞાતિએ જે સિદ્ધિ પ્રાપ્ત કરી હતી તેનો ક્યાંયે જોટો મળી શકે તેમ નથી.

તેઓ જ્ઞાતિના સર્વાંગી ઉત્કર્ષના ભેખધારી હતા એટલું માત્ર જણાવવાથી જ એમની કારકિર્દીનું મૂલ્યાંકન થઈ જતું નથી. જાહેરજીવનમાં નૈતિક મૂલ્યોને જાળવી રાખીને એમણે જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. એમના જીવનની સચ્ચાઈ, પ્રમાણિકતા અને નિષ્ઠા આજે પણ આપણને સ્પર્શી જાય છે.

જૂના મુંબઈના તવારીખકારોએ એમનાં સદ્ગુણોને ભવ્ય અંજલિ આપી છે. એમનાં જીવન તથા કાર્યો વિશે અનેક ગ્રંથોમાં ઉલ્લેખો છે, જે દ્વારા મુંબઈના વિકાસમાં આ મહાપુરુષનું યોગપ્રદાન કેટલું વિશિષ્ટ હતું તેનો ખ્યાલ પણ મળી રહે છે.

તે વખતના નામાંકિત નાગરિક શેઠ મોતીશા સમેત અનેક અગ્રેસરો સાથે એમને નજીકનો સંબંધ હતો. ‘મુંબઈનો બાહાર’ અનુસાર તેમને ખ્યાતનામ પારસી આગેવાન હોરમસજી એદલજી કામા સાથે ઘરોબો હતો. હોરમસજીના પુત્રો દાદાભાઈ તથા મનચેરજીને ચીન ખાતેના

શરૂઆતનાં કામકાજમાં તેમણે ઘણો સહયોગ આપ્યો હતો. જુઓ : પરિશિષ્ટ (ડ)

હોરમસજી નાની ઉંમરમાં એદલજી બમનજી ઉર્ફે એદલ કાકા સાથે ગુમાસ્તા તરીકે ચીન ગયા હતા. ચીની ભાષા તેઓ માતૃભાષાની જેમ બોલી શકતા એટલે લોકો તેમને ચીની ભાષામાં " પાહાવા " એટલે કે " દુભાષિયો " કહેતા. એ ભાષામાં તેમને " શેચી " એટલે કે " ગુમાસ્તા " તરીકે પણ ઓળખાવવામાં આવતા.

ચીની ભાષાના નિષ્ણાત તરીકે સર્વોચ્ચ અદાલતમાં પણ એમની સેવા લેવાઇ હતી. આ રીતે તેઓ ખૂબ માન–અકરામ પામેલા. તેમના પુત્રોએ સીંગાપુર, કલકત્તા, મુંબઇ તથા ઠેઠ લંડનમાં પણ ઓફિસો સ્થાપેલી. લંડનની એમની મે. કામા એન્ડ કંપનીમાં દાદાભાઇ નવરોજી જેવા વરિષ્ઠ રાષ્ટ્રીય નેતા પણ સંકળાયેલા હોઇને આ કુટુંબનું સ્થાન શું હતું તે જાણી શકાશે. આ કુટુંબ સાથે શેઠ નરશીશાને ઘર જેવો સંબંધ હતો, જે વર્ષો સુધી ચાલ્યો. કામાજીના પુત્રોએ મીડાશથી આ સંબંધ નિભાવ્યો.

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ ' શેઠ મોતીશાહ ' પુસ્તકમાં નોંધે છે કે—"શેઠ મોતીશાહના સમયની આસપાસ પારસી અને હિંદુ વ્યાપારીઓ કેવા હતા તેની હકીકત રજૂ કરવાથી મુંબઇને બનાવનાર અને વર્તમાન સ્થિતિએ લાવનાર કેવા સાહસિક અને શૂરવીર હતા અને વ્યાપાર ખેડવા સાથે કેવા દયાળુ, પરોપકારી હૃદયના હતા તેનો ખ્યાલ આવશે."

શેઠ નરશી નાથાનો પરિચય આપતા તેઓ નોંધે છે કે–

"શેઠ નરશી નાથા તદ્દન સામાન્ય વ્યક્તિ તરીકે સં. ૧૮૫૬ના વર્ષમાં મુંબઈ આવ્યા. એમણે મુંબઈમાં આવીને આડતનું કામ શરુ કર્યું અને પોતાના પ્રમાણિકપણાથી સારી નામના મેળવી. તેઓ કચ્છી દશા ઓશવાળ જૈનોના આગેવાન થયા અને પોતાની જ્ઞાતિના માણસો ઉપર ઉપકાર કરવાની અને તેમને મુંબઈમાં આધાર આપી રસ્તે ચઢાવી દેવાની બહુ નામના મેળવી અને વ્યાપારમાં આંટ પણ ઊંચા પ્રકારની જમાવી. તેમને પારસી વ્યાપારીઓ સાથે પણ સારો સંબંધ હતો અને ખાસ કરીને હોરમસજી એદલજી કામા અને તેના પુત્રો સાથે ઘર જેવો સંબંધ ચાલુ રહ્યો હતો. તેમણે વિશુદ્ધ વ્યવહાર, પ્રમાણિકપણું અને ધર્મસેવા માટે ખાસ નામના મેળવી હતી. તેમણે પાલીતાણામાં ધર્મશાળા અને ચૌમુખજીની ટૂંકમાં ડુંગર પર એક દેરાસર બંધાવ્યું હતું અને ચીંચબંદર ઉપર આદીશ્વર–ભગવાનનું મંદિર (?) તેમણે બંધાવી આપ્યું. કચ્છી ભાઇઓ આટલાં વર્ષને અંતરે પણ શેઠ નરશી નાથાને ખૂબ રસથી યાદ કરે છે."

તદુપરાંત 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ', 'જૈન ગૂર્જર કવિઓ' (ભા. ૨), 'જૂનું મુંબઈ' આદિ ગ્રંથોમાં પણ ચરિત્રનાયકના જીવન વિશે મહત્ત્વના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તે સૌથી પ્રાચીન ઉલ્લેખ "મુંબઇનો બાહાર"માં હોઇને તેને પરિશિષ્ટ (ङ) માં ઉધ્ધૃત કરેલ છે.

હવે ભૌતિક જીવનમાં એમને વિશેષ કશું જ મેળવવાનું બાકી રહ્યું નહોતું. કચ્છ–નલિયામાં 'સર'નાં ખેતરોનું રખોપું કરનાર આ મહાપુરુષ સમસ્ત જ્ઞાતિના જ રખોપિયા

બની ગયા હતા! તેમને ધનની તમા નહોતી–કીર્તિની મણા નહોતી જીવનમાં પ્રાપ્ત કરવા યોગ્ય બધું તેમણે મેળવ્યું હતું. અલબત્ત, એમણે કલુષિત દાંપત્ય-જીવનથી હતાશાની લાગણી અનુભવેલી ખરી, કિન્તુ ધર્મધ્યાનમાં સવિશેષ ચિત્ત પરોવીને એ વાત ભૂલી જવા તેઓ પ્રયત્ન કરતા. એમનાં પ્રથમ પત્ની કુંવરબાઇનાં સદ્ગુણો, વ્યવહારકુશળતા વગેરે સંભારીને તેઓ મન વાળી લેતા.

અંતિમ જીવનમાં તેમણે ધર્મધ્યાનમાં ચિત્ત વાળી લીધું. તેમને આ બાબતમાં તેમના પુત્રવધૂ પૂરબાઇએ ખૂબ ખૂબ સાથ સહકાર આપ્યો. પ્રભુ-સેવાનાં કાર્યમાંથી પરવારી તેઓ જ્ઞાતિકાર્યોમાં વ્યસ્ત થઈ જતા. સમસ્ત જ્ઞાતિ એમની પવિત્ર ગાદીનું આજે બહુમાન કરે છે, તે ગાદી પર બેસી તેઓ જ્ઞાતિને જીવનના અંતિમ શ્વાસ લગી માર્ગદર્શન આપતા રહ્યા, જ્ઞાતિબંધુઓના વાંધાઓ પતાવતા રહ્યા વ્યાપાર-ધુરા ભારમલ શેઠ, માડણ શેઠ અને વર્ધમાન શેઠ–એ ત્રિપુટિના હાથમાં હોઇને તે બાબતમાં એમને કશી ચિંતા નહોતી.

શ્રી અનંતનાથ-જિનાલયને વિસ્તૃત કરવા તેમણે બૃહદ્ યોજના ઘડી રાખી હતી. આ કાર્ય પાર પાડવાનો તેમને ઘણો ઉમંગ હતો. જિનાલયની આસપાસની જમીન લઇને મૂળ જિનભવન સાથે સાંકળી લેવા તેમણે ઘણા પ્રયાસો કરેલા. તેઓ દિવંગત થયા તેથી પોણાબે મહિના પહેલાં તેમણે વિશ્રામ વેરશી પાસેથી તા. ૧૮–૧૦–૧૮૪૨ના દિને લખાણ કરીને જમીન ખરીદી લીધેલી, જેને જિનાલયના મૂળ ભાગ સાથે જોડી દેવામાં આવી. જિનાલય બંધાયા પછી તેના વિસ્તૃતીકરણનો આ સૌ પ્રથમ પ્રયાસ હતો.

હજી તેમને જિનાલય માટે જોડેના પાંચેક ટુકડાઓ સમજાવટથી મેળવવાના હતા. શ્રી અનંતનાથ-જિનાલયને વિશાળ અને ભવ્ય કરવાના એમના મનોરથો હજી પણ પૂરા કરવાના બાકી રહેતા હતા.

એવી જ રીતે ખડક વિસ્તારમાં મહાજનવાડી માટે તેમણે રૂા. ૧૫૦૦૦) ને ખરચે મેમણ દાઉદ આમદ પાસેથી જ્ઞાતિ તરફથી જે મકાન ખરીદેલું તેના બાંધકામની યોજના પણ પાર પાડવાની બાકી હતી. મહાજનવાડીના અભાવે જ્ઞાતિને સામાજિક તથા ધાર્મિક પ્રસંગોમાં ઘણી મુશ્કેલીઓ વેઠવી પડતી, એટલે આ કાર્ય પાર પાડવા તેઓ ઘણા આતુર હતા.

જ્ઞાતિબંધુઓના ઉત્કર્ષ માટે આવી તો કેટલીયે યોજનાઓ તેમણે મનોમન વિચારી રાખી હશે એ તો કોણ જાણે? એમના આ બધા મનોરથો મનમાં જ રહ્યા.

સં. ૧૮૯૯ના માગશર માસના પ્રારંભમાં તેમનાં પુત્રવધૂ પૂરબાઇએ શત્રુંજયતીર્થની યાત્રાએ જવાની વાત રજૂ કરી. શેઠ નરશીશાએ એમની એકે વાત નામંજુર કરી નહોતી કે નાખુશી પણ વ્યક્ત કરી નહોતી તેમ આ વખતે પણ તેમણે રાજીખુશીથી તીર્થયાત્રાએ જવાની સંમતિ આપી અને તીર્થયાત્રા વખતે યાદ કરવાની પોતાની ઇચ્છા પણ વ્યક્ત કરી. એમને ક્યાંથી ખબર હોય કે આ એમની અંતિમ સંમતિ હતી! જ્ઞાતિ-શિરોમણિ શેઠ નરશીશાની તબિયત પણ સારી હતી એટલે કોઇને કલ્પના પણ ક્યાંથી હોય કે આ એમની વચ્ચેની છેલ્લી વાતચીત હતી!*

---

* પૂરબાઈ શેઠાણીએ સં. ૧૮૯૯ના માગશર શુદિ ૧૪ થી ૧૦ દિન પાલીતાણામાં રહીને તીર્થયાત્રાઓ કરેલી એ બાબત નોંધનું

પૂરબાઈના ગયા પછી કેટલાક દિવસો બાદ એમની તબિયતે એકાએક પલટો લીધો. એમને મૃત્યુ નજીક આવતું જણાયું. સંભવતઃ હૃદય બંધ પડી જવાથી સં. ૧૮૯૯ના માગશર વદિ ૦)), તા. ૧૧ મી ડિસેમ્બર, સને ૧૮૪૨ના દિને ઓગણસાઠ વર્ષનું આયુ પાળીને તેઓ મુંબઈમાં દેવગતિ પામ્યા.

લોકસંગ્રહની અનુપમ કાર્ય–સૌરભથી જગતમાં અહોભાવ જગાડી જનાર, જ્ઞાતિની અસ્મિતાને પ્રકટાવનાર આ મહા–પુરુષની ચિર વિદાયથી લોકો શોકમગ્ન બની ગયા. મુંબઈના આ નામાંકિત નાગરિકના માનમાં બધાં બજારો બંધ રહ્યાં. અમાવસ્યાની કાલિમા બધે છવાઈ ગઈ. જ્ઞાતિએ પોતાનો મહાન જ્યોતિર્ધર ગુમાવી દીધો હતો! એનું શિરછત્ર ઝૂંટાઈ ગયું હતું!

---

એક ઐતિહાસિક પાનું અને મારા કચ્છના સંશોધન પ્રવાસ દરમિયાન પ્રાપ્ત થયેલું, જે દ્વારા સ્પષ્ટ થાય છે કે તેઓ શેઠ નરશીશાના અંત સમયે પાલીતાણામાં હશે, અથવા તો મુંબઈ પ્રયાણ કરવાની તૈયારીમાં હશે. સદ્ગત અંત સમય સુધી તંદુરસ્ત હતા, નહીતો પૂરબાઈને લાંબી યાત્રાએ જવાની તેમણે અનુમતિ આપી નહોત. એ જમાનામાં હાલની આધુનિક વાહન–વ્યવહારની સગવડતા ન હોવાથી તીર્થ–યાત્રાઓમાં ઘણા દિવસો માર્ગમાં જ પસાર થતા બીજું, એક માસની અંદર જ તેઓ ચિર વિદાય લઈ ગયા એ વાતને આધારે તેઓ હૃદય બંધ પડી જવાથી અવસાન પામ્યા હશે એ સંભાવના પણ અહીં સંગત પ્રતીત છે

# [ ૧૧ ] પ્રેરક પ્રસંગો

"જ્ઞાતિ શિરોમણિ"નું સર્વોચ્ચ બિરુદ શેઠ નરશીશાને જ્ઞાતિબંધુઓએ અંતઃપ્રેરણાથી જ આપેલું. એ બિરુદ–પ્રદાન અંગે કોઈ સમારંભ યોજાયેલ નહોતો કે કોઈ રાજદ્વારી નેતાએ તેનું પ્રમુખસ્થાન પણ શોભાવ્યું નહોતું. શેઠ નરશીશા અદના સેવક તરીકે આદર્શ જીવન જીવી ગયા. લોકસંગ્રહનાં તેમના આદર્શો દ્વારા તેઓ પોતાની પાછળ ઉજ્જવળ કારકિર્દીની સૌરભ મૂકતા ગયા છે—અમૂલ્ય વારસો છોડતા ગયા છે. અને એટલે જ જ્ઞાતિના હૈયામાં તેઓ સર્વોચ્ચ સ્થાને બિરાજ્યા, અને હજી પણ બિરાજે છે, એથી વિશેષ અંજલિ કઈ આપી શકાય ?

આ મહાપુરુષના સદ્‌ગુણો અનેક હતા, તેમાં સાહસિકતા, સહૃદયતા અને સાદાઈ મુખ્ય છે. એમના જીવનના હેરતભર્યા પ્રસંગો અનુશ્રુતિમાંથી ઉપલબ્ધ થાય છે, જે સાંભળીને આજે પણ જ્ઞાતિબંધુઓને રોમહર્ષ થાય છે.

શેઠના બહોળા વ્યાપારના મુખ્ય સુકાની ભારમલ શેઠનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવશાળી હતું. એમના વ્યક્તિત્વથી પ્રભાવિત થનાર સૌ કોઈ શેઠ નરશીશા વિશે ઊંચા ખ્યાલો બાંધતા. વસ્તુતઃ તેઓ તદ્દન સાદા, ભોળા અને ભદ્રિક સ્વભાવના હતા. અજાણી વ્યક્તિ એમને નજરે જુએ તો તેના પર ભાગ્યે જ એમની ઊંચી છાપ પડે.

એમની પ્રતિમાઓ તથા કાલ્પનિક ચિત્રો અનેક સ્થાને

જોવા મળે છે. તેમાં તેમના મસ્તક ઉપર ચાંચુડી બાંધેલી લાલ પાઘડી, અંગરખું, ધોતિયું, ખેસ, મોજડી વગેરે વેશભૂષા દર્શાવાય છે. તેમના વિશાળ કપાળ ઉપરનું તિલક, પડછંદ ઘઉંવર્ણો દેહ અને રૂઆબદાર મૂછ વગેરે સૌનું ખાસ ધ્યાન ખેંચે છે. એમનાં આભૂષણોમાં ગળામાં હાર, આંગળી પર વીંટી અને કેટલાંક ચિત્રોમાં કાનમાં બૂટિયા પણ જોવા મળે છે. એમના કાળી ભમ્મરવાળી આંખોમાંથી કરુણા ઝરતી જણાય છે.

અલબત્ત, એમનું વાસ્તવિક જીવન તો અત્યંત સાદગીપૂર્ણ હતું. એમનો ગામઠી પરિવેશ એમના ઉચ્ચ દરજ્જાને ભાગ્યે જ છતો કરતો એમ એમના જીવનનો એક નાનકડો પ્રસંગ કહી જાય છે. એક વખત ભારમલ શેઠની ગેરહાજરીમાં પૈસાની જરૂર પડતાં તેઓ કોટ વિસ્તારની અંગ્રેજ ઓફિસમાં જાતે ગયા. એમનો ગામઠી પરિવેશ જોઇને જ પટાવાળાએ એમને ઓફિસમાં જતાં અટકાવ્યા અને પૂછપરછ કરી. ઉઘરાણીની વાત સાંભળીને એમને નવાઈ લાગી. અને જ્યારે તેમણે કહ્યું કે " હું પોતે જ શેઠ નરશી નાથા છું " ત્યારે તો સૌ ખડખડાટ હસી પડેલા ! મનાય ? સદ્‌ભાગ્યે ઓફિસના મેનેજર એમને જોતાં જ માન સહિત અંદર લઈ ગયા.

કચ્છના મહારાવશ્રી દેશળજી સાથે એમને મિત્રતા બંધાઈ હોઇને તેઓ જ્યારે કચ્છમાં આવતા ત્યારે મહારાવ એમના સન્માનાર્થે છત્ર-ચામર વગેરે મોકલાવતા. આવી રીતે પહેલી વાર જવાનો પ્રસંગ થયો ત્યારે ભારમલ શેઠ આદિ તેમની સાથે હતા. માંડવીબંદર પર તેમનું ભવ્ય સ્વાગત

થવાનું હતું. તેઓ સૌએ બંદર પર પગ મૂક્યો કે તરત જ રાજ્યના સુભટે ભારમલ શેઠ પર ભૂલથી છત્ર ધર્યો, એમને નરશી શેઠ માનીને ! એટલે અન્ય લોકો પણ તેમના સત્કારાર્થે આગળ આવ્યા. ભારમલ શેઠે સમયસૂચકતા વાપરીને છત્ર પોતાના હાથમાં લઈ તેમણે શેઠ નરશીશા પર ધરીને તેમની જય બોલાવી અને લોકોની સમજ ઠીક કરી !

એમની સહૃદયતાનો એક પ્રસંગ આ પ્રમાણે છે : એકવાર તેઓ કોઈ કારણસર કુમઠા ગયેલા. ત્યાં તેમણે સોનાનો કંદોરો ઘડાવ્યો. કંદોરાનો ઘાટ તેમને ગમી જતાં તેમણે તેની ખૂબજ પ્રશંસા કરી, એટલે ગુમાસ્તાએ ટહૂકો કર્યો કે–" શેઠ, અમને આવો કંદોરો પહેરાવો તો તમને શોભે !" તેની વાતનો મર્મ તેઓ સમજી ગયા. તરત જ તેમણે ગુમાસ્તાઓ માટે એવા જ ઘાટના કંદોરા ઘડાવવાના હુકમ કર્યો અને સૌને કંદોરા પહેરાવીને પછી જ પોતે પહેર્યો ! કેવી સહૃદયતા ?

પોતાના મુનીમો એશ આરામમાં રહે તે તેમને ગમતું નહીં. અમુક દેશાવરના મુનીમ એ પ્રમાણે રહે છે એવી ખબર પડતાં જ તેઓ ત્યાં પહોંચી ગયા—કોઇને એ અંગેની જાણ કર્યા વગર જ ! નાચ–ગાનના જલસામાં ડોલતા મુનીમની નજર એકાએક આવી પહોંચેલા શેઠ પર પડતા જ તે તેમને પગે ઢળી પડ્યો અને રડવા જેવો થઈ ગયો. કેટલાકના કહેવા પ્રમાણે આ મુનીમે એવો ખુલાસો કરેલો કે સ્થાનિક લોકો સાથે હળવામળવા તે વખતની રસમો મુજબ એમને આવા જલસાઓ ગોઠવવા પડે છે. પરંતુ શેઠને આવી બાબત પ્રત્યે ભારે નફરત હતી.

માંડવી બંદરમાં તેમણે ધર્મશાળા બંધાવી એ માટે આવો પ્રસંગ સાંભળવા મળ્યો છે : પહેલાં એ ધર્મશાળા ન હોઇને બંદર સામેની અન્ય જ્ઞાતિની ધર્મશાળાનો મુખ્યત્વે ઉપયોગ થતો. શેઠ કચ્છમાં પધારવાના હતા તે વખતે તેમના સામૈયામાં ગાડાનો રસાલો માંડવી આવી પહોંચેલો. એ વખતે એ ધર્મશાળાનો શેઠ પણ ત્યાં જ ઉતરેલો. ગાડાંઓનો રસાલો જોઇને પ્રભાતે તે પૂછપરછ કરવા ત્યાં જાય છે. મુનીમ શેઠ નરશીશા વિશે તેને જણાવે છે, એટલામાં જ મોટા શિંગડાવાળા એક બળદે તેને શિંગડું ઉગામ્યું, ત્યાંતો એ ધર્મશાળાનો શેઠ ધૂંઆપૂંઆ થઇને ગર્જી ઊઠયો કે—" આટલો મોટો શેઠ હોય તો પોતાની ધર્મશાળા કેમ નથી બંધાવી લેતા ? "

ત્યાં ગાડાની આડમાં જ દાતણ કરી રહેલા શેઠ નરશીશાએ એ વાત સાંભળી અને તેઓ બોલી ઊઠયા કે " મેં તમારી વાત સાંભળી છે. હું દાતણ કરું છું અને હવે શિરામણ તો મારી ધર્મશાળા કરીને તેમાં જ કરીશ. "

શેઠ નરશીશાએ બંદર સામેની જગ્યા તરત જ ખરીદીને તેના ઓરડામાં સૌએ મળીને રસોઈ રાંધી શિરામણ-પાણી કર્યાં અને ત્યાર પછી જ નિરાંત અનુભવેલી. એમની ટેક દર્શાવતા આવા પ્રસંગો સાંભળીને કોને રોમાંચ ન થાય ?

જ્ઞાતિશિરોમણિના ઉચ્ચ આદર્શોને તથા તેમના અભિગમને પ્રકટ કરતા આવા અનેક નાના મોટા પ્રસંગો કર્ણોપકર્ણ સંભળાય છે, જે દ્વારા એમના વ્યક્તિત્વ પર વધુને વધુ પ્રકાશ પાડી શકાય છે. એમની અવદાત કારકિર્દીનું

ઝરણું જ્ઞાતિબંધુઓને આજે પણ પ્રેરણાનું સિંચન કરી રહ્યું છે, અને સદોદિત કર્યા કરશે.

પં. સુખલાલજીએ એક જગ્યાએ નોંધ્યું છે કે—"ભૂતકાળ આપણી સામે નથી; તે તો શૂન્યમાં વિલય પામ્યો છે. પણ તેનાં બધાં જ પદ–ચિહ્નો તે મૂકતો ગયો છે. સૂક્ષ્મ અને સ્થૂળ બન્ને અર્થમાં એ પદ–ચિહ્નોનો વારસો વર્તમાન ધરાવે છે, એટલે એ વિલીન ભૂતમાં પ્રવેશ કરી તેના આત્માને સ્પર્શવાનું સાધન આપણી પાસે છે જ."

એ સાધન તે ઇતિહાસ—ચરિત્ર કે આવા પ્રેરક પ્રસંગો જ!

## [૧૨] જ્ઞાતિશિરોમણિના વારસદાર

શેઠ નરશીશાના દેહાવસાન બાદ તેમના દત્તકપુત્ર વીરજી શેઠે તેમનો વારસો દીપાવ્યો. નાથાશાના જયેષ્ઠ–બંધુ લખમણ (ભાર્યા વેજબાઇ), તેમના પુત્ર રાઘવજી (ભાર્યા દેમતબાઇ)ના તેઓ જયેષ્ઠ પુત્ર હોઇને તેઓ જ્ઞાતિશિરોમણિના અત્યંત નિકટવર્તિ કુટુંબી હતા. તેમના વંશ-વૃક્ષ માટે જુઓ: પરિશિષ્ટ (અ).

વીરજીશેઠ સં. ૧૮૮૭ લગભગમાં જન્મ્યા તથા સં. ૧૯૦૪ લગભગમાં લીલબાઈ સાથે લગ્નગ્રંથિથી જોડાયા. કચ્છ–નલિયાના શ્રી અષ્ટાપદ–જિનાલયની શિલા–પ્રશસ્તિમાં એમના પુત્ર આણંદજીનો ઉલ્લેખ છે, કિન્તુ એમના વિશે તેથી અધિક જાણી શકાતું નથી, એટલે અનુમાનતઃ તેઓ અલ્પજીવી હતા એમ લાગે છે.

જ્ઞાતિશિરોમણિના એકાએક થયેલા અવસાનથી જ્ઞાતિ પર જાણે વજ્રાઘાત ન થયો હોય એવો સૌએ આઘાત અનુભવેલો. પાલીતાણામાં ધર્મશાળા તથા જિનાલયનું કાર્ય તથા ગિરિરાજ ઉપરના જિનાલય વગેરેનાં કાર્યો લગભગ પૂરાં થવાની તૈયારીમાં હતાં, ત્યાં જ તેના નિર્માતા એકાએક ચિર વિદાય લઈ ગયા.

સદ્‌ગતના કોઈ સીધા વારસદાર ન હોઇને તથા તેમણે વસિયતનામું કર્યું ન હોઇને બીજી પણ કેટલીક મુશ્કેલીઓ હતી, જેનો લાભ લેવા વાગા જોષી નામના રાજગોરે સદ્-

ગતના પત્ની વીરબાઈને સમજાવ્યું. વીરબાઈમા તે વખતે વાગાની સલાહ પર વધારે પડતો આધાર રાખતાં. એટલે વાગાએ એમને ગેરમાર્ગે દોરીને મિલકત માટે કાયદાના ઈલાજો લીધેલા. જ્ઞાતિશિરોમણિએ પોતાની હયાતી દરમિયાન એક પણ ઝગડો અદાલતમાં જવા દીધો ન હતો, એમના જ વારસા માટે અદાલતમાં જવું પડે એ પણ વિધિની વિચિત્રતા જ ગણાયને!

વાગાએ સદ્‌ગતની બધી મિલકત હડપ કરી જવાનું ષડ્‌યંત્ર પણ ગોઠવેલું. આ અંગે જ્ઞાતિમાં ખૂબ જ ઉહાપોહ થયેલો. હીરજી હંસરાજ કાયાણી નોંધે છે કે—"પ્રપંચ એમ હતો કે સં. ૧૯૦૩ની સાલમાં આગળથી કરી રાખેલ ગોઠવણ મુજબ એક દિવસે સવારના પાંચ વાગ્યા અગાઉ ૧૦૦–૧૫૦ હરામખોર ભાડુતીઓ સાથે વાગાએ આવી જથ્થાવાલા ઘરને ઘેરી લીધું અને પોતાની મતલબ પાર પાડવાનો વિચાર કરતા બધા બેઠા હતા. ભારમલશેઠે એ લોકોને ઉપરથી જોયા અને તેઓની મતલબ સમજી એકદમ શેઠ શિવજી નેણશી તથા કેશુ જાદવજીને આ બનાવની ખબર કરી. એ બેઉ જાણા આવીને જુએ છે તો ભારમલ, માડણ, વીધોકાકા (વર્ધમાનશેઠ), વીરજીશેઠ વગેરે બધાની જિંદગી જોખમમાં આવી પડેલી જોઈ. શિવજીશેઠે ન્યાતના તમામ માણસોને તથા કેશુશેઠે બીજી કોમના કેટલાક લોકોને એકદમ એકઠા કરી આ હરામખોરોને માર મારીને ત્યાંથી ભાગી જવાની ફરજ પાડી. દુષ્ટ વાગો નાશી જઈ કાકુ કીરપાલવાલા માળામાં પડેલ એક મોટા પટારામાં સંતાઈ ગયો. આ ઠેકાણેથી તેને શોધી કાઢી ગુસ્સે થયેલ ન્યાતિલાઓએ

એટલો સખત માર માર્યો કે તે મરણતોલ થઈ ગયો. આ વખતમાં મુંબઇમાં બધી રીતે અંધેર અને મુગલાઈ જેવો કારોબાર ચાલતો...." ("દર્પણ", માર્ચ, સને ૧૮૯૯)

ભારમલશેઠ પ્રભૃતિ આગેવાનોને આ ઝંઝાવાત નિવારવામાં સફળતા મળી ન હોત તો સદ્‌ગતની વિશાળ મિલકત ગેરવલ્લે જાત અને શેઠ નરશી નાથાની ઈચ્છાનુસાર હવે જે કાર્યો થવાનાં હતાં તે કદી ન થાત. ઉક્ત બનાવ અંગે પોલીસ કચેરીમાં કાર્યવાહી હાથ ધરાએલી. વીરજીશેઠની જુબાની સાંભળ્યા બાદ વાગા જોષી તરફના માણસોનો રૂા. ૨૫૦) દંડ થયેલો. સમગ્ર માંડવી વિસ્તારમાંથી સદ્‌ગતના વારસદાર વિરુદ્ધ કોઇ જુબાની આપવા પણ તૈયાર ન થાય એવી વિચિત્ર પરિસ્થિતિ ઉપસ્થિત થયેલી !

મુંબઈની વરિષ્ઠ અદાલતમાં મિલકત માટે જે વચગાળાનું ઇન્જેકશન મળેલું તે સુનવણી વખતે ઉઠી જતાં પાછળથી ઘરમેળે સમાધાન થયું, જે માટે આ પ્રમાણે પાંચ પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું પંચ નિમાયું–(૧) ભણશાલી શિવદાસ મોનજી (૨) ઠક્કર કેશુ જાદવજી (૩) ઠક્કર લખમીદાસ મૂલજી (૪) ઘેલાભાઈ પદમશી (૫) કોઠારી લાલજી માવજી. આ પાંચે મહાનુભાવો તે જમાનામાં વેપારીઆલમમાં ખૂબ જ પ્રભાવ ધરાવતાં.* વળી આ પંચ બધી જ્ઞાતિઓનું બનેલું હતું.

* શેઠ કેશુ જાદવજી વિશે આ ગ્રંથમાં ઘણી જગ્યાએ ઉલ્લેખ છે. તેઓ શેઠ ગોકલદાસ તેજપાલના વસિયતનામાના પંચમાં પણ હતા ઠક્કર લખમીદાસ મૂલજી એ શેઠ નરશી નાથાના ભાગીદાર બારભાયાના વંશજ સંભવે છે. બારભાયા સાથેનો તેમનો સંબંધ વર્ષો જૂનો હતો.

દશા જ્ઞાતિના તો માત્ર ઘેલાભાઈ હતા, જેમની કુનેહ સુવિદિત છે.

ઉક્ત લવાદે સં. ૧૯૦૩ના શ્રાવણ વદિ ૧૩ ને સોમવારે બન્ને પક્ષોની વિગતવાર જુબાની સાંભળીને ભાદરવા વદિ ૭ ને ગુરુવારે પોતાનો ચુકાદો જાહેર કર્યો, જેને ઉભયપક્ષે સ્વીકૃતિ આપી. ચુકાદા અનુસાર સદ્‌ગતની બધી મિલકત તેમના દત્તક પુત્ર વીરજીશેઠને પ્રાપ્ત થઈ. આ કાર્યમાં મંત્રી ત્રિપુટી—ભારમલશેઠ, માડણશેઠ અને વર્ધમાનશેઠનો ફાળો યાદગાર રહેશે. સમગ્ર જ્ઞાતિની શાન જળવાઇ ગઈ, નહીં તો પરિણામ ઘણું જ ખરાબ આવત. આ પ્રશ્ને સમગ્ર જ્ઞાતિ એ વખતે જાન કુરબાન કરવા તૈયાર થઈ ગઇ હતી. એક નહીં પણ એવા અનેક વાગા જોષીને ખતમ કરી દેવા તે જાણે કૃતનિશ્ચયી હતી !

જ્ઞાતિશિરોમણિના મૃત્યુ બાદ જે બન્યું તેથી તેમનો આત્મા જરૂર દુભાયો હશે, કિન્તુ તેમણે સાધેલું જ્ઞાતિનું ઐક્ય ખરે વખતે પ્રકાશી ઊઠયું એથી એમના આત્માને જરૂર શાંતિ થઈ હશે. આ ઐક્યના કેન્દ્ર–બિન્દુ બન્યા ભારમલ શેઠ. આ દૃષ્ટિએ એમનું સ્થાન પેશ્વા જેવું લાગે છે. છત્રપતિ શિવાજી મહારાજના વારસદાર ગાદીના અધિપતિ ખરા, પણ રાજ્યના સરસંચાલક તો પેશ્વાઓ જ. એવી જ રીતે અહીં થયું. શેઠ નરશીશાના વ્યાપાર સામ્રાજ્યના પેશ્વા તો ભરમલશેઠ જ રહ્યા. શિલા–પ્રશસ્તિઓમાં એમનો મંત્રી તરીકેનો ઉલ્લેખ પણ સૂચક છે.

મંત્રી–ત્રિપુટીએ સૌથી પ્રથમ કાર્ય જૂની પેઢીને સમેટી

લેવાનું કર્યું. એમની દોરવણી અનુસાર સં. ૧૯૦૪ ના કાર્તિક શુદિ ૧ ને મંગળવારે શુભ મુહૂર્તમાં શેઠ વીરજી નરશીના નામથી નવી પેઢી શરુ થઈ.

ઉપર્યુંક્ત લવાદે આપેલા ચુકાદાની શરતોને આવરી લઇને વીરજી શેઠે તા. ૧૭–૧૧–૧૮૪૭માં વિગતવાર લખાણ કરી આપ્યું અને તેમના મુખત્યાર તરીકે મંત્રી–ત્રિપુટીને નીમ્યા. આ ઐતિહાસિક લખાણ માટે જુઓ : પરિશિષ્ટ (ड).

સદ્ગતનાં બે ઘર, વખાર વગેરેનું ભાડું તથા રોકડ રકમ રૂા. ૫૧૦૦૦) વીરજી શેઠની પેઢીના ચોપડામાં જમા લઇને તે પર ૦॥ ટકો વ્યાજ મુકરર કરવામાં આવ્યું, જેની આવકમાંથી શેઠ નરશીશાના નામથી ચાલતી સંસ્થાઓનો નિભાવ કરવો એવી કબૂલાત ઉક્ત લખાણમાં છે.

વીરજીશેઠના નામથી ખડક વિસ્તારમાં મહાજનવાડી માટે ખરીદાયેલ મકાન પર બાંધકામ કરીને વાડી જ્ઞાતિને સમર્પિત કરવી એવી જ્ઞાતિશિરોમણિની ઇચ્છા હતી. મહાજનવાડીના બાંધકામ પાછળ જે ખર્ચ થાય તે વીરજી શેઠે ભોગવવું એવી શરતનો ઉલ્લેખ પણ એ લખાણમાં છે.

આમ ઘરમેળે સમાધાન થતાં શેઠ નરશીશાની મિલકત પર—વિશાળ અર્થમાં જ્ઞાતિ પર તોળાઇ રહેલી આંધીનાં વાદળ વિખરાઈ ગયાં અને સૌએ નિરાંતનો દમ લીધો. એ પછી પૂર્વવત્ વાતાવરણ સ્થપાયું, જે જ્ઞાતિના ઉત્કર્ષ માટે ઘણું જ જરૂરી હતું.

પૂરબાઇમાની પ્રેરણાથી તથા મંત્રી–ત્રિપુટીના માર્ગદર્શન હેઠળ વીરજીશેઠે યાદગાર કાર્યો કરી બતાવ્યાં છે, એની

નોંધ પણ લેવા જેવી છે. નવાં કાર્યો કરતાં પહેલાં તેમણે જ્ઞાતિશિરોમણિએ અધૂરાં મૂકેલાં કાર્યો પૂર્ણ કર્યાં તેમ જ તેમણે શરુ કરેલાં કાર્યો જારી રાખ્યાં.

સં. ૧૮૯૭ના માઘ શુદિ ૫ ને બુધવારે નલિયામાં શ્રી ચંદ્રપ્રભુ–જિનાલયની ઐતિહાસિક પ્રતિષ્ઠા જ્ઞાતિશિરોમણિના સ્વહસ્તે થઈ એ અપૂર્વ પ્રસંગ અંગે સપ્રમાણ ઉલ્લેખ થઇ ગયો છે. એ જ મુહૂર્તમાં વીરજીશેઠ દ્વારા નિર્મિત શ્રી વીરપ્રભુની દેવકુલિકાની પણ અંચલગચ્છાધિપતિ શ્રી મુક્તિસાગરસૂરિજીના ઉપદેશથી પ્રતિષ્ઠા થયેલી. તે વખતે તેઓ માત્ર ૧૦ વર્ષના હતા.

મહાજનવાડીનું મકાન તૈયાર થતાં વીરજીશેઠના વરદ હસ્તે તેનું સં. ૧૯૦૫માં વાસ્તુ થયું. આ વાડી પાછળ કુલે રૂા. ૪૦,૦૦૦) ખર્ચાયા. અડધી શતાબ્દી સુધી તેઓ તથા તેમના વારસ–અનુગામી આ વાડીનો વહીવટ કરતા રહ્યા. જ્ઞાતિશિરોમણિની ઇચ્છાનુસાર આ વાડી જ્ઞાતિને સમર્પિત કરવામાં આવી.*

વાડી બંધાઈ તે પહેલાં જ્ઞાતિનાં સ્વામીવાત્સલ્યો જથ્થાવાળા માળામાં થતાં, તેમજ જલયાત્રાનો વરઘોડો શેઠ નરશી નાથાના ભાયખળા મુકામે આવેલ એક ઘેર સુધી ઠેઠ જતો, જ્યાં ધાર્મિક અનુષ્ઠાનો પણ થતાં, કેમ કે જ્ઞાતિનું સ્વતંત્ર જિનાલય બંધાયું ત્યાં સુધી ભાયખળાના શેઠ મોતીશાહના જિનાલયનો મુખ્યત્વે લાભ લેવાયો હતો.

---

* હાલ આ વાડી સાથે શેઠ કાનજી વસનજી પાલાણીનું નામ સંકળાયેલું છે.



શેઠ શ્રી નરશી નાથા ધર્મશાળા, પાલિતાણા



પાલિતાણાની ધર્મશાળામાં આવેલું શ્રી ચંદ્રપ્રભુનું જિનાલય

શ્રી અનંતનાથ–જિનાલય બંધાયું તે પછી જ્ઞાતિના શેઠીઆઓને વાડીની આવશ્યકતા ખાસ જણાઈ. તેઓ સૌ એ દિશામાં સક્રિય વિચારતા થયા. શેઠ ઘેલાભાઈ અદાલતમાં જુબાની આપતા જણાવે છે કે– "નાત તે વખતે ગરીબ હતી. નાત પાસે પૈસો ન હતો. તે બાબતની મને જાતની માહિતી છે. વીરજી નરશીના કુટુંબમાં તકરાર પડી હતી તેમાં હું એક લવાદ હતો. તે તકરારનો હું નિવેડો લાવ્યો ત્યારે શિવજી નેણશી અને વેલજી માલુએ મને અને કેશવજી નાયકને કહ્યું કે અમો વીરજી નરશીના મોટા દોસ્તદાર છીએ, તેથી વીરજીને સમજાવો કે તેણે એક મિલકત ખરીદ કરી છે, તે નાતને આપી દે. તે ઉપરથી અમોએ વીરજીને સલાહ આપી તે પ્રમાણે તેણે વાડી આપી." જુઓ : "શ્રી ક. દ. ઓ. નાતના કેસો" પૃ. ૨૧૧.

જ્ઞાતિશિરોમણિના વારસદાર તરીકે વીરજીશેઠે શ્રી અનંતનાથ–જિનાલયના વહીવટમાં આગેવાની–ભર્યો ભાગ લીધો. જિનાલયના વહીવટનો ચોપડો તેમને ત્યાંજ રહેતો હતો. આ જિનાલયના વિસ્તૃતીકરણમાં એમને રસ હતો, કિન્તુ જ્ઞાતિશિરોમણિએ પ્રારંભ કરેલાં કાર્યો જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી એ વિચાર એમણે મોકૂફ રાખેલો.

પાલીતાણામાં શેઠ નરશીશાનાં ધર્મ-સ્થાપત્યોમાં શ્રી ચંદ્રપ્રભુ જિનાલય તથા ધર્મશાળા તેમ જ ગિરિરાજ પર નવ ટૂકમાં આવેલું શ્રી ચંદ્રપ્રભુ–જિનાલય મુખ્ય છે. આ બધાં સ્થાપત્યોનું ખાત–મુહૂર્ત શેઠ નરશીશાના વરદ હસ્તે સં. ૧૮૯૭માં જ થઈ ગયેલું. તેઓ સંઘ સહિત યાત્રાર્થે

આવેલા હોઇને વિશાળ જનસમુદાયની ઉપસ્થિતિમાં જ આ શુભ કાર્ય સંપન્ન થયેલું, કિન્તુ તેઓ પોતાની વિદ્યમાનતામાં આ સ્થાપત્યોને પૂર્ણ રૂપે જોઈ શકેલા નહીં.

વીરજીશેઠે એ બધાં કાર્યો પૂર્ણ કરી સં. ૧૯૦૫ના માઘ શુદિ ૫ તે સોમવારે અંચલગચ્છાધિપતિ શ્રી મુક્તિસાગરસૂરિજીના ઉપદેશથી તેની મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરી. મૂલનાયક સમેત ૩૨ જિનબિંબોની પ્રાણપ્રતિષ્ઠાનો એ અપૂર્વ અવસર હતો, જે જ્ઞાતિ માટે સૌ પ્રથમ હતો. એ પછી ૧૫ વર્ષ બાદ અહીં શેઠ કેશવજી નાયકે અભૂતપૂર્વ અંજનશલાકા કરાવી, ગિરિરાજ ઉપર બે ભવ્ય ટૂકો તથા પાલિતાણામાં વિશાળ ધર્મશાળા તથા જિનાલય નિર્માણ કરીને શાસનમાં પોતાનું અને જ્ઞાતિનું નામ અમર રાખ્યું.

એમને પગલે ચાલીને જ્ઞાતિબંધુઓએ પાલિતાણામાં પ્રતિષ્ઠાદિ અનેક કાર્યો કર્યાં, દેવકુલિકાઓ–જિનાલયો આદિ બંધાવ્યાં. જ્ઞાનભંડાર, પાઠશાળા, ગૌશાળા, કુંડ, ધર્મશાળા વગેરેની સ્થાપના પણ કરી. આવા ધર્મકાર્યો દ્વારા તેમણે લક્ષ્મીને કૃતાર્થ કરી અને જ્ઞાતિનું નામ પણ અજવાળ્યું.

પાલિતાણામાં શેઠ નરશીશા દ્વારા નિર્મિત શ્રી ચંદ્રપ્રભુ જિનાલયનો જીર્ણોદ્ધાર કરીને તેની સં. ૨૦૦૮ના માહ શુદિ ૬ ને શુક્રવારે પ્રતિષ્ઠા કરવામાં આવી. મૂળ નાયકજી તથા તેમના તોરણિયા પ્રતિમાજીઓને ગાદીએ કાયમ રાખીને આ જીર્ણોદ્ધારનું કાર્ય સં. ૨૦૦૭માં આરંભાયેલું. વાસ્તવમાં જિનાલયને તદ્દન નવું જ રૂપ અપાયું. આ કાર્યમાં રૂપીઆ

એક લાખથી અધિક ખર્ચ થયેલ. જુઓ : પરિશિષ્ટ.(ह) (૧૦)*

નલિયામાં પણ વીરજીશેઠે ધર્મકૃત્યોની પરંપરા રચી. સં. ૧૯૦૫ના વૈશાખ શુદિ ૨ના દિને તેમણે પૂરબાઈમાની પ્રેરણાથી શ્રી વીરવસહી ટૂકને રંગાવી; હેમની આંગી તથા રૂપાના કમાડ કરાવ્યાં, તથા જીર્ણોદ્ધાર-પ્રતિષ્ઠા કરાવી.

સુથરીમાં તેમણે શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ-જિનાલય માટે રૂપાનો કબાટ કરાવી આપ્યો, તેમનાં કાર્યોની કડીબંધ વિગત તેમણે બંધાવેલી દેવકુલિકાની શિલા-પ્રશસ્તિમાંથી પ્રાપ્ત થાય છે. જુઓ: પરિશિષ્ટ (ह) (૩). આ પ્રશસ્તિ વા. મુક્તિલાભના શિષ્ય વા. ક્ષમાલાભે લખી. એમણે 'સ્નાત્ર-પૂજા' માં પણ આ પ્રતિષ્ઠા અંગે ઉલ્લેખ કર્યો છે.

સં. ૧૯૦૫ના વૈશાખ શુદિ ૨ના દિને થયેલ ઉક્ત પ્રતિષ્ઠા વખતે તેમણે દેશતેડું કરીને જ્ઞાતિમેળો પણ યોજેલો. એજ વર્ષે તેમણે મુંબઈથી શ્રી શત્રુંજયનો તીર્થ-સંઘ કાઢેલો

---

* શ્રી શત્રુંજયગિરિ ચડતાં જય તળેટીમાં શેઠ ગોવિંદજી જેવત ખોના દ્વારા નિર્મિત શ્રી ધર્મનાથ-જિનાલય આવે છે. નવ ટૂકમાં પ્રવેશતાં શરૂઆતમાં જ શેઠ નરશી કેશવજી દ્વારા નિર્મિત શ્રી અભિનંદન-જિનાલય આવે છે. વચ્ચે શેઠ નરશી નાથા દ્વારા કારિત શ્રી ચંદ્રપ્રભુનું તથા શેઠ દેવજી પુનશી દ્વારા કારિત શ્રી ધર્મનાથ-જિનાલય આવે છે. છેલ્લે દાદાની મૂળ ટૂકમાં પ્રવેશ-દ્વાર પર પણ શેઠ કેશવજી નાયક દ્વારા નિર્મિત શ્રી અનંતનાથ-જિનાલય આવે છે. આ રીતે હરોળનાં સ્થાનોમાં જ્ઞાતિના શ્રેષ્ઠીવર્યોએ ભવ્ય જિનમંદિરો રચીને પોતાનો ઉત્કટ ધર્મપ્રેમ દાખવ્યો છે, જે દ્વારા એમની સમૃદ્ધિનો પરિચય પણ મળી રહે છે.

અને કચ્છમાં જઈ બીજી વખત પણ જ્ઞાતિમેળો કરેલો. × એ પ્રસંગે કુટુંબ કલેશને કારણે તેમને દૂધમાં ઝેર અપાયાથી તા. ૨૪–૩–૧૮૫૨માં માત્ર ૨૨ વર્ષની ભર યુવાન વયે એમનું દુઃખદ નિધન થયું.

જ્ઞાતિશિરોમણિના અવસાન બાદ બરાબર દશ વર્ષે આ અત્યંત કરુણ ઘટના બની. પુનઃ જ્ઞાતિમાં શોકની ઘેરી છાયા ફરી વળી. તેઓ વધારે જીવ્યા હોત તો જ્ઞાતિના–ઉત્કર્ષનાં વિશેષ કાર્યો થઇ શકત. માત્ર ૨૨ વર્ષની ઉમરમાં તેમના દ્વારા થયેલાં કાર્યો અત્યંત મહત્ત્વપૂર્ણ હોઇને આ આશાસ્પદ યુવાન પાસેથી જ્ઞાતિએ ઘણી આશા રાખી હોય એ સ્વાભાવિક જ છે.

× વીરજીશેઠે અનેક સ્વામીવાત્સલ્યો કર્યાં છે. શેઠ નરશી નાથાના મૃત્યુ પછી તેમણે સદ્‌ગતના પુણ્યાર્થે બ્રાહ્મણોની ચોરાશી પણ જમાડેલી.

# [૧૩] શેઠ હરભમ નરશી નાથા

વીરજીશેઠના અકાળ અવસાન બાદ તેમના લઘુ-બંધુ હરભમશેઠ એમના વારસદાર થયા. તેમણે ઉજ્જવળ કારકિર્દીથી જ્ઞાતિશિરોમણિનું નામ દીપાવ્યું તથા ગતિશીલ નેતૃત્વથી જ્ઞાતિમાં શેઠ નરશી નાથા જેવું જ ગરિષ્ઠ તથા ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરેલું.

વીરજીશેઠના અવસાન વખતે તેઓ સગીર વયના હોઇને તેમના વતીથી મંત્રી-ત્રિપુટીએ વહીવટ ચલાવ્યો હતો. સં. ૧૯૦૯ના આસો વદિ ૨ ના દિને તેમણે કરી આપેલા લખાણ માટે જુઓ: પરિશિષ્ટ (ફ).

તેઓ સં. ૧૮૯૦ લગભગમાં જન્મ્યા. તેમનાં પત્નીનું નામ જેતબાઇ. તેમને બે પુત્રીઓ થઈ. મોટાં પુત્રી મીઠાબાઇ—અપર નામ દેવકુંવર શેઠ ત્રીકમજી વેલજી માલુને સં. ૧૯૧૭માં પરણ્યાં. નાનાં પુત્રી રતનબાઇ સર વસનજી ત્રીકમજીને પરણ્યાં. ×

---

× હરભમશેઠના બન્ને જમાઇઓ જ્ઞાતિમાં ઉચ્ચ મોભો ધરાવતા હતા. સર વસનજી જ્ઞાતિમાં જ નહીં, સમગ્ર કચ્છમાં સૌ પ્રથમ 'સર-નાઈટ' નો ઇલકાબ પામેલ. એમની કાર્ય-સૌરભ માટે જુઓ: 'અંચલગચ્છ-દિગ્દર્શન'.

એવી જ રીતે ત્રીકમજીશેઠ પણ જ્ઞાતિના સૌ પ્રથમ મુંબઇ ધારાસભાના ચુંટાયેલા કાઉન્સીલર તથા જે. પી હતા. તેઓ રાવબ

નલિયાના શ્રી અષ્ટાપદ–જિનાલયની શિલા-પ્રશસ્તિમાં હરભમશેઠના પુત્ર તરીકે ખીમજીનો ઉલ્લેખ છે. તેમને વિશે ઝાઝું જાણી શકાતું નથી. અનુમાનતઃ તે અલ્પજીવી હશે. જુઓઃ પરિશિષ્ટ (ह) (૯)

હરભમશેઠના કાર્યકાળ દરમિયાન ભારતમાં યંત્રયુગનું મંડાણ થતાં જીવન વધુને વધુ વૈવિધ્યપૂર્ણ થતું હતું. સમયની સાથે જ્ઞાતિ પણ પ્રત્યેક ક્ષેત્રે સમયોચિત પરિવર્તનો સાધે એ માટે તેમણે બનતું કર્યું. આ સંક્રાંતિકાળમાં જ્ઞાતિએ કડવી–મીઠી તડકી–છાંયડીઓ પણ જોઈ તથા પરિવર્તનશીલ યુગના એંધાણ આપતા આઘાત–પ્રત્યાઘાતો પણ અનુભવ્યા, એ બધાનો ઇતિહાસ ઘણોજ રસપ્રદ છે.

વીરજીશેઠે જ્ઞાતિશિરોમણિનાં કેટલાંક કાર્યો પૂર્ણ કર્યાં. શ્રી અનંતનાથ–જિનાલયના વિસ્તૃતીકરણનું ભગીરથ કાર્ય તેઓ હાથ ધરે ને પહેલાં જ તેઓ દિવંગત થયા. આ

---

હાદુર દલપતરામ ખખ્ખર જેવા પ્રતિભાશાળી કેળવણીકાર પાસેથી શિક્ષણ પામેલા. જ્ઞાતિના પાંચ શેઠીઆમાંના એક શેઠ વેલજી માલુના તેઓ પુત્ર હતા.

"શેઠ મોતીશાહ" માં મોતીચંદ ગિરધરલાલ કાપડિયા નોંધે છે કે— " શેઠ નરશી નાથાનું કુટુંબ કચ્છી દશા ઓશવાળમાં અગ્રગણ્ય હતું. તેમના દીકરા હરભમની પુત્રી સાથે વેલાશાના પુત્રનું લગ્ન સં. ૧૯૧૭માં થયું. નરશી નાથાની દીકરી એક કચ્છમાંથી મુંબઇ ધકેલી દીધેલ રખડૂના દીકરાને મળે એ અજબ પલટો ગણાય એવી તે કાળની પ્રચલિત માન્યતા હતી. "

કાર્યને હરભમશેઠે અગ્રતા આપી. તેમણે જિનાલયની આસપાસના પાંચ ટુકડાઓ તા. ૧૪-૧૧-૧૮૫૫થી ૧૧-૭-૧૮૫૬ના ટૂંકા ગાળામાં ખરીદીને મૂળ ભાગ સાથે જોડી દેવા બાંધકામ શરુ કરાવ્યું.

દેશાવરોમાં અનેક સ્થાનોમાં એમની પેઢીઓ હતી. જ્યાં જ્યાં જિનાલયો નહોતાં ત્યાં ત્યાં તેમણે બંધાવ્યાં. પારોલા જેવા નાના કેંદ્રમાં તેમણે પોતાના મુનીમ અરજણ પાસવીર અને યતિ જશરાજજીની પ્રેરણાથી સં. ૧૯૧૬માં શ્રી શાંતિનાથ-જિનાલય બંધાવી આપ્યું, જે હાલ તીર્થની જેમ પૂજાય છે. નાંચણગામમાં પણ તેમણે શ્રી ચંદ્રપ્રભુનું જિનાલય બંધાવી આપ્યું. ×

તેમણે બંધાવેલાં જિનાલય, ઉપાશ્રય આદિની ઉપલબ્ધ વિગત આ પ્રમાણે છે: ઉદેપુરમાં શ્રી શીતલનાથ-જિનાલય તથા ધર્મશાળા, અમરાવતીમાં જિનાલય, શીરપુર અંતર્ગત શ્રી અંતરિક્ષજીના સુપ્રસિદ્ધ તીર્થમાં ધર્મશાળા, કુમઠામાં જિનાલય, સાંધાણ આદિ અનેક ગામોનાં જિનાલયોનાં કાર્યમાં દ્રવ્ય-સહાય ઈત્યાદિ.

પૂરબાઈમાની પ્રેરણાથી તેમણે સં. ૧૯૧૨ના વૈશાખ વદિ ૨ ના દિને કેસરીઆજીનો તીર્થ-સંઘ કાઢેલો, જેનું વર્ણન કેટલાંક સ્તવનોમાંથી મળે છે. જુઓ :-

---

× હાલમાં જીર્ણોદ્ધાર કરતી વખતે શેઠ નરશી નાથાના ઉલ્લેખવાળી શિલા-પ્રશસ્તિ મૂળ સ્થાનેથી હટાવી લેવાઇ છે એ વખતના વ્યાપારકેન્દ્રોમાં હાલ કચ્છીઓની વસ્તી ન હોઇને આવું તો બધે થયું છે !!

શેઠ નરસી નાથાના સંઘમાં રે,વ ર્તે છે જય જયકાર રે કેં૦
સંવત ઓગણીસસેબારોત્તરે, વૈશાખવદિ બીજ સાર રે કેં૦ ૮
તિણે દિન પ્રભુજીને વાંદિયા રે, સંઘ સર્વે ગહઘટ રે; કેં૦
પૂજા સાહામિવત્સલ નિત પ્રતે રે, ખરચીને લાહો લીધ રે. કેં૦ ૯
આઠ દિવસ કરી જાતરા રે, સંઘ સહુ હર્ષેણુ રે; કેં૦
સૌભાગ્યેન્દુ શિષ્ય દેવચંદ્રને રે, જાત્રા થઈ સુખકાર રે. કેં૦ ૧૦

એ અરસામાં આ તીર્થનો મહિમા અધિક હોઇને અનેક જ્ઞાતિબંધુઓ અહીં માનતા માનીને યાત્રાર્થે આવતા. તેમની સગવડતા ખાતર હરભમશેઠે ત્યાં એક ધર્મશાળા શેઠ નરશી નાથાના નામથી બંધાવી આપી છે.*

શેઠ નરશીશા અને તેમના વંશજોએ બધા મળીને દશ જ્ઞાતિમેળાઓ કર્યા છે, જેમાંના અડધા તો એકલા હરભમ શેઠે જ કર્યા. તે વખતે મુંબઈમાં દવાખાનાની ખાસ સગવડો ન હોઇને તેમણે ભાતબજારમાં સખાવતી દવાખાનું શરુ કરાવેલું, જેમાં ડૉ. રજબઅલી અલારખની સેવાઓ મળેલી. તદુપરાંત જીવદયા, સદાવ્રત આદિ કાર્યોમાં પણ તેમણે ઘણું ધન ખરચેલું. એ રીતે તેમનાં ધાર્મિક કાર્યોની જેમ સામાજિક કાર્યો પણ મહત્ત્વપૂર્ણ હતાં.

* ત્યાર બાદ શેઠ કેશવજી નાયક, શેઠ ત્રીકમજી વેલજી માલુ, શેઠ પરબત લધા, સાંધાણુવાળા; શેઠ ટોકરશી શામજી જીવરાજ, આરીખાણાવાળા; શેઠ ભીમજી શામજી, સાંધરાવાળા; તથા શેઠ કરમશી પાંચારીઆ, જખૌવાળા વગેરેએ શ્રી કેસરીઆજીના સંઘો કાઢેલ છે. ત્યાં બજારની બાજુએ પડુંસે માળે શેઠ ભીમજી શામજીએ પણ એક ધર્મશાળા બંધાવી હતી.



જ્ઞાતિશિરોમણિના વારસદાર શેઠ શ્રી હરભમ નરશી નાથા



શેઠ શ્રી હરભમ નરશી દ્વારા કારિત શ્રી અષ્ટાપદ-જિનાલય,
કચ્છ-નલિયા

કચ્છમાં હરભમશેઠનું અવિસ્મરણીય કાર્ય તે શ્રી અષ્ટાપદ જિનાલયની સ્થાપના. પૂરબાઇમાની પ્રેરણાથી આ જિનાલયનું કામ તેમણે નલિયાની વીરવસહીમાં શરુ કરાવેલું. જિનાલયના સ્થપતિ હતા કડવા મગનજી, જેમણે કચ્છમાં એ શૈલીના બેનમૂન સ્થાપત્યની રચના કરી. શ્રી ચંદ્રપ્રભુ–જિનાલયના સ્થપતિ કડવા મનજીના તેઓ પુત્ર સંભવે છે.

સં. ૧૯૧૮ના માઘ સુદિ ૫ ને સોમવારે અંચલગચ્છાધિપતિ શ્રી રત્નસાગરસૂરિના ઉપદેશથી, વિજયમુહુર્તમાં આ ચૌમુખ જિનભવનમાં પૂરબાઇના વરદ હસ્તે જિનબિંબોના પ્રતિષ્ઠા થઇ. તે વખતે કચ્છમાં મહારાવશ્રી પ્રાગમલજીનું શાસન હતું. નલિયાના ગ્રામાધિપતિ જાડેજા આશારિયાજી હતા.

શ્રી ઋષભદેવ આદિ ચોવીશ તીર્થંકરોની પ્રતિમા ઉપરાંત શાસન દેવ–દેવીઓ તથા યક્ષ–યક્ષિણીઓ આદિની પણ પ્રતિષ્ઠા થઇ. પ્રતિષ્ઠાવિધિ મુનિ દેવવર્દ્ધનજીએ કરાવેલ. મૂલ જિનાલયની સન્મુખ શિખરબંધ જિનાલયમાં શ્રી પદ્મપ્રભુની પ્રતિષ્ઠા થઈ; તેમ જ અન્ય છ દેવકુલિકાઓની પણ સ્થાપના થતાં વીરવસહી ટૂક ઘણી વિસ્તૃત થઈ.

ઉપર્યુક્ત છ દેવકુલિકાઓની સ્થાપના હરભમશેઠના સગા–સ્નેહીઓએ કરી છે, તેમનાં નામ આ પ્રમાણે છે : (૧) નાગશી સોઢે (૨) દેવજી નાથા જખૌવાળા (૩) વસનજી લાલજી તેજુ (૪) અરજણ ધનરાજ (૫) ભોજરાજ દેસર (૬) જાદવ પરબત. તેમાં અનુક્રમે મૂલનાયક પદે આ પ્રમાણે

તીર્થંકરો છેઃ શ્રી ચંદ્રપ્રભુ, શ્રી વિમલનાથ, શ્રી અજિતનાથ, શ્રી ધર્મનાથ, શ્રી આદીશ્વર અને શ્રી નેમનાથ ભગવાન.

તદુપરાંત માડણ તેજશીએ તથા હીરજી ઉકરડાએ પણ શ્રી સુમતિનાથની અને શ્રીપૂજની પાદુકાની એમ અનુક્રમે દેરીઓ બંધાવી છે. એ ઉપરાંત ભારમલ તેજશી, વર્ધમાન નેણશી, માડણ ગોવિંદજી આદિ અનેક આગેવાનોએ જિનબિંબો પધરાવ્યાં છે. એ વખતે વીરવસહીમાં કુલે ૧૪૫ પ્રતિમાનો પરિવાર હતો એમ સાધ્વીશ્રી દેવશ્રીએ એક ગરબીમાં નોંધ્યું છે. જુઓ–" પડિમા પાષાણ પિસ્તાલી, એકસો ધાતુ સંખ્યા પરિમાણ."*

શ્રી અષ્ટાપદ જિનાલયની શિલાપ્રશસ્તિમાં અંચલગચ્છની પટ્ટાવલી, શેઠ નરશી નાથાના વંશવૃક્ષ, ઉપરાંત અનેક ઐતિ-

---

* આ પ્રતિષ્ઠા વખતે અંચલગચ્છીય સાધ્વી દેવશ્રીજી પણ ઉપસ્થિત રહેલાં. તેમણે લખેલી એક ગરબીમાં જિનાલયનું વર્ણન જુઓ—

વીરવશીમાં પેસતાં રે લોલ, નયણાં પાવન થાય. શુભ૦ ચાલો૦ ૨
દશસત ચૈત્ય સોહામણાં રે લોલ, વચ્ચે અષ્ટાપદ ઉત્તંગ; શુ૦
ત્રૈલોક્યદીપક દેહરાં રે લોલ, ચોમુખ પ્રતિમા ચાર. શુ૦ ચા૦ ૩
પૂરવ દ્વારે પસતાં રે લોલ, નિસ્સહી કહી ત્રણ વાર; શુ૦
પાંચ અભિગમન સાચવી રે લોલ, પરદક્ષિણ ત્રણ વાર. શુ૦ ચા૦ ૪
મૂલનાયક ઋષભનાથજી રે લોલ, અજિતનાથ શિવ સાથ; શુ૦
ચારે દુવારે બિંબ થાપના રે લોલ, અષ્ટ દશ દોય ચાર. શુ૦ ચા૦ ૫
જિનપ્રતિમા જિનસારખી રે લોલ, ઋષભજી પૂર્વ પ્રસિદ્ધ; શુ૦
અષ્ટાપદ ગિરિ સિદ્ધ થયા રે લોલ, નલિનપુરે કર્યો વિશ્રામ. શુ૦ ચા૦ ૬

હાસિક બાબતોનો ઉલ્લેખ છે. પ્રશસ્તિકાર મુનિ ગુણસાગરજી જણાવે છે કે પ્રતિષ્ઠા–મહોત્સવ પ્રસંગે હરભમશેઠે જ્ઞાતિમેળો કર્યો હતો તથા તાંબાનો હાંડો, તાંબાનો ત્રાંસ, પિત્તળનો લોટો તથા સાત કોરી લહાણમાં આપેલ. જુઓઃ પરિશિષ્ટ—(ह) (૯).

નલિયાના લખમશી રામઈયા, નાગશી સોદે, સાંગણ દેવજી, પસાઈયા દામજી, અરજણ મણશી આદિ સંઘાગ્રણીઓ એ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા એવો પ્રશસ્તિમાં ઉલ્લેખ છે.

સં. ૧૯૨૧ના માઘ શુદિ ૭ને ગુરુવારે પાલિતાણામાં શેઠ કેશવજી નાયકે ઐતિહાસિક અંજનશલાકા કરાવેલી, એ પ્રસંગે સમસ્ત જ્ઞાતિ તરફથી હરભમશેઠે કેશવજીશેઠને તિલક કરીને તેમનાં કાર્યોની મુક્તકંઠે પ્રશંસા કરેલી. કવિ રત્નપરીક્ષક "અંજનશલાકા સ્તવન"માં વર્ણવે છે કે—

જ્ઞાતિપતિ સંઘપતિ પ્રતેં રે, આપે શ્રીફલ બીડાં પાંન;
કહે સફલો અવતાર છે રે, તુમ અમ આ જન્મ પ્રમાંણ.
એમ પ્રશંસે હરબ્રહ્મજી રે, તુમે કેશવ કેશરિ સિંહ;
આજ પરાક્રમ ફોરવ્યું રે, એહ અનુપમ કામ કરિંહ.

ઈન્દ્રપૂજન વખતનું વર્ણન પણ માણવા જેવું છે—

ઐરાવત હસ્તિશિરે રે લોલ,
બેઠા કેશવ ચામર ઢલે રે લોલ;
હરબ્રહ્મજી શેઠ નાતના રે લોલ,
અચ્યુતઈન્દ્ર સુર જાતના રે લોલ;
ઘેલાભાઈ આદે ઘણા રે લોલ,
ઈન્દ્ર મુગુટ પેરી બન્યા રે લોલ;

ચારટ રથ ઘોડે ચડ્યા રે લોલ,
મેના પાલખી હીરા જડ્યા રે લોલ.

એ વખતે જ્ઞાતિની સમૃદ્ધિનો પાર નહોતો. એમને ત્યાં જાણે ધનવર્ષા ન થતી હોય તેમ સૌ ધર્મકાર્યોમાં પાણીની જેમ પૈસો વાપરતા હતા. આ અરસામાં કચ્છમાં ગામેગામ ઉત્કૃષ્ટ જિનાલયો બંધાયાં, અનેક તીર્થ-સંઘો નીકળ્યા, જેની નોંધ જ્ઞાતિના ઈતિહાસમાં આગવું પ્રકરણ પૂરું પાડે છે.

સં. ૧૯૨૨ના કાર્તિક વદિ ૨ ને રવિવારે હરભમ શેઠે પોતાના જમાઈ ત્રીકમજી શેઠના સંઘ સાથે કેશરીઆ તીર્થની યાત્રા કરી. આ સંઘનું વર્ણન મુનિ દેવચંદ્રના શિષ્ય સકલચંદ્રે ધૂલેવા સ્તવનમાં, તથા કવિ જિનદાસે કેસરીઆજી સ્તવનમાં, ધૂલેવા સ્તવનમાં ઉલ્લેખ છે કે—

ત્રીકમજી માતા કમ્માબાઇ, ઉમરશી લઘુ ભાઈ રે;
ત્રીકમજી ભારજા દેવકુંવર, પુત્રી લખમી મનોહાર રે. ૫

શેઠ હરભંમજી, નરશી કેશવજી, શા માડણ ગોવિંદજી રે;
વૃદ્ધમાન નેણશી, જાદવ પરબત, ખરચે તિહાં બહુ વિત્ત રે.
લાલજી દેવશી છે ગુણવાંન, રતનશી બુદ્ધિ-ખાણ રે;
સંઘ સરવે ટીટોઈ આરંભ, આવી કીઉ શુભ ધામ રે. ૭

મોહોર પારસનાથજીને નીરખી, દરસણ કરે મન હરખી રે;
તિહાંથી સંઘ ધૂલેવે આયા, ડેરા તંબૂ જમાયા રે;
સન ઉગણીસ બાવીસ સાર, સંઘવીને ઘણું પ્યાર રે. ૮
કાર્તિક વદિ બીજને રવિવાર, જાત્રા કરી મનોહાર રે;
સત્તર પ્રકારે પ્રભુજીને પૂજ્યા, અશુભ કરમ સવિ ધૂજ્યા રે.

દિન છ રહ્યા પ્રભુ ઓછવ કીયા, સાંમિવછલ લાહા લીધા રે;
દખણા-દાંન ભંડાર ચૂકાયા, રાજનગર ફિરિ આયા રે. ૧૦
સાંમિવછલ સત્તર થયા, સરવે પૂન્ય ખજાના ભરિયા રે;
એમેં કુશલેં મુંબૈ આયા, સંઘવીના ગુણ જસ ગાયા રે.
અંચલગચ્છે દિનમણિ છાજે, શ્રી રત્નસાગરસૂરિ રાજે રે;
મુનિ દેવચંદ્ર ગુરૂપસાયા, સકલચંદ્રે ગુણગાયા રે. ૧૨

આ સંઘમાં જ્ઞાતિના સર્વે અગ્રેસરો ઉપસ્થિત હોઇને તે વખતે ગ્નાતિમાં ઐકયભાવના કેવી સુદૃઢ હતી તેની પ્રતીતિ પણ મળી જાય છે. દુર્ભાગ્યે આ એકતા ઝાઝી ટકી નહીં, અને પરિણામે પડતીનાં એંધાણાં દેખાવા લાગ્યાં.

વાદી પ્રેમજી લધા અને બીજાઓએ પ્રતિવાદી હરભમ શેઠ અને બીજાઓ પર મુંબઇની વરિષ્ઠ અદાલતમાં ફરિયાદ માંડી, જે "કરાડ નાતના કજીઆના ફડચા" તરીકે ઓળખાય છે. કરાડ અને દશા ઓશવાળના આગેવાનોએ આ ઝગડામાં શક્તિ, સમય તથા ધનનો મોટો વ્યય કર્યો. અને અંતે તેમને ઘરમેળે તે ઝગડાનું સમાધાન કરવું પડયું. તા. ૨૨-૧૨-૧૮૭૦ ને શુક્રવારે "ટાઈમ્સ ઓફ ઈન્ડિયા" દૈનિકના અંકમાં "નાતની મોટી તકરાર" એવા શીર્ષક હેઠળ આ કેસની વિગતો પ્રસિદ્ધ થઇ હોઇને કેસનું મહત્ત્વ સહેજે સમજી શકાય છે. આ કેસની વધુ વિગત માટે જુઓઃ "કચ્છી-દશા-ઓશવાળ-નાતના કેસો"- ગોકળદાસ જેચંદ ઝવેરી દ્વારા પ્રકાશિત.

આ કેસ પત્યો ત્યાં તો સં. ૧૯૩૭માં શ્રી અનંતનાથ જિનાલયના વહીવટ સબંધમાં વાદી ઠાકરશી દેવરાજ અને

બીજાઓએ પ્રતિવાદી હરભમશેઠ અને બીજાઓ સામે ફરિયાદ દાખલ કરી કે જિનાલયની લોખોની રકમો જ્ઞાતિના શેઠિયાઓની પેઢીમાં જમા હોઇને તે પેઢીઓ કાચી પડતાં ચલાઇ ગઇ છે. સં. ૧૯૨૨માં શેઠ વીરજી નરશીની પેઢી મોટી ખોટમાં ગયેલી.

હરભમશેઠે તા. ૨૬–૧–૧૮૮૨માં જુબાની આપતાં જણાવેલું કે—"કેશવજી નાયક, ઘેલાભાઈ પદમશી, અને મજકૂર ત્રીકમજી વેલજી અને જીવરાજ રતનશીએ આ પ્રતિવાદી તથા તેના ભાગીઆ પાસેથી રૂા. ૨૪૮૨૬૩–૩–૬ અગર તેનો કોઈ પણ ભાગ વસૂલ ન કર્યો તેમાં તેઓએ કંઇ દગો કર્યો નથી. આ પ્રતિવાદી ધારે છે કે મજકૂર પ્રતિવાદી કેશવજી નાયક અને ઘેલાભાઇ પદમશી અને મજકૂર ત્રીકમજી વેલજી અને જીવરાજ રતનશીએ આ પ્રતિવાદી તથા તેના ભાગીઆ સામે તેનાં નાણાં વસૂલ કરવાને સારૂ કંઈ કાયદેસર ઈલાજ ન લીધા. તે કામ તેઓએ નાતની મરજી પ્રમાણે કર્યું છે. કેમ કે આ પ્રતિવાદીના વડવા મજકૂર નરશી નાથાને અને પાછળ થનારને આ નાત મોટી આબરૂ અને માનતા સાથે જોતી હતી. કારણ કે મજકૂર નરશી નાથાએ નાતની મોટી સેવા બજાવી હતી અને તેથી નાતની મરજી હતી કે આ પ્રતિવાદી તથા તેના ભાગીઆ પર તેમની પડતી દશામાં કંઈ પણ કાયદેસર ઇલાજ લેવા નહીં."*

એમને આવા કપરા સંજોગોમાં ઉપયોગી થવા સૌ જ્ઞાતિબંધુઓએ મુંબઈમાં તા. ૧૬–૧૦–૧૮૮૧ના દિને મળીને

---

* "કુંવરજી દશા ઓશવાળ નાતના કેસો," પૃ. ૬૬૯–૭૦.

એક ઠરાવ કરી પ્રતિવાદીના વહીવટને પસંદ કરેલો અને આ કજીઆનો બચાવ નાતના ખર્ચે કરવાનું ઠરાવ્યું હતું, જે દ્વારા સ્પષ્ટ થશે કે હરભમ શેઠ અને જ્ઞાતિના શેઠીઆ પ્રત્યે જ્ઞાતિએ કેવો પ્રેમ દર્શાવ્યો છે.

આવા કેસોમાં અપ્રત્યક્ષ રીતે સામાજિક, આર્થિક કે ધાર્મિક હિતો વચ્ચે ઉગ્ર સંઘર્ષ થયો. જસ્ટીસ સ્કોટે તા. ૨૭-૬-૧૮૮૪ના દિને કેસનો ફેંસલો આપતાં તેની પશ્ચાદ્ ભૂમિકાની વિદ્વત્તાપૂર્ણ વિસ્તૃત છણાવટ કરી.

હરભમશેઠ વીરજી નરશીની પેઢીમાં મુખ્ય ભાગીદાર હોવા ઉપરાંત, એલાયન્સ બેન્ક ઓફ બોમ્બે લિમિટેડ, તથા એલાયન્સ ફાઈનેન્સીઅલ કોરપોરેશન વગેરેમાં ડીરેકટર તરીકે હતા. છેલ્લી બે કંપનીઓની નુકશાની જ માત્ર તે જમાનામાં રૂપીઆ એક કરોડ ઉપર ગઈ હતી!! શેરમેનિયાના જમાનામાં લગભગ બધી જ પેઢીની આવી દશા હતી.

આ રીતે હરભમશેઠના વખતમાં જ્ઞાતિએ બધા ક્ષેત્રે તડકી છાંયડી જોઈ અને અનેક આઘાતો-પ્રત્યાઘાતો અનુભવ્યા હતા. એકંદરે જ્ઞાતિબંધુઓ વચ્ચે એકયભાવ અતૂટ રહ્યો જેનો યશ હ ભમશેઠને ફાળે જાય છે. એમના મૃત્યુ પછી જ્ઞાતિના અગ્રેસરો જ સમસામી છાવણીમાં ગોઠવાઈ ગયા.

જ્ઞાતિબંધુઓની વેશભૂષામાં સમયોચિત પરિવર્તનો સાધવાનું શ્રેય પણ એમને ફાળે જાય છે. ભારમલ તેજશીના સૂચનથી તેમણે આ બાબતમાં ખાસ પ્રયાસો કરી જ્ઞાતિબંધુઓને માર્ગદર્શન પૂરૂં પાડયું. પહેલાં જ્ઞાતિની સ્ત્રીઓ જુદીજુદી જાતનાં છાયલો, ઢંગધડા વગરની ઓઢણીઓ અને

ચિત્રવિચિત્ર ખોંભીઓ અને પછેડાઓ આદિ પહેરતી. પુરૂષો પણ જૂનવાણી પોશાક જ પહેરતા. તે વખતે પારસીઓ, ભાટિયાઓ આદિ સુધરેલા ગણાતા લોકો જ્ઞાતિના આવા વિચિત્ર પોષાકો જોઇને મજાક કરતા કે હાંસી ઉડાવતા. આથી હરભમશેઠે ઠરાવ કરાવ્યો કે સ્ત્રી-પુરૂષોએ રેશમી સાડી-આબોટિયા પહેર્યા વિના મહાજનવાડીમાં જમવા આવવું નહીં અને જો આવશે તો તેમનો રૂા. ૫) દંડ થશે.

માત્ર ઠરાવ કરીને બેસી ન રહેતાં તેમણે ૨૦૦ સાડીઓ આદિ મંગાવીને, જે આવાં વસ્ત્રો ન વસાવી શકે તેમને પોતાને ખરચે વહેંચ્યાં. આ રીતે તેમણે જ્ઞાતિમાં નવો ચીલો ચાલુ કર્યો.*

જ્ઞાતિ શિરોમણિની ગાદીના વારસ તરીકે હરભમ શેઠ જ્ઞાતિમાં ઉચ્ચ માનપાન પામ્યા એ વિશે ઉલ્લેખ થઈ ગયો છે. અહીં એક બીજી નોંધવા જેવી બાબત એ છે કે શેઠ કેશવજી નાયક જેવા પ્રતિભાશાળી મહાનુભાવની વિદ્યમાનતામાં પણ હરભમ શેઠ અગ્રપદે બિરાજતા. શેઠ કેશવજી નાયકનો પ્રભાવ તથા તેમનાં કાર્યો બધે સુવિદિત છે. જ્ઞાતિમાં એમનું સ્થાન શેઠ નરશી નાથા પછીનું છે. આવી વિભૂતિની ઉપસ્થિતિમાં પણ હરભમ શેઠ પ્રમુખપદે બિરાજતા હોઇને દશા ઓશવાળ જ્ઞાતિએ શેઠ નરશી નાથા અને તેમના

---

* હીરજી હંસરાજ કાયાણી નોંધે છે કે— " મારી પોતાની માતાજીને શેઠશ્રીએ ચીનાઇ રૂમાલ ( રેશમ )ની સાડી મોકલાવી હતી, કે જે તેઓએ ઘણાં વરસ સુધી વાપરી હતી. " ( " દર્પણ ", જુલાઈ-ઓગસ્ટ, ૧૮૯૯ )



શેઠ શ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટના સર્જક:
શેઠ અભેચંદ રાઘવજી

શેઠ શ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટની ઓફિસ મુંબઈ



વારસ પ્રત્યે કેવી ઉચ્ચ ભક્તિ દર્શાવી છે તેનો ખ્યાલ આવી જશે આવું વિશિષ્ટ માનપાન અન્ય જ્ઞાતિમાં કોઈ એક વ્યક્તિને મળ્યું હોય એવું જણાતું નથી.

સં. ૧૯૪૨ના ભાદ્રવ માસમાં બાવન વર્ષનું આયુ ભોગવીને હરભમશેઠ અવસાન પામ્યા. એ પછી એમના ઓરમાન ભાઈ અભેચંદ રાઘવજીને જ્ઞાતિ મહાજને સં. ૧૯૪૨ના આસો શુદ ૧૩ ને રવિવારે પાઘડી બંધાવીને તેમને શેઠ નરશી નાથાની ગાદીએ બેસાડ્યા.

અભેચંદ શેઠનો જન્મ સં. ૧૯૦૦ લગભગમાં થયો હતો. તેમનાં પત્નીનું નામ ઉમાબાઈ હતું. તેમને ગંગાબાઈ નામે પુત્રી હતી. અભેચંદશેઠનો ઓભાયા રાઘવજી તરીકે જ્ઞાતિની અનેક સંસ્થાના દસ્તાવેજોમાં ઉલ્લેખ જોવા મળે છે. તેઓ પ્રભાવશાળી હોઇને જ્ઞાતિ પર સારું વર્ચસ્વ જમાવી શકેલા.

તેમણે શેઠ નરશી નાથાના નામથી ચાલતાં કાર્યો જારી રાખ્યાં. સં. ૧૯૨૧માં થયેલી અંજનશલાકામાં તેમણે જિનબિંબોની પ્રતિષ્ઠા પણ કરાવી છે, જુઓ: 'અંચલગચ્છીય લેખ સંગ્રહ', નં. ૩૪૧–૩૪૪.

સં. ૧૯૫૦માં મુંબઈની અદાલતમાં રાજગોર બ્રાહ્મણનો યાદગાર કેસ એમના સમયમાં લડાયો હતો, જેમાં વાદી લાલજી શામજી અને બીજાઓ તથા પ્રતિવાદી વાલજી વર્ધમાન અને બીજાઓ હતા. આ ઝગડામાં જ્ઞાતિના અગ્રેસરો પહેલીવાર સામે સામેની છાવણીમાં હોઇને આ ઝગડાએ ઉગ્ર રૂપ લીધું. વાદી પક્ષે શેઠ નરશી કેશવજી, શેઠ કુંવરજી

જીવરાજ વગેરે હતા. પ્રતિવાદી પક્ષે શેઠ અભેચંદ રાઘવજી, શેઠ ઘેલાભાઈ પદમશી, શેઠ ખેતશી ખીંઅશી વગેરે હતા. આથી જ્ઞાતિમાં ભારે કડવાશ જન્મી. જે શેઠિયાઓનો પડ્યો બોલ ઝીલાતો હતો તેમની સામે જ એ વખતે વ્યક્તિગત આક્ષેપોનો મારો ચાલ્યો!

રાજગોર બ્રાહ્મણોને જ્ઞાતિના જમણમાં આવવાનો કોઈ હક્ક નથી એમ વાદીનો દાવો હતો. આ મુદ્દો એવો તો ઉગ્ર રીતે ચર્ચાયો કે અન્ય જ્ઞાતિના અગ્રેસરો જેવા કે શેઠ ફકીરચંદ પ્રેમચંદ રાયચંદ, શેઠ ખટાઉ હીરજી વગેરેએ પણ કોર્ટમાં જુબાનીઓ આપેલી. અંચલગચ્છના યતિ મહિમાસાગરના શિષ્ય નયસાગરે પણ શાસ્ત્રોના પૂરાવાઓ રજૂ કરી જુબાની આપેલી.×

આ તકરારમાં શેઠ નરશી કેશવજીએ જુસ્સાપૂર્વક ભાગ લીધો હતો. અંતે કેસનો ચુકાદો વાદીની તરફેણમાં આવેલો. અપીલ થયેલી તેમાં પણ એ જ પરિણામ આવતાં અભેચંદ શેઠની પ્રતિષ્ઠાને ખમવું પડેલું. વર્ષો પૂરે ચાલી આવતી વડીલશાહી પરંપરાનો આથી સમયોચિત અંત આવ્યો. શેઠ નરશી કેશવજીએ જ્ઞાતિમાં ભારપૂર્વક દલીલો કરીને બધાને સમજાવેલું કે—નાતની બહુમતિ જે સ્વીકારે તે પ્રમાણે ચાલવું જોઇએ—જૂની રસમો પ્રમાણે નહીં. જૂનાં ધારા–

---

× એ વખતે નાત જમણનું નોતરું આ પ્રમાણે ફરતું: "શેઠ અભેચંદ રાઘવજીને ઘરજો, નાઠી ગોડી વરવછાત ઘરે નોતરો હએ." આવી ટહેલોમાં બ્રાહ્મણોનો ઉલ્લેખ ન હોવા છતાં તેઓ જમણમાં હક્ક તરીકે આવતા.

ધારણોમાં ફેરફાર પણ કરી શકાય છે! આ દલીલમાં સ્પષ્ટ રીતે વડીલ નેતાગીરીને ખુલ્લો પડકાર હતો.

અભેચંદશેઠનું સૌથી યાદગાર કાર્ય તે શેઠ નરશી નાથા ચેરિટી ટ્રસ્ટની સ્થાપના. વીરજીશેઠે તથા હરભમશેઠે કરી આપેલાં લખાણો(પરિશિષ્ટ ङ અને च )ને આધારે હરભમ-શેઠની બન્ને પુત્રીઓ દેવકુંવરબાઈ તથા રતનબાઈએ તા. ૧-૯-૧૮૯૨ના કરી આપેલા ટ્રસ્ટડીડ મુજબ શેઠ નરશીશાની સઘળી સખાવતોનું એક ટ્રસ્ટ એમના નામે કરવામાં આવ્યું. એના અભેચંદ રાઘવજી, હીરજી ઉકરડા, લાલજી શામજી અને વાલજી વર્ધમાન પ્રથમ ટ્રસ્ટીઓ નીમાયા. જુઓ: પરિશિષ્ટ-(ग)

આ ટ્રસ્ટ હાલ આ પ્રમાણે ખાતાઓ ચલાવી રહ્યું છે: નલિયામાં શેઠ નરશીશાના નામથી ચાલતા બાલાશ્રમ, કન્યાશાળા, સદાવ્રત અને ધર્મશાળા; પાલિતાણામાં ધર્મશાળા*, જિનાલયો આદિ. તદુપરાંત નલિયા ખાતે કૂતરાને રોટલા તથા પક્ષીઓને ચણ અને પાલિતાણા ખાતે જાત્રાળુઓ માટે ભોજનાલયની વ્યવસ્થા પણ આ ટ્રસ્ટ દ્વારા થાય છે.

નલિયાની વીરવસહી ટૂકનો વહીવટ કચ્છી-દશા-ઓશ-વાળ જૈન મહાજન હસ્તક સ્કીમ ફંડના ટ્રસ્ટીઓ કરે છે.

---

* પાલિતાણાની ધર્મશાળાની પાછળી બાજુમાં આવેલ શેઠ આણંદજી કલ્યાણજીનો વંડો છે, તેની ઘણીખરી જમીન આ ધર્મશાળાના ભાગરૂપે હતી, જે સર વસનજી ત્રીકમજીના ટ્રસ્ટીપદ દરમિયાન પેઢીને ભેટ અપાયેલ.

આ વહીવટ માટે તા. ૨-૮-૧૮૯૦ના મુંબઈની વરિષ્ઠ અદાલતે ઓભાયા રાઘવજી, હીરજી ઉકરડા, લાલજી શામજી, ડાહ્યાભાઈ કલ્યાણજી, વાલજી વર્ધમાન, ઠાકરશી દેવરાજ તથા શામજી ગંગાજરને ટ્રસ્ટીઓ તરીકે નીમ્યા. આ પહેલાં ટ્રસ્ટડીડ થયેલું હતું.

શેઠ નરસી નાથાના વંડા તરીકે ઓળખાતી કચ્છ-માંડવીની ધર્મશાળાનો વહીવટ મુંબઈ મહાજનના સ્કીમ ફંડના ટ્રસ્ટીઓ કરે છે.

કુમઠા-જિનાલયનું પણ જુદું ટ્રસ્ટ થયેલ હતું પણ મુંબઇની વરિષ્ઠ અદાલતની સંમતિથી તે ટ્રસ્ટનો વહીવટ શ્રી અનંતનાથજી દહેરાસરના ટ્રસ્ટીઓને સોંપી દેવામાં આવેલ છે.

પારોલા દહેરાસરજીનો વહીવટ જ્ઞાતિના ખાનદેશ મહાજન હસ્તક છે. ઉદેપુર, અમરાવતી વગેરે દહેરાસરજીનો વહીવટ ત્યાંના સ્થાનિક લોકો કરે છે. આ ઉપરાંત શેઠ નરશીશાએ બીજી પણ કેટલીક ધાર્મિક સંસ્થાઓ, જિનાલયો આદિ સ્થાપેલાં જેની પાકી નોંધ પણ હવે મળવી દુષ્કર છે. હાલ આવી અજ્ઞાત સંસ્થાઓમાંના શેઠ નરશીશાના શિલાલેખો પણ કાઢી નાખવામાં આવ્યા છે, જે વિશે અગાઉ ઉલ્લેખ કરી ગયા છીએ. આ બાબત તરફ જ્ઞાતિએ તથા શેઠ નરશી નાથા ચેરિટી ટ્રસ્ટે વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે, એટલું જણાવ્યા વિના રહી શકાતું નથી.

હાલમાં જ્ઞાતિશિરોમણિના નિકટવર્તિ કુટુંબના વંશજોમાં શેઠ વર્ધમાન જીવરાજ અને તેમના પુત્રો, તેમજ સ્વ. વસનજી દામજીના પુત્રો વિદ્યમાન છે. જુઓ : પરિશિષ્ટ – (अ)

હરભમશેઠની વિદાયથી જ જ્ઞાતિશિરોમણિના તેજવંત યુગ પર પડદો પડી ગયો હતો. જ્ઞાતિના ઇતિહાસમાં એ યુગને ધર્મયુગ તરીકે ઓળખવામાં આવે છે. એ પછી શેઠિયાઓએ જ્ઞાતિને દોરવણી આપવાને બદલે તે વખતે ચાલતા રાજગોર-બ્રાહ્મણના વિવાદાસ્પદ ઝગડાઓમાં પક્ષકારો થયા, અને તેમણે એક બીજાની વિરુદ્ધમાં ઉગ્ર પ્રચારાત્મક ઝુંબેશો ચલાવી—વ્યક્તિગત બદનામી પણ કરી. જ્ઞાતિશિરોમણિએ જીવનભર જ્ઞાતિની ઉન્નતિ તથા એકતા માટે જે કાર્યો કરેલાં અને જે ઉચ્ચ આદર્શ પ્રસ્થાપિત કરેલો તેની વિરૂદ્ધ શેઠિયાઓના વર્તાવથી જ્ઞાતિની પ્રતિષ્ઠા પર ભય તોળાઈ રહ્યો જણાયો. આ અકળામણમાંથી—આ મનોમંથનમાંથી પણ નવનીત પ્રાપ્ત થયું અને તે જ્ઞાતિમહાજનની બંધારણીય પ્રથા. જ્ઞાતિમહાજનના સૌ પ્રથમ બંધારણીય પ્રમુખ શેઠ નરશી કેશવજી થયા. આમ નવા યુગનો અહીંથી પ્રારંભ થયો. દેશમાં પણ સ્વાતંત્ર્ય ચળવળ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહી હતી. એ અરસામાં જ્ઞાતિનું લોકશાહી બંધારણ સૌ પ્રથમ અમલમાં આવ્યું એ ખૂબ જ નોંધપાત્ર બીના છે. દશા-જ્ઞાતિએ દેશ-કાળના આંદોલનો કેવાં ઝીલ્યાં તેનો પણ એ દ્વારા ખ્યાલ મળી રહેશે.

# [૧૪] માતુશ્રી પૂરબાઈમા

જ્ઞાતિશિરોમણિની મિલકતના વારસદારો અને તેમનાં કાર્યો વિશે આપણે નોંધી ગયા. તેમનો ધાર્મિક તથા સાંસ્કૃતિક વારસો તેમનાં પુત્રવધૂ પૂરબાઈ શેઠાણીએ દીપાવ્યો. શેઠ નરશીશાના અવસાન બાદ તેમના નામથી જે કાર્યો થયાં છે તેના મુખ્ય પ્રણેતા આ આદર્શ સન્નારી હતાં.

તેમનો જન્મ કચ્છ–સુજાપુરના ઠાકરશી ગોવંદાણી સાંયાના ધર્મપત્ની ગોરબાઈની કૂખે સં. ૧૮૭૪ના આસો શુદિ ૨ના દિને થયો. તેમના ભાઈનું નામ વેલજી. સં. ૧૮૮૭માં તેઓ માત્ર ૧૩ વર્ષની વયે શેઠ નરશી નાથાના સુપુત્ર હીરજીશેઠ સાથે લગ્નગ્રંથિથી જોડાયાં.

એમનું દાંપત્યજીવન નવેક વર્ષ માંડ ચાલ્યુ હશે સં. ૧૮૯૫-૯૬માં મુંબઈમાં ઝેરી તાવનું મોજું ફરી વળેલુ તેમાં હીરજીશેઠ પણ ભરખાઈ ગયા. આમ માત્ર ૨૧ વર્ષની વયે તેમને વૈધવ્ય પ્રાપ્ત થયું.

એ પછી થોડા મહિનાઓમાં જ એમનાં સાસુ કુંવરબાઈ તથા એ પછી ત્રણેક વર્ષ બાદ સસરા શેઠ નરશીશા આ ફાની દુનિયા છોડીને ચાલ્યાં ગયાં. આથી એમનું જીવન શિરછત્ર વિનાનું થઈ ગયું. નાની ઉમરમાં એમનાં પર અનેક જવાબદારીઓનો બોજ આવી પડ્યો, જે તેમણે નિષ્ઠાપૂર્વક વહ્યો અને પોતાની અપૂર્વ કર્તવ્ય–નિષ્ઠા દ્વારા પોતાનું, પોતાના સસરાનું અને સમસ્ત જ્ઞાતિનું તેમણે નામ દીપાવ્યું.

તેમણે ભોગવેલા વૈધવ્યને તેમણે ધર્મકાર્યોથી નિર્મળ

બનાવ્યું, એટલું જ નહીં જ્ઞાતિશિરોમણિના નામને ચિર સ્થાયી બનાવવા તેમણે ભવ્ય પુરુષાર્થ પણ આદર્યો. શેઠ નરશીશાના નામથી થયેલાં મોટાં ભાગનાં કાર્યો પાછળ એમનો જ મુખ્ય હાથ હતો. એમની પ્રેરણાથી જ વીરજી શેઠે તથા હરભમશેઠે જ્ઞાતિશિરોમણિની સામાજિક અને ધાર્મિક કારકિર્દીની પરંપરા ચાલુ રાખી, અને એમના હાથે અધૂરાં રહેલાં કાર્યો પૂર્ણ કર્યાં, જેનું શ્રેય પૂરબાઈમાને ફાળે જાય છે, એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

સં. ૧૮૯૭ના માઘ શુદિ ૫ ને બુધવારે તેમણે નલિયામાં દેવકુલિકા બંધાવીને તેમાં ગચ્છનાયક શ્રી મુક્તિસાગરસૂરિજીના ઉપદેશથી મૂલનાયક શ્રી વીરપ્રભુના બિંબ સહિત ત્રણ જિનબિંબોની ઉત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી.

સં. ૧૯૦૪ના શ્રાવણ વદિ ૩ ને ગુરુવારે સમસ્ત સંઘની આજ્ઞા મેળવીને તેમણે પોતાના સદ્‌ગત સાસુ–સસરા તથા પતિની પ્રતિમાઓ કરાવીને મુંબઈમાં શ્રી અનંતનાથ જિનાલયના મૂલ ગભારા સામેના આરીઆમાં બિરાજિત કરાવેલી જુઓ : પરિશિષ્ટ (દ) (૪). પાલિતાણામાં તથા નલિયામાં એમણે બંધાવેલાં જિનાલયોમાં પણ એવી પ્રતિમાઓ છે, તેના પ્રેરક પણ તેઓ જ હતાં.

સં. ૧૯૧૦ના માગશર સુદિ ૫ ને સોમવારે પૂરબાઇમાએ નલિયામાં જ્ઞાન-ભંડારની સ્થાપના કરેલી તથા પૌષધશાળા, ગૌશાળા આદિ બંધાવી આપેલાં. નલિયાની શ્રી વીરપ્રભુની દેવકુલિકાની શિલાપ્રશસ્તિમાં પૂરબાઇમાનાં સુકૃત્યોની વિગતવાર નોંધ લેવાઈ છે આ પ્રશસ્તિ ઉપા.મુક્તિલાભ ગણિના શિષ્ય

વાચક ક્ષમાલાભે રચી તથા મુનિ સુમતિલાભે લખી. પ્રશસ્તિકારે પૂરબાઇમાને "દાની, માની, બહુગુણી" વગેરે વિશેષણોથી નવાજયાં છે, તે યોગ્ય જ છે. જુઓ : પરિશિષ્ટ– (ह) (૨).

એમનું જ્ઞાતિમાં ઘણું જ આદરણીય સ્થાન હતું, એ વખતે લખાયેલી હાથપ્રતોમાંથી એમના વ્યક્તિત્ત્વ પર ઘણો જ પ્રકાશ પાડી શકાય છે. સાધ્વી દેવશ્રીએ સં. ૧૯૭૨ના જયેષ્ઠ વદિ ૪ના દિને અંચલગચ્છાધિપતિ શ્રી વિવેકસાગરસૂરિને સુથરીથી મુંબઇ પત્ર લખ્યો હતો, તેમાં પૂરબાઈ મા અંગે પણ ઉલ્લેખ મળે છે. આ પત્રમાં સાધ્વીશ્રીએ શેઠ હરભમ નરશી, શેઠ જીવરાજ રતનશી, શેઠ ઘેલાભાઇ પદમશી વગેરેનો પણ ઉલ્લેખ કર્યો છે. અંતે શેઠ કેશવજી નાયક અને શેઠ અચલજી, જેઓ તે વખતે સુથરીમાં હતા, તેમણે પણ પોતાની વંદના લખાવી હોઇને આ પત્ર મહત્ત્વપૂર્ણ છે ×

સાધ્વીશ્રી દેવશ્રીએ લખેલી ગરબીઓમાં પણ એમના વિશે ગૌરવાન્વિત ઉલ્લેખો જોવા મળે છે. એક ગરબીમાં સાધ્વીશ્રીએ પૂરબાઇના ગુણો વિશે આ પ્રમાણે જણાવ્યું છે –

શેઠ નરશી સુત હીરજી રે લોલ, અંગ સુજાત; શુભ૦
તસ ભાર્યા શુકલપક્ષણિ રે લોલ, ઉત્તમ કુલે ઉત્પન્ન. શુભ૦ ૭
દાન-શીલ-તપસ્યા ગુણે રે લોલ, પૂરબાઈ જગવિખ્યાત; શુભ૦
સુગુરુસંયોગ ઉપદેશથી રે લોલ, ચૈત્ય કર્યાં ચોસાર. શુભ૦ ૮

એ જમાનામાં તીર્થયાત્રાઓ કરવી ઘણી દુષ્કર હતી, કિન્તુ પૂરબાઈમાએ તો જીવનભર તીર્થયાત્રાઓ કરીને તથા

---

× આ પત્ર મને મારા કચ્છના સંશોધન પ્રવાસ વખતે પ્રાપ્ત થયેલો.



માતુશ્રી પૂરબાઈમાએ કરેલી તીર્થયાત્રાઓની સૂચિની હાથપ્રતનું પાનું



માતુશ્રી પૂરબાઈમાએ શ્રી ગોડીજીને કરેલી પ્રાર્થનાની હાથ-પ્રતનું પાનું

ઉગ્ર તપસ્યાઓ આદરીને પોતાનું જીવન કૃતકૃત્ય કર્યું.

સં. ૧૯૧૧માં વિશાળ સમુદાય સાથે તેમણે સમ્મેત-શિખર તીર્થની યાત્રા કરવા પ્રયાણ કર્યું. ભારમલ તેજશી-એ સાથે રહીને બધી વ્યવસ્થા સંભાળેલી. પચીસેક હથિ-યારબંધ સિપાઈઓ, અનેક સેવકો આદિ સહિત આઠેક ગાડીઓ લઈ તેમણે મુંબઈથી પ્રયાણ કર્યું ત્યારે ઠેઠ પનવેલ સુધી અનેક સ્વજનો અને સંબંધીઓ તેમને વળાવવા ગયેલા. એ જમાનામાં સમ્મેતશિખરજીની યાત્રા અપૂર્વ લહાવા જેવી ગણાતી વાહનવ્યવહારની અગવડતાને લીધે જૂજ લોકો જ આ તીર્થની યાત્રા કરી શકતા. દસેક માસ બાદ પૂર્વ ભારતનાં તીર્થોની યાત્રા કરી સૌ ક્ષેમ-કુશળ મુંબઈ પાછા પધારેલાં.

આ યાત્રા દરમિયાન પ્રાયઃ ઉપાધ્યાય વિનયસાગરજી પણ સાથે હતા. તેમણે રચેલાં સ્તવનો અનુસાર તેમણે કાર્તિક શુદિ ૫ ના દિને પ્રયાણ કરી માઘ વદિ ૧૧ ના દિને સમ્મેત-શિખરની, ફાગણ વદિ ૫ ના પાવાપુરીની યાત્રા કરી. તદુ-પરાંત તેમણે રાજગૃહી, ગૌતમજન્મપુરી ગોબરગામ, વિપુ-લાચલ, રત્નગિરિ, ઉદયગિરિ, વૈભારગિરિ, બનારસ, ચંદ્રપુરી, સિંહપુરી, તક્ષશિલા વગેરે તીર્થંકરોની કલ્યાણક ભૂમિઓની પણ યાત્રા કરી

પૂરબાઈમાએ જીવનભર તીર્થાટન કર્યું એમ કહીએ તો ચાલે તીર્થયાત્રાઓની સાથે ઉગ્ર તપસ્યાઓ પણ આદરેલી, જેની નોંધ એક પ્રાચીન હસ્તલિખિત પત્ર દ્વારા મળી આવે છે,* જેની સૂચિ નિમ્નોક્ત છે—

* આ ઐતિહાસિક પત્ર મને મારા કચ્છના સંશોધન પ્રવાસ દરમિયાન પ્રાપ્ત થયેલો.

| સંવત–મિતિ–તિથિ | તીર્થનું નામ | વિશેષ નોંધ |
|---|---|---|
| ૧૮૯૭ માગશર સુદિ ૧૫ | સિદ્ધગિરિ | પ્રથમ યાત્રા ૧૧ દિન. |
| ૧૮૯૭ માગશર વદિ ૧૩ | ગિરનાર | સિદ્ધગિરિથી વળતાં. |
| ૧૮૯૯ માગશર સુદિ ૧૪ | સિદ્ધગિરિ | ૧૦ દિવસ રહી યાત્રાઓ કરી. |
| ૧૯૦૦ માગશર સુદિ ૧૫ | સિદ્ધગિરિ | ૧૫ દિવસ રહી યાત્રાઓ કરી |
| ૧૯૦૦ પોષ સુદિ ૧ | ગિરનાર | સિદ્ધગિરિથી વળતાં યાત્રા કરી. |
| ૧૯૦૨ કાર્તિક સુદિ ૧૪ | સિદ્ધગિરિ | મોટી યાત્રાના મનોરથ સેવ્યા. |
| ૧૯૦૨ ,, | સિદ્ધગિરિ | નવ માસ રહી બે નવ્વાણું કર્યાં. |
| ૧૯૦૫ પોષ સુદિ ૧૫ | સિદ્ધગિરિ | માસ ક્ષમણ કર્યું. |
| ૧૯૦૫ ,, | ગિરનાર | સિદ્ધગિરિથી વળતાં યાત્રા કરી. |
| ૧૯૦૮ કાર્તિક સુદિ ૧૫ | સિદ્ધગિરિ | ૩ા માસ રહી નવ્વાણું કર્યું. |
| ૧૯૦૯ માગશર સુદિ ૧૫ | સિદ્ધગિરિ | ૨૧ દિવસ રહી યાત્રાઓ કરી. |
| ૧૯૧૨ ,, | સંમેતશિખર | ૪ દિવસ તીર્થમાં રહી રોજ બે યાત્રાઓ કરી. પગ રસ્તે ૯ માસ બાદ પાછા ફર્યાં. |

| | | |
|---|---|---|
| ૧૯૧૩ ચૈત્રી પૂનમ | ગિરનાર | પર્વ—યાત્રા કરી. |
| ૧૯૧૩ વૈશાખ સુદિ ૫ | સિદ્ધગિરિ | પાંચ દિવસ યાત્રાઓ કરી |
| ૧૯૧૫ કાર્તિક સુદિ ૧૫ | સિદ્ધગિરિ | એક પક્ષ ક્ષમણ કર્યું |
| ૧૯૧૫ માગશરમાં | ગિરનાર | પાલિતાણાથી વળતાં. |
| ૧૯૧૭ કાર્તિક સુદિ ૧૫ | સિદ્ધગિરિ | ૮ દિન રહી યાત્રાઓ કરી. |
| ૧૯૧૮ પોષ સુદિ ૧૫ | સિદ્ધગિરિ | શેઠ વેલજી માલુના સંઘ સાથે. પક્ષ ક્ષમણ કર્યું. |
| ૧૯૨૧ પોષ માસમ | સિદ્ધગિરિ | શેઠ કેશવજી નાયકના સંઘ સાથે. માસ ક્ષમણ કર્યું. |
| ૧૯૩૧ કાર્તિક વદિ ૦)) | સિદ્ધગિરિ | નવ્વાણું કર્યું. માસક્ષમણ રહ્યાં. |
| ૧૯૩૨ ફાગણ સુદિ ૧૦ રવિ | સિદ્ધગિરિ | ૧૮ દિવસ રહી ૧૩ યાત્રાઓ કરી. |

ઉપર્યુક્ત યાત્રાઓ તેમણે પોતાના સદ્ગત પતિ હીરજી શેઠના શ્રેયાર્થે કરી હતી એમ જણાવાયું છે. યાત્રાસૂચિમાં પૂરબાઈમાએ કરેલી ઉગ્ર તપશ્ચર્યાઓનો પણ ઉલ્લેખ હોઈને ધર્મ પ્રત્યે તેમની શ્રદ્ધા કેટલી દૃઢ હતી તેનો ખ્યાલ મળે છે. તેમણે ભરાવેલાં જિનબિંબોની સંખ્યા પણ ઘણી છે.

પૂરબાઈમાએ નલિયામાં શ્રી અષ્ટાપદ જિનાલયની પ્રતિષ્ઠા કરી, તે અંગે ઉલ્લેખ કરી ગયા છીએ. એમની પ્રેરણાથી હરભમશેઠે આ આબેડ જિનભવનનું નિર્માણ કરેલું.

પૂરબાઈમાને શ્રી ગોડીજી પર ઘણી જ શ્રદ્ધા હોવાનાં

પ્રમાણો ઉપલબ્ધ થાય છે. શ્રી ગોડીજીના પ્રત્યક્ષ દર્શન કરવાની એમની ઉત્કંઠા દર્શાવતા એક હસ્તલિખિત પાનામાં આ પ્રમાણે નોંધ છે.*

"...શ્રી ગોડીજી મહારાજ ! તમોને બાઈ પૂરબાઈ ધ્યાન નિત્યે પ્રતે તમારો ધરે છે. તેને અને જગતવાસી લોકોને સ્વામી, તમારા દરસણની ઉત્કંઠા ઘણી છે. તે માટે મહારાજ ગોડીજી, દરસણ આપો !

" હે અધિષ્ઠાયક પાર્શ્વયક્ષ, યક્ષણી, ધરણીધર, પદ્માવતી, ક્ષેત્રપાલ ! બાઈ પૂરબાઈને દરસણ દેઉ. અમને સ્વામીના દરસણની ઈચ્છા ઘણી ઘણી છે !

" માટે કૃપા કરી, સુનજર કરી, અમૃત નજર કરી, સુદષ્ટિ કરી એકવાર દરસણ દેઓ !

" આ સંસારમાં જીવ અનંતો કાલ ભટકયો. તે એ જીવને ક્ષયઉપશમ પ્રાપ્ત થવાનો દોહેલો. તે સ્વામી કોઈ પુરલા પુન્યને ઉદયે કરી આ મનુક્ષ જન્મ પ્રાપ્ત થયું. તેમાં આર્યક્ષેત્ર પામ્યાં, ઉત્તમ કુલ પામ્યાં, તેમાં શ્રી દેવ તે અરિહંત, ગુરુ સુસાધુ, જિન વીતરાગદેવ, કેવલી ભાખિત જિનધરમ પામ્યા. તેના પ્રભાવથી યથા જોગ્ય ધરમકરણી કરતાં સ્વામીના દરસણની ઇચ્છા થઈ છે."

જ્ઞાતિશિરોમણિ શેઠ નરશીશાના ધર્મપત્ની માતુશ્રી વીરબાઈમાએ પણ પૂરબાઇની ધાર્મિક કારકિર્દીથી પ્રભાવિત થઈને પાછલી અવસ્થામાં ધર્મકાર્યોમાં સવિશેષ ચિત્ત પરોવેલું.

* આ ઐતિહાસિક પત્ર મને કચ્છના સંશોધન પ્રવાસ દરમિયાન પ્રાપ્ત થયેલો. તેમાં બીજી પણ કેટલીક મહત્ત્વપૂર્ણ બાબતો નિર્દિષ્ટ છે.

તેમણે પણ અનેક જિનબિંબો ભરાવેલાં. સં. ૧૯૨૧ના આસો શુદિ ૧૫ને બુધવારે અંચલગચ્છ નાયક શ્રી રત્નસાગરસૂરિના ઉપદેશથી તેમણે વીશસ્થાનકની ઓળી ઉજવીને જિન-બિંબોની પ્રતિષ્ઠા કરાવી હતી. જુઓ : પરિશિષ્ટ (હ) (૧૧)

તેઓ પાસે જે મિલકત હતી તેમાંથી ધર્મકાર્યો થાય એવી ઇચ્છા તેમણે વસિયતનામામાં વ્યક્ત કરેલી. તે અનુ-સાર એમના નામથી એક ટ્રસ્ટ કરવામાં આવ્યું છે, જે એમની અંતિમ ઇચ્છાનુસાર ધર્મકાર્યો બજાવી રહ્યું છે.*

જ્ઞાતિશિરોમણિ શેઠ નરશી નાથા દશા—ઓશવાળ જ્ઞાતિના ઘડવૈયા તથા તેના તારણહાર તરીકે આજે ચિરસ્થાયી કીર્તિને વર્યા છે. તેમણે પોતાની વ્યાવસાયિક તથા આર્થિક સમૃદ્ધિનો લાભ જ્ઞાતિને ધર્યો, જેની રખેવાળી એમના મૃત્યુ બાદ વીરજી શેઠે તથા હરભમશેઠે સંભાળી. જ્ઞાતિશિરોમણિએ સામાજિક તથા ધર્મિક ક્ષેત્રે પણ પોતાનું યોગપ્રદાન કર્યું હતું, જેનો ઉજ્જ્વળ વારસો પૂરબાઈમાએ સંભાળીને એમના સંકલ્પોની પૂર્તિ કરી. પોતાની આવી કાર્યસૌરભ ફેલાવીને પૂરબાઈમા ૬૯ વર્ષનું આયુ ભોગવીને સં. ૧૯૬૩મા સ્વર્ગે સિધાવ્યાં તેઓ સાધ્વી જેવું નિર્મળ અને પવિત્ર જીવન જીવી ગયાં.

---

*હીરજી હંસરાજ કાયાણીએ માતુશ્રી વિશે "દર્પણ" (માસિક) માચ, સને ૧૮૯૯માં વિશેષ ઉહાપોહ કર્યો હોઇને તથા શ્રી જેઠાભાઇ દેવજી નાગડાએ પણ શ્રી ક. દ. ઓ. જૈ. જ્ઞાતિના ઇતિહાસ (અપ્રકટ)માં ઘણું ઘણું નોંધ્યું હોઇને (જેનો આધાર મેં 'અચલગચ્છ–દિગ્દર્શન"માં લીધો હતો). એ ચર્ચાસ્પદ બાબતોનું પુનર્લેખન અહીં અપ્રસ્તુત છે.

# [૧૫] જ્ઞાતિશિરોમણિનું મંત્રીમંડળ

શેઠ નરશીશાના ત્રણ મુખ્ય સલાહકારો—ભારમલ શેઠ, માડણશેઠ અને વર્ધમાન શેઠની વ્યાવસાયિક કારકિર્દી વિશે ઉલ્લેખ થઈ ગયો છે. આ ત્રણે મહાનુભાવોનો ઉલ્લેખ શિલા-પ્રશસ્તિઓમાં "મંત્રી" તરીકે થયો હોઇને તે એમના ઉચ્ચ સ્થાનને સૂચક છે. આ મંત્રીમંડળ પાછળથી સમસ્ત જ્ઞાતિના મંત્રીમંડળમાં ફેરવાઇ ગયું જેણે જ્ઞાતિનાં નવવિધાનની રખેવાળી કરી. જ્ઞાતિશિરોમણિની આર્થિક, સામાજિક તથા ધાર્મિક –એમ ત્રિવિધ કારકિર્દીનો કાર્યબોજ આ મંત્રીમંડળે સફળતાપૂર્વક વહ્યો હોઇને એમના વિશે સંક્ષિપ્ત ઉલ્લેખ અહીં પ્રસ્તુત બને છે.

આ મંત્રીમંડળના પ્રધાનમંત્રી હતા વિસરીઆ મોતા ગોત્રીય શેઠ ભારમલ તેજશી. જ્ઞાતિશિરોમણિના તેઓ સાળા હતા. કચ્છ–કુવાપધરમાં એમનો જન્મ થયો હતો, પણ પાછળથી તેઓ નલિયામાં વસ્યા હતા. તેમનું વંશવૃક્ષ આ પ્રમાણે છે: પત્રામલ–કાનજી–વીસર–જેઠા ભાર્યા મૂલીબાઇ. તેમના તેજશી અને સામત નામે બે પુત્રો થયા. સામતને તેની પત્ની લાખબાઇથી નાગશી અને તેના પુત્ર પચાણ થયા.

તેજશીને તેની પત્ની માનબાઇથી ગોવિંદજી અને ભારમલ નામે બે પુત્રો થયા. ગોવિંદજીને તેની પત્ની માલબાઈથી માડણ નામે પુત્ર થયો. માડણને તેની પત્ની ગંગાબાઇથી ત્રણ પુત્રો આ પ્રમાણે થયા–કેશવજી, ગોવિંદજી તથા મેઘજી.

કેશવજીના પુત્ર ધનજી અને તેના લક્ષ્મીચંદ થયા, જેઓ સર વસનજી ત્રીકમજીની સુપુત્રી લીલબાઈને પરણેલા.*

ભારમલશેઠના લગ્ન રાજબાઈ સાથે થયા. તેઓને સંતતિ ન હોવાથી તેમણે પોતાના ભત્રિજા માડણ ગોવિંદજીને દત્તક લીધેલા કિન્તુ તેઓ તથા તેમના ત્રણે પુત્રો અલ્પજીવી હતા. રાણીસરના જિનાલયની ધાતુમૂર્તિ પરથી ભારમલ શેઠની પ્રથમ પત્ની તથા બે પુત્રોનો ઉલ્લેખ પણ મળે છે.×

ભારમલશેઠની વ્યાપાર-પટુતાથી શેઠ નરશી નાથાની પેઢી ઉત્તરોત્તર પ્રગતિ કરતી ગઈ. જ્ઞાતિશિરોમણિના દેહાવસાન બાદ વીરજીશેઠ તથા વીરજીશેઠના અવસાન બાદ હરભમશેઠ સગીર વયના હોઇને વ્યાપાર કારોબાર મુખ્યત્વે ભારમલશેઠે જ સંભાળેલો. પોતાની કાર્યદક્ષતાથી તેઓ "જ્ઞાતિ હિતચિંતક" તથા "જ્ઞાતિ શુભેચ્છક" વગેરે માનાર્હ બિરુદો ધરાવતા હતા. એમની વ્યાવસાયિક સામાજિક તથા ધાર્મિક કારકિર્દી સુદીર્ઘ છે. અહીં માત્ર સંક્ષિપ્ત નોંધ લઇશું.

---

* લક્ષ્મીચંદશેઠ તેમના પત્ની સાથે સં. ૧૯૬૦ના વૈશાખ શુદિ ૫ને બુધવારે કપૂરસાગરજીની નિશ્રામાં હાલારના દલતુંગીમાં શ્રી અજિતનાથ-જિનાલયની પ્રતિષ્ઠા થયેલી તે પ્રસંગે ખાસ પધારેલા.

× લેખમ તેમની પત્નીનું નામ કમલબાઇ તથા પુત્રોનાં નામ વેરશી તથા નરશી પણ આપ્યાં છે. આ પરથી જણાય છે કે ભારમલશેઠનાં પહેલાં પત્નીથી તેમને બે પુત્રો થયા હશે, જેઓ અલ્પજીવી હશે. પહેલાં પત્નીના અવસાન બાદ તેઓ રાજબાઈ સાથે લગ્નસંબંધથી જોડાયા. જુઓઃ પરિશિષ્ટ-(ह) (૧૦)

રૂનો વ્યાપાર તે વખતે મુખ્યત્વે ભાટીઆ અને દશા-ઓશવાળોના હાથમાં હતો. સં. ૧૯૧૦માં રૂના ભાવ રૂા. ૧૦૦) થી ઘટીને રૂા. ૭૦) થઈ ગયા આથી સૌ મોટી નુકશાનીમાં આવી ગયા. રૂની પેઢીઓ કાચી પડવા લાગી. શેઠ શિવજી નેણશીની પેઢીએ તો માગનારાઓની કતાર લાગવા માંડી અંતે કંટાળીને શિવજીશેઠે ભારમલશેઠને ઘેર જઈને કહ્યું કે–" હવે તો પેઢી ચાલુ રાખી શકાય તેમ નથી. " "જ્ઞાતિની આ આગેવાન પેઢી બંધ થાય તો સારું ન કહેવાય" –એમ ભારમલશેઠે જણાવ્યું. વ્યક્તિગત રીતે એમને અને શિવજીશેઠ વચ્ચે ઘણા ઉગ્ર મતભેદો હતા. જેમાં શેઠ કેશવજી નાયક અને શેઠ ઘેલાભાઇ પદમશીની સલાહથી સં. ૧૯૦૯માં હોંગકોંગમાં પેઢી ખોલેલી અને પાછળથી તેમને પસ્તાવું પડેલું ઈત્યાદિ ઘણા મુદ્દાઓ હતા.* આથી દુભાઇને ભારમલશેઠે તેમની પેઢીએ જવાનું પણ માંડી વાળેલું. શિવજીશેઠના પુત્રોની મનસ્વી વર્તણુંક અંગે બે કડવા વેણ કહીને ભારમલશેઠે જણાવ્યું કે–" વખાર ઉઘાડજો, હું જાતે ત્યાં આવીને બેસીશ. "

---

* આ પેઢીમાં તેમણે પોતાના પ્રતિનિધિ તરીકે પીરભાઇ ખાલેકદીનાને ચીન મોકલાવેલા. ત્યાંના વેપારમાં ખોજાઓનું સવિશેષ પ્રભુત્વ હોઇને તેમણે મળીને આ પેઢીને આર્થિક સકંજામાં સપડાવેલી. જ્ઞાતિના હિત ખાતર ભારમલશેઠે પેઢીને ઊગારી લીધેલી, પરંતુ આ વાતે ઘણુ ગંભીર સ્વરૂપ પકડેલું. સં. ૧૯૧૦માં બન્ને કોમો વચ્ચે નજીવા કારણે હુલ્લડ ફાટી નીકળેલું, જે અંગે અગાઉ ઉલ્લેખ થઇ ગયો છે.

બીજે દિવસે ભારમલશેઠ પોતાની પેઢીમાંથી તથા શેઠ કેશુ જાદવજી પાસેથી જરૂર પૂરતું નાણું મંગાવીને શિવજી-શેઠના પુત્ર નાગશીને તે આપીને પેઢી પર બેઠા. માગનારાઓને કતારમાંથી એક પછી એક બોલાવીને લેણું ચુકવ્યું. જેમની હુંડીઓ પાકતી નહોતી તેમને ધમકાવીને પાછા ધકેલ્યા. ભારમલશેઠના બેસવાથી લોકોમાં જાણ થઈ કે શેઠ નશી નાથાવાળા શિવજીશેઠ વતીથી નાણાં ચુકવે છે, એટલે પેઢી પર તોળાઈ રહેલાં આપત્તિનાં વાદળો વિખરાઈ ગયાં. આ કટોકટીમાંથી પાર ઉતર્યા પછી પેઢીની આંટ હતી તેવી કાયમ રહી ગઈ. આમ વ્યક્તિગત સંબંધોને બાજુએ રાખીને ભારમલશેઠે દુરંદેશી વાપરીને જ્ઞાતિની આગેવાન પેઢીને ઉગારી લીધી.

એ અરસામાં મોટા વેપારીઓ ખૂટી પડેલા. ઠક્કર ગોપાલજી વાલજી જેવા વેપારીઓ કાચા પડવાથી જ્ઞાતિબંધુઓની મોટી રકમો તેમાં ફસાઇ પડેલી. નાની પેઢીઓની પરિસ્થિતિ આથી ડામાડોળ થઈ, એટલે ભારમલશેઠ ચિંતામાં પડી ગયા. કેશું જાદવજી સાથે એમને ઘરોબો હતો. તેમની ભલામણથી મોટી હવેલીના મહારાજ જીવનલાલજી પાસેથી સાતેક લાખની રકમ તથા કેશુ જાદવજીની લાગવગથી બીજાઓ પાસેથી પણ લાખોની રકમ એકઠી કરીને તેમણે જ્ઞાતિબંધુઓને એકત્રિત કરીને જણાવ્યું કે– "જેને જેટલા રૂપીયા જોઇએ તેટલા મારી પાસેથી લઇ જવા પણ કોઇએ પોતાની આંટ તથા આબરૂને જરા જેટલી પણ આંચ આવવા દેવી નહીં, અથવા તો આબરૂને દાગ તથા બટ્ટો લગાડવો નહીં."

તેમણે તે વખતની રૂની અગ્રણી પેઢી વિલીઅમ નીકલના મુખ્ય ભાગીદાર જહોન ફ્લેમીંગને સખત રીતે ભલામણ કરી કે—"મારો કોઇ પણ જ્ઞાતિભાઈ રૂ કન્સાઇન આપવા આવે અથવા રૂ માગવા આવે તો બેલાશક તેમના કન્સાઇનમેન્ટ કબૂલ કરશો, અથવા તો તેમને રૂ આપશો. મારા બધા જ્ઞાતિભાઇઓ માટે હું જાતે જવાબદાર તથા જોખમદાર છું." જ્ઞાતિબંધુઓને નામે આવો વાણીટંકાર કરનાર, આવો શુભેચ્છક કે હિતેચ્છુ ભારમલશેઠ પછી આજ દિવસ સુધી કોઈ થયો નથી !

આ કટોકટીમાંથી ઉગરવા ભારમલશેઠે દોરવણી આપી કે સૌએ રૂ એકત્રિત કરી વિલાયત ચડાવવું, અને હિંમતપૂર્વક કામ કરવું. વહાણોના નૂરના ઓર્ડર લખાઈ આવતાં, ભારમલશેઠ તે ફ્લેમીંગ સાહેબને બતાવીને હુંડીઓ વેચી આપવાની તેમને ભલામણ કરતા. તે વખતે નીકલ કંપની સાથે એમને મીઠો સંબંધ હોઈને એમની ભલામણથી કરોડોની હુંડીઓ શાખ પર જ વેચાઈ જતી આવી સગવડ થવાથી જ્ઞાતિબંધુઓ સારું કમાયા અને સં. ૧૯૧૧માં આખી જ્ઞાતિ પુનઃ આબાદ થઈ ગઈ. સં. ૧૯૧૮માં અમેરિકામાં લડાઈ ફાટી નીકળતાં રૂના ભાવ આસમાને ગયા. લોકોએ ગાદલા-ગોદડાનું રૂ પણ વેચી નાખ્યું ! આમ પ્રતિદિન આબાદી વધતી ચાલી, જે સં. ૧૯૨૧માં પરાકાષ્ઠાએ પહોંચી.

જ્ઞાતિમાં નાણું વધતાં જૂનાં રીતરિવાજોનો ખર્ચ પણ પ્રમાણમાં વધી ગયો. આથી ભારમલશેઠે જૂની રીતરસમો

પર પુનર્વિચારણા કરી અનેક સુધારા-વધારાઓ દાખલ કર્યા. પરિણામે નિરર્થક રિવાજો જ્ઞાતિમાંથી સદાને માટે અલવિદા કરી ગયા. એમના પ્રયાસોને પરિણામે જ જ્ઞાતિમાં જૂનવાણી વેશભૂષા સદંતર નાબૂદ થઈ, તે વિશે ઉલ્લેખ થઈ ગયો છે.

ભારમલશેઠની સલાહ-સૂચનાથી જ્ઞાતિએ એવો ઠરાવ કર્યો હતો કે જ્ઞાતિભાઇઓમાં અરસપરસમાં લેણ-દેણ કે સામાજિક બાબતો અંગે વાંધા પડે તો કોઇએ કોર્ટ-કચેરીનો રાહ ન લેવો. જો લે તો તેને નાત બહાર મૂકવો. વિશેષમાં ઠરાવવામાં આવ્યું કે જ્ઞાતિબંધુ એકબીજા ઉપર વકીલ મારફત નોટિશ મોકલાવે તો તેનો ઓછામાં ઓછો પાંચ રૂપીઆનો દંડ કરવો. નાતના ઝગડાઓનો નિકાલ નાત કરે, 'નાત તરે અને નાત મરે' એવી ભાવનાનો એ જમાનો હતો.

ભારમલશેઠ બપોરે દોઢથી ચાર વાગ્યા સુધી જ્ઞાતિના ઝગડાઓનો નિકાલ જાતે કરતા. એમની સાથે જ્ઞાતિના અન્ય શેઠીઆઓ પણ બેસતા. શેઠ વેલજી માલુ બહુ બુદ્ધિશાળી હોઇને તેઓ આ કાર્યમાં બહુ ઉપયોગી થતા. શેઠ શિવજી નેણશી તથા શેઠ જીવરાજ રતનશી જ્ઞાતિની કોર્ટમાં બેસતા ખરા પણ ઝાઝી દિલચસ્પી લેતા નહીં. એ સૌમાં સર્વેસર્વા તો ભારમલશેઠ જ હતા.

હીરજી હંસરાજ કાયાણી આ બાબતમાં નોંધે છે કે— "સંવત ૧૯૧૩ની સાલમાં મેં શેઠ હીરજી ભીમશીની

કુંપની પાસેથી આશરે પાંચસો એક ગાંસડી રૂની ખરીદવાનો સોદો કર્યો હતો. પણ બીજે દિવસે રૂની બજાર વધવાથી મજકૂર કુંપનીએ ગાંસડી તોલી આપવામાં આનાકાની કરી અને તેથી કંટાળીને મેં તેના ઉપર વકીલ મારફત નોટીશ મોકલાવી. આ બાબતની ખબર શેઠ ભારમલભાઇને પડતાં તેઓએ તરત મને બોલાવી મંગાવ્યો અને ધમકાવીને કીધું જે નોટીશ મોકલવાની શું જરૂર હતી ? વાંધો પડ્યો હતો તો મારી પાસે શું કરવા નહિ આવ્યો ? પછી મને સાથે લઈ તરત જ તેઓ શેઠ હીરજી ભીમશીની કુંપનીની દુકાને આવ્યા અને મને ગાંસડીઓ તોલી આપવાની તેઓને ફરજ પાડી. શેઠ હીરજી ભીમશીની કુંપનીવાલાઓએ પણ બોલ્યા ચાલ્યા વગર ભારમલશેઠના કહેવા મુજબ ગાંસડીઓ મને એકદમ તોલી આપી અને મેં નોટીશ મોકલાવી હતી તે વાસ્તે ભારમલશેઠે મારા પાસેથી પાંચ રૂપીઆ દંડ તરીકે લીધા. આવી રીતે હમેશાં બનતું, અને જ્ઞાતિમાં કોઈની તાગાત નહીં જે એકબીજા ઉપર ફરીઆદી કરી શેકે."—"દર્પણ", જુલાઈ–ઓગસ્ટ, સને ૧૮૯૯.

તેમના પ્રયાસોને પરિણામે જ્ઞાતિમાં નીતિમત્તાનું ધોરણ ઘણું ઊંચું ગયું. નાદારી એટલે શું, અને નાદાર કેમ થવાય એની કલ્પના સુદ્ધા કોઇને નહોતી. અમુક સંજોગોમાં કોઈ જ્ઞાતિબંધુને ધંધો સમેટવો હોય તો તે પોતાની મિલકત ભારમલશેઠને સોંપી દેતો. તેઓ તેમાંથી બધા લહેણદારોને પતાવતા. ઉદાહરણ તરીકે તેમણે ચત્રભોજ લધા અને ધનજી પદમશીની મિલકતો પોતાને હસ્તક લઇને તેમના લહેણદારોનું દેવું પતાવ્યું હતું.

ટૂંકમાં, જ્ઞાતિની પ્રતિષ્ઠા, જે શેઠ નરશી નાથાની ખંતપૂર્વકની જહેમતથી જામી હતી, તેને ધક્કો ન લાગે તથા જ્ઞાતિએ જે સમૃદ્ધિ પ્રાપ્ત કરેલી તે ઝગડામાં વેડફાઈ ન જાય તે માટે ભારમલશેઠે બધા જ શક્ય ઉપાયો યોજ્યા હતા. એમણે પ્રસ્થાપિત કરેલી ઉચ્ચ પ્રણાલિકાઓ ખરેખર, પ્રશસ્ય હતી.

ભારમલશેઠને ધર્મ પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા હતી. તેઓ દિવસભર કાર્યબોજથી લદાયેલા હોવા છતાં દેવદર્શન, સેવાપૂજા તથા પ્રતિક્રમણાદિ વગેરે નિયમપૂર્વક કરતા તથા એકાદ–બે કલાક સુધી ધ્યાન પણ ધરતા. શ્રી અનંતનાથ જિનાલયનો વહીવટ જીવનભર એમણે જ ચલાવ્યો.

કચ્છ-નલિયામાં તેમણે સં. ૧૯૦૯માં એક ઉપાશ્રય બંધાવી આપ્યો, તથા વીરવસહી ટૂંકમાં શ્રી શાંતિનાથ ભગવાનનો ભવ્ય જિનપ્રાસાદ તથા શ્રી પુંડરિકજીની દેવકુલિકા આદિ બંધાવ્યાં. સં. ૧૯૧૦ ના માગશર શુદિ ૨ ને શુક્રવારે અંચલગચ્છનાયક શ્રી મુક્તિસાગરસૂરિના ઉપદેશથી તેમાં મૂલનાયક સહિત ૨૧ જિનબિંબોની તેમણે મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી એ પવિત્ર પ્રસંગે નલિયામાં તેમણે દેશ–તેડું કરીને પર ગામોનો જ્ઞાતિમેળો કરેલો; તથા મુદ્રા અને સાકર ભરેલા તાંબાના લોટાની લહાણુ કરેલી. એ પ્રસંગે વાચક ક્ષમાલાભ ગણિના શિષ્યો સુમતિલાભ, નયનલાભ, રાજસુંદર વગેરે શ્રમણસમુદાય ઉપસ્થિત રહેલો એમ શિલા-પ્રશસ્તિ (પરિશિષ્ટ: દ ૮) પરથી જાણી શકાય છે આ પ્રશસ્તિમાં અન્ય ઐતિહાસિક બાબતો ઉપરાંત ભારમલશેઠનું વંશવૃક્ષ પણ છે.

આ જિનાલયના સ્થપતિ હતા કડવા મોરારજી મનજી, જેમણે અષ્ટાપદજીનું બેનમૂન સ્થાપત્ય પાછળથી ત્યાં જ રચ્યું.×

સં. ૧૯૧૧ના કાર્તિક શુદિ ૫ ના દિને તેઓ પૂરબાઈમાની સાથે સમ્મેતશિખર તીર્થની યાત્રા માટે પ્રયાણ કરી ગયા હતા. એ યાત્રામાં તેમણે ધર્મ-કાર્યોમાં છૂટે હાથે દ્રવ્ય વાપરીને લક્ષ્મી કૃતાર્થ કરી. દસેક માસની લાંબી મુસાફરી બાદ તેઓ ક્ષેમકુશળ મુંબઈ પહોંચ્યા; પણ એ પછી એમની તબિયત એકાએક લથડી. બાંયમાં થયેલા કોઈ ઝેરી દર્દનો ભોગ બની તેઓ સં. ૧૯૧૩ના આસો માસમાં દિવંગત થયા.

પોતાની અંતિમ ઘડીએ તેમણે જ્ઞાતિના બધા જ આગેવાનોને પોતાની મૃત્યુશૈયા પાસે બોલાવેલા અને સૌને

---

× જ્ઞાતિશિરોમણિ તથા તેમના પ્રધાનમંત્રી-અથવા તો ‘ પેશ્વા ’ દ્વારા નિર્મિત જિનભવનો પણ તેમનાં અંગત જીવનની જાણે ઝાંખી ન કરાવતાં હોય તેમ અત્યંત નિકટવર્તિ શોભે છે. બીજી વિશેષતા એ છે કે હરભમશેઠ દ્વારા નિર્મિત શ્રી અષ્ટાપદ જિનાલય અને નરશી શેઠ દ્વારા નિર્મિત આ ચંદ્રપ્રભુના જિનાલયને જોડતી સાંકળની જેમ બારમલશેઠનું શ્રી શાંતિનાથજીજિનાલય આવેલુંછે એ પણ યોગાનુયોગ જ છે! આ ત્રણે મુખ્ય જિનાલયો તથા તેને ફરતી દેવકુલિકાઓ, જે જ્ઞાતિશિરોમણિ, તેમના મંત્રીઓ, આપ્તજનો તથા કુટુંબી બંધુઓએ બંધાવ્યાં છે, તે બધો મંદિર-પરિવાર તેમના નિર્માતાઓના પરિવારની જેમ દીપી રહ્યો છે – જ્ઞાતિશિરોમણિ શેઠ નરશી નાથાને જાણે એમનો પરિવાર વિંટળાઈને કુટુંબભાવે બેઠો ન હોય? અનાયાસે થયેલી આવી રચના પણ કેટલી હૃદયંગમ છે!

સલાહ-સંપથી રહેવાની અને જ્ઞાતિના ઉત્કર્ષ માટે બનતું બધું જ કરી છૂટવાની સલાહ આપેલી. સલાહનાં ફળ કેવાં મીઠાં હોય છે તેનાં દૃષ્ટાંતો પણ શાસ્ત્રોનાં પ્રમાણો ટાંકીને કહી સંભળાવ્યાં. એમનાં વક્તવ્યથી સૌ આગેવાનો અત્યંત પ્રભાવિત થયા અને તેમણે સૌએ એ પ્રમાણે વર્તવાનું વચન આપ્યું. અંતે ભારમલશેઠે સૌને ખમાવીને મુનિ વિનયસાગરજી પાસે અણશણવ્રત લઈ યોગીની અદાથી દેહ ત્યજ્યો. એમના જવાથી જ્ઞાતિએ પોતાનો મહાન હિતચિંતક તથા શુભેચ્છક ગુમાવ્યો.

(૨)

જ્ઞાતિશિરોમણિ શેઠ નરશી નાથાનાં બહેન સારબાઈને સાંધાણના તેજશી હીરજી ધુલ્લા સાથે પરણાવેલાં. તેમના પુત્ર માડણ પણ આ મંત્રી-મંડળના અગ્રણી સભ્ય હતા. એમની કારકિર્દી વિશે પ્રસંગોપાત ઉલ્લેખ કરી ગયા છીએ. માડણશેઠના બંધુ વર્ધમાન શેઠ થયા, તેમને વિશે ઝાઝું જાણી શકાતું નથી. તેઓ અલ્પજીવી હોય એવી સંભાવના કરી શકાય છે. મૂર્તિ લેખોમાંથી એમના વિશે ઉલ્લેખો સાંપડે છે. જુઓ પરિશિષ્ટ : (ह) (૧૧)

માડણશેઠને તેમનાં પત્ની કુંવરબાઇથી જેઠાલાલ નામે પુત્ર થયો. મૂળ તેઓ લોડાયા ગોત્રના હતા. આ ગોત્રનો વિસ્તાર વધતાં તમાંથી ધુલ્લા ગોત્ર અસ્તિત્વમાં આવ્યું એમ તત્કાલિન મૂર્તિલેખો પરથી સ્પષ્ટ થાય છે. જુઓ-મોટીખાવડીના શ્રી ચંદ્રપ્રભુ મૂલનાયકજીનો લેખ—"સંવત ૧૯૨૧

ના માઘ સુદ ૭ ગુરો શ્રીમદંચલગચ્છે પૂજ્ય ભટ્ટારક શ્રી રત્નસાગરસૂરીશ્વરજીમુપદેશાત્, શ્રી કચ્છદેશે, શ્રી સાંધાણ-નગરે, ઉશવંશે જ્ઞાતિ લઘુશાખાયાં ધુલા–લોડાયા ગોત્રે સા. માડણ તેજશી ભાર્યા કુંવરબાઈ પુત્ર જેઠાભાઇ, શ્રી ચન્દ્ર-પ્રભબિંબ કારાપિતં."×

વંથલી (સૌરાષ્ટ્ર)ના ચૌમુખ જિનાલયની પાષાણમૂર્તિઓ પર જે લેખો છે. તેમાં તેમને લોડાયા ગોત્રના જ કહ્યા છે. આવા બીજા પણ અનેક લેખો સં. ૧૯૨૧ની સાલના મળે છે.

માડણશેઠ ઘણા પ્રતાપી પુરુષ હતા. ભારમલશેઠ અને માડણશેઠની જોડલીએ શ્રી અનંતનાથ જિનાલયનો વર્ષો સુધી વહીવટ સફળતાપૂર્વક સંભાળેલો. જ્ઞાતિશિરોમણિના મુખ્યત્વે પ્રત્યેક કાર્યોને એમણે મળીને જ પાર પાડેલાં એથી તેઓ જ્ઞાતિના ઇતિહાસમાં સદાય યાદ રહેશે. ભીમશી

---

× ખીમેલ (રાજસ્થાન)ના જિનાલયમાંથી "લોડાઇયા–ધુલ્લા"ના ઉલ્લેખવાળા અનેક લેખો પ્રાપ્ત થાય છે. તેઓ મૂળ ઉદેપુરના સૂર્યવંશી રાણાના વંશજો હોવાનાં પ્રમાણો સાંપડે છે. શેઠ ખેતશી ખીંઅશી તથા શેઠ માડણ તેજશીના પૂર્વજો દરિયાવદિલના હોઇને કચ્છી બોલીમાં તેમને સૌ "ધુલ્લા રાજા" કહેતા તે પરથી એમની ઓળખ ધુલ્લા થઇ. મૂળ તેઓ લોડાયા ગોત્રના હતા. સર વસનજી ત્રીકમજીના પુત્ર મેઘજી સાથે શેઠ હેમરાજ ખીંઅશી ધુલ્લાની પુત્રી લક્ષ્મીનાં લગ્ન થતાં લોડાયા અને ધુલ્લા વચ્ચે લગ્ન સબંધ બંધાયો. ધુલ્લા કે દુલ્લામાંથી કેટલાક પોતાને દોશત તરીકે પણ ઓળખાવે છે. મેઘજીશેઠ હરભમશેઠના દોહિત્ર હોઇને જ્ઞાતિશિરોમણિની ગાદીએ બેઠેલા.



જ્ઞાતિશિરોમણિના કુટુંબીઓ દ્વારા નિર્મિત શ્રી વીરવસહીની ૭ દેવકુલિકાઓ,

કચ્છ-નલિયા



શેઠ શ્રી ભારમલ તેજશી દ્વારા નિર્મિત શ્રી શાંતિનાથ-જિનાલય,
કચ્છ-નલિયા

રતનશી ટ્રસ્ટની સ્થાપનામાં પણ માડણશેઠનો હિસ્સો સારો હતો. ભારમલશેઠની કારકિર્દીમાં માડણશેઠનો પણ સરખો હિસ્સો હોઇને તેનું પુનર્લેખન અહીં પ્રસ્તુત નથી.

પોતાના મામા શેઠ નરશી નાથાને અનુસરીને માડણ શેઠે પણ પોતાના વતન સાંધાણમાં ટ્રંક નિર્માણ કરવાની મહેચ્છા સેવેલી. એમના સ્વતંત્ર વ્યક્તિત્વનું ઉજળું પ્રતિબિંબ સાંધાણની તિલકટૂક પૂરું પાડે છે.

તિલકટૂકમાં શ્રી શાંતિનાથજીનું મૂળ જિનાલય, શિખર પરનું શ્રી આદીશ્વરજીનું મંદિર, જમીન પરની શ્રી શાંતિનાથજી તથા શ્રી પાર્શ્વનાથજીની બન્ને દેવકુલિકાઓ, અને શ્રી મુનિસુવ્રતજીનું મંદિર એમ પાંચ જિનાલયો માડણ શેઠે બંધાવ્યાં, જેની પ્રતિષ્ઠા અંચલગચ્છાધિપતિ શ્રી મુક્તિસાગરસૂરિજીના ઉપદેશથી સં. ૧૯૧૦માં મહોત્સવપૂર્વક થઇ. એ વર્ષે માગશર શુદિ ર ને શુક્રવારે નલિયામાં શેઠ ભારમલ તેજશીએ બંધાવેલ શ્રી શાંતિનાથ–જિનાલયની પ્રતિષ્ઠા થઇ, તે પ્રસંગે પર ગામોનો જ્ઞાતિમેળો થયો હતો. ત્યારે માડણશેઠે મહોર અને સાકર સહિત તાંબાનો ત્રાંસ લહાણમાં આપેલો. જુઓ : પરિશિષ્ટ–(ह) (૮).

પાછળથી ત્યાં સં. ૧૯૧૯માં ગોશરગોત્રીય શેઠ વીરપાર જેતશી કરમણ દેવાએ શ્રી સંભવનાથજીનું મંદિર; સં. ૧૯૨૭માં શેઠ લાડણ આશારીઆએ તથા લખમશી આશારીઆએ શ્રી શાંતિનાથજીનું મંદિર; સં ૧૯૩૪માં શેઠ પરબત લધાએ તથા ગોવિંદજી લધાએ શ્રી મહાવીર–સ્વામીનું મંદિર તથા શ્રી પદ્મપ્રભુજીનું મંદિર બંધાવતાં,

તિલકટૂકમાં નવ જિનમંદિરોનું ભવ્ય ઝુમખું અસ્તિત્વમાં આવ્યું. તા. ૨૩-૪-૬૦ થી તા. ૨-૫-૬૦ સુધી આ જિનાલયોનો શતાબ્દી-મહોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો, જેમાં એમના વંશજ ખીમજીશેઠે અગ્ર ભાગ ભજવ્યો.

માડણશેઠે નલિયાની વીરવસહીમાં શ્રી સુમતિનાથની દેવકુલિકા પણ બંધાવી આપી. આ રીતે તેમણે શેઠ નરશીશા, તેમના વંશજો તથા આપ્તજનો દ્વારા નિર્મિત જિનાલયોના વિશાળ પરિવાર વચ્ચે આ દેવકુલિકા બંધાવીને પોતાનું સ્થાન પણ રાખ્યું. સં. ૧૯૩૧ માં માડણશેઠ અવસાન પામ્યા.

( ૩ )

જ્ઞાતિશિરોમણિના કુટુંબીબંધુ વર્ધમાનશેઠ પણ આ મંત્રી-મંડળના તેજસ્વી સિતારા હતા. શેઠના તેઓ અત્યંત વિશ્વાસુ અને પ્રીતિપાત્ર હોઇને પુરાંત તેમના હસ્તક જ રહેતી. એમની વ્યાપાર કારકિર્દી વિશે પ્રસંગોપાત ઉલ્લેખ કરી ગયા છીએ.

એમનું વંશવૃક્ષ આ પ્રમાણે છે: પાલણ-વીરો-ભારમલ-તેજશી, તેમના પત્ની દેવાબાઈથી પુનશી, શોદે, નેણશી, લાલજી, કુંરપાલ આદિ પુત્રો થયા. શોદેના નાગશી અને ગંગાજર નામે બે પુત્રો થયા. લાલજીને વસનજી નામે પુત્ર તથા કુરપાલને દેવજી નામે પુત્ર થયા *

નેણશીને તેની પત્ના પુનબાઈથી વર્ધમાન શેઠનો જન્મ થયો. તેમની પત્નીનું નામ રાણબાઈ. તેમના વંશજોઆ

* ધાતુ-પ્રતિમાના લેખો પરથી આ વંશવૃક્ષનાં નામો ઉપલબ્ધ થઈ શક્યાં છે.

પ્રમાણે થયા: વાલજી–ચાંપશી–જીવરાજ, તેમના વર્ધમાન અને મણીલાલ નામે બે પુત્રો થયા, જેમાં વર્ધમાનશેઠ તથા તેમના વંશજો હાલ વિદ્યમાન છે. જુઓ–પરિશિષ્ટ (અ).

વર્ધમાન શેઠે નલિયાની વીરવસહીમાં શ્રી કુંથુનાથજીની દેવકુલિકા બંધાવી. તેમાં સં. ૧૯૧૦ના માગશર શુદિ ર ને શુક્રવારે અંચલગચ્છાધિપતિ શ્રી મુક્તિસાગરસૂરિજીના ઉપદેશથી મૂલનાયક સહિત પાંચ જિનબિંબોની તેમણે મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી. શેઠ ભારમલ તેજશીએ બંધાવેલ શ્રી શાંતિનાથ–જિનાલયની પણ એ જ મુહૂર્તમાં પ્રતિષ્ઠા થઈ હોઇને જ્ઞાતિશિરોમણિ દ્વારા થયેલી પ્રતિષ્ઠા પછી પહેલી જ વાર નલિયા ધર્મોત્સવોથી ગાજી ઊઠ્યું. તે અવસરે દેશતેડું પણ થયેલું.

શ્રી કુંથુનાથજીની દેવકુલિકાની શિલા–પ્રશસ્તિમાંથી વર્ધમાનશેઠના વંશવૃક્ષ સંબંધમાં ઘણી માહિતીઓ પ્રાપ્ત થાય છે. આ શિલા–પ્રશસ્તિ તે વખતે ત્યાં ચાતુર્માસ રહેલા વાચક ક્ષમાલાભ ગણિએ લખી. જુઓ: પરિશિષ્ટ (ह) (૭).

ઉપર્યુક્ત મંત્રી–મંડળના સંયુક્ત પ્રયાસોથી જ્ઞાતિની જાહોજલાલી પ્રતિદિન વણથંભી ચાલુ રહી. સં. ૧૯૨૧ માં તે પૂર્ણ કળાએ ખીલી. જ્ઞાતિના શેઠિયાઓ બે કે ચાર ઘોડાની ગાડીઓમાં ફરતા. મુંબઈમાં તે વખતે આવી ગાડીઓ માંડવી વિસ્તારમાં સવિશેષ દેખાતી. આ વિસ્તારનાં લગભગ બધાં ઘરો જ્ઞાતિબંધુઓની માલીકીના હતા. જ્ઞાતિની વીસેક પેઢીઓ મોટી ગણાતી. બીજી નાની પેઢીઓની પણ સારી સંખ્યા હતી. હજારેક જ્ઞાતિબંધુઓની વસ્તીમાં વ્યાપારી-

ઓનું પ્રમાણ સારું હતું. એટલે જ્ઞાતિની ગણના હવે વ્યાપારી તરીકે થતી હતી. આટલી નાની વસ્તીમાં સો ગાડીઓ એક ઘોડાની, પચીસેક બે ઘોડાની અને ચાર–પાંચ ચાર ઘોડાની ગાડીઓ પરથી પણ તે સમયની સમૃદ્ધિનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે. જ્ઞાતિના બીજા શેઠ કેશવજી નાયકની સમૃદ્ધિથી તે વખતનું મુંબઈ પ્રભાવિત હતું, જેની પુષ્ટિ આપતાં અનેક પ્રમાણો જૂની તવારીખમાંથી જડી આવે છે. તેમણે પોતાની અઢળક પૂંજીના પ્રભાવથી જ્ઞાતિને પૂર પ્રકાશમાં આણી.

પોતાની નાતને હળ–ખેડુમાંથી વ્યાપાર–ખેડુ બનાવવાનું શેઠ નરશી નાથાનું સ્વપ્ન સાકાર થયું હતું ! હવે જ્ઞાતિમાં સમૃદ્ધિનો મધ્યાહ્ન તપી રહ્યો હતો ! *

જ્ઞાતિશિરોમણિએ પ્રવર્તાવેલ તેજવંત યુગની તેજ-છાયાનું સંક્ષિપ્ત દિગ્દર્શન આપણે કર્યું. અહીંથી જ્ઞાતિની તવારીખનો એ વિશિષ્ટ અધ્યાય સંપૂર્ણ થાય છે.

---

* દિલ્હાળી મુંબઈની ચળવળ વખતે "ઇવિનિંગ ન્યૂઝ ઓફ ઇન્ડિયા" નામક અંગ્રેજી દૈનિક પત્રે "બોમ્બે ઓલ્ડ એન્ડ ન્યૂ" એ શીર્ષક હેઠળ એક રસપ્રદ લેખમાળા રજૂ કરેલી, તેમાં જણાવાયું છે:— At this time Cutchi Dasa Oswals were prominent. અન્ય કોઈ જ્ઞાતિ વિશે તેમાં આવો ઉલ્લેખ નથી.

# [૧૬] જ્ઞાતિશિરોમણિનું સ્મારક

કોઇ પણ મહાપુરુષનું સાચું સ્મારક તો તેમણે આદરેલાં શુભ કાર્યોને જીવંત રાખવા એ જ છે. તેમના આદર્શોને જીવનમાં ચરિતાર્થ કરવા એથી વિશેષ અંજલિ પણ શું હોઈ શકે ? એમ છતાં મહાપુરુષોનાં બાહ્ય સ્મારકો માટે પણ ઉદાસિનતા દર્શાવવી યોગ્ય નથી, કેમકે આવાં સ્મારકો દ્વારા મહાપુરુષોએ કરેલાં કાર્યો અને તેમના ઉચ્ચ આદર્શોનો બહુમૂલ્ય વારસો સતત આપણી સમક્ષ રહે છે અને એમને અનુસરવાની પ્રેરણા સદોદિત મળ્યાં કરે છે.

શેઠ નરશી નાથાના સ્મારક વિશે પણ એવું જ કહી શકાય. જેમનાં કાર્યો માટે સમસ્ત જ્ઞાતિ ગર્વની લાગણી અનુભવે છે, અને પોતે આજે જે આબાદ સ્વરૂપે છે, તેના ઘડતર માટે શેઠ નરશી નાથાનું ઉત્તરદાયિત્વ એકમતે સ્વીકારે છે, તેમનાં યોગ્ય સ્મારક માટે જ્ઞાતિએ જાહેર કરેલા નિર્ધારને કાર્યાન્વિત કરવાનું લાંબા સમય સુધી ટાળ્યું હોય એવું આજે લાગ્યા કરે છે.

જ્ઞાતિશિરોમણિનાં લોકોપયોગી કાર્યોના ઉપલક્ષમાં સં. ૧૯૯૫માં મુંબઈની શહેર સુધરાઇએ કાથાબજારથી ભાત બજારના નાકા સુધીના જાહેર રસ્તાને 'નરશી નાથા સ્ટ્રીટ' નામ આપ્યું છે. શેઠ નરશીશાએ પોતાની યશસ્વી કારકિર્દી જે વિસ્તારમાં રહીને ઘડી છે, ત્યાંના જાહેર માર્ગનું આ નામાભિધાન થાય તે યોગ્ય જ છે.

એ પહેલાં, નરશીશેઠ કે હરભમશેઠનું બાવલું જાહેરમાં મૂકવાનાં ચક્રો પણ ગતિમાન થયેલાં. શહેર સુધરાઈના મોવડી કોર્પોરેટર ડૉ. પુનશી હીરજી મૈશરીએ સુધરાઈના સત્તાધિશો સાથે આ મુદ્દા પર પ્રાથમિક સમજૂતિ પણ સાધેલી.

તા. ૨૯મી સપ્ટેમ્બર, સને ૧૯૩૭માં મુંબઈના શ્રી અનંતનાથ ટ્રસ્ટની સભા મળેલી. તેમાં ડૉ. પુનશીભાઈને સુધરાઈના સત્તાધિશો સાથે યોગ્ય વાટાઘાટો ચલાવવાની સત્તા આપવામાં આવેલી. તે અનુસાર તેમણે જથ્થાવાળા ઘરોના સેટબેકની જમીન શહેર સુધરાઈને આપવાનો શરતી કરાર કરેલો, જેને શહેર સુધરાઈએ સ્વીકૃતિ પણ આપેલી. તેમાં એક શરત એવી હતી કે મસ્જિદ બંદર રોડ તથા નરશી નાથા સ્ટ્રીટના ચોગમ ઉપર ટ્રાફિક ચક્કર ઊભું થાય ત્યારે નરશીશેઠનું અથવા તો હરભમશેઠનું બાવલું ત્યાં મૂકવા દેવું. આ શરતે ઉક્ત ઘર (સર્વે નં. ૨૯૪/૯૬) તોડી પાડીને ચોમાસું પૂરું થયે જમીનનો કબજો શહેર સુધરાઈને સોંપી દેવો એમ શ્રી અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી-ઓએ તા. ૧૭મી સપ્ટેમ્બર, સને ૧૯૩૮માં મળેલી સભામાં ઠરાવ્યું હતું.

તા. ૨૫મી સપ્ટેમ્બર, સને ૧૯૩૮માં ઉક્ત ટ્રસ્ટીઓની પુનઃ મળેલી સભામાં શહેર સુધરાઈના તે વખતના કમિશ્નર મી. ટૅાન્ટનનો તા. ૧૦ મી ઓકટોબર, સને ૧૯૩૮નો પત્ર રજૂ કરવામાં આવેલો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે ભવિષ્યમાં ઉપર્યુક્ત રસ્તાઓના ચોગમ પર જો ટ્રાફિક ચક્કર ઊભું કરવામાં આવશે તો ત્યાં નરશીશેઠ કે હરભમ-

શેઠનું બાવલું મૂકવા તથા તેના નિભાવ માટે શહેર સુધરાઇને તેઓ (મી. ટોન્ટન) ભલામણ કરશે.

અન્ય કબૂલાતો અનુસાર એવું પણ ઠરાવવામાં આવ્યું હતું કે બાવલું તૈયાર કરવાનો સઘળો ખર્ચ કચ્છી-દશા ઓશવાળ જૈન જ્ઞાતિએ આપવો અને તેની મરામત તથા સારસંભાળની જવાબદારી શહેર સુધરાઇને શિરે રાખવી.

એ પછી આ બાબત લાંબા સમય સુધી મુલતવી રહી. એ પહેલાં, રસ્તાઓ સાંકડા હોઇને કમિશ્નર રજા આપે કે કેમ એ મુખ્ય પ્રશ્ન હતો. કિન્તુ હવે જ્યારે રસ્તાઓ વિશાળ બન્યા છે અને વધુ વિશાળ થવાની શકયતાઓ પણ ઊભી થઇ છે, ત્યારે જ્ઞાતિશિરોમણિનું બાવલું જાહેર માર્ગ પર મૂકવાની બાબત વાસ્તવિક બની છે.

જે મહાપુરુષે જ્ઞાતિના સર્વાંગી ઉત્થાન તથા નવવિધાન માટે પોતાનું સમગ્ર જીવન ન્યોછાવર કરી દીધેલું અને જેમના વારસદારોએ જ્ઞાતિની વિકાસ-કૂચ વણથંભી ચાલુ રાખવા ભગીરથ પ્રયાસો કર્યા, તેમના પ્રત્યે સમગ્ર જ્ઞાતિને ભારોભાર માન અને પ્રેમની લાગણી હોવા છતાં જ્ઞાતિના અગ્રેસરો જ્ઞાતિશિરોમણિના યોગ્ય સ્મારક માટે ઘોર ઉદાસિનતા કેમ સેવી રહ્યા છે? આ પ્રશ્ને હજી વ્યાપક લોકમત પણ કેળવાયો નથી!

જ્ઞાતિશિરોમણિનું બાવલું મુંબઇના જાહેર માર્ગ પર મૂકવાની યોજના કાર્યાન્વિત થવાથી આ મહાનગરના વિકાસમાં પારસીઓ, ભાટીઆઓ વગેરે કોમોની સાથે કચ્છી કોમનો પણ વિશિષ્ટ ફાળો હતો એ વાતના યથાર્થ

સ્વીકારની સાથે એક મહાન નાગરિક પ્રત્યેનું ઋણ પણ અદા કરી શકાશે.*

કચ્છી-દશા-ઓશવાળ-જૈન-જ્ઞાતિ તો પ્રાતઃ સ્મરણીય શેઠ નરશી નાથાના ઋણમાંથી ક્યારે પણ મુક્ત થઈ શકે તેમ નથી જ્ઞાતિબંધુઓ એમનાં અવદાત કાર્યોને આજે પણ રસપૂર્વક સંભારે છે, અને એમના ઉદાત્ત જીવનના પ્રેરક પ્રસંગોને વર્ણવીને નવોદિત પેઢીને જ્ઞાતિશિરોમણિનો સામાજિક, ધાર્મિક તથા સાંસ્કૃતિક વારસો જાળવી રાખવાની પ્રેરણા બક્ષે છે! ભક્તકવિ શિવજી દેવશી મઢડાવાલાએ જ્ઞાતિશિરોમણિને કાવ્યાંજલિ આપતાં યોગ્ય જ કહ્યું છે કે:

નલિયામાં નાથા-ગૃહે, પ્રગટ્યો નરસિંહ દેવ;
વિનય-વિવેક સુટેકથી, કરે સર્વની સેવ.
નલિયા, મુંબઈ, માંડવી, શત્રુંજય સુખકાર;
સંભારે છે આજ પણ, એ નરના ઉપકાર.

---

* જ્ઞાતિપત્રો-"પ્રકાશ-સમીક્ષા" તથા "જ્ઞાતિજ્યોત"માં શ્રી દેવજી દામજી ખોનાએ તથા શ્રી જેઠાભાઈ દેવજી નાગડાએ ચરિત્ર-નાયક વિશે પ્રાસંગિક લેખો લખીને સ્મારકના પ્રશ્નને જાહેરમાં માજતો કર્યો છે. વચ્ચે જ્ઞાતિમહાજને શહેર-સુધરાઈના કમિશ્નરનું ધ્યાન આ પ્રશ્ને ખેંચેલું; માંડવી વિભાગના કાઉન્સીલર સ્વ. જીવરાજ ભાણુજી શાહે પણ જોરદાર રજૂઆતો કરેલી; કિન્તુ કશું નક્કર પરિણામ આવેલું નહીં. જ્ઞાતિના મોવડીઓ આ પ્રશ્ને મૂક પ્રેક્ષકો કેમ બન્યા છે?

# પરિશિષ્ટ—(ચ)

## શેઠ નરશી નાથાનો શલોકો

સરસ્વતી માતાને સમરૂં છું પાય,
વાણી આપો તો તુજ લાગું પાય. ભુજનગરમે૦

હે ભુજનગરમેં દેશળજી રાય,
વરષે સત્તાણું સલુખો કહેવાય. માતા ચક્રેસરી૦

હે માતા ચક્રેસરી મુખે બોલાયે,
વીરાણીયેંજો વંશ વધાયે. નરશી નાથેજો૦

હે નરશી નાથેજો કરમી કહેવાયે,
નલીઆ જખૌ વચ્ચે પરબ બંધાયે. પરબ બાંધીને૦

હે પરબ બાંધીને પુન્યવંત થયો,
નામ નાથેજો અવિચળ રહ્યો. નલીઆ માંહેતો૦

હે નલીઆ માંહેતો દેરાસર બંધાવ્યો,
ચંદ્રાપ્રભુસેં ધરજો મન કહિ ખુટે નહિ તમારૂં ધન. કું૦

હે કુંવરબાઈ જે નરશી ઘર નાર,
જેણે બાંધી છે પુન્યની પાળ. પુન્ય કરંતા૦

હે પુન્ય કરંતા લાભ જ થાય,
કરમ તમારો કયાંય ન જાય. મુંબઈ માંહેતો૦

હે મુંબઇ માંહેતો મોટેરો થાય,
ત્યાં શેઠ તો નરશી નાથા કહેવાય. નાત સઘળીજો૦

હે નાત સઘળીજો રાખેઓ મંન,
એને ઘરે અપુરણ ધંન. લક્ષ્મી પામ્યો તે૦

હે લક્ષ્મી પામ્યો તો સુખ શાંતિ લહ્યો,
ધરમ ઉપર ધ્યાન રાખેઓ. એ લક્ષ્મી૦

હે એ લક્ષ્મી ભેગી ન થાલે,
રાખો નામ તો જુગાજુગ ચાલે. દશાઈ માંહેતો૦

હે દશાઈ માંહેતો રાખેઓ નામ,
લખી કંકોત્રીઉં ગામેગામ. વાય હેરેજો૦

હે વાય દેરેજો ભરેઓ થાય,
ત્યાં નાત સઘળી ભેગી પણ થાય. નાત સઘળી૦

હે નાત સઘળી માંહે એમ જ બોલે,
આજે નથી કોઈ નરશીની તોલે. અચે વહાણને૦

હે અચે વહાણ ને ઉતારો માલ,
મારવાડ ને ગુજરાત દેશ. એવી હુંડીઉં૦

હે એવી હુંડીઉં તો નરશીની ચાલે,
કુળ નાગડેમેં ઉપન્યો ભલે. જેજો નાણું૦

હે જેજો નાણું ત્યાં સુધી હલ્લે,
નામ તેજો જુગાજુગ ચાલે. મડઈ સુંદરો૦

હે મડઈ સુંદરો અંજાર આમ,
વેઠા વકીલ કરીયેંતા કામ. તીરથ શેત્રુંજો૦

હે તીરથ શેત્રુંજો મોટો છે ધામ,
કરો જાત્રાનું આવશે કામ. આબૂ ગિરનાર૦

હે આબૂ ગિરનાર ગોડીપાર્શ્વનાથ,
સંઘ શેત્રુંજેજો આવે અપાર. સફળ થયો છે૦

હે સફળ થયો છે તારો અવતાર,
ફરી માનવ તો આવે નાવાર. કુંવરબાઈ યેંતો૦
હે કુંવરબાઈ યેંતો કીધા છે ધરમ,
જનમ્યો પુત્ર જે મોટેરો થયો. જૈન ધરમનું૦
હે જૈન ધરમનું તો મહિમા વધારે,
મુંબઇ ગામમાં દેરાસર બંધાવે. એટલો ધરમતો૦
હે એટલો ધરમતો હીરજીયેં કીધો,
પોતાનો અવતાર સફલ જ કીધો. હીર ચીર ને૦
હે હીર–ચીરને પીતાંબર સાર,
નિત્ય કરે છે હીરજી શણગાર. વેઢ વીંટીયું૦
હે વેઢ–વીંટીયું સાંકલીઉં અપાર,
ઘરેણા પહેરે છે હીરજી અપાર. ઘોડાગાડીયું૦
હે ઘોડા ગાડીયું ને પાલખીઉં સાર,
એટલા હતા તે ચડવાને સાર. હે રામઇએ પસાઇએ૦
હે રામઇએ પસાઇએ જમાડી નાત,
લાણી દીધી છે ગામોએ ગામ. ભૂજનગર મેં૦
હે ભૂજનગર મેં લાણી તો દીધ,
ત્યાં તો ગુજરે વિચારવાન. રામઇઓ૦
હે રામઇઓ પસાઇઓ ન આપણી નાત,
લાણી લુખી છે, ફરી કરસીએ૦
હે ફરી કરસીયે સોના મહોર ઘી વચ્ચે નાખી,
લાણી કીધી છે ગામોએ ગામ. ફરી ગુજરે૦

હે ફરી ગુજરે વિચાર વાત,
 ધન્ય ધન્ય છે રામઈયાની નાત. ધન્ય ધન્ય છે૦
હે ધન્ય ધન્ય છે પસાઇઆની નાત,
 જ્યાં ત્યાં બોલાયે એમની વાત. ભૂજનગરથી૦
હે ભૂજનગરથી સાંતલપુર સુધી,
લાણી કીધી છે ઘરોએ ઘર
 ને લોક પોકારે છે ધન્ય ધન્ય. ×

---

× આ શ્લોકાની અંતિમ પંક્તિઓ જુદી જુદી રીતે ઉપલબ્ધ થાય છે. જુઓ:—

હે રામઇઓ પસાઇઓ કરેતો ખેડ,
 કરે ખેડ ને ઉપાએ અન્ન,
 એટલા ધન તો કાઢશે કેમ? રામઇઓ પસાઇઓ૦
હે રામઇઓ પસાઇઓ કરે તો ખેડ,
આવીઉં નાણાંની ગાડાની હેડ. સારિયું સખરૂં૦
હે સારિયું સખરૂં જગાઈઉં જોતાંય, દેરાસર માંયતે૦
હે દેરાસર માંયતો ઉતારો દીધો, તઇયેં ગુજરે૦
હે તઇયેં ગુજરે વાત વિચારી, આપણામાંથી કમીં ન થાય. પાછી૦
હે પાછી લહાણી કેમ દેવરાય, ગામ સુવડો૦
હે ગામ સુવડો સાંતલપુર શે'ર,
 ગુરુજી સુરચંદ શ્રાવક ગુણ ગાય. દેવશી રડે રે૦
હે દેવશી રડે રે શ્લોકો જ થાય. માતા૦
હે માતા શારદાયે જ પૂરો કીધો નરશી નાથાજો.૦

# પરિશિષ્ટ—(क)

## (શેઠ નરશી નાથાની પ્રેરણાથી જ્ઞાતિમહાજને કરાવેલા ઠરાવો)

શ્રી સહી. કચ્છી દશા ઓશવાલોની નાતી સમસ્ત જોગ,

જત બીજું મહારાવશ્રી દેશલજી વેરાજમાને તે વારે શા. નરશી નાથાવાલાએ શ્રી મુંબઈ બંદરથી સંઘ લઇને શ્રી સિદ્ધાચલજીની જાતરા કરીને શ્રી કચ્છ દેશ મધે આવીને આપણી નાત સમસ્ત ભેગી કરી શ્રી નરીઆ મધે સામીવછલ નાત જમણ કરીઉં. તે અમે નાત મેલીને શા. નરશી નાથાવાલાને શોભા આપી છે, તેની વીગત છે:

(૧) કલમ એકઃ જે આપણી નાત મધે ગરગરણો નાતરો ચાલ હતી. તે શ્રી સંઘ નાત મેલીને ટારી નાખી છે. તે હવેથી આપણી નાત મધે ગરગરણો કોઈ કરે નઇં. કદાપી કોઈ કરે તેને સાથે નાત વેવાર રાખવો નઈં; ને નાતથી બારે રેહે સઈ; ને વલી મોટી દરબારનો પણ ગુનેગાર થાએ સઈ, અથવા આપણી નાત મધેથી એની સબાવત (સિફારસ) કોઇ કરે તે પણ નાત તથા મોટી દરબારનું ગુનેગાર થાએ સઈ.

(૨) કલમ બીજીઃ જે નાત મધેથી ગરગરણો ટારીઉં તેને પેટે શા. નરશી નાથાવારે કોરી ૧૫૦૦૦) પંદર હજારનું ગરાસ વટાંતર લઇને નાત મધે આપ્યું છે, તેનું કારણ એ છે નાત મધે કોઇ બાઈ–બાવડીનું વસીલો નઈ હોય, તેનું

ખરચ સારૂં નાતવાલા મલીને બે કોરી શા. નરશી નાથા-વાલા પાસેથી અપાવે. તેને શા. નરશી નાથાવાલો આપે સઇ. એજ ગરાસ મધેથી આપે સઈ. ને એ ગરાસ શા. નરશી નાથાવાલાને સ્વાધીનમાં રહે સઈ. એ ગરાસ ચંદર-કાલ સુધી કોઈથી વેચાય નઈ. એ ગરાસ નાત સમસ્તનું છે. તે સદાવૃત એ લેખ પ્રમાણે રેહે સઇ.

(૩) કલમ ત્રીજીઃ શ્રી સંઘ સમસતના હુકમથી નરીઆ મધે જાડેજા આશારીઆજી, હોથીજી તથા ઠકરાઈ સમસત શ્રી નરીઆની મેલીને શા. નરશી નાથાના નામનું સદાવૃત બાંધ્યાં છે. તે સદાવૃતમાંથી એકને લોટ શેર ૨ાા, તથા દોકડો ૧) રોકડો આપવો એવી રીતે બે નીબંધ (નિયમ) બાંધ્યો છે, તે સદાવૃત્તના ખરચ સારૂ શા. નરશી નાથા-વાલે ગામ શ્રી છાડુરા મધે ગરાસ લીધો છે. તે ગરાસ સદાવૃત હેઠે ગરાસ તથા ભેણી (મકાનો) જેટલી હોય તેને ગામ શ્રી નરીઆની ઠકરાઈ જાડેજા આશારીઆજી હોથીજી તથા ભાઈઆત સરવે રખોપો કરે સઈ. ને એ સદાવૃત હેઠલનું ગરાસ તે માટે ઉબઅચો (આઘો પાછો) કરવો નઈ. એ ગરાસની ઓપત (ઉપજ) જેટલી થાએ તેનું ઉપરે દરબાર શ્રી નરીઆની ઠકરાઈનું ભાભ કોઇ લીએ નઇ. એ સદાવૃતની જણુશ તથા ધાન તથા જે કાંઈ વેચાય તથા લેવાય તેનું દાણુ તથા તરોટ લેવો નઈ. એવી રીતે જાડેજા શ્રી આશારીઆજી હોથીજી તથા એના ભાઈઆત મેલીને લખી આપીઉં છે.

(૪) કલમ ચોથીઃ જે આપણી નાત મધે સગાઈ થાએ

તેની રીતની કોરી ૧૦૦] અખરે (અંકે) કોરી એક સો વરનું બાપ આપે સઈ. કદાપી વધારે આપે અથવા કન્યાનું બાપ લીએ તો જણ ૨ (બન્ને) નાત શ્રી સંઘના ગુનેગાર થાએ સઈ.

એવી રીતે કલમ ૪ ઉપરે લખી છે તે પરમાણે આપણી નાત સરવે પોતાના સત ધરમથી પારવું સઈ. એ લેખ નાત સમસ્ત ભેરી થઇને ૨ દારા (દહાડા) નીવંત (નિવૃત) થઇ એક મતે ઠરાવ્યું છે. તે આપણી નાત સમસતને કબુલ છે એ પરમાણે ઉપર લખ્યું છે તે સરવેને પારવું સઈ એ ઉપર લેખથી આપણી નાત માંહેથી જે કોઈ કરે તેને શ્રી ચોવીશ તીર્થંકરની આણ છે તથા શ્રી ગણધરની ગાદી શ્રી મુક્તિસાગરસૂરીની આણ છે. સં. ૧૯૦૦ના ફાગણ શુદી ૩ શનેઉ.

૧ શા. આણંદ માલુઆણીની સઈ છે.
૧ શા. વીરધોર ખીયાણીની સઈ છે.
૧ શા. મેઘા હેમાણીની સઈ છે.
૧ શા. સામજી સુરજીની સઇ છે.
૧ શા. હાલારના માજન સમસ્તની સઇ.
દસ્તક શા. લાધા મેઘાણી, રેવાસી ખાવડી મધે.

# પરિશિષ્ટ—(ङ)

## ("મુંબઇનો બાહાર," પ્ર. સને ૧૮૭૪માં 'શા. નરશી નાથા.")

"આ ગરહસથે સંવત ૧૮૫૬ની સાલમાં કછ તરફથી પહેલાં આવીને મુંબઈમાં વાશો કીધો, તે વાતને હવડાં ૭૩ મું વરસ જણાએ છે. એમના વેપારનું મંડાંન પરથમમાં બાહેરના વછીઆતો તથા વેપારીઓની આડતથી થાએઊં, જેમાં કહેચ કે સાચી દેઆંણુતના સારાં ફલ એમને હાથ લાગેઆથી વેપાર વણજમાં વધતા ચાલીને પોતાની નઆતમાં સરવેથી વડા અને ડાહાપણવાલા એક શેઠીઆ ગણાએઆ હતા; એટલું જ નહીં પણ સારી આંતમે સદા આધીન રહેઆને લીધે વહેવારમાં હેવા તો પરોટાએઆ કે તેની ખુબીથી વેપારખાતાંની સરવે મંડલીઓમાં પોતાના નાંમની પરખેઆતીને પેહલે દરજજે પોંહચાડી દીધી હતી. એમના પરમાંણીકપણાનો એક જ દાખલો જે સાંભલવામાં આવેઓચ, તે ઉપરથી કહેવાની કસુર નથી કરતા કે આ નરશી શેઠને, પરથમમાં આપણી ટાપુ ખાતે મશહુર થાઈ ગએલા મરહુમ શેઠ હોરમજજી એદલજી કાંમાજી જેવણ ચીનાઈ જુબાનમાં "પાહવા" અથવા "સેચી"નાં એલકાબથી બુજોરગી સાથે વખણાએલા હતા, તેવન સંગાથે ઘણો સારો ઘરોબો હતો, અને તેજ નાંતાંથી તેમના દીકરાઓ શેઠ દાદાભાઈ તથા મનચેરજીને ચીન ખાતે થાએલા તેઓના રોજગારની શરૂઆતમાં કાંમકાજની લેવર દેવર સંબંધી

ઘણો મોટો આસરો મલેઓ હતો, જે વાતને આ સાહશીક શેઠીઆઓ આજ દન સુધી માન સહીત ઈઆદ રાખતા જણાએ છે; અને તેવી જ લાએકાત ધારીએચ કે, બીજા ઘણાઓ સંગાથે આ નરશી શેઠે કરી દેખાડી હશે; જો તેની હકીગત કદાપી મલી હોત તો મોટા હેતુથી આ નોંધમાં હમો સમાવી સખતે.

" એ શેઠીઆની નેઆતમાં કેહચ કે, આગલા દાહાડાઓ ઉપર વીધવાઓને પુનર વીવાહ કરવાની છુટ ભરેઓ રવઈઓ જે સાધારણ થાએલો હતો, તે રેવાજ એવણ સં. ૧૮૯૮ (?)ની સાલમાં જારે ગુજરી ગએઆ તારેબી, અને તે પછે વરસ બે એક સુધી ચાલુ રહીને ખબર નથી કે, શું સબબથી એકાએક તદન બંધ પાઈ પડેઓ, જે મોઠો રેવાજ હજી સુધી તેવી જ હાલતમાં રહેઆને લીધે બીચારી નીરદોસ વીધવાઓના હકમાં ખરેખરી બેઈનસાફી ગુજરે છે; માટે એટલાં તેનીઓના હીના નસીબ કે, તેમના સર ઉપરથી શા. નરશીશેઠ ઉઠી ગએઆ, નહીતર તેનીઓના સણસારી સુખમાં ખચીત હાવો અતકાવ થાવો સુસકેલ પડતે. *

---

* ગ્રંથના લેખક શ્રી રતનજી ફરામજી વાછા શેઠ નરશી નાથ ના વિધવા વિવાહ સંબંધિત વિચારોથી અનભિજ્ઞ હોઇને તેમણે એ અંગે ઘણી ગેરસમજૂતિ કરી છે. હકીકતમાં પાછળથી શેઠ નરશી નાથાએ જ વિધવા-લગ્નની નાબૂદીનો ઠરાવ કરાવેલો એમ મનાય છે. અલબત્ત, પરિશિષ્ટ (क) માં એ ઠરાવના દસ્તાવેજમાં સં. ૧૯૦૦, ફાગણ શુદિ ૩ ને શનિવારનો ઉલ્લેખ હોઇને આ અંગેની પાકી ખાત્રી કરવાની બાકી રહે છે, કેમ કે એ વખતે શેઠ નરશી નાથા અવિદ્યમાન હતા.

" આ ગરહસથ સરાવકનો જે ધરમ પાલતા હતા, તેની ઈઆદગારી માટે પોતાની ગણાતના લોકોને ભગતી કરવા સારૂ એક દેહુડાંસર ચીચબંદર આગલ પોતાની હઇ-આતીમાં બંધાવી આપેઊં છે. તે શીવાએ તેમની બીજી કોઇબી કીરતીનું બએઆન દાખલ કરવા જોગ હમારે હાથ આવેઊં નહી તેથી ખચીત દલગીરી ઉપજાવીએ છે. "

( પૃ. ૧૨૨—૩.)

# પરિશિષ્ટ—(इ)

## (શેઠ વીરજી નરશીનું તા. ૧૭ મી નવેમ્બર, સને ૧૮૪૭નું લખાણ)

શા. ભારમલ તેજસી તથા શા. માડણ તેજસી તથા શા. વીરધોર નેણશી જોગ લા. શા. વીરજી નરશી તે મરનાર શા. નરશી નાથાનો બાલક છોકરો. જત લખવા કારણ એ છે જે અમો તમોને લખી આપીએ છીએ, જે અમારો બાપ શા. નરશી નાથા શ્રી મુંબઇ મધે સંવત ૧૮૯૯ ના માગસર વદિ ૦))ને ગુજરી ગયો. તાર પછે શા. નરશી નાથાની અશકામત તથા માલમિલકત તથા એસ્ટેટ તથા બારકસ તથા નગદી મુંબઈ તથા બાર દેશાવડ તથા લેવા-દેવો સરવે તમારા સ્વાધીનમાં આજ દિન સુધી હતો, તથા વેપાર તથા મજૂરી તથા હુકશી દલાલી તથા હરકોઈ ખરચ ખુટણ સર્વે શા. નરશી નાથાના હુકમથી શા. નરશી નાથાના નામે તમે કર્યો તે મરનાર શા. નરશી નાથાને પછવાડેથી તે આજ દિન સુધી તમે ચલાવો તે બાબત

મરનાર શા. નરશી નાથાની વિધવા અમારી માતાજી બાઈ વીરબાઈ તે મરનાર શા. નરશી નાથાની ઇશકામત તથા લેવા દેવા ઉપર દાવો કરી તે કજીઓ શ્રી મુંબઇની પોલીશ હાકીસ તથા પીટીસેસન મધે તપાસ ચાલી ને સામસામા વકીલ કરેઆ. તમારી તથા અમારી મુખ જુબાની પીટીસેસન મધે લીધી.

તે ઉપરથી પીટીસેસનના માસ્તરે અમારી માતાજી બાઇ વીરબાઇના તરફના માણસ જે પકડાયા હતા, તે ઉપર રૂા. ૨૫૦) દંડ નાખઉ ને ચુકાદો કરીઉ. પછે ગરમેલે લવાદ જણ ૫) લીધા. તેના નામની વિગત—ભણશાલી શિવદાસ મોનજીભાઇ, તથા ઠા. કેશવજી જાદવજી તથા. ઠા. લખમીદાસ મુલજી તથા શા. ઘેલા પદમશી તથા લા. ઠા. કોઠારી લાલજી માવજી કુલ જણ ૫)ને પંચાતનામું સંવત ૧૯૦૩ ના શ્રાવણ વદ ૧૩ ને વાર સોમેની તેરીકનો લખી આપી. તે લવાદ જણ ૫ બે તરફની મુખ જુબાણી તપાસી ચોકસ કરીને વાડ કરીને લવાદ જણ ૫ વાડ મધે સહી કરીને અમોને જણ ૩ ને આપ્યા. સંવત ૧૯૦૩ના ભાદરવા વદ ૭ ને વાર ગરેઉઅ તેરીકના વાડ કરી આપ્યા. તે વાડ પ્રમાણે અમો તથા અમારી માતાજી વીરબાઈ તથા ભાઈ હીરજી નરશીની વિધવા બાઈ પુરબાઈ જણ ૩) રાજીખુશીથી વાડ કબૂલ કર્યા છે. તેથી મરનાર શા. નરશી નાથાના અશકામત તથા એસ્ટેટ તથા બારકસ તથા લેવો દેવો તથા માલમિલકતનો અખતિયાર અમને મળવા સારૂ શ્રી મુંબઇની સોપરીમ કોર્ટને અરજ કરી વકીલ માસ્તર ઓકલેન્ડ હાકીમમાંથી સંવત ૧૯૦૩ના...ના કોર્ટને મોસન કરીઉં,

તેથી ૫વર અમને મલવાનું હુકમ થયો. તેથી શ્રી મુંબઇની કરાઅરમાં છપાવ્યું; મુદત દિન ૧૪ની નાખી છે. તે મુદત પછે ૫વર અમને મળશે.

તે ઉપરથી મરનાર અમારો બાપ શા. નરશી નાથાનો માલમિલકત તથા જનરલ ઇસ્ટેટ જે કાંઇ તમારી સ્વાધીનમાં હતો, તે અમો સર્વે ચોપડા સુધા તપાસીને જે કાંઈ તમે અખતિયાર ચલાવો તે સર્વે સંવત ૧૯૦૩ના આસો વદ ૦)) વાર સોમવાર સુધી અમો રાજીખુશીથી કબૂલ કર્યો. તે બાબત તમારી સાથે વરવાંધો રીઓ નથી. સંવત ૧૯૦૪ના કારતક સુદ ૧ વાર ભોમેને દિને સર્વે અમારા સ્વાધીનમાં તમારી પાસેથી લીધું છે. સંવત ૧૯૦૪ ના કારતક સુદ ૧ વાર ભોમેથી શા. વીરજી નરશીની કુંપનીનો નામ ચાલુ કર્યું છે. શ્રી મુંબઇ મધે તથા બાર દેશાવર મધે સર્વે ઠેકાણે અમારો નામ ચાલુ કર્યું છે.

જે કાંઈ મરનાર શા. નરશી નાથાના ચોપડા મધે તમારા ખાતા છે, તે પ્રમાણે તમારી પાસેથી લેવા તથા તમોને દેવા સઇ. સંવત ૧૯૦૩ના આસુ વદ ૦))ની સોમે સુધી તપાસી રજુ કરી લીધા છે. તે ચોપડા પ્રમાણે અમારે કબૂલ છે.

બીજું, અમો અમારી રાજી રજાવંતથી લખી આપીએ છીએ જે અમારો બાપ મરનાર શા. નરશી નાથાની જે મિલકત છે, તે અમોને મળી છે. તે મધેથી મરનાર અમારો બાપ શા. નરશી નાથાના નામના રૂા. ૫૧૦૦૦) અંકે એકાવન હજાર તથા ઘર નંગ ૨ ની વિગતઃ ઘર નંગ ૧ ની મીંયા હાજી આમદ પાસેથી વેચાતો લીધો છે. તે ઘરનો

આશાસ્મેન્ટનો નં. ૧૭૯ શ્રી માંડવી ઉપર દરવાજાની સામે આપણા ધર્મના દેરાસરનો ડાબી બાજુ તથા ઘર ૧ ખલાસીવાડા જૂના કુંભારવાડા મધે છે. વખાર મોટી ૧ તથા પાછળ બીજો મજલો ગાળા ૨ નો બાંધેલો છે, તે ઘરનો એશાશમેન્ટનો નં. ૫૭માં એ રીતે અગર એ ૨ તેના ભાડાની પેદાશ જે થાય તે પેદાશ તથા ઉપર લખેલા રૂા. ૫૧૦૦૦) તેનું વ્યાજ ટકો રૂા. ૦ા લેખે ઠરાવીને અમારી કુંપનીના ચોપડા મધે શા. નરશી નાથાના ખાતે જમે રાખવા સઈ. એ રૂપીઆમાંથી શા. નરશી નાથાના નામથી હરેક બાબત ધર્માઉ તથા ખરડો તથા નાતગરી તથા સદાવૃત તથા શ્રી પાલીતાણાના દેરાસર, શ્રી સિદ્ધ-ગિરિ ઉપર છે, તથા ધર્મશાળા શ્રી પાલીતાણાના વંડા પાસે છે, તે સર્વેનો ખર્ચ શા. નરશી નાથાના નામથી કરવો; તથા શ્રી નલીઆના દેરાસરને સર્વે ધર્મની જગેઆ ઠેકાણા શા. નરશી નાથાના નામના છે, તેના ખર્ચ સર્વેના જે થાય તે એ ઉપર લખેલા રૂપીયામાંથી તથા એ ઘર ના ભાડાની પેદાશમાંથી તમો ૩ જણની નજરમાં આવે તે પ્રમાણે ખરચો સહી.

એ રૂા. ૫૧૦૦૦) તથા એ ઘર ૨ સર્વે ઉપર અખતી-આર તમો ૩ જણના છે. તે ઉપર કઈ અમારે વરવાંધો તમારી સાથે કરવો નહીં અને એ ઘર બેએ ભાંગે, તૂટે અગર જુનું થાય અને ફરીથી નવું બંધાવો તેનું ખર્ચ જે થાય તે મરનાર શા. નરશી નાથાની મિલકત જે અમોને પવરથી મળી છે, તેમાંથી આપીએ સહી. એ ઘર ૨ અમારે અગર અમારા વારસ વકીલથી વેચાય નહીં, તથા માર્ગેજ

રખાય નહીં. અને અમો તે હમેશાં શા. નરશી નાથાના નામ ઉપર રાખીએ અને ઉપર લખેલા રૂપીઆ અમારા ચોપડામાં જમે કર્યા છે તેમાંથી તમો ૩ જણ શા. નરશી નાથાના નામથી ખરચો અને તેમાંથી જે વધે તે અમારાથી વપરાએ નહીં. એ રૂપીઆ વધે તથા એ ઘર ર તે ઉપર અખતીઆર તમારો ૩ જણનો છે. તે તમો ૩ જણને કજા રજાએ તમારો ૩ જણના વારસ વકીલ હોય તેના અખતીઆરમાં રહે સહી. તથા અમારી કજા રજાએ અમારા વારસ વકીલ તમારા વારસ વકીલ સાથે તે પ્રમાણે ચલાવે સહી. શા. નરશી નાથાના નામથી ખરચે સહી. એ લખેઉ છે તે પ્રમાણે ચાલવો સહી.

બીજુ ઘર ચાલી ખડક ઉપર જે મેમણ દાઉદભાઈ આમદ પાસેથી રૂા. ૧૫૦૮૦) માટે વેચાતી લીધી અમારા નામે તે શ્રી મહાજન વાસ્તે લીધી છે. તેનું કામ ફરીથી શમી બંધાવીને સમરાવી મહાજનને હવાલે કરવી. તે ફરીથી બંધાવવાનો જે ખરચ થાય તે સર્વે અમો આપીએ સહી. અને એ ચાલીને મહાજનવાડી કરીને શા. નરશી નાથા નામનો નવો ખત કરાવીને મહાજનને જમવા, ખાવા સારૂં પરેજંટ આપવી, ને શા. નરશી નાથાના ચોપડા મધે શ્રી મહાજનનો ખાતો છે તે મધે મહાજનના રૂા....દેવા નીકળે છે, તે સંવત ૧૯૦૩ના આસો વદિ ૦))વાર સોમેને દિને શ્રી મહાજન ખાતે ઉધારવા અને ખાતો બરોબર કરી રાખવો. કંઇ મહાજન ખાતે લેવો દેવો આસો વદ ૦)) સોમે સુધી કાઢવો નહીં અને એ વાડીનો ખત શા. નરશી નાથાના નામનો કરાવીને અગર મહાજનવાડી કરીને શ્રી

મહાજનને સ્વાધીન કરીએ સહી. તે ઉપર અખતીઆર શ્રી મુંબઇના મહાજનના આપણી નાતના મુખતીઆરનો છે અને એ વાડીનો ખત તમારી પાસે રાખવો તે ઉપર કંઇ અમારે વરવાંધો કરવો નહીં.

તથા અમારી તરફથી જે કામ તમો ૩ જણુની નજરમાં આવે તે તમો અમારી વતી કરો સહી. અને અમારી વતી અગર અમારા નામથી તમો કોઈ દસ્તાવેજ ઉપર સહી કરો અગર લેવો દેવો અમારા તરફથી કરો તે અમારે કબૂલ સઇ છે.

બીજું, અમારા બાપ શા. નરશી નાથાના નામનું લેવો તથા અશકામત તથા માલમિલકતનું પવર અમો શ્રી મુંબઇની સુપ્રીમ કોર્ટમાંથી લીધો છે, તે અમારી ઉપર તમારો ૩ જણનો અખતીઆર છે. તે હમેશાં અમારા બાપ શા. નરશી નાથાના નામનો કામકાજ ચલાવ્યો છે, તે જ પ્રમાણે હવેથી પણ તમો ૩ જણ કામકાજ ચલાવો તે અમારે કબૂલ સહી મંજુર છે. તે અમો કામકાજ કરીએ તથા લેવાદેવા તથા વેપાર વણજ તથા હરેક કામ કરીએ તે તમો ૩ જણની સલાહથી કરીએ સહી.

એ લખ્યું અમો અમારી રાજી રજાવંતથી તથા અક્કલ હુશિયારીથી લખી આપ્યું છે. તે અમારે તથા અમારા વારસ વકીલને કબૂલ સહી મંજુર છે. એમાંથી કોઇએ ફરવું નહીં અને જે કોઈ ફરે તે પોતાના સત ધર્મથી હારે સહી. એ લખ્યું બાપના બોલકોલ સાથે પારવો સહી. સંવત ૧૯૦૪ના વરસે કારતક સુદ ૯ વાર બુધે, તા. ૧૭ નવેમ્બર, સને ૧૮૪૭.

| જ અત્ર | મતું | ઉ તત્ર | મતું |
|---|---|---|---|
| શા. વીરજી નરશીની સહી ઉપર લખ્યું તે સહી. દા. પોતે | | ૧ શા. નાગશી શોદેની શાખ ચાર ધણીની હજુર | |
| | | ૧ શા. લખમશી દેવજીની શાખ, ધણીની હજુર | |
| | | ૧ શા. દેવરાજ લખશીની શાખ, ચાર ધણીની હજુર | |
| | | ૧ શા. ઘેલા ધનરાજની શાખ ધણીની હજુર | |
| | | ૧ શા. શિવજી નેણશીની શાખ, ધણીની હજુર | |
| | | ૧ શા. જીવરાજ રતનશીની શાખ, ચાર ધણીની હજુર | |
| | | ૧ શા. પરબત જેતશીની શાખ, ચાર ધણીના હજુર દા. લખમશી દેવજી ધણીના કહેવાથી | |
| | | ૧ શા. પદમશી વીરજીની શાખ ચાર ધણીની હજુર દા. મેઘજી દેવજી ધણીના કહેવાથી | |
| | | ૧ શા. વેલજી માલુની શાખ ધણીની હજુર | |

૧ શા. મેઘજી દેવજીની શાખ
ચાર ધણીની હજુર
ધણીના કહેવાથી લખ્યું છે.

## પરિશિષ્ટ—(ફ)

### (સં. ૧૯૦૯ના આસો વદિ ૨ના દિને હરભમશેઠે કરેલું લખાણ)

શા. ભારમલ તેજશી, તથા માડણ તેજશી, તથા વધમાન નેણશી જોગ, લા૦ હરભમ નરશી તે મરનાર શા. નરશી નાથાનો પાલક છોકરો તથા મરનાર હીરજી નરશી તથા વીરજી નરશીનો વારસદાર.

જત હમોએ તમો જણ ૩ને લખી આપીએ છીએ જે મરનાર શા. નરશી નાથા તથા મરનાર શા. હીરજી નરશી તથા મરનાર શા. વીરજી નરશીના શ્રી મુંબઈ મધે સ્થાવર મિલકત તથા જંગમ મિલકત છે, તેનું હમોએ આજ દિને મીસ્તર જાફરસન વકીલની મારફતે શ્રી મુંબઈની સુપ્રીમ કોર્ટને અરજ કરી. આથી મીસ્તર કામટન ત્યાંથી ઉપર લખેલા મરનાર જણ ૩ની સ્થાવર મિલકત, જંગમ મિલકત, ઈસ્ટેટ તથા લેવુંદેવું તથા કુલ ઈસ્કામતનો કુલ અખતિયારનો પવર હમોએ લીધો છે.

તા. ૨૨મી ઓકટોબર, સને ૧૮૫૩ અંગ્રેજી દિને તે મધે તમો જણ ૩ હમારી ઉપર ઉપરી છો તે પવર લીધો તેમા લખાવ્યું નથી. પણ હમો રાજીખુશીથી ઉપરી રાખીને આ લખી આપ્યું છે. તે તમારા સાથે તથા તમારા વારસ વકીલો

સાથે એજ ઉપર લખ્યા પ્રમાણે સલાહથી ચાલીએ સહી. તમો જણ ૩ તથા તમારા જણ ૩ના વારસ વકીલના સલાહથી કામકાજ ચલાવીએ સહી. નરશી નાથાના નામે તથા હીરજી નરશીના નામે તથા વીરજી નરશીના નામે તથા હમારા નામે જે કાંઈ કામ કરીએ તે સરવે તમારી સલાહથી કરીએ સહી. તમો જણ ૩ ને હમો સલાહ પૂછયા વગર કાંઇ કામ કરીએ નહીં. હમારી હયાતી સુધી હમે કામ કરીએ. તે તમો ત્રણ જણની સલાહથી તથા તમારા જણ ૩ના વારસ વકીલની સલાહથી કામકાજ, લેવોદેવો કરીએ સહી. અમારી પોતાની મુખત્યારીથી કાંઈ કામકાજ, લેવોદેવો કરીએ નહીં.

ઉપર લખેલા મરનાર જણ ૩ની જે અમોને મિલકત મળી છે તે અમો ચંદ્રકાળ સુધી વાપરીએ. તેનું ભાંગ્યું ટુટું તથા નવો ઈમારત કરીએ તે સર્વે જે હમોને વારસાથી મિલકત મળી છે તેમાંથી કરીએ તથા અમારા પોતાના અંગની પેદાશ કરીએ તેમાંથી પણ એ ઇસ્ટેટની સાર સંભાર કરીએ સહી. જે ઉપર લખેલા મરનાર ૩ જણની મિલકત સ્થાવર તથા જંગમ અમોને મળી છે તેનો ભાડો તથા પેદાશ અમો ખાઈએ તથા અમારા વારસ વકીલ ચંદ્રકાળ સુધી પેદાશ ખાય, વસે, વસાવે, વાપરે પણ એ ઈસ્ટેટમાંથી વેચાય નહીં. કદી કોઈ ઈસ્ટેટમાંથી વેચવો પડે તો તમારી સલાહ હુકમ વગર વેચવો નહીં. એ ઈસ્ટેટની પેદાશ ખાઇએ તથા તેનું ભાગ્યું ટુટું સમારીએ સઈ તથા નવા બંધાવીએ સહી.

અમારા વડાવો શા. નરશી નાથાના નામે શ્રી મુંબઈ તથા પાલીતાણા મધે તથા નળીઆ મધે તથા હરેક દેશાવર મધે ઈસ્ટેટ છે તેનો ભાંગો તુટો અમો પોતે સમરાવીએ સહી. તથા અમારા વડાવો નરશી નાથાના નામનો શ્રી નળીઆ મધે તથા પાલીતાણા મધે દેરાસર તથા ધર્મશાળા છે. તેનું કામકાજ, હરેક ખરચ જે સહ.મત થતો આવે છે, તે જ પ્રમાણે ચલાવીએ સહી. તેથી વધારો કરીએ સહી. તેથી ઘટાડો કરીએ નહીં. જે જે ધર્મના કામ શેઠ નરશી નાથાના નામથી ચાલે છે, તે અમો સર્વે સાર સંભાર અમારા નાણાંથી કરીએ સહી. સદધર્મથી કરીએ સહી. તેમાંથી કશું ચુક ન કરીએ.

બાકી પણ તમો જણ ૩ જે અમોને હરેક રીતેના કામકાજ તથા ખરચ ખુટણ કહો તે સર્વે તમારા કહેવાથી અમો કબૂલ કરીએ સહી. અમો તમોને કશો વાંકો ઉત્તર આપીએ નહીં. અમારા વડાવો ઉપર લખેલા મરનાર ૩ જણની જે સ્થાવર તથા જંગમ મિલકત જે અમોને પવરથી મળી છે, તેમાંથી મરનાર અમારા વડાવો તથા ભાઈની વિધવા જણ ૩ તે અમારી માતાજી છે, તેમ તેની ચાકરી અમો સદા સવદા દાસ થઇને કરીએ સહી. તે કહે તેના કહ્યા પ્રમાણે ચાલીએ તેને કશી પાંતીએ દુઃખ દઇએ નહીં. કદીને તે અમારી માતાજી વિધવા જણ ૩ છે, તે અમો તથા અમારા વારસ વકીલ દુઃખ દઈઅ તેનો તમો જણ ૩ તથા તમારા જણ ૩ના વારસ વકીલ કહે તે પ્રમાણે ચાલીએ. અમે કશું વાંકુ સુકન તમો જણ ૩ને કહીએ નહીં.

એવી રીતે અમો કરાર કરીને તમો જણ ૩ને અમારા ઉપરી રાખ્યા છે. તે પવરમાં તમારા નામ લખાવ્યા નથી

અને અમો અમારી રાજીખુશીથી તમોને અમારા માથે ઉપરી રાખ્યા છે, તેનો તમોને આ લખત લખી આપું છું. તેવી જ રીતે અમારે ચાલવું સહી.

જે ઉપર લખેલ મરનાર અમારા વડાવો શેઠ નરશી નાથાના નામના ઈસ્ટેટ, તથા મરનાર હીરજી નરશીના નામનો ઈસ્ટેટ તથા મરનાર ભાઈ વીરજી નરશીના નામનો ઇસ્ટેટ છે, તેમાંથી ધર્મખાતે તથા મહાજનખાતે આપ્યા છે, પ્રેઝન્ટ તથા દેરાસર છે, તથા દેરાસરનાં નાણાં તથા પેદાશ આપણી નાત મધેથી થઈ છે, તેની વિગતવાર સાથે સરવે મેં જણાવી છે, તેની વિગત છે.

૧ ઘેર ૧ ગાળા ૨ નું શ્રી બહારકોટમાં માંડવીબંદર ઉપર અનતનાથના દેરાસર છે, તેના ખત ૨ છે. તે શેઠ નરશી નાથાના નામથી લીધો છે. તે મિલકત સર્વે આપણી નાતની છે. તેના ઉપર હમારો તથા હમારા વારસ વકીલનો દાવો નથી.

૧ ઘેર ૧ શ્રી મુંબઈના બહારકોટ, ચોખાની મૂડી બજાર મધે ઘેર ૧ હમારા નામે લીધો છે, તે નાણાં પેદાશ શ્રી દેરાસર તથા મહાજનથી લીધો છે. તે ઘેર શ્રી અનંતનાથજીના દેરાસરનો છે. તેના ઉપર હમારો તથા હમારા વારસ વકીલનો કશો દાવો નથી. સરવે મહાજનના સ્વાધિનમાં છે.

૧ નળીયા મધે શેઠ નરશી નાથાના નામે ગામ શ્રી છાડુરાનો ગરાસ છે, તથા નળીઆમાં સદાવર્ત તથા ધર્મશાળા છે. તે છાડુરાના ગરાસમાંથી પેદાશ થાય તેમાંથી ધર્મશાળામાં ખરચાય. બાકી સદાવરત તથા ધર્મશાળાના ખરચમાં ઘટે

તે અમો અમારી મિલકતમાંથી ખરચીએ સહી. તથા દેરાસર શ્રી નલીઆમાં છે, તેના ખરચ તથા તેને સમરાવો તે સરવે અમારી પેદાશ અંગતની મધેથી આપીએ સહી.

૧ શ્રી પાલીતાણા મધે ધર્મશાળા છે, તથા દેરાસર છે. તેનો ભાંગ્યો તુટો સરવે સમારીએ તથા તેનો ખરચ સદામત પ્રમાણે ચલાવીએ તથા સદાવર્ત છે, તે સરવે ચલાવીએ. અમારા નાણાંથી કરીએ સહી.

૧ શ્રી મુંબઈના બારકોટ ખડક ઉપર મહાજનવાડી ૧ મરનાર ભાઈ વીરજી નરશીના નામની છે. તે વાડી મહાજનને જમવા સારૂ આપણી નાતને બાંધી આપી છે. પરજેંટ મરનાર ભાઈ વીરજી નરશી આપણી નાતને જમવા સારૂ આપી ગયો છે. તેના ઉપર અમારો તથા અમારા વારસ વકીલનો કશો દાવો નથી. તેનો ભાંગ્યો તુટો મહાજન આપણી નાત સમરાવે સહી. એ વાડી આપણી નાતના સ્વાધિનમાં આપી છે.

૧ શેઠ નરશી નાથાના નામે ઘર ૨ છે, તેની પેદાશ ભાડા આવે તે સરવે શેઠ નરશી નાથાના નામે શ્રી મુંબઈમાં પાણીની પરબ ઢોરને પીવાની છે, તેનો ખરચ તથા શ્રી પાલીતાણામાં ધર્મશાળા તથા શેત્રુંજા ઉપર દેરાસરનો ખરચ તથા નળીઆમાં દેરાસરો છે, તેનો ખરચ ચાલે છે, તેમાં આપવો. બાકી ખરચમાં ઘટે તે અમોએ અમારી મિલકત છે તેમાંથી આપીએ સહી. એ ઘર ૨ છે તેનો ભાંગો તુટો અમો સમારીએ સહી. એ ઘર ૨ ઉપર અમારો તથા અમારા વારસ વકીલનો કશો દાવો કરવો નહીં. સદાવ્રત ચંદ્રકાળ સુધી એ જ રીતે પેદાશ ખરચીએ ને ભાંગો તુટો

અમો તથા અમારા વારસ વકીલ સમરાવીએ અથવા નવો બાંધવો પડે તો પણ અમારી મિલકતમાંથી બંધાવીએ સહી. એ ઘરનો અમો તથા અમારા વારસ વકીલ પેદાશ ખાઇએ નહીં. ઘરની વિગતઃ—

૧ ઘર ૧ બહાર કોટ માંડવી બંદર ઉપર શ્રી અનંતનાથજીના દેરાસરની ઉતરાદી કોરે પડોશમાં છે.

૧ ઘર ૧ શ્રી ખલાશી મોહ્લાના ચકલામાં છે, ગાળા ૨નું.

૧ ઘર ૧ શ્રી બહારકોટ ખલાસી મોહ્લાના ચકલામાં છે તે અમારા નામે છે. તે રૂઉને રાખવા સારૂ વખાર બાંધી છે તે ઘર આપણી કુંપની ખાતાનો છે.

૧ વાડી ૧ શ્રી મુંબઈના બહારકોટ ગીરગામ મધે છે તે મધે બંગલા ૨ નાના છે, તથા કૂવો તથા વાવ છે. તે મરનાર ભાઇ વીરજી નરશીના નામે છે. તે પાણીનું મુંબઈના બહાર કોટ ચીંચબંદર ઉપર આપણા સ્કુની આગળ ઢોરને પાણી પીવાની પરભ ચાલે છે. તે પરભ ખાતાની છે. તેમાં અમારો તથા અમારા વારસ વકીલનો દાવો લેવોદેવો નથી તેનો ભાગ્યુ તુટો અમો તથા અમારા વારસ વકીલ સમરાવે સહી.

એની વિગતે શ્રી મુંબઈ મધે ઈસ્ટેટ છે તે સર્વે અમારા ભાઇ વીરજી નરશીએ સર્વે જે પ્રમાણે ઉપર લખ્યા છે, તે પ્રમાણે સર્વે ધર્માઉ ખાતે તથા મહાજન ખાતે કરી ગયા છે. તે પ્રમાણે અમો તથા અમારા વારસ વકીલ પારીએ સહી. એ ઇસ્ટેટ ભાંગો તુટો અમો સમારીએ. બાકી એની પેદાશ અમારે ખાવી નહીં તથા એ ઘર ઈસ્ટેટ સાથે અમારો તથા અમારા વારસ વકીલનો લેવોદેવો નથી. બીજું

લખવા કારણ એ છે જે મરનાર અમારા ભાઈ વીરજી નરશીની ધણીઆણીના ધર્મધ્યાન કરવા સારૂ તથા લુગડા લતા પેરવા સારૂ તથા ખોરાકી સારૂ રૂા. ૧૦૦૦૦) અંકે રૂપીઆ દશ હજાર અમો અમારી મિલકત રોકડી જે હાલ અમોને પવરથી મળી છે, તે મધેથી અમે આપ્યા છે. તે અમો ભાઈ વીરજી નરશીની ધણીઆણીને અંગત ખાતે જમે કરાવેલા છે. તેનો બ્યાજ ટકા ૦॥ અડધા લેખે ભાઈ વીરજી નરશીની કંપની પાસેથી ભાઈ વીરજી નરશીની ધણીઆણી પુરાવહુ (?) લીએ સહી.

તથા ઘર ૧ બહાર કોટ ઈશરાળ શામજી હંશરાજના મોહ્લામાંનો, તે ઉપર આશારમેન્ટના કલેકટરનો નં. ૬૩ મું છે. તે ઘેર ખોજા હાતું સુમારનાં ઘેરને સામે છે ને એ મોલાને ખોજા મોહ્લો કરીને હાલ કહે છે. તે મોલામાંનો ઘર નં. ૧ ભાઈ વીરજી નરશીની ધણીઆણીને ભાડો ખાવા સારૂ આપ્યો છે. ભાઈ વીરજી નરશીની ધણીઆણી પોતાની હયાતી સુધી એ ઘરનો ભાડો ખાય ને એ ઘરને ભાંગુટુટો અમો પોત અમારા ખરચથી સમરાવીએ અથવા ફરીથી બાંધવો પડે તો પણ અમારા નાણાંથી બંધાવીએ. ભાઈ વીરજી નરશીની ધણીઆણીને કજારજાએ એ ઘરના ધણી અમો છઇએ. એ ઘર ભાઈ વીરજી નરશીની ધણીઆણીથી વેચાય નહીં. બાકી પોતાની હયાતી સુધી બ્યાજ ખાય. ભાઈ વીરજી નરશીની ધણીઆણીની કજારજાએ એ ઉપર લખેલી રકમ મધેથી રકમ અડધા રૂા. ૫૦૦૦) એ ભાઇ વીરજી નરશીની ધણીઆણી ચાયે તીઆં ખરચે તથા ખરચાવે. તે ધણીઆણી પોતાની અખતીઆરી છે. બાકી રકમ

અડધા રૂા. ૫૦૦૦) રીએ તેના ધણી અમો છઈએ.

એ લખીઉ અમો અમારી રાજી રજાવંત અકલ હુશીઆરીથી લખી આપ્યું છે. તે અમારે તથા અમારા વારસ વકીલને કબૂલ સહી મંજુર છે. તે અમારે બાપના બોલ કૌલ સત ધર્મથી પાળીએ સહી. મીતી સંવત ૧૯૦૯ના વરસે આસો વદ ૬ને વાર શનેઉ, તા. ૨૨મી ઓકટોબર, સને ૧૮૫૩ અંગ્રેજને દિને, શ્રી મુંબઈ બંદર મધે લખી આપ્યું છે.

જ ——— ૩ ———

| અત્ર મતું | તત્ર શાખ |
|---|---|
| ૧ શા. હરભમ નરશીની સહી દા. પોતે ઉપર લખ્યા પ્રમાણે. | ૧ ભાઇ નાગશી સોદેની શાખ; ધણી ચાર હજુર. |
| | ૧ શા. લખમશી દેવજીની શાખ; ધણી ચાર હજુર. |
| | ૧ શા. જીવરાજ રતનશીની શાખ; ધણી ચાર હજુર. |
| | ૧ શા. વેલજી માલુની શાખ ધણી ચાર હજુર. |
| | ૧ શા. ડુંગરશી સોજપારની શાખ; ધણી ચાર હજુર. |

યક્ષ, ગૌમુખ તથા શાસન યક્ષણી દેવિ ચક્રેશ્વરી તથા શાસનદેવી પદ્માવતિ પ્રતિષ્ટાપિતા તથા દેહરા ઉપરે ચૌમુખ જિન બિંબ ૪ સ્થાપિતં. મૂલ દેહરાને સન્મુખ દેહરો શિખરબંધ તે મધ્યે શ્રી પદ્મપ્રભસ્વામિ પ્રમુખ જિનબિંબ ૭ તથા મૂલ દેહરાને પૂર્વ દિશે દહેરીઓ છે તે મધ્યે જિનબિંબ ૨ બે, પાસે અજિતનાથ ૐકાર કરી છે. તેના નામ. સા૦ ભારમલ્લ તેજશી ૧, સા૦ માડણ તેજશી ૨, સા૦ વર્દ્ધમાન નેણશી ૩, સાહ માડણ ગોવંદજી ૪, સા૦ અરજણ ધનરાજ ૫ તે મિલીને શેઠજીઇ કર્યો, પ્રતિષ્ઠા મહોચ્છવ ન્યાતિમેલો કૃતં તથા ન્યાતિ મધ્યે હાંડો ત્રાંબાનો ૧ તથા ત્રાંસ ત્રાંબાનો ૧, કલસીઓ પીતલનો ૧ તથા કોરી ૭ની લાણી કરી. લિખિતં ચતુર્માસી મુ૦ ગુણસાગરજી. ગજધર સલાટ મગરજી કડુઆ. શ્રી નલિનનગર સંઘ મુખ્ય સાહ શ્રી લખમસી રામઇયા, તથા સાહ નાગસી સોદે તથા સાહ સાગણ દેવજી તથા સાહ પસાઈયા દામજી તથા સા૦ અરજણ મણશી ઈહં અષ્ટાપદ ચૈત્યપ્રાસાદ શેઠશ્રી હીરજી નરસી તદ્ભાર્યા પૂતબાઇએ કારિતા. ધર્મોપદેશકારક મુનિ દેવવર્દ્ધન. શ્રી સુજાપુરગામ વાસ્તવ્યં સાંઈઆ ગોત્રે સા૦ શ્રી ઠાકરશી ગોવંદ તસ્ય ભાર્યા જેઠીબાઈ તત્પુત્ર વેલજી ઠાકરસી અને પુત્રી બાઈ પૂરબાઇએ શ્રી જિનાલય... (પછીનો લેખ કાચની ફ્રેમમાં દબાઈ ગયો છે.)

(૧૦) પાલીતાણામાં શેઠ નરશી નાથા દ્વારા નિર્મિત શ્રી ચંદ્રપ્રભુ-જિનાલયનો સાંપ્રત શિલાલેખ:

શ્રી અંચલગચ્છીય કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ

શિરોમણિ શેઠ નરશી નાથા સ્થાપિત શ્રી ચંદ્રપ્રભુજી જિનાલય સ્થાપના વિક્રમ સંવત ૧૯૫૩ શ્રી મૂળનાયકજી તથા તેમનાં તોરણિયા પ્રતિમાજીઓને ગાદીએ કાયમ રાખી વિક્રમ સંવત ૨૦૦૭માં પ્રથમ જીર્ણોદ્ધાર શરુ કરી શ્રી જિનાલય શિખરબંધ કરવામાં આવ્યું છે. ઉત્થાપન કરેલ પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા વીર સંવત ૨૪૭૮ વિક્રમ સંવત ૨૦૦૮ મહા શુદ ૬ શુક્રવાર તા. ૧-૨-૧૯૫૨ના દિને કરવામાં આવી છે. જીર્ણોદ્ધારનુ કુલ ખર્ચ રૂા. ૧૦૬૩૩૮) થયું છે. તેમાં શ્રી અનંતનાથજી મહારાજના જૈન દેરાસરજી ટ્રસ્ટ (નરશી નાથા સ્ટ્રીટ ખારેક બજાર) મુંબઇ તરફથી રૂા. ૫૦૦૦૦) ભેટ મલ્યા છે. વહીવટ કર્તા—શેઠ નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ, મુખ્ય કચેરી— ૩૦૯ નરશી નાથા સ્ટ્રીટ, માંડવી, મુંબઈ નં. ૯

(૧૧) શેઠ નરશી નાથાએ, તેમના વંશજોએ તથા મંત્રીઓએ અસંખ્ય જિનબિંબોની પ્રતિષ્ઠાઓ કરાવી છે, તેમાંનાં કેટલાંક બિંબોના લેખો :

સં૦ ૧૯૨૧ શા૦ ૧૭૮૬ પ્ર. માઘ શુ. ૫૦૭ ગુ૦ વા૦ અંચલગચ્છે શ્રી કચ્છ દે૦ નલિનપુરવા૦ ઉશવં૦ લ૦ શા૦ નાગડાગો૦ શેઠ શ્રી નાથા ભારમલ ભા૦ માંકબાઈ પુત્ર શેઠ શ્રી નરસીંહેન શ્રી પાદલિપ્તન૦ શ્રી સિદ્ધક્ષેત્રે શ્રી અનંતનાથબિંબં ભરાપિતં ભટ્ટાર્ક શ્રી ૭ રત્નસાગરસૂરિજી પ્રતિષ્ઠિતં.

સં૦ ૧૯૨૧ શા૦ ૧૭૮૬ પ્ર૦ માઘ મા૦ શુ૦ ૫૦ ૭ ગુરુવાસરે અંચલગચ્છે કચ્છદેશે નલિનપુર વાસ્ત૦ ઉશ વં૦ લઘુ શા૦ નાગડાગોત્રે શેઠ શ્રી નરશી નાથા ભા૦ કુંઅરબાઇ પુત્રરત્ન શેઠશ્રી હરબ્રહ્મજી શ્રી પાલીતાણા સિદ્ધક્ષેત્રે અનંતનાથબિંબં ભરાપિતં ગચ્છના૦ ભ૦ શ્રી ૭ રત્નસાગરસૂરીશ્વરજી પ્રતિષ્ઠિતં.

સં૦ ૧૯૨૧ શા૦ ૧૭૮૬ પ્ર૦ માઘ મા૦ શુ૦ ૫૦ ૭ ગુરુવાસરે શ્રી અંચલગચ્છે શ્રી કચ્છદેશે નલિનપુર વાસ્તવ્ય ઉશવંશે લઘુશાખાયાં નાગડાગોત્રે શેઠ નરશી નાથા તદ્ ભાર્યા વીરબાઈણા શ્રી પાદલિપ્ત૦ સિદ્ધક્ષેત્રે શ્રી અજિતનાથ ભરાવિતં પટના૦ શ્રી રત્નસાગરસૂરિજી પ્રતિષ્ઠિતં.

॥ સંવત્ ૧૯૨૧ના વર્ષે આસુ સુદ ૧૫ બુધે શ્રી અંચલગચ્છે પૂજ્યભટ્ટારક શ્રી રત્નસાગરસૂરિશ્વરાણામુપદેશાત્ શ્રી કુંકણદેશે મુંબઈબિંદરે ઉશવંશ જ્ઞાતિય લઘુશાખાયાં નાગડાગોત્રે શેઠ નરશી નાથા ભાર્યા વીરબાઈએ પુન્યાર્થે વીસસ્થાનકની ઓળી ઉજવી.

સં૦ ૧૯૨૧ વર્ષે માઘ સુદિ ૭ ગુરૌ શ્રીમદંચલગચ્છે પૂજ્ય ભટ્ટારક શ્રી રત્નસાગરસૂરીશ્વરાણાં સદુપદેશાત્ શ્રીકચ્છદેશે શ્રી નલિનપુર વાસ્તવ્ય, ઓસવંશે લઘુશાખાયાં નાગડાગોત્રે શેઠ હીરજી નરશી તદ્ ભાર્યા પૂરબાઈણા પુન્યાર્થે શ્રી પાર્શ્વનાથબિંબં કારિતં સકલસંઘેન પ્રતિષ્ઠિતં.

સં૦ ૧૯૨૧ વર્ષે માઘ સુદિ ૭ ગુરૌ શ્રીમદંચલગચ્છે પુજ્ય ભટ્ટારક શ્રી રત્નસાગરસૂરીણાં સદુપદેશાત્ શ્રી કચ્છદેશે શ્રી નલિનપુર વાસ્તવ્ય ઓશવંશે લઘુશાખાયાં નાગડાગોત્રે સા૦ શ્રી રાઘવ લખમણ તદ્ ભાર્યા દેમતબાઈ તત્પુત્ર સા૦ અભયચંદેન પુન્યાર્થં શાંતિનાથબિંબં કારિતં સકલસંઘેન પ્રતિષ્ઠિતં.

સં૦ ૧૯૨૧ માઘમાસે શુકલપક્ષે સપ્તમી ગુરુવાસરે અંચલગચ્છે કચ્છદેશે નલિનપુર વાસ્તવ્ય ઉશવંશે લઘુશાખાયાં નાગડાગોત્રે સા૦ શ્રી અભયચંદ રાઘવજી ભા૦ ઉમાબાઈણા સિદ્ધક્ષેત્રે શ્રી અજિતબિં૦ ભ૦ શ્રી રત્નસાગરસૂરિ પ્ર૦.

સં૦ ૧૯૨૧ શાકે ૧૭૮૬ પ્રવર્ત્તમાને માઘ માસે શુકલ પક્ષે સપ્તમી ગુરુવાસરે અંચલગચ્છે કચ્છ દેશે નલિનપુર વાસ્તવ્ય ઓશવંશે લઘુશાખાયાં નાગડાગોત્રે શા૦ શ્રી તંજા ભારમલ ભાર્યા દેવાંબાઇ સુત શા૦ નેણશી શ્રી પાદલિપ્તન૦ સિદ્ધક્ષેત્રે શ્રી ચંદ્રપ્રભુબિંબં ભરાપિતં શ્રી ગચ્છનાયક ભટ્ટારક શ્રી ૭ રત્નસાગરસૂરીશ્વરજી પ્રતિષ્ઠિતઃ શ્રી

સં૦ ૧૯૨૧ શા૦ ૧૭૮૬ના પ્રવર્ત્તમાને માઘ માસે શુ૦ પક્ષે સપ્તમી ગુરુવાસરે અંચલગચ્છે કચ્છદેશે નલિનપુર વાસ્તવ્યઃ ઉશવંશે લઘુશાખાયાં નાગડાગોત્રે સા૦ શ્રી નેણસી તંજા ભાર્યા પુન્યબાઈણા શ્રી પાદલિપ્તનગરે સિદ્ધક્ષેત્રે શ્રી મહાવીરજિનબિંબં ભરાવિતં ગચ્છનાયક ભટ્ટાક રત્નસાગરસૂરીશ્વરજી પ્રતિષ્ઠિતં.

સંવત્ ૧૯૨૧ના શાકે ૧૭૮૬ પ્રવર્તમાને માઘ માસે શુ૦ ૫૦ સપ્તમી ગુરુવાસરે અંચલગચ્છે કચ્છદેશે સાંધાણનગર વાસ્તવ્ય ઉશવંશે લઘુશાખાયાં લોડાઇયા–ધુલાગોત્રે સા૦ તેજશી હીરજી ભાર્યા સારબાઈ પુત્ર સા૦ શ્રી વર્દ્ધમાન શ્રી પાદલિપ્તનગરે શ્રી સિદ્ધક્ષેત્રે શ્રી અજિતનાથબિંબં ભરાપિતં ગચ્છનાયક જંગમ યુગપ્રધાનસમ ભ૦ શ્રી ૭ રત્નસાગરસૂરીશ્વરજી.

સં૦ ૧૯૨૧ શા૦ ૧૭૮૬ માઘ શુ૦ ૫૦ ૭ ગુરુવા૦ અંચલગચ્છે કચ્છદેશે નલિનપુર વાસ્તવ્ય ઓસવાલ લઘુશા૦ વીશરિયા મોહતા ગોત્રે સા૦ ભારમલ્લ તેજસી ભાર્યા કમલબાઈ પુત્ર સા૦ શ્રી વેરસી, નરસી, સિદ્ધક્ષેત્રે શ્રી શંભવનાથ જિનબિંબં કરાપિતં ગચ્છના૦ ભટ્ટારક શ્રી રત્નસાગરસૂરીશ્વરજી પ્રતિષ્ઠિતં.

# દ્રવ્યસહાયકોની નામાવલી

| રૂા. | નામ | ગામ |
|---|---|---|
| ૩૦૧ | સ્વ. માતુશ્રી જેઠીબાઇ વીરજી ગોવિંદજી ધુલ્લાના સ્મર્ણાર્થે. હ. શ્રી કુંવરજી વીરજી શાહ (એડવોકેટ) | મુલુન્ડ |
| ૧૧૧ | પંડિત શ્રી જયન્તિલાલ જાદવજી તથા શ્રીમતી મણીકુંવર જયન્તિલાલ | પાલિતાણા |
| ૧૦૧ | માતુશ્રી લક્ષ્મીબાઈ દામજી મેઘજીની નવ્વાણુ-યાત્રા નિમિત્તે. હા. શા. મણીલાલ દામજી ધુલ્લા | ચાલીસગામ |
| ૧૦૧ | સાધ્વી શ્રી ગુલાબશ્રીજી મ.ના શિષ્યા સાધ્વી શ્રી કલ્પગુણાશ્રીજી મ.ના ઉપદેશથી હા. શા. ભવાનજી કાનજી | શીરપુર |
| ૧૦૧ | શા જીવરાજ ચાંપશી ખીંયશી અજાણી | મદ્રાસ |
| ૧૦૧ | મેસર્સ રતનશી ખીમજી એન્ડ કું. | સાંગલી |
| ૧૦૧ | સ્વ. શ્રી મેઘજી માલશી દંડ સુથરીવાલાના સ્મર્ણાર્થે તેમના ધર્મપત્ની શ્રી વેલબાઇ તરફથી | કોચીન |
| ૧૦૧ | શ્રી દેવશી ભાણજી જેવત ખોના | કોચીન |
| ૫૧ | શ્રી મેઘજી લખમશી ભાણજી જેવત ખોના | કોચીન |
| ૫૧ | શ્રી નારાણજી કાનજી નાગડા નલીઆવાલા | હુબલી |
| ૫૧ | શ્રી શ્વેતાંબર જૈન સંઘ | અલપઈ |
| ૫૧ | શ્રી સુધાકરભાઇ શિવજી દેવશી મદ્દાવાલા | ભાવનગર |
| ૫૧ | શા દામજી માવજી ગુંદરવાલા—જખૌ હા. શ્રી પુનશી તથા શ્રી દેવજી દામજી ખોના | મુંબઇ |
| ૩૫ | શ્રી ક. દ. ઓ. જૈન મહાજન | નાગપુર |
| ૩૧ | શાહ કોટન કોરપોરેશન | અમદાવાદ |

૨૧ સ્વ. માતુશ્રી બાયાંબાઇ લખમશી દામજી
જખૌવાલાના સ્મણાર્થે.
હા. હેમલતાબાઇ પ્રતાપભાઇ મુલુન્ડ
૨૫ શ્રી ચત્રભોજ ત્રિકમભાઇ છેડા મુલુન્ડ
૨૧ શા મેઘજી દાનજી ભેદા શીવ મુંબઇ
૨૧ શ્રી નરશી નેણશી ટ્રાન્સપોર્ટ કું. અમદાવાદ
૨૧ શ્રી હીરજી વીરજી ટ્રાન્સપોર્ટ કું. અમદાવાદ
૧૫ શા વિરાનજી ગોવિંદજી નાગડા થાવલ
૧૧ શ્રી દેવશી ખીંયશી ચોખાવાલા ઘાટકોપર
૧૧ શ્રી કલ્યાણજી મેઘજી નાગડા વીઢ (કચ્છ)
૧૧ શ્રી સામજી જેઠાભાઇ મુંબઇ
૧૧ શ્રી લીલબાઇ કલ્યાણજી જેઠાભાઈ દંડ ચોપડા
૧૧ શ્રી મોતીલાલ ખીમજી લાપસીયા મુંબઇ
૧૧ શ્રી ટોકરશી આણંદજી લાલકા મુંબઇ
૧૧ સ્વ. શ્રી ટોકરશી માણેકજી મૈશેરીના સ્મણાર્થે મુંબઇ
૧૧ શ્રી ત્રીકમજી પત્રામલ લોડાયા મુંબઇ
૧૧ સાધ્વી શ્રી કાંતિશ્રીજીના શિષ્યા સ્વ. સાધ્વીશ્રી
જયપ્રભાશ્રીજીના સ્મણાર્થે
શ્રી મૂલચંદ દેવજી વસાયા મુંબઇ
૧૧ શ્રી ચાંપશી ખીંયશી ભાણજી લુઢીયા કોચીન
૧૧ શ્રી ચક્રેશ્વરી ટ્રાન્સપોર્ટ કંપની અમદાવાદ
૧૧ શાહ ઉમરશી માણેકજી ખોના અમદાવાદ
૧૧ શાહ શાન્તિલાલ મુલજી બ્રધર્સ વીકારાબાદ
૧૧ શ્રી દેકાંબાઇ હીરજી વેલજી મોટા આસંબીઆ
૧૧ સ્વ. ખીમજી રાયશી મોમાયાના સ્મણાર્થે
હા શ્રી મેઘજી ખીમજી મુલુન્ડ
૧૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી મુંબઇ

# અગાઉથી નોંધાયેલા ગ્રાહકોની યાદી

| કોપી | નામ | ગામ |
|---|---|---|
| ૧૦૦ | શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી તથા તેના સાધારણ ફંડના ટ્રસ્ટીઓ | મુંબઈ |
| ૫૦ | શ્રી ક. દ. ઓ. જૈન સર્વોદય મંડળ | મુલુન્ડ |
| ૫૦ | અંચલગચ્છીય સાધ્વી શ્રી કેશરશ્રીજી મ.ના પ્રશિષ્યા સાધ્વીશ્રી હેમપ્રભાશ્રીજી મ.ના સદુપદેશથી જુદાજુદા ગૃહસ્થો તરફથી | પાલિતાણા |
| ૨૫ | શ્રી લાલબાઈ ખીમજી જેઠાભાઈ ધુલ્લા | વડાલા–મુંબઈ |
| ૨૫ | શ્રી નૂતન જૈન ઉપકરણ ભંડાર | પાલિતાણા |
| ૨૫ | શ્રી શ્વેતાંબર જૈન સંઘ | અલપઈ |
| ૨૫ | શ્રી નારાણજી કાનજી નાગડા નલીઆવાલા | હુબલી |
| ૨૫ | શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન | ધુલીઆ |
| ૨૫ | શ્રી મણીલાલ ખેતશી ખોના | મુલુન્ડ |
| ૨૫ | શ્રી મહેન્દ્ર દેવજી ખોના | ભાવનગર |
| ૨૫ | શ્રી કુંવરજી જેઠાભાઈ ખોના | ગદગ |
| ૨૫ | શ્રી આર. જે. જૈન | બોડેલી |
| ૧૫ | શ્રી ક. દ. ઓ. જૈન મહાજન હા શ્રી આણંદજી કાનજી જીવાણી. | નાંદેડ |
| ૧૦ | શ્રી ક. દ. ઓ. જૈન મહાજન | ગદગ |
| ૧૦ | શ્રી મણીલાલ કુંવરજી નરપાર છેડા | થાણા |
| ૧૦ | શ્રી કાનજી ગોવિંદજી ધુલ્લા | વડાલા–મુંબઈ |
| ૧૦ | શ્રી તેજપાલ ધારશી નાગડા | નલીઆ |
| ૧૦ | શ્રી ભવાનજી ટોકરશી ખોના | મોટીખાવડી |

| | | |
|---|---|---|
| ૮ | શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન | તેરા (કચ્છ) |
| ૬ | ,, ,, ,, | યવતમલ |
| ૬ | ,, ,, ,, | જલગામ |
| ૫ | ,, ,, ,, | પાચોરા |
| ૫ | ,, ,, ,, | નાગપુર |
| ૫ | શ્રી વિશનજી ગોવિંદજી નાગડા | યાવલ |
| ૫ | નારાણજી શીવજી દંડ | અંજાર (કચ્છ) |
| ૫ | શ્રી આણંદજી પાસવીર મોત | રાપર (ગઢવારી) |
| ૫ | શ્રી રાયચંદ રતનશી મોમાયા | મઝગામ |
| ૩૭ | પાંચથી ઓછી કોપી નોંધાવનારા અન્ય ગ્રાહકો | |